વિક્રમાંક દેવ ચરિત.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રન્થમાળા. નં. ૩૬.

શ્રી ત્રિભુવનમલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ
બિલ્હણ કાવકૃત

विक्रमांकदेवचरित

મહાકાવ્યનું

આચાર્ય વલ્લભજી હરિદત્ત

કયુરેટર વોટસન મ્યુઝીયમ ઑફ એન્ટીક્વીટીઝનું કરેલું
ગદ્યમય ભાષાંતર.

તૈયાર કરનાર
આચાર્ય ગિરિજાશંકર વલ્લભજી.
મુ. રાજકોટ.

શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ સ્મારક ફંડ ખાતેથી
છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી
આસિ. સેક્રેટરી હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ,
અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

સંવત્ ૧૯૬૮. ઈ. સ. ૧૯૧૧.

મૂલ્ય બાર આના.

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રન્થમાળાનો

ઉપોદ્ઘાત

સુરતના વતની અને ધંધાર્થે મુંબઇનિવાસી સ્વર્ગવાસી શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસે તા. ૧૬ સપ્ટેમ્બર સન ૧૮૭૭ ના રોજ વિલ કર્યું છે, તે અન્વયે પ્રથમ સન ૧૮૮૦ માં રૂ. ૨,૦૦૦ સોસાઇટીને મળ્યા. તે એવી શરતથી કે તેના વ્યાજમાંથી સામાજિક સુધારો થાય એવાં પુસ્તકો તૈયાર કરી છપાવવાં. સદરહુ વિલથી શેઠ હરિવલ્લભદાસે અમુક પ્રસંગ બન્યા પછી બાકી રહેલી પોતાની તમામ મીલકત પુસ્તક પ્રસાર માટે સોસાઈટીને અર્પણ કરેલી છે. તે અન્વયે સન ૧૮૯૪ માં રૂ. ૧૮,૦૦૦ ની સરકારી પ્રૉમિસરી નોટો પુસ્તકો તૈયાર કરાવવા તથા તે પ્રસિદ્ધ કરાવવા માટે સદરહુ વિદ્યાવિલાસી અને પરોપકારી ઉદાર ગૃહસ્થ તરફથી મળેલી છે, તેમાંથી આજ પર્યંત નીચેનાં પુસ્તકો "શેઠ **હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રન્થમાળા**" તરીકે પ્રસિદ્ધ થયાં છેઃ—

૧. કયી કયી નાતો કન્યાની અછતથી નાની થતી જાય છે, તેનાં કારણો તથા તેમાં સુધારો કરવાના ઉપાય	રૂ. ૦—૭—૦
૨. માને શિખામણ.	રૂ. ૦—૬—૦
૩. નીતિમંદિર.	રૂ. ૦—૧૨—૦
૪. બાળલગ્નથી થતી હાનિ.	રૂ. ૦—૬—૦
૫. પુનર્વિવાહપક્ષની પૂરેપૂરી સોળેસોળ આના ફજેતી!	રૂ. ૦—૫—૦
૬. ભોજનવ્યવહાર ત્યાં કન્યાવ્યવહાર.	રૂ. ૦—૪—૦
૭. ધાર્મિક પુરુષો.	રૂ. ૦—૪—૦
૮. ઉદ્યોગી પુરુષો.	રૂ. ૦—૪—૦
૯. બેન્જામીન ફ્રાંકલીન.	રૂ. ૧—૦—૦
૧૦. બોધક ચરિત્ર.	રૂ. ૦—૪—૦
૧૧. સદ્વર્તન.	રૂ. ૧—૮—૦

૧૨.	રઘુવંશ કાવ્ય.	રૂ. ૧—૮–૦
૧૩.	જાવજી દાદાજી ચોધરીનું જીવનચરિત્ર.	રૂ. ૦—૨–૦
૧૪.	ગુજરાતના પ્રાચીન ઈતિહાસ ભાગ ૧ લો.	રૂ. ૦–૧૨–૦
૧૫.	ગુજરાતના અર્વાચીન ઇતિહાસ ભાગ ૨ જો.	રૂ. ૧—૦–૦
૧૬.	નીતિસિદ્ધાંત.	રૂ. ૧—૦–૦
૧૭.	ફ્રાન્સિસ બેકનનું જીવનચરિત્ર.	રૂ. ૧—૪–૦
૧૮.	શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદાસનું જીવનચરિત્ર.	રૂ. ૦—૫–૦
૧૯.	પરોપકાર.	રૂ. ૦–૧૨–૦
૨૦.	ઢોરનું ખાતર.	રૂ. ૦—૪–૦
૨૧.	જગતનો અર્વાચીન ઇતિહાસ.	રૂ. ૨—૦–૦
૨૨.	કિરાતાર્જુનીય કાવ્યનું મૂળ સાથે ગુજરાતી ભાષાંતર.	રૂ. ૧—૦–૦
૨૩.	વિવિધ પ્રકારના હુન્નરોપયોગી તેજાબો.	રૂ. ૦–૧૨–૦
૨૪.	વાર્નિશ.	રૂ. ૧—૦–૦
૨૫.	જીવનનો આદર્શ.	રૂ. ૦–૧૨–૦
૨૬.	કીર્તિકૌમુદી.	રૂ. ૦—૮–૦
૨૭.	શિશુપાલવધ–પૂર્વાર્ધ (સર્ગ ૧ થી ૧૦)	રૂ. ૧—૦–૦
૨૮.	હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યનો ઉદય.	રૂ. ૦—૫–૦
૨૯.	રસાયનશાસ્ત્ર.	રૂ. ૦–૧૦–૦
૩૦.	બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઈતિહાસ, વિભાગ ૧ લો.	રૂ. ૦–૧૨–૦
૩૧.	જાપાનની કેળવણીની પદ્ધતિ.	રૂ. ૦–૧૨–૦
૩૨.	શિશુપાલવધ–ઉત્તરાર્ધ (સર્ગ ૧૧–૨૦)	રૂ. ૧—૦–૦
૩૩.	લૅન્ડૉરના કાલ્પનિક સંવાદો, ભાગ ૧ લો.	રૂ. ૦–૧૨–૦
૩૪.	ખગોળ વિદ્યા.	રૂ. ૦–૧૨–૦
૩૫.	લૅન્ડૉરના કાલ્પનિક સંવાદો, ભાગ ૨ જો.	રૂ. ૦–૧૨–૦
૩૬.	વિક્રમાંકદેવચરિતનું ગદ્યમય ભાષાંતર.	રૂ. ૦–૧૨–૦

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઑફિસ,
અમદાવાદ—તા. ૩૦ સપ્ટેમ્બર સને ૧૯૧૧.

પ્રસ્તાવના.

પ્રસ્તાવનાનું ખરૂં કામ ગ્રંથમાં પ્રવેશ કરાવવાનું છે તેથી તેનું નામ પ્રવેશક પાડ્યું હોય તો ચાલી શકે.

ગ્રંથમાં પ્રવેશ કરાવવો એટલે ગ્રંથનું નામ, તેનું લક્ષણ, ગ્રંથનો વિષય, તે સાથે તેના ગુણદોષ, તેમાં આવતા શબ્દો, છંદ, ગ્રંથનો નાયક, કર્તા તથા પ્રયોજન વગેરે ઇતર સંબંધ બાબત વિષે યથાયોગ્ય યથામતિ લખવું તે.

તે પ્રમાણે આ ગ્રંથનું નામ " વિક્રમાંકદેવ ચરિત " છે. તેનું વિશેષણ મહાકાવ્ય છે. મહાકાવ્ય એ શબ્દ બે શબ્દ મળીને થયો છે. **कवेरिदं (कर्म) काव्यं** અને **महश्च तत्काव्यं च महाकाव्यं** એમ તેની વ્યુત્પત્તિ તથા વિગ્રહ છે. વા. બૃ. માં પ્રદીપકારે **लोकोत्तर वर्णना निपूण स्वरूपस्य कवेरसाधारणं तादृग्वर्णनात्मकं कर्म** એમ **कवेः** અને **इदं** એ બે પદને પણ સ્પષ્ટ કરીને લક્ષણ કર્યું છે. મહાકાવ્યનું લક્ષણ સાહિત્ય દર્પણમાં આ પ્રમાણે આપ્યું છે—

सर्गबंधं महाकाव्यं तत्रैकोनायकः सुरः
सद्वंशः क्षत्रियोवापि धीरोदात्तगुणान्वितः ॥ १ ॥
एकवंश भवा भूपाः कुलजा वहवोऽपि वा ॥
शृंगारवीर शांतानामेकोंगीरस इष्यते ॥ २ ॥
अंगानि सर्वेऽपि रसाः सर्वे नाटक संधयः ॥
इतिहासोद्भवं वृत्तमन्यद्वा सज्जनाश्रयं ॥ ३ ॥
चत्वारस्तस्यवर्गाः स्युस्तेष्वेकं च फलं भवेत् ॥
आदौ नमस्क्रियाशीर्वा वस्तुनिर्देश एव वा ॥ ४ ॥
क्वचिन्निंदा खलादीनां सतां च गुणकीर्तनं ॥
एकवृत्तमयैः पद्यैरवसानेन्य पद्यकैः ॥ ५ ॥
नाति स्वल्पा नाति दीर्घाः सर्गा अष्टाधिका इह ॥
नानावृत्तमयः कापि सर्गः कश्चन दृश्यते ॥ ६ ॥

सर्गांते भाविसर्गस्य कथायाः सूचनं भवेत् ॥
संध्यासूर्येंदुरजनी प्रदोषध्वांत वासराः ॥ ७ ॥
प्रातर्मध्यान्हमृगया शैलर्तुवनसागराः ॥
संभोगविप्रलंभौ च मुनिस्वर्गपुराध्वराः ॥ ८ ॥
रणप्रयाणोपयम मंत्रपुत्रो दयादयः ॥
वर्णनीया यथायोगं सांगोपांगा अमी इह ॥ ९ ॥
कवेर्वृत्तस्य वा नाम्ना नायकस्येतरस्य वा ॥
नामास्य सर्गोपादेय कथायाः सर्गनाम तु ॥ १० ॥

इत्यादि (६ परि.)

ભાવાર્થ—મહાકાવ્યમાં અધ્યાયને ઠેકાણે સર્ગ જોઇએ. એક નાયક, અને તે દેવતા અથવા સારા કુળનો ક્ષત્રિય. તે ૧ધીરોદાત્ત; અથવા એક વંશના કુલીન ઘણા પણ ચાલે. શૃંગાર, વીર, અને શાંતમાંથી એક રસ મુખ્ય, અને બાકીના ૬ રસ અંગભૂત. નાટકના બધા સંધિ, ઐતિહાસિક કે સત્પુરૂષને ઉદ્દેશીને બીજું (કલ્પિત અથવા મિશ્ર) કથાનક, તેના ચાર વર્ગમાંથી ૧ ફળ તરીકે, આરંભમાં નમસ્કાર, કે આશીર્વાદ અથવા વસ્તુ-નિર્દેશજ. કયાંક ખળની નિંદા, સત્પુરૂષના ગુણાનુવાદ, આખો સર્ગ એક વૃત્તના શ્લોકોવાળો, અને છેલો શ્લોક જુદા વૃત્તવાળો, ઝાઝા ન્હાના નહિ, તેમ ઝાઝા મ્હોટા નહિ એવા ૮ થી વધારે સર્ગ. કોઈ સર્ગ વિવિધ વિવિધ વૃત્તવાળો પણ હોય છે. સર્ગની સમાપ્તિએ આવતા સર્ગની હકીકતની સુચના, સંધ્યા, સૂર્ય, ચંદ્ર, રાત્રિ, પ્રદોષ, અંધારૂં, દિવસ, સ્હવાર, મધ્યા-ન્હ, મૃગયા, પર્વત, ઋતુ, વન, સમુદ્ર, સંભોગ, વિપ્રલંભ (ઠગાઇ), મુનિ, સ્વર્ગ, નગર, યજ્ઞ, રણ, ચ્હડાઇ, વિવાહ, મંત્ર, પુત્રપ્રાપ્તિ, ઇત્યાદિનું યથાયો-ગ્ય સાંગોપાંગ વર્ણન. કવિના કે વિષયના કે નાયકના કે બીજા નામથી

---

१ अविकत्थनः क्षमावानतिगंभीरो महासत्वः ॥ स्थेयान् निगूढ-मानो धीरोदात्तो दृढव्रतः कथितः ॥ (શ. ચિં.) એટલે બડાઈ મારનાર નહિ, ક્ષમાવાળો, અતિગંભીર, મહા બળવાન્, અતિ સ્થિર, ગુપ્તમાનવાળો, અને દૃઢ સંકલ્પવાળો ધીરોદાત્ત કહેવાય.

કાવ્યનું નામ અને જે જે સર્ગમાં જે જે વાત આવે તે તે સર્ગનું તે તે નામ રાખવું. ઇત્યાદિ.

એ બધાં લક્ષણો આ મહાકાવ્યને લાગું પડે છે કે નહિ એ પુસ્તક વાંચતાં પોતાથી જણાઈ આવે એમ છે એટલે તે બતાવવા જરૂર નથી એટલે ઉપરની બધી બાબત ઘણું કરી આ ગ્રંથમાં આવી જાય છે. પરંતુ માત્ર સર્ગનાં નામ નથી રાખ્યાં તે ગ્રંથકારની અભિરૂચિ ઉપર છે. અને તે બાબત “ ઘણું કરી ” એ વાક્યનો લાભ લે છે.

આ ગ્રંથનો મુખ્ય વિષય કલ્યાણના ચૌલુક્યવંશી આહવમલ્લ અથવા ત્રૈલોક્યમલ્લના પુત્ર વિક્રમાંકદેવનું વર્ણન છે તે તેના નામ ઉપરથીજ સ્પષ્ટતર છે.

આખા કાવ્યના કુલ ૧૮ સર્ગ છે. તેમાં ૭ થી ૧૩ સુધીમાં ઋતુઓનું વર્ણન છે. તથા તેમાં વિક્રમાદિત્યની સ્ત્રીનું વર્ણન છે. ૧૮ મો સર્ગ આખો કવિએ પોતાના દેશ, રાજા અને પોતાના વર્ણનમાં રોક્યો છે. સર્ગ વાર વર્ણન અનુક્રમણિકામાં છે.

આખા કાવ્યના કુલ શ્લોક ૧૬૫૧ છે તે સર્ગવાર અનુક્રમે આ પ્રમાણે છેઃ–પહેલાના ૧૧૮, બીજાના ૯૧, ત્રીજાના ૭૭, ચોથાના ૧૧૯, પાંચમાના ૮૯, છઠ્ઠાના ૯૯, સાતમાના ૭૭, આઠમાના ૮૮, નવમાના ૧૫૧, દસમાના ૯૧, અગ્યારમાના ૯૫, બારમાના ૭૮, તેરમાના ૯૦, ચૌદમાના ૭૨, પંદરમાના ૮૭, સોળમાના ૫૩, સત્તરમાના ૬૮ અને અઢારમાના ૧૦૮ છે; અને તે [1]૧૬ છંદ અથવા વૃત્તમાં વ્હેંચી દીધા છે.

આ કાવ્ય કવિયે વૈદર્ભી રીતિમાં ગ્રંથ્યું છે એટલે તેની ઢબછબ અને

---

૧. તેમાં ઇંદ્રવજ્રના કુલ શ્લોક ૬૮ છે તે ૧ લામાં ૪, ૧૨, ૧૪, ૧૫, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૩, ૬૦, ૬૬, ૬૭, ૭૨, ૭૭, ૭૮, ૭૯, ૮૭, ૯૦, ૯૩, ૧૦૧, ૧૦૪, ૧૦૬, ૧૦૯ અને ૧૧૦ મો મળીને ૨૪ છે. ૨ જા સર્ગમાં નથી. ૩ જા સર્ગમાં ૨, ૨૨, ૨૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦ અને ૭૦ મો મળીને ૮ છે. ૭ મા સર્ગમાં ૨૭, ૨૮, ૪૧, ૬૦, અને ૬૫ મો મળીને ૫ છે. ૮ મા સર્ગમાં ૧૪, ૩૩, ૩૫, ૪૬, ૪૮, ૮૫, ૮૬, ૧૦૧, ૧૦૫, ૧૧૯, ૧૩૬, ૧૪૧, ૧૪૪, અને ૧૪૯ મો મળીને ૧૪ છે. દસમા સર્ગમાં ૬, ૮, ૯, ૩૧, ૩૨, ૪૧, ૪૫, ૪૬, ૭૯, ૮૨ અને ૮૫ મો એમ ૧૧ છે. બારમા સર્ગમાં ૧૧, ૧૬, ૩૨, ૫૩, ૭૪ અને ૭૫ મો એમ ૬ છે. અને ૧૬ માં ૨૨ મો ૧ એમ મળીને કુલ ૬૮ છે.

ઉત્તમતા વિષે શું કહેવું. કેમકે **माधुर्य व्यंजकैर्वर्णैरचना ललितात्मिका ॥ अवृत्ति रल्पवृत्तिर्वा वैदर्भी रीतिरुच्यते** (શ. ચિં.) એ લક્ષણ પ્રમાણે તેમાં માધુર્ય વ્યંજક વર્ણો હોવા જોઇએ અને તે છેજ; પણ તેમ કરતાં વર્ણ મિત્રાઈ વિશે વિશેષ ઢળાણ થયું છે તેથી કેટલાક વગર જરૂરના શબ્દો ગૂંથી દીધા છે. મ્હારે તો તેની કવિતાનાં વખાણજ કરવાં

ઉપેન્દ્રવજ્રાના કુલ શ્લોક ૧૦૪ છે તે–તે ૧ લા સર્ગમાં ૪૧, ૫૧, અને ૮૩ એમ
૩. બીજામાં ૧ થી ૮૭ સુધીના એમ ૮૭; ત્રીજા સર્ગમાં–૪૧ મો એમ ૧; સાતમા
સર્ગમાં–૧૪ મો ૧; ૯ મા સર્ગમાં ૬૮ અને ૮૧ એમ ૨; ૧૦ મા સર્ગમાં–૭, ૧૯, ૩૪,
૩૭, ૭૫ અને ૭૮ મો એમ ૬; ૧૨ મા સર્ગમાં ૨૦, ૨૬, ૪૯ અને ૫૦ એમ ૪ મળીને
૧૦૪ છે. ઉપજાતિના કુલ શ્લોક ૫૦૧ છે તે–૧ લા સર્ગમાં ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, થી
૧૧ એમ ૪; ૧૩, ૧૬, ૧૭, ૧૮ થી ૩૨ એમ ૧૫; ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૨, ૪૪ થી ૫૦
એમ ૭; ૫૨ થી ૫૯ એમ ૮; ૬૧ થી ૬૫ એમ ૫; ૬૬, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૩, ૭૪,
૭૫, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૬, ૮૮, ૮૯, ૯૧, ૯૨ થી ૧૦૦ એમ ૯; ૧૦૨,
૧૦૩, ૧૦૫, ૧૦૭, ૧૦૮, ૧૦૯, અને ૧૧૧ થી ૧૧૭ એમ ૭ મળી ૯૩; ત્રીજા સર્ગમાં
૧૩ થી ૨૧ એમ ૧૯, ૨૩, ૨૪, ૨૬ થી ૪૦ એમ ૧૫, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૮ થી ૬૯
એમ ૨૨, ૭૧, ૭૨ અને ૭૩ એમ ૬૬; સાતમા સર્ગમાં ૧ થી ૧૩ એમ ૧૩, ૧૫ થી
૨૬ એમ ૧૨, ૨૯ થી ૪૦ એમ ૧૨, ૪૨ થી ૫૯ એમ ૧૮ અને ૬૨ મો એમ ૫૬; ૯ મા
સર્ગમાં–૧ થી ૧૩ એમ ૧૩, ૧૫ થી ૩૨ એમ ૧૮, ૩૪ થી ૪૫ એમ ૧૨, ૪૭, ૪૯,
થી ૮૦ એમ ૩૨; ૮૧, ૮૩, ૮૪, ૮૭ થી ૯૭ એમ ૧૧; ૯૮, ૯૯, ૧૦૨ થી ૧૦૪ એમ
૩; ૧૦૬ થી ૧૧૮ એમ ૧૩; ૧૨૦ થી ૧૩૫ એમ ૧૬; ૧૩૭ થી ૧૪૦ એમ ૪; ૧૪૨,
૧૪૩, ૧૪૫, થી ૧૪૮ એમ ૪ એમ ૧૩૪; ૧૦ મા સર્ગમાં–૧ થી ૫ એમ ૫; ૭, ૧૦
થી ૧૮ એમ ૯; ૨૦ થી ૩૦ એમ ૧૧; ૩૩, ૩૫, ૩૬, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૭
થી ૭૪ એમ ૨૮; ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૩, ૮૪, ૮૬ થી ૯૦ એમ ૫, એમ ૭૪; ૧૨ મા
સર્ગમાં ૧ થી ૧૦ એમ ૧૦; ૧૨ થી ૧૫ એમ ૪; ૧૭, ૧૮, ૧૯, ૨૧ થી ૨૫ એમ ૫;
૨૭ થી ૩૧ એમ ૫; ૩૩ થી ૪૮ એમ ૧૬ અને ૫૪ થી ૭૩ એમ ૨૦ એમ ૬૩; ૧૬ મા
સર્ગમાં–૧૭, ૨૧ એમ ૫; ૨૩ થી ૩૧ એમ ૯, અને ૩૭ મો એમ ૧૫ મળીને ૫૦૧ છે.

શાર્દૂલવિક્રીડિતના કુલ શ્લોક ૩૮ છે અને તે ૧ લા સર્ગમાં ૧૧૮ મો, ૨ જામાં
૯૦ મો, ત્રીજામાં–૭૪, ૭૫, અને ૭૭ મો એમ ૩; ૪ થામાં ૧૧૯ મો; ૫ મામાં ૮૯ મો.
૬ ઠ્ઠામાં ૯૯ મો, ૭ મામાં ૬૩ થી ૬૬ સુધી એમ ૪; આઠમામાં ૮૧, ૮૨, ૮૫, ૮૬,

જોઇએ કેમકે તેનો હું ઉપાસક બન્યો છું. પણ નિષ્પક્ષપાતપણે કહ્યા વિના નથી ચાલતું કે બિલ્હણે ભલે બીજા ઉત્તમ કવિયોની પેઠે વર્ણન કરવાની લાલચ રાખી હોય પણ તેમાં તે ફાવ્યો નથી કેમકે કેટલેક ઠેકાણે તો કવિતા એવી નિરસ દેખાય છે કે આપણને વાંચતાં કંટાળો આવે કે આમાં તે તેણે શું વર્ણન કીધું. દલપતરામની કવિતાની છટા લેવાને જેમ

૮૭, અને ૮૮ મો એમ ૬; દસમામાં ૯૧ મો; ૧૧ મામાં ૭૫, ૭૬, ૭૭, ૮૦, ૮૨, ૮૩, ૮૫, ૮૬, ૮૮, ૯૦, ૯૧, ૯૨ અને ૯૪ મો એમ ૧૩; તેરમામાં ૮૭, ૮૮ એમ ૨; ચૌદ-મામાં ૭૧ મો; ૧૫ મામાં ૮૦ મો; ૧૬ મામાં ૫૧ મો અને ૧૮ મો ૧૦૪ સો મ-ળીને ૩૮ છે.

વસંતતિલકાના કુલ ૩૦ શ્લોક છે અને તે બીજા સર્ગમાં ૮૮ મો; ૩ જામાં ૭૬ મો; પાંચમામાં ૮૫ થી ૮૮ એમ ૪; અગ્યારમામાં—૭૩, ૭૮, ૮૭. ૮૯ અને ૯૩ મો એમ ૫; સોળમામાં ૩૨ થી ૩૬ એમ ૫; ૩૯, ૪૦, ૪૧, ૪૪, ૪૬, થી ૫૦ એમ ૫; એમ ૧૪, સત્તરમામાં ૬૫, ૬૬, ૬૭, અને ૭૬ મો એમ ૪; અને ૧૮ મામાં ૬૮ મો મળીને ૩૦ છે.

શાલિનીમાં કુલ શ્લોક ૨૦ છે અને તે--૧ લા સર્ગમાં ૮૯ મો; છઠ્ઠામાં ૯૮ મો સાતમામાં ૭૦ અને ૭૨ થી ૭૫ એમ ૪ એમ ૫; ૯ મામાં ૧૫૦ અને ૧૫૧ મો એમ ૨; ૧૧ મામાં ૭૯, ૮૧, ૮૪, મો એમ ૩; બારમામાં-૭૬, ૭૭ અને ૭૮ મો એમ ૩; ૧૩ મામાં ૮૬ અને ૯૦ મો એમ ૨; ૧૫ મામાં ૮૬ મો; ૧૬ મામાં ૪૫ મો અને ૧૮ મામાં ૬૮ મો મળીને ૨૦ છે.

હરિણી છંદના કુલ શ્લોક ૫ છે અને તે–બીજા સર્ગમાં ૯૧ મો, ૪ થામાં ૧૧૮ મો; ૧૪ મામાં ૭૨ મો, ૧૫ મામાં ૮૫ મો; અને ૧૬ મામાં ૫૩ મો મળીને ૫ છે.

રથોદ્ધતા છંદના કુલ શ્લોક ૨૨૬ છે અને તે ૫ મા સર્ગમાં ૧ થી ૮૪ સુધી એમ ૮૪; ૧૧ મામાં ૧ થી ૭૨ સુધી એમ ૭૨ અને ૧૪ મામાં ૧ થી ૭૦ સુધી એમ ૭૦ મળીને ૨૨૬ છે.

અનુષ્ટુપ્ છંદના ૨૧૪ શ્લોક છે અને તે–૪ થા સર્ગમાં ૧ થી ૧૧૭ સુધી એમ ૧૧૭; ૮ મામાં ૧ થી ૮૦ સુધીના એમ ૮૦ અને ૧૬ માં ૧ થી ૧૬ સુધી એમ ૧૬ તથા ૩૮ મો મળીને ૨૨૪ છે.

પુષ્પિતાગ્રા છંદના કુલ શ્લોક ૯૯ છે અને તે ૬ ઠ્ઠા સર્ગમાં ૧ થી ૯૭ સુધી એમ ૯૭; ૭ મા સર્ગમાં ૭૭ મો અને ૧૧ મામાં ૯૫ મો મળીને ૯૯ છે.

નર્મદાશંકરે ફાંફાં માર્યાં છે અને તેમાં જેમ તે નથી ફાવી શકયો તેમ આંણે પણ ઠેકઠેકાણે ઉપમા મુકીને કાલિદાસની છટા વાંચ્છી છે પણ તે પ્રમાણે બની શકયું નથી. કાલિદાસની છટા અને મીઠાશ અને સાથે સરલતા નથી જ આવી શકયાં. તેમાં અમુક અમુક શબ્દો તો વારંવાર યોજેલા જોવામાં આવે છે. જેવા કે **प्रलय, भंगी, विक्रम, लटभ, कंदल, विलास, लीला, लोल, स्फुरत, विलोल**[1] વગેરે એમ છે તથાપિ તેને **निरंकुशाः कवयः** એ વચનનો લાભ આપવો જોઇએ (પણ તેની પણ હદ હોય છે.)

આ પ્રમાણે દોષ લેશ દર્શાવી જવાયો છે તે માટે હું કવિની ક્ષમા ચાહું છું; કેમકે કદિ **प्रत्यक्ष दृष्टेपि सतांत्ववद्ये**ની પેઠે હું પોતે તે તે શ્લોકનું સારસ્ય સમજવામાં મતિભ્રમિત થયો હોઉં; કેમકે જામનગરના (કહોને કે આખી કાઠીયાવાડના) સુપ્રસિદ્ધ શાસ્ત્રી જેને મ્હારા મિત્ર કહેવરાવવાની હું મ્હારી યોગ્યતા સમજતો નથી એ શાસ્ત્રીજી હાથીભાઇના મ્હોયે કવિનાં વખાણ સાંભળ્યાં છે. (પરંતુ કવિ પોતાની કવિતાની નીરસતા ૧લા સર્ગના ૨૮મા શ્લોકમાં કબુલ કરે છે.)

હું એમ માનતો હતો કે **हेवाक** અને **लटभ** શબ્દો જેવા અપ્રસિદ્ધ શબ્દો બિલ્હણેજ દાખલ કર્યા છે પણ **लटभ** શબ્દની વપરાશ બીજે

સ્રગ્ધરાછંદના કુલ શ્લોક ૧૧૩ છે અને તે ૭મા સર્ગમાં ૬૭, ૬૮, ૬૯, અને ૭૧ એમ ૪; ૮ મામાં ૮૩ મો, ૧૩ મામાં ૮૯ મો; ૧૬ મામાં ૫૨ મો. અને ૧૮ મામાં ૧ થી ૬૭ સુધી એમ ૬૭; ૬૯ થી ૧૦૩ સુધી એમ ૩૫, ૧૦૫ થી ૧૦૮ સુધી એમ ૪ મળીને ૧૧૩ છે.

શિખરિણી છંદનો ૧ અને તે ૮મા સર્ગમાં ૮૪ મો છે.
પૃથ્વી છંદનો ૧ અને તે ૧૧ મા સર્ગમાં ૭૯ મો છે.
વંશસ્થના ૮૫ અને તે ૧૩ મા સર્ગમાં ૧ થી ૮૫ સુધીના છે.
વૈતાલીયછંદના ૮૪ શ્લોક છે. અને તે ૧૫ મામાં ૧ થી ૮૪ સુધીના છે.
ઉપપૂર્વાછંદના ૨ શ્લોક છે અને તે ૧૬ મા ૪૨ ૪૩ મો છે.

} કુલ સંખ્યામાં ૬૦ નો ફેર છે તે વર્ગવારી કરતાં રહી ગયા હશે.

૧ એક પેલા સર્ગમાંજ ૮ વાર લીલા, ૬ વાર વિલાસ, ૨ વાર ભંગી, અને પ્રણવ, લોલ, સ્ફુરત અને ઉલ્લાસ શબ્દો એકેકવાર આવ્યા છે.

પણ જોવામાં આવી. રાજતરંગિણીના બીજા તરંગના મંગળાચરણમાં છેલા પાદમાં **जयतिलटभा पुंभागाभ्यां शरीर विनिर्मितिः** એમ એ શબ્દ વાપરેલો છે. તેમજ **अतिक्रांतः कालो लटभ ललना भोग सुलभः** એમ ભર્તૃહરિએ પણ મુકયો છે તેનો અર્થ સુંદર મુકયો છે. (શ. ચિં.)

हेवाक શબ્દ માટે બહુ શોધ કરવી પડી. હાથીભાઈ શાસ્ત્રીએ તેનો અર્થ વિલાસ કર્યો હતો. પણ મી. આપ્ટેયે પોતાના સંસ્કૃત અંગ્રેજી કોશમાં ઠીક વિસ્તાર આપ્યો છે. તેણે અર્થ અત્યુત્સુક અથવા અનિર્વાર્ય ઇચ્છા એવો મૂકયો છે અને ટીકા કરી છે કે-આ શબ્દ **लटभ**ની પઠે પાછળના લખનારા જેવા કે બિલ્હણ ઇત્યાદિયેજ વાપર્યો છે. તે શબ્દ પ્રસ્યન અથવા અરેબીકમાંથી આવ્યો હોય એમ સંભવે છે. પણ તે બીજે પણ વપરાએલો જાવામાં આવ્યો છે. જેમકે **हेवाकसस्तु शृंगारो हावोक्षिभ्रूविकारकृत (दशरूप)** (આ કાવ્યમાં એ શબ્દ ૯ મા સર્ગના ૧૭ મા અને ૧૮ મા સર્ગના ૧૦૧ મા શ્લોકમાં વાપરેલો છે) બીજા પણ **नयनायुध, उत्तरलीकृत, रतिरत्नसंपत् मुरल तुक्खार** વગેરે કઠિણ શબ્દો વાપરેલા છે.

આ કાવ્યમાં બે ત્રણ ચાર શ્લોકે સંબંધ મળે એવી રચના પણ જોવામાં આવે છે. તે તે સ્થળે **युग्मं कुलकं** ઇત્યાદિ શબ્દો મુકવા જોઇએ તે નથી મુકાયા પણ સર્ગ ૪ થામાં શ્લોક ૯૧ મે **युगलकं** લખ્યું છે તેમ સર્ગ ૨ જાના શ્લોક ૮૫ મે **चतुर्भिःपातका** એમ લખ્યું છે. પણ છાપેલા પુસ્તકની નોટમાં તેને તે સ્થળે મુકેલા જોવામાં આવે છે: જેમકે—

સર્ગ	શ્લોક	
૬	૪૬	**संबंध कुलकं**
૧૨	૫૪	Inserts ,,
૧૩	૬૫	**मेघोपलंभं** ,,
૧૩	૭૫	**मेघस्तुति** ,,

સર્ગ	શ્લોક	
૧૩	૮૫	**सरिदुपालंभ कुलकं**
૧૪	૧૦	**क्रिया** ,,
૧૪	૪૫	Inserts ,,
૧૫	૩૦	,, ,,
૧૫	૩૬	,, ,,

આ વિષયમાં નિયમ એવો છે કેઃ-

	૨ શ્લોક માટે	૩ માટે	૪ માટે	૫ માટે	૬ માટે
એક મતે	युग्मक	संदातनिक	कलापक	कुलक	०
બીજે મતે	युगलक	गुणवती	प्रभद्रक	बाणावळी	करहाटक
ત્રીજે મતે	संदातनिक	विशेषक	कपालक	कुलक	०
ચોથે મતે	०	०	पातका	०	०

(ગુ. શા.)

પંડિત બ્યુલરે આ પુસ્તક છપાવતી વખતે નોટમાં પાઠ ફેરના શબ્દો મુકયા છે એ બહુ સારૂં કર્યું છે પણ તે સાથે જે લેખક દોષ વગેરેથી થયેલા અશુદ્ધ શબ્દો પણ મુકયા છે કે જેમ કરવાની જરૂર નહતી.

હુંજ આ કવિના કાવ્ય વિષે જરા વધુ પડતું બોલ્યો છું એમજ નથી પણ દાક્તર બ્યુલરે પણ આખા કાવ્ય ઉપર તે છપાવતી વખતે લંબાણથી દીબાચો લખ્યો છે તેમાં કહ્યું છે કે " તેણે ઐતિહાસિક બાબતો વર્ણનના તોરમાં બગાડી નાંખી છે. જેમકે ચોલ ઉપર ચૌલુકયોની લ્હડાઇનું વર્ણન લખતાં ચોલ તદ્દન માર્યા ગયા એમ લખી પાછું તરતજ લખ્યું છે કે ચોલ લોકોની પાછી તૈયારીને લઇને ચૌલુકયને પાછી તૈયારી કરવી પડી. અમુખ્ય પાત્રોના વર્ણનમાં અસંબદ્ધતા છે. વિક્રમ સાથે શત્રુ મિત્રનો સંબંધ ધરાવનારા રાજામાંથી જુજનાંજ નામો આપ્યાં છે. પણ બિલ્હણની વિક્રમાંકદેવની લખેલી બાબતો સાચ છે, એમ કલ્યાણના ચાલુકયના અસંખ્ય શિલા લેખોથી તેમજ બીજેથી સાબિત થાય છે. આ આખું કાવ્ય પોતાના રક્ષક અને આશ્રયદાતાની સ્તુતિ રૂપ છે અને એમ બીજા કવિયોએ પણ કર્યું છે તોપણ તે હિંદુસ્તાનના સાહિત્યના ઇતિહાસ માટે ખાસ ઉપયોગી છે." બ્યુલર કવિના ૧૮ મા સર્ગ માટે સાર આપે છે.

બિલ્હણે ૧૮ મા સર્ગમાં કાશ્મીરનું વર્ણન પ્રવરપુરથી શરૂ કર્યું છે તે શેહેરની પવિત્રતા ત્યાંના બ્રાહ્મણોની વિદ્યા, ઉનાળામાં ત્યાં રહેતી ઠંડક, ત્યાંનાં કુંડોની રમણીયતા, વગેરે વર્ણવે છે; ત્યાંની સ્ત્રીઓની સુંદરતા, તેઓની કેળવણી કે જે તેઓને સંસ્કૃત અને પ્રાકૃત ભાષા પોતાની સ્વ-

ભાષા જેવીજ સરલતાથી બોલવાને શક્તિવાન કરે છે; તેમ તેઓની નાટ્ય કળાનાં ઘણાં વખાણ કરે છે. ત્યાંના મકાનોમાં ભટ્ટારકમઠ, હળધરનો કરેલો અગ્રહાર,[1] ક્ષેમગૌરી, સંગ્રામ મઠ, અનંતદેવનો સ્થાપેલો અગ્રહાર, શંકરના મંદિર પાસેનો અનંતદેવની રાણી (સુભદ્રા)નો બાંધેલો ભંડાર, ગંજધામ, પ્રવરેશ્વરનું મંદિર ઈત્યાદિ.

ત્યાર પછી બીલ્હણના વખતના બે રાજાઓ અને તેના પુત્રોનું વર્ણન આપે છે. પહેલો રાજા અનંતદેવ છે તેનાં વખાણ લખી તેણે શક તથા દરદને જીત્યા, અને ગંગા સુધી ચઢાઈ લઇ ગયો હતો. તે પોતાના લશ્કર તથા જનાના સહિત માન સરોવર ગયો હતો. તેણે ચંપા દારૂવન ત્રિગર્ત, અને ભર્તૃલના સ્થાનમાં ઘણીપણું ભોગવ્યું હતું. તેની સ્ત્રી સુભટા હતી, તે ડહાપણ અને પવિત્રાઈમાં પુરી હતી. તે રાજાની પાસે ખુશામતીયા ભાટચારણો વગેરે પૈસા મેળવવા માટે આવી શકતા નહીં. તેની રાણીનો ક્ષિતિપતિ નામનો ભાઇ લોહરનો રાજા હતો. એ અતુલ ગુણી હતો.

એ રાજા અનંતદેવ ને સુભટાને પેટે કળશ નામે પુત્ર થયો તે પ્રવાસમાં અચ્છોદ સુધી ગયેલો. કૈલાસ અને અલકા (યક્ષની પુરી)માં ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં માનસરોવરમાંથી સુવર્ણનાં કમળ લાવ્યો હતો. તેણે રેતીનું મેદાન વટોળી સ્ત્રીયારાજ્ય જીત્યું હતું. તેનો પુત્ર હર્ષદેવ થયો તે શૂર અને કવિ હર્ષદેવથી હુશીયાર હતો. તેણે જુદી જુદી ભાષાઓમાં સરસ કાવ્યો રચ્યાં હતાં.

તે પછી કવિ પાના વિષે લખે છે (તે કવિ વર્ણન પ્રસંગે લેખાશે.)

આ કાવ્ય વિક્રમાદિત્યના વર્ણનનું છે એમ તો આગળ લખાઈ ગયું છે. એ વિક્રમાંકદેવ કોણ હતો? કયારે અને કયાંનો હતો એ પ્રાયશઃ આ કાવ્યમાંજ આવી જશે તથાપિ તે વિશે દિગ્દર્શન આંહી થવું ઉચિત છે.

બ્રહ્માજી એક વખત સંધ્યા કરતા હતા. તે સમયે ઈંદ્રે જઇ ધર્મ રક્ષક પુરૂષની યાચના કરી. બ્રહ્માએ અર્ઘ્ય દેવા ચુલુક (અંજલિ) ભરી

---

[1] બ્રાહ્મણોને રહેવા માટે કરેલા અને દાનમાં આપેલાં ગૃહોનો જુથ.

હતી :તેમાં દષ્ટિ કરી. તેમાંથી એક પુરૂષ ઉત્પન્ન થયો. તેનું નામ ચુલુકમાં-થી થયો માટે ચૌલુક્ય પડયું. એ ચૌલુક્ય વંશને મૂળ પુરૂષ થયો. પણ આ શબ્દ ઇતિહાસના ગ્રંથોમાં જુદા જુદા રૂપથી વપરાય છે. **चौलुक्य, चालुक्य, चुलुक्य, चालुक्क, चलुक्य, चल्क्य, चौलुकेक, चुलुक्क** અને **चलुग.** પણ ગુજરાતી ભાષામાં એને અપભ્રષ્ટ સોલંકી શબ્દજ વપરાય છે. (ઐ. ગ્રં. મા. નોટ) આ કાવ્યમાં જુદે જુદે સ્થળે **चुलुक्य** અને **चालुक्य** એ બે શબ્દજ વાપર્યા છે. બ્રહ્માના ચુલુકમાંથી ઉત્પન્ન થયાની વાત ગુજરાતના સોલંકી કુમારપાળના સમયના (વિ. સં. ૧૨૦૮ ના) વડનગરના શિલાલેખમાં, ચિતોડના કિલ્લાવાળા લેખમાં અને ઇ. સનની ૧૩ મી શતાબ્દીમાં લખાએલા ખંભાતના કુંતલનાથના લેખમાં પણ લખ્યું છે. (ઐ. ગ્રં. મા. ભા. ૧ પૃ. ૧૧.) તેમજ તેને ચંદ્રવંશીનું વિશેષણ જીન હર્ષગણિ વિરચિત વસ્તુપાલ ચરિત્રમાં પણ લખ્યું છે (ઐ. ગ્રં. મા. પૃષ્ટ ૧૦)

એ ચૌલુક્યથી હારિત થયો અને તેને માનવ્ય તે પછી અનુક્રમે તેના વંશમાં તૈલપ થયો. (આના સેનાપતિ બાર્પને મુળરાજે હરાવી હાથીની સેના ઝુંટવી લીધાનું કી. કૌ. સર્ગ ૨ જાના શ્લોક ૬૩ માં લખ્યું છે પણ તેને લાટ દેશને રાજા કહ્યો છે.) તૈલપને સત્યાશ્રય તેને જયસિંહ, અને તેને આહવમલ્લ અથવા ત્રૈલોકયમલ્લ થયો. આનું નામ સોમેશ્વર અને તેનાં મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમભટ્ટારક, સમસ્ત ભુવનાશ્રય, પૃથિવી વલ્લભ, આહવમલ્લ, અને ત્રૈલોકયમલ્લ એવાં બિરૂદ હતાં (ઐ. ગ્રં. મા. પૃ. ૬૧)

તેણે કલ્યાણપુર વસાવ્યું, ચોલના રાજાને જીત્યો, ધારા નગરી જીતિ, અને ભોજ ત્યાંથી ભાગ્યો, ડાહલ (ચેદી)ના રાજા કર્ણને હરાવ્યો, સમુદ્ર તટ ઉપર જયસ્તંભ સ્થાપિત કર્યો, દ્રવિડ દેશના રાજાને હરાવ્યો, અને ચો-લની રાજધાની (કાંચીનગરી) પડાવી લીધી તેથી ત્યાંને રાજા જંગ-લમાં નાશી ગયો.

તેને સર્વ પ્રકારનું સુખ હતું પણ પુત્ર મુખ જેવા ન્હોતો પામ્યો. તેથી રાજ્ય કારભાર પોતાના મંત્રીઓને સોંપી તે રાણી સહિત તપ કરવા

ગયો. શિવજીની કૃપાથી તેને સોમેશ્વર, વિક્રમાદિત્ય અને જયસિંહ એમ ૩ પુત્ર થયા. તેમાં વચલો વિક્રમાદિત્ય (આ કાવ્યનો નાયક) શસ્ત્ર શાસ્ત્રમાં સહુથી ડાહ્યો હોવાથી રાજાનો ચાહ તેના ઉપર અધિક હતો તેથી મ્હોટેરાને મુકીને તેને યુવરાજ બનાવવાની રાજાની ઇચ્છા થઇ. તેને મ્હોટાભાઇને અન્યાય થાય તેથી વિક્રમાદિત્યે તે લેવાની ના પાડી તેથી રાજાએ મ્હોટા પુત્ર સોમેશ્વરને યુવરાજ બનાવ્યો. અને વિક્રમાદિત્ય (આપણો વિક્રમાંકદેવ) પિતાની આજ્ઞાથી શત્રુઓ ઉપર ચઢી ગયો.

પ્રથમ તેણે ચોલ રાજાને જીતી કાંચીનગરી લૂટી લીધી, માલવના રાજા (પરમાર જયસિંહ હોવો જોઇયે કેમકે તે ભોજ પછી ગાદીએ બેઠો હતો) તે પોતાનું ગએલું રાજ્ય પાછું મેળવવાની આશાથી મદદ મેળવવા આવ્યો. જેની સહાયતા વડે ગૌડ (બંગાળા) તથા કામરૂપ (આસામ) ઉપર હુમાણ કર્યું, સિંહલના રાજાને હરાવ્યો, અને તેને અગસ્ત્યાશ્રમ તરફ નસાડયો. મલયાચળના ચંદન વનનો નાશ કરી કેરેલના રાજાને માર્યો. અને ગાંગકુંડ, વેંગી, તથા ચક્રકોટને જીતી પાછો ફરતાં કૃષ્ણા નદીને કાંઠે આવ્યો, ત્યાં દૂતે આવીને ખબર કહ્યા કે તમારા ચોલ, પાંડ્ય, અને સિંહલના રાજાઓને જીત્યાની ખબર સાંભળી આપના પિતા બહુ રાજી થયા. પરંતુ પછવાડેથી તેને એકાએક હર્ષજન્ય દાહજ્વર ચઢી આવ્યો જેમાંથી નિવૃત્તિ થવાની તેણે કાંઇ આશા ન દીઠી ત્યારે દક્ષિણા પથની ગંગા તુંગભદ્રામાં જળ સમાધિ લેવાનો નિશ્ચય કરી મંત્રીઓની સંમતિ લઇ, ત્યાં જઈ શિવની આરાધના કરતે કરતે જળ નિમગ્ન[1] થઈ પરલોક પધાર્યા. આ ખબર સાંભળીને શોકમગ્ન થઇ ત્યાંથી ચાલી તે પોતાના ભાઈની પાસે કલ્યાણ આવ્યો.

૧. જળ નિમગ્ન થવું તે આત્મઘાત ગણાય અને પાપમાં મનાયે પણ કેટલાક રાજાઓ ગંગાદિ પવિત્ર નદીઓમાં બૂડી મરવામાં અને અગ્નિમાં બળી મરવાનાં ઉદાહરણો મળે છે. બંગાળનો સેનવંશી રાજા બલ્લાલસેન અને ચંદોલના યશોવર્માનો પુત્ર ધંગદેવ આદિ ગંગામાં બૂડી મર્યા હતા. અને રાજા શૂદ્રક અને લાહોરનો રાજા જયપાળ આદિ અગ્નિમાં બળી મુવા હતા (અને તેમાં તેઓ પાપ નહિ પણ પુણ્ય માનતા હતા) (ઐ. ગ્રં. મા)

સોમેશ્વર વીર પ્રકૃતિનો રાજા હતો તે પોતાના રાજ્ય સમયમાં શત્રુઓની સાથે બરાબર લડતો રહ્યો હતો. તે વિ. સં. ૧૧૦૦ (ઈ. સ. ૧૦૪૩) માં ગાદીએ બેઠો હતો અને શાકે ૯૯૦ (વિ. સં. ૧૧૨૫) (ઇ. સ. ૧૬૬૮) વૈશાખ વદી ૮ ને દીને દેહાંત થયો. એમ લગભગ ૨૫ વર્ષ રાજ્ય કર્યું.

સોમેશ્વર બીજો—વિક્રમાદિત્યનો મ્હોટો ભાઇ એનાં બીરૂદ પૃથ્વી વલ્લભ, મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમ ભટ્ટારક, અને ભુવનૈકમલ્લ મળે છે. એ ગાદીએ બેઠો તેવોજ ચોલ દેશના રાજા વીરચોડ (વીરરાજેંદ્ર) એમણે તેની ઉપર ચઢાઈ કરી. ગુટ્ટિ નામનું સ્થાન ઘેરી લીધું. એ ખબર સાંભળતાંજ સોમેશ્વરે તેની સામે પોતાની અશ્વફોજ મોકલી, બંનેને ઘોર સંગ્રામ થયો તેમાં વીરચોડ ભાગો.

વિક્રમાદિત્ય, પોતાનો પિતા ગુજરી ગયા પછી કલ્યાણ આવી સોમેશ્વરને મળ્યો તેણે તેનું સન્માન કર્યું. બંને ભાઇઓ વચ્ચે કેટલાક દિવસ સુધી ઠીક પ્રીતિ રહી. અને વિક્રમાદિત્યે લડાઈમાંથી જે પૈસો મેળવ્યો હતો તે પોતાના ભાઇને નજર કર્યો. પરંતુ થોડા સમય પછી સોમેશ્વર કુમાર્ગે ચઢ્યો અને અભિમાની, નિર્દય, અને પ્રજાપીડક નીવડ્યો. અને વિક્રમાદિત્ય સાથે દ્વેષબુદ્ધિ રાખવા લાગ્યો. વિક્રમાદિત્યે જ્યારે જોયું ત્યારે લાગ્યું કે રાજાનું આચરણ સુધારવું અસંભવિત છે અને અહીં રહેવામાં જીવની હાનિ છે ત્યારે પોતાના નાનેરા ભાઈને લઈને કલ્યાણથી નીકળી ગયો. સોમેશ્વરે પોતાના ભાઈઓને ભાગ્યા જોઇને તેને પકડવાને સૈન્ય મોકલ્યું પણ તેનો પરાજય કરીને વિક્રમાદિત્ય તુંગભદ્રા નદીને કાંઠે પહોંચ્યો. અને ચોલના રાજા સાથે લડવાની ઇચ્છાથી કાંઇ દિવસ ત્યાં રહ્યો અને પછી ત્યાંથી હઠીને થોડો વખત વનવાસી પ્રદેશમાં રહ્યો. ત્યાંથી મલય દેશમાં થઈને આગળ વધ્યો. કોંકણના રાજા જયકેશીએ તેની પાસે હાજર થઈ તેની ઇચ્છાથી અધિક દ્રવ્ય નજર કર્યું. આલુપવંશી રાજાએ એની આધીનતા સ્વીકારી. ત્યાંથી તે ચોલ તરફ ચાલ્યો તે ખબર સાંભળી ત્યાંના રાજાએ સુલેહ કરી પોતાની પુત્રી પરણાવવાની વાત દૂતદ્વારા કહેવરાવી. તે

સ્વીકારી. તે સૈન્ય સહિત તુંગભદ્રા તીરે આવ્યો. ત્યાં ચોલરાજ પોતાની પુત્રી સહિત આવી તેનો વિવાહ વિક્રમાદિત્ય સાથે કરી પોતાને ગામ પાછો આવ્યો.

થોડા દિવસ બાદ ચોલનો એ રાજા ગુજરી ગયો અને તેનો મુલક શત્રુઓએ દબાવ્યો એ ખબર વિક્રમાદિત્ય તુંગભદ્રા તીરે રહેતો હતો ત્યાં મળ્યા તેથી તે પોતાના શાળાની[1] સહાયતા કરવા દક્ષિણ તરફ ચાલ્યો. અને કાંચીમાં આવી ઉપદ્રવ કરનારાઓને જીતી નશાડયા. પછી ત્યાંથી ગંગકુંડ જઇ શત્રુઓનું સૈન્ય વીખેરી નાંખી પોતાના શાળાને તેના બાપની ગાદી ઉપર બેસારી એક મહીનો કાંચીમાં રહી પાછો તુંગભદ્રાને તીરે આવ્યો. પરંતુ થોડા વખતમાંજ કાંચીમાં ફરી ઉપદ્રવ થયો જેમાં તેનો શાળો માર્યો ગયો અને વેંગીદેશના રાજા રાજીગે કાંચી પોતાને હસ્તગત કરી લીધું. તે ખબર મળતાંજ વિક્રમાદિત્ય રાજીગ સાથે લડવાને તૈયાર થયો. તે રાજીગે તેનો મ્હોટો ભાઈ સોમેશ્વર જે વિક્રમાદિત્યને મારવાને ચ્હાતો હતો તેને પોતાનો સહાયક કરવા ચ્હાયું અને સોમેશ્વરે તે સ્વીકાર્યું. વિક્રમાદિત્યે રાજીગ ઉપર ચઢાઇ કરી એટલામાં સોમેશ્વર પછવાડેથી આવી પહોંચ્યો. પણ તે પોતાના ભાઇની સાથે લડવું ચ્હાતો નહતો તેથી તેને દૂત મોકલી રાજીગની સહાયતા ન કરવાનું કહેવરાવ્યું જેથી તેણે ઉપરથી સ્વીકાર્યું પણ અંતઃકરણથી તે વિક્રમાદિત્યને નષ્ટ કરવાનો ઉદ્યોગ કરી રહ્યો હતો તે જોઇ વિક્રમાદિત્યે બંને સાથે લડવું નક્કી કર્યું. અને ઘોર સંગ્રામ થયો તેમાં સોમેશ્વર કેદ થયો અને રાજીગ ભાગી ગયો. વિક્રમાદિત્ય ત્યાંથી કલ્યાણ આવી રાજ્યગાદી પર બેઠો અને પોતાના નાના ભાઇ જયસિંહને વનવાસ પ્રદેશનો ઉપરી ઠરાવ્યો.

પંડિત ગૌરીશંકર પોતાના ઐતિહાસિક ગ્રંથમાળામાં ઉપલી વાત સંક્ષેપમાં લખી ઉમેરે છે કે બિલ્હણે પોતાના આશ્રયદાતા વિક્રમાદિત્યના દરબારમાં રહીને વિક્રમાંકદેવચરિત રચ્યું છે જેમાં તેણે તેને નિર્લોભી

---

૧ વિક્રમાદિત્યનો શાળો તે ચોળના રાજા વીરરાજેંદ્ર દેવનો પુત્ર પરકેસરી વર્મા હોવો જોઇયે. જેને અધિરાજેંદ્રદેવ પણ કહેતા હતા. (ઐ. ગ્રં. મા. નોટ)

તથા ભ્રાતૃવત્સલ અને સોમેશ્વરને દુષ્ટ તથા ભ્રાતૃદ્વેષી લખ્યો છે. પરંતુ એમાં એણે પોતાના આશ્રયદાતાની તરફદારી કરી છે એ એના લેખમાંથીજ ઝળકી આવે છે. સોમેશ્વરે વિક્રમાદિત્યને વનવાસી પ્રદેશ આપ્યો હતો જેથી તે સંતોષી ન થઈ પોતાના મ્હોટા ભાઈનું રાજ્ય પડાવી લેવાનો ગુપ્ત પ્રવાસ કરી રહ્યો હતો; પરંતુ એ વાત જાહેર થઈ જવાથીજ તેને કલ્યાણ છોડવું પડયું હતું એમ જણાય છે. એનું જયકેશી આદિ સામંતોનું પોતા તરફ મેળવવું, અને ચોળવાળાઓ જે સોલંકીઓના વંશપરંપરાના શત્રુ સમજતા હતા તેનાથી મિત્રાઇ કરવી એ બધું સોમેશ્વરનું રાજ્ય પડાવી લેવા માટેજ હતું. તેમજ વિક્રમાદિત્યે સેઉણ દેશના યદુરાજા સેઉણચંદ્રને પોતાનો મદદગાર કર્યાનું પંડિત હેમાગ્નિ પોતાના વ્રતખંડની સમાપ્તિએ લખે છે. એવી દશામાં હું એને નિર્લોભી નથી કહી શકતો.

વિક્રમાદિત્યનાં[1] બીરૂદ પૃથ્વી વલ્લભ, મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમભટ્ટારક, ત્રિભુવનમલ્લ, કલિવિક્રમ, અને [2]પરમર્દી દેવ મળે છે.

વિક્રમાદિત્ય ગાદી ઉપર બેઠા પછી તેને ખબર મળ્યા કે કરહાટકના શિલારા રાજાની પુત્રી [3]ચંદ્રલેખાનો સ્વયંવર થાય છે, ત્યાં ઘણા રાજાઓ ભેળા થયા છે તેથી ત્યાં વિક્રમાદિત્ય ગયો. ચંદ્રલેખાએ સહુ રાજાઓનાં વૃત્તાંત સાંભળી વિક્રમાદિત્યને પસંદ કરી તેને વરમાળા પ્હેરાવી. તેની સાથે વિવાહ કરી તે પોતાની રાજધાનીમાં આવ્યો. કેટલાક દિવસ પછી એક વિશ્વાસપાત્ર માણસથી ખબર મળ્યા કે તમારો નાનો ભાઈ જયસિંહ તમારૂં રાજ્ય છોડાવી લેવાની ઇચ્છા રાખે છે અને તેથી પ્રજાપીડન કરી બહુ દ્રવ્ય ભેળું કરેલું છે અને સૈન્ય વધારી જંગલી લોકોને પોતાની તર-

૧ વિક્રમાદિત્યને ઠેકાણે વિક્રમ, વિક્રમાર્ક, વિક્રમાંક, વિક્કિ, વિક્કલ, અને વિક્કિલ પણ લખેલું મળે છે. જેમાં પાછળનાં ૩ નામ એ વિક્રમનું પ્રાકૃત (તે દેશનું) નામ છે.

૨ પરમર્દિને ઠેકાણે પેમાર્ડિ, પર્માડિ, અને પેર્મ પાઠ પણ મળે છે જે તે દેશનાં પ્રાકૃત નામ છે.

૩ તેને ચંદલદેવી અને ચંદલા પણ લખી છે, તે શિલારાવંશના રાજા મારસિંહની પુત્રી હશે.

ફેણુમાં લીધા છે. અને તે આપની ઉપર ચઢાઈ લાવશે. એ ખબર સાંભળી તેને ઘણો ખેદ થયો અને તે વાત ખરી ખોટી જાણવા દૂત મોકલ્યો. તેણે તે વાતની ખાત્રી કરી. તે પોતાના નાના ભાઈ સાથે લડવા ઇચ્છતો નહોતો તેથી સંધિનું કહેણ મોકલ્યું પણ તેને તેણે ગણકાર્યું નહીં, અને તે કૃષ્ણા નદી સુધી ચાલ્યો આવ્યો અને આસપાસ જુલમ કરવા લાગ્યો. વિક્રમાદિત્યે કાંઇક દિવસ સુધી એ ઉપદ્રવ સહન કર્યો પરંતુ આખર તેની સામે તેને ચઢવું પડયું અને બંનેને લડાઇ થઈ તેમાં જયસિંહ ભાગ્યો અને તેના હાથી, ઘોડા, ખજાનો વગેરે લૂટી લઈ વિક્રમાદિત્ય પાછો આવ્યો. કેટલાક દિવસ પછી જયસિંહ જંગલમાંથી પકડાયો અને તેને વિક્રમાદિત્યની પાસે લાવ્યા અને તેનો અપરાધ ક્ષમા કર્યો.

વિક્રમાદિત્યે કમળા વિલાસી નામનું વિષ્ણુનું મંદિર કરાવ્યું અને તેની સામું તળાવ કરાવ્યું. તેની સામે એક શહેર બનાવ્યું. જેનું નામ વિક્રમનગર પાડ્યું.

ઘણાં વર્ષો સુધી સુખશાંતિથી રાજ્ય કરી પાછી ચોલ દેશ ઉપર ચડાઇ કરી ત્યાંનો રાજા નાશી ગયો અને વિક્રમે કાંચીપુરી લઇ લીધી, અને કેટલીક મુદત ત્યાં રહી પાછો પોતાની રાજધાનીમાં આવ્યો.

વિક્રમાદિત્યનો સેનાપતિ કાલિદાસ હતો તેણે લાળ, મગધ, નેપાળ, પાંચાળ, ચોળ આદિ રાજાઓને મારીને એના ખજાના, મ્હોટા મ્હોટા હાથી, ઘોડા, સ્ત્રીઓ આદિ પડાવી લઇ વિક્રમાદિત્યને સ્વાધીન કર્યા હતા.

વિક્રમાદિત્યના પાછલા સમયમાં દ્વાર[1]સમુદ્રનો રાજા વિષ્ણુવર્દ્ધન જે સ્વતંત્ર થઇ ગયો હતો તેણે પાંડય, ગોવા અને કોંકણના આદિ રાજાઓની સહાયતા મેળવી તે વિક્રમાદિત્ય ઉપર ચડી આવ્યો. તેણે તેની સામો સેંદ્રકવંશી સામંત આચ (આચગી બીજા)ને મોકલ્યો,

---

૧ દ્વારસમુદ્ર—જાદવવંશી રાજાઓની રાજધાની, આ શેહેર નિજામના રાજ્યમાં હસન જીલ્લામાં છે અને તે આજ હંસેબીડ નામથી પ્રસિદ્ધ છે. (ઐ. ગ્રં. મા.)

તેણે તેને પરાજીત કર્યો, ગોવા પડાવી લીધું. લક્ષ્મણને રણમાંથી નશાડયો. પાંડયના રાજાનો પીછો લીધો, મલપાને હરાવ્યો અને કોંકણ પડાવી લીધું અને વિષ્ણુવર્દ્ધન હાર ખાઈ પાછો વળ્યો.

વિક્રમાદિત્ય વિદ્યાનુરાગી અને વિદ્વાનોને આશ્રયદાતા હતો. કાશ્મીરી પંડિત બિલ્હણને પોતાના દરબારનો મુખ્ય પંડિત કર્યો જેણે વિક્રમાંકદેવ• ચરિત કાવ્ય લખીને તેનું નામ અમર કર્યું. યાજ્ઞવલ્કય સ્મૃતિનો ટીકાકાર વિજ્ઞાનેશ્વર પણ તેનો આશ્રિત હતો એમ એ પોતાની ટીકાના છેવટમાં લખે છે કે " પૃથ્વી ઉપર કલ્યાણપુર જેવું નગર નથી, નહોતું અને નહિ થાય. શ્રી વિક્રમાર્ક (વિક્રમાદિત્ય) જેવો બીજો રાજા દીઠો નથી કે સાંભળ્યો નથી અને વિજ્ઞાનેશ્વર જેવો કોઈ પંડિત નથી એ ત્રણે કલ્પ સુધી બન્યાં રહો " ઇત્યાદિ.

વિક્રમાદિત્ય કલ્યાણના સોલંકીઓમાં સહુથી પ્રતાપી દેશ વિજયી અને ઉદાર રાજા થયો. એના રાજ્યમાં પ્રજા સુખ ચેનથી રહી.

એને ઘણી રાણીયો હતી તેમાંથી ૬નાં નામ આ પ્રમાણે હતાં:-૧ ચંદલદેવી, ૨ સાંબલદેવી. ૩ લક્ષ્મીદેવી, ૪ જક્કલદેવી, ૫ મલયદેવી અને ૬ માલિકાદેવી. તેમાં ચંદલદેવી પટ્ટરાણી હોવી જોઇયે. તેને પેટે સોમેશ્વર તથા જયકર્ણ એ પુત્ર અને મૈમલદેવી નામની પુત્રી થઇ. તેને ગોવાના કદંબવંશી સામંત જયકેશી સાથે પરણાવી હતી. જક્કલદેવી કદંબ વંશી તિક્કની પુત્રી હતી. જયકર્ણ પોતાના બાપની હયાતીમાં એક જીલ્લાનો અધિકારી હતો.

વિક્રમાદિત્ય ૫૦ વર્ષ રાજ્ય કરી વિ. સં. ૧૧૮૩ માં દેહાંત થયો.

આ રાજાઓને કર્ણાટકના રાજા (સર્ગ ૩ શ્લોક ૩૩) અને કુંતલ દેશના રાજા (સર્ગ ૩ જાના શ્લોક ૪૧) પણ લખ્યા છે.

વિક્રમાંકદેવનું વંશ વૃક્ષ.

ચૌલુક્ય—બ્રહ્માના સંધ્યાર્થ કરેલા ચુલુક (અંજલી) માંથી ઉત્પન્ન થયેલો પુરૂષ.
|
હારીત.
|
માનવ્ય તેનો વંશજ.
|
તૈલપ.
|
સત્યાશ્રય.
|
જયસિંહદેવ.
|
સોમેશ્વર (આહવમલ્લ–ત્રૈલોક્યમલ્લ.)

સોમેશ્વર (બીજો.) | વિક્રમાદિત્ય | જયસિંહ.

વિક્રમાદિત્યની રાણીઓ: કરહડના શિલાહ રાજાની પુત્રી. | કદંબવંશી સામંતની પુત્રી. | કદંબવંશી તિક્કડની પુત્રી.

ચંદલદેવી. | સાંખળદેવી. | લક્ષ્મીદેવી. | જક્કલદેવી. | મલયવતીદેવી. | માલિકાદેવી.

ચંદલદેવીનાં સંતાન: સોમેશ્વર (બીજો) | જયકર્ણ. | મૈમલદેવી=ગોવાનો કદંબવંશી સામંત જયકેશી.

આ કાવ્યના રચનાર કવિ બિલ્હણ વિષે જે કાંઇ હકીકત મળી છે તે લખી આ પ્રસ્તાવના પુરી કરીશું.

બિલ્હણ કવિ ઇ. સ. ૧૦૮૫ માં હતો (કી. કૌ. નોટ પૃ. ૧૪૫) તે કાશ્મીરના [1]ખોનમુખ ગામનો રહીશ, કૌશિક ગોત્રી બ્રાહ્મણ હતો.

---

૧ હાલનું ખુનમોહ જે કાશ્મીરની રાજધાની શ્રીનગરથી ૩ માઈલ જયવન નામના સ્થાન પાસે છે.

એના વિદ્વાન્ પૂર્વજોને કાશ્મીરનો ગોપાદિત્ય[1] રાજા મધ્ય[2] દેશમાંથી કાશ્મીરમાં લાવ્યો હતો. જેમાં મુખ્ય મુક્તિકલશ હતો તે અગ્નિહોત્રી હતો. તેનો પુત્ર 'રાજકલશ' તે પણ અગ્નિહોત્રી હતો. ઉપરાંત દાની, પરાક્રમી અને વેદ વિદ્યા પારંગત હતો. એણે જનસુખાર્થે વ્યાખ્યાન સ્થાનો, કુવા અને પરબો કરાવી હતી. એનો પુત્ર જ્યેષ્ઠકળશ હતો તેણે [3]મહાભાષ્ય ઉપર ટીકા કરી છે (પણ દાકતર બ્યુલર કહે છે કે તે કયાંહીથી ઉપલબ્ધ નથી) તેને નાગાદેવી નામની સ્ત્રીથી ઈષ્ટરામ, બિલ્હણ અને આનંદ એમ ત્રણ પુત્રો થયા. તે ત્રણે વિદ્વાન્ અને કવિ હતા. બિલ્હણે કાશ્મીરમાં રહીને વેદ, વેદાંગ, વ્યાકરણ, સાહિત્ય આદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને એની કવિતાની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ.

રાજા [4]કળશના સમયમાં તેની સાથે કાંઇક કચવાણ થવાથી તે ત્યાંથી નીકળ્યો અને કર્ણાટકમાં જઇને રહ્યો તથા સ્વદેશમાં મુસાફરી કરી. તે મથુરાં, વૃંદાવન, કનોજ, પ્રયાગ અને કાશીમાં કાંઈક દિવસ રહ્યો, અને ત્યાંના પંડિતોથી શાસ્ત્રાર્થ કરતો ડાહલના કર્ણ રાજાના દરબારમાં પહોંચ્યો; જ્યાં પંડિત ગંગાધરને શાસ્ત્રાર્થમાં જીતીને તે ધારામાં આવ્યો. પણ તે સમય ભોજ જીવતો નહતો. તે પછી તે ગુજરાતમાં થઇને સોમનાથ આવ્યો. ત્યાંથી જળમાર્ગે દક્ષિણમાં ગયો અને ત્યાંથી રામેશ્વર થઇને પાછા ઉત્તરમાં આવતાં કલ્યાણપુરમાં આવ્યો. ત્યાં વિક્રમાદિત્યે તેનું બહુ સન્માન કર્યું અને વિદ્યાપતિનો ઇલકાબ આપ્યો અને ઘણી સમૃદ્ધિ આપી તેથી તેણે વૃદ્ધાવસ્થામાં ત્યાં રહીને સુમારે ઇ. સ. ૧૦૮૫ માં વિક્રમાંકદેવચરિત બનાવ્યું.

---

૧ ગોનંદવંશી અક્ષનો પુત્ર હતો.

૨ હિમાચળ અને વિંધ્યચળની મધ્યનો દેશ.

૩ પાણિનિની કરેલી અધ્યાયી ઉપર પતંજલિ ઋષિએ કરેલું ભાષ્ય અને મહાભાષ્ય એવી સંજ્ઞા તેને એકનેજ છે.

૪ કાશ્મીરનો રાજા (ઇ. સ. ૧૦૬૩–૧૦૮૯)

એણે બીજાં પણ પુસ્તકો બનાવ્યાં છે. "ત્રિરૂપકોશ" તેણે કોશ કર્યાનું અભિધાન ચિંતામણિ નામના પુસ્તકની વિજ્ઞાપનામાં લખ્યું છે. "કર્ણ સુંદરી નાટિકા" પણ તેણે રચ્યું છે. જેનો નાયક ગુજરાતનો સોલંકી રાજા કર્ણ છે. એ પુસ્તક તેણે રાજા કર્ણના સમયમાં અણહિલપુરમાં આદિનાથના મહોત્સવની યાત્રા પ્રસંગે ભજવી બતાવવા સારૂ બનાવ્યું હતું. એનું ચોથું પુસ્તક "બિલ્હણ ચરિત કાવ્ય" મનાય છે પણ મી. ગૌરીશંકર કહે છે કે "પરંતુ એ પુસ્તક એનું બનાવેલું નથી કેમકે એમાં લખ્યું છે કે "ગુજરાતના રાજા વૈરિસિંહના વખતમાં બિલ્હણ અણહિલપટ્ટનમાં ગયો. તે રાજાએ એની વિદ્વત્તા સાંભળીને પોતાની પુત્રી શશિકળાને ભણાવવાને તેને સોંપી. કાંઇ સમય પછી બિલ્હણ તે રાજકન્યા સાથે પ્રેમમાં ફસ્યો. આ જો ખરૂં હોય તો બિલ્હણની બાબતમાં તે બહુજ દીલગિરિ ભરેલું ગણાય. પોતાની વિદ્યાર્થીણી જે પોતાની પુત્રી તુલ્ય ગણાય તેની ઉપર દુષ્ટ દૃષ્ટિ કરવી એ કેટલું બધું શાસ્ત્રવિરૂદ્ધ અને નીતિવિરૂદ્ધ ગણાય? આવી હકીકત ભુકુંડને માટે પણ કહેવાય છે. ભુકુંડના આખ્યાનનું ગુજરાતી તપાસણી માટે મ્હારી પાસે આવેલું ત્યારે તેને મેં એજ મુદ્દાથી ધિક્કારી કહાડવાની મ્હારી ફરજ અદા કીધી હતી. એટલા સારૂજ આપણા વડીલો સ્ત્રીઓને પુરૂષોદ્વારા વિદ્યાવતી ન કરવાને આગ્રહી હતા. ખાધેલપીધેલ કુમારિકાને યુવાન પાઠકને સ્વાધીન કરવાનું કામ કેટલું સાહસ છે એ જોઇ શકાય છે. આ બે દાખલા સીવાય ઘણા એવા દાખલા **अत्युच्चौ-कुच कलशौ त्वयापि दत्तौ** જેવા જાણવામાં આવ્યા છે અને એટલા માટેજ **मात्रा स्वस्रा दुहित्रावा**[1] જેવા અટકાયતના કાયદા (નીતિશાસ્ત્રો) વિદ્વાનોએ મુકયા છે. એ ખબર રાજા સુધી પહોંચી (સાહસ કેમ છાનું રહે) તેથી રાજાએ તેને દેહાંત શિક્ષા ફરમાવી. વધ સ્થાનમાં તેને ઇષ્ટદેવનુ સ્મરણ કરવાનું કહેતાં તેણે ૫૦ શ્લોકનું ખંડકાવ્ય બનાવ્યું. જેનો આરંભ **अद्यापि तां कनकचंपक दामगौरी**થી થાય છે. બધા શ્લોકનો આરંભ **अद्यापि**થી

---

१ मात्रा स्वस्रा दुहित्रावा नैकांतवसतिं वसेत् ॥ बलवानिंद्रिय ग्रामोंविद्वांसमपिकर्षति.

થાય છે. વચમાં એક એવો શ્લોક પણ આવે છે કે—**अद्यापि मन्मनसि तत् परिवर्तते यद्रात्रौमयि क्षुतवति क्षितिपाल पुत्र्या ॥ जीवेति मंगल-वचः परिहृत्य कोपात् कर्णे कृतं कमलपत्र मनालपंत्या.** આથી એ પણ સિદ્ધ થાય છે કે તે તેની સાથે છુપો પરણ્યો હતો. એ સ્ત્રીપુરૂષના વ્યવહારથી રહેતાં. ડાક્તર બ્યુલર પણ કહે છે કે તેણે ગાંધર્વ વિવાહ કરી લીધો હતો. આ કાવ્યનું નામજ ચૌરપંચાશિકા છે. જેને બિલ્હણનું કરેલું અને વધસ્થાને લઈ જતાં રસ્તામાં કર્યાનું કહે છે. કોઇ ચૌર નામના કવિનું કરેલું અને કોઇ સુંદર નામના કવિનું એમ જુદા જુદા અભિપ્રાય જણાવે છે. એમ એ રાજકન્યાના સ્મરણમાં ૫૦ શ્લોક કર્યા તેટલામાં રાજાએ પોતાની રાણીથી પોતાની પુત્રીનો પ્રેમ બિલ્હણ ઉપર પૂર્ણ હોવાનું સાંભળ્યું. તેથી તેનો કોપ કાંઇક શાંત થયો. એમજ તેની પ્રજા અને મંત્રીઓની સલાહથી તેમજ બ્રાહ્મણ વધના પાપથી ડરીને જે કાંઇ થવાનું હતું તે થયું એમ મન વાળી તેનો અપરાધ ક્ષમા કરી શશિકળાનો વિવાહ તેનાથી કરી ઘણાં ગામ, ઘોડા વગેરે સમૃદ્ધિ આપી. પરંતુ બિલ્હણના સમયમાં ગુજરાતમાં વૈરિસિંહ[1] રાજાજ નહતો (બિલ્હણ તો કર્ણના સમયમાં ગુજરાતમાં ગયો હતો) તેથી ઉપલી બધી વાત કલ્પિત લાગે છે અને બિલ્હણના વૃત્તાંતમાં પરિચય વગરના કોઇ કવિની રચના છે.

એ ૫૦ શ્લોકનું ખંડ કાવ્ય ચૌરપંચાશિકા અથવા સુરત પંચાશિકાના નામથી પણ પ્રખ્યાત છે. એના બધા શ્લોક દ્વ્યર્થ છે. એનો આશય જેવો રાજકન્યા સાથે ઘટે છે તેવો દુર્ગાની સાથે પણ ઘટે છે. હસ્ત લિખિત પુસ્તકોમાં ક્યાંઇ તેના કર્તા તરીકે બિલ્હણ મળે છે તો ક્યાંઈ ચૌર કવિ અને ક્યાંહી સુંદર કવિ મળે છે.

બિલ્હણનાં રચેલાં પુસ્તકમાં હજી બીજાં પણ ઉમેરાય છે. કેમકે

૧. વૈરિસિંહ–ચાવડાવંશનો રાજા હતો અને તેણે ઈ. સ. ૮૩૮ થી ૮૪૯ સુધી ગુજરાતમાં રાજ્ય કર્યું હતું એટલે બિલ્હણ ગુજરાતમાં આવ્યો ત્યારે વૈરિસિંહને મરી ગયે ૨૦૦ થી વધુ વર્ષ થઈ ગયાં હતાં.

શાર્ઙ્ગધર પદ્ધતિ અને સૂક્તિ મુક્તાવળી આદિ સુભાષિત ગ્રંથોમાં એના કરેલા એવા શ્લોકો છે કે જે ઉપર લખ્યા એકે ગ્રંથમાં નથી.

દાક્તર બ્યુલર કહે છે કે જ્યાં સુધી વિક્રમાંકદેવચરિત હાથ ન્હોતું લાગ્યું ત્યાં સુધી બિલ્હણને પંચાશિકાના કર્તા તરીકે ઓળખવામાં આવતો હતો.

પંડિત વામનાચાર્ય ઝાલકિકર કહે છે કે કર્ણાટકમાં પંચાશિકાનું હસ્ત લિખિત પુસ્તક છે. તેમાં રાજાનું તથા તેની દીકરીનાં નામ જુદાંજ છે. રાજાનું નામ ' મદનાભિરામ ' અને તેની દીકરીનું નામ યામિનીપૂર્ણતિલકા હતું અને તે બંને પંચાળ દેશની રાજધાની લક્ષ્મીમંદિરમાં રહેતાં હતાં.

બિલ્હણનું વંશ વૃક્ષ.

અગ્નિહોત્રી. — મુક્તિકલશ. — મધ્યદેશી, કૈશિકગૌત્રી ખોનમુખમાં રહેનાર.

રાજકળશ.

જ્યેષ્ટકળશ. = નાગદેવી.

ઇષ્ટરામ. બિલ્હણ. આનંદ.

આ કાવ્યનું ભાષાંતર કરવાનું કામ મને ગુજરાત વર્નાકયુલર સોસાઇટી તરફથી ફરમાવેલું હતું. તે સમશ્લોકી, વૃત્તાંતર અથવા ગદ્યમય એમ યથા રૂચિ કરવાનું ફરમાવ્યું હતું. પ્રથમના બે સર્ગ તો મેં સમશ્લોકી કર્યા પણ તેમ કરતાં વખત બહુ જતો હતો (તેનું કારણ આગળ આવશે.) તેથી છેલું ફરમાન સ્વીકારી ત્રીજા સર્ગથી ગદ્યમાં કરવું શરૂ કર્યું. તેમ થતાં પણ વાર બહુ લાગી (૩ વર્ષ) તે મ્હારે દીલગીરી સાથે કબુલ કરવું પડે છે (તેનું કારણ પણ આગળ આવે છે.) પાછળથી સોસાઇટીના ફરમાવ્યા મુજબ પહેલા બે સર્ગ ગદ્યમાંજ કરી બધું ગદ્યમયજ કર્યું કારણ અમુક ભાગ પદ્યમાં અને અમુક ભાગ ગદ્યમાં એ ઠીક ન દેખાય.

પ્રથમ તો પુસ્તક મેળવવા બહુ શ્રમ કરવો પડ્યો. શ્રીમાન્ બ્યુલરે બોંબે સંસ્કૃત સીરીઝમાં એ પુસ્તક છપાવ્યું છે છતાં તેની એકે પ્રતિ મ્હારે હાથ ન લાગી. છેવટે મહારા મિત્ર પંડિત જ્યેષ્ટારામ મુકુંદજીએ પોતાનું ખાનગી પુસ્તક આપ્યું જેથી હું આ કામપાર ઉતારી શક્યો એ-ટલે એ ખાતે હું તેનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. પુસ્તકની એકજ પ્રત તે પણ અશુદ્ધ, જો કે ડા. બ્યુલરે તેનું શુદ્ધિપત્રક મુક્યું છે તો પણ તેમાં પણ હજી ભૂલો રહી ગઇ છે, જે તે નોટમાં તે તે સ્થળે દર્શાવી છે, ટીકા ન મળે, મોટું (૧૮ સર્ગનું) કાવ્ય, સર્ગ પણ મ્હોટા મ્હોટા, કવિતા કઠણ, તેમાં મ્હારી તબીયતની નબળાઈ એ બધાં કારણ લંબાણ થવા પુરતાં છે તોપણ અતિ લંબાણ થવા માટે હું સોસાઇટીની ક્ષમા ચાહું છું.

આ કામમાં અત્રેના સુપ્રસિદ્ધ શાસ્ત્રીજી હાથીભાઇ હરિશંકરની મને કીમતી મદદ મળી છે જેથી તેમનો ઉપકાર પણ હું ભૂલી શકું નહિ એવો થયો છે. તે સાથે વખતો વખત શબ્દચિંતામણી કોશ, વાચસ્પત્ય બૃહદભિ-ધાન કોશ, મરાઠી ઐતિહાસિક કોશ, નર્મકથા કોશ, આપટેનો કોશ, જ-ગડુચરિત્ર, ઐતિહાસિક ગ્રંથમાળા, ઇતિહાસ તિમિરનાશક, ભૂગોળ હસ્તામલક, આદિ ગ્રંથોનો ઉપયોગ કર્યો છે તેથી તેના કર્તાઓનો પણ ઉપકાર માનું છું. અને છેવટે આ કામ સોંપનાર ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનો અને તે દ્વારા તેના આસીસ્ટંટ સેક્રેટરી સાહેબનો પણ હું ઉપકાર માનું છું.

તા. ૧૧-૩-૧૯૦૯
રાજકોટ.

આચાર્ય વલ્લભજી હરિદત્ત.

અનુક્રમણિકા.

૧ લા સર્ગમાં.

શ્લોક ૧૦ નું મંગળાચરણ કરીને તે પછી કવિ વૈદર્ભી રીતિથી કાવ્ય કરવાની સુચના કરે છે. અને તે પછી કવિ અને કવિતા વિષે કેટલુંક વિવેચન કરી શ્લોક ૩૯ થી બ્રહ્માજીની સાથે ઇંદ્રની વાતચીતથી ચુલુક્ય વંશની ઉત્પત્તિની કથાની શરૂઆત કરે છે.

ચુલુક્ય વંશીઓએ અયોધ્યામાં નિવાસ કર્યો, તેનો હારીત થયો, તેનો માનવ્ય અને તેના વંશમાં તૈલપ થયો. તે પછી સત્યાશ્રય થયો, તે પછી જયસિંહદેવ થયો તેનો ત્રૈલોક્ય બીજા નામવાળો આહવમલ્લ થયો. શ્લોક ૧ થી ૧૧૮ સુધી.

૨ જા સર્ગમાં.

આહવમલ્લે કલ્યાણપુર વસાવ્યું, તે પુરનું વર્ણન, રાજાને અપુત્રત્વની ચિંતા, તે પોતાની સ્ત્રી પાસે જણાવવું, સ્ત્રી સહિત તેનું તપ કરવા નીકળવું, તેને શિવજીનું પ્રસન્ન થવું. અને ૩ પુત્રનું વરદાન, તેમાં ૨ પુત્રની પ્રાપ્તિ. શ્લોક ૧ થી ૯૧ સુધી.

૩ જા સર્ગમાં.

મધ્યમ પુત્રનું વિક્રમદેવ નામ પાડવું, તેનું ચૌલ, તેની બાળલીલા, ત્રીજા પુત્રની પ્રાપ્તિ, વિક્રમાદિત્યને યૌવરાજ આપવાનો રાજાનો વિચાર, મ્હોટા ભાઇને મુકીને પોતાને માટે વચલે પુત્રે ના પાડવી, તેથી રાજાએ મ્હોટા પુત્રને યુવરાજ કર્યો. વિક્રમાદિત્યે દિગ્વિજયનું કામ ઉપાડી લેવું અને તે સારૂ તેનું નીકળવું શ્લોક ૧ થી ૭૭ સુધી.

૪ થા સર્ગમાં.

દિગ્વિજયમાંથી પાછો ફરતાં કૃષ્ણા નદીને કાંઠે રાજધાનીથી આવેલા દૂતનું મળવું અને તેણે તેના પિતાના મરણના સમાચાર આપવા અને તેનું

પુર પ્રત્યે પાછા ફરવું. કેટલેક દિવસે સોમશ્વરની દુષ્ટ બુદ્ધિનું થવું અને તેથી વિક્રમાંકદેવનું રાજ્ય છોડી બીજે જઇને વસવું. શ્લોક ૧ થી ૧૧૯ સુધી.

૫ મા સર્ગમાં.

વિક્રમાદિત્યનું પાછું દિગ્વિજય સારૂ નીકળવું તેમાં નાનેરા ભાઇને પોતાની સાથે બોલાવી લેવું. સોમેશ્વરે તેની પછવાડે લશ્કરનું મોકલવું તેને હરાવી પાછું વાળવું, મલય દેશ તરફ જાવું, દ્રવિડ રાજાના દૂતનું આવવું, તેણે દ્રવિડ રાજા પોતાની પુત્રી આપવા ઇચ્છે છે એ વાતનું કહેવું, તે રાજાએ સ્વીકારવું, તે બંનેનું મળવું અને તેને પોતાની કન્યાનું આપવું. શ્લોક ૧ થી ૮૯ સુધી.

૬ ઠ્ઠા સર્ગમાં.

દ્રવિડરાજાનું પાછું ફરવું, તેના મરણના ખબરનું વિક્રમાંકદેવના જાણવામાં આવવું, તેથી તેનું તે રાજ્ય જવું, અને દ્રવિડ રાજપુત્રને ગાદીએ બેસાડવું, ત્યાં કેટલાક દિવસ રહી ગાંગકુંડપુર જોવું, એક માસ ત્યાં રહેવું, પાછું તુંગભદ્રા તરફ આવવું. કેટલેક દિવસે દ્રવિડ રાજપુત્ર ઉપર વેંગિનાથનું ચઢી આવવું. અને તે વેંગીનાથ સાથે પોતાના મ્હોટા ભાઈ સોમદેવનું મળી જવું. એ સાંભળી વિક્રમાંકદેવને ખેદ થવો. તેને સ્વપ્નમાં શિવજીનો ઉપદેશ, તેથી મ્હોટેરાભાઇને અને રાજીગને ફોજ ઉપર ચઢવું. તેમાં રાજીગનું ભાગી જવું અને સોમદેવનું કેદ પકડાવું. અને પોતે ગાદીએ બેસવું અને પોતાના નાના ભાઇને (વનવાસી) રાજ્યનું સોપવું. શ્લોક ૧ થી ૯૯ સુધી.

૭ મા સર્ગમાં.

વિક્રમાંકદેવનું દિગ્વિજય કરતાં કલ્યાણમાં પાછા ફરવું અને તે પ્રસંગે વસંતઋતુનું વર્ણન શ્લોક ૧ થી ૭૭ સુધી.

૮ મા સર્ગમાં.

કર્ણાટકના રાજા કર્હાટની પુત્રી ચંદ્રલેખાના સ્વયંવરની વાત સાંભળી તે પ્રસંગે તેના શરીરનું વર્ણન શ્લોક ૧ થી ૮૮ સુધી.

૯ મા સર્ગમાં.

વિક્રમાંકદેવના દૂતનું ત્યાં જઈ આવવું અને તેનું મન તમારા તરફ છે એમ દૂતનું રાજાને કહેવું અને રાજાને પણ સ્વપ્નમાં શિવજીએ ત્યાં જવાનું કહેવું, તેનું જવું, સ્વયંવર મંડપમાં કન્યાનું આવવું, અન્ય રાજાઓના અનાદરનું વર્ણન અને વિક્રમાંકદેવના ગળામાં વરમાળાનું આરોપવું. શ્લોક ૨ થી ૧૫૧ સુધી.

૧૦ મા સર્ગમાં.

વિક્રમાંકદેવનો ચંદ્રલેખાથી વિવાહ, ફરીથી વસંત વર્ણન તે પ્રસંગે ક્રીડાવન વિલાસ વર્ણન, તથા જળક્રીડા વર્ણન શ્લોક ૧ થી ૯૧ સુધી.

૧૧ મા સર્ગમાં.

સંધ્યા સમયનું વર્ણન, અંધકાર વર્ણન, ચંદ્રોદય વર્ણન, પાનગોષ્ટી વર્ણન, શયન વર્ણન, પ્રભાત વર્ણન વગેરે શ્લોક ૧ થી ૯૫ સુધી.

૧૨ મા સર્ગમાં.

ગ્રીષ્મ વર્ણન, પુરપ્રવેશ વર્ણન, વાપીવિહાર, અલંકારપરિધાનાદિ વર્ણન. શ્લોક ૧ થી ૭૮ સુધી.

૧૩ મા સર્ગમાં.

ફરીથી ગ્રીષ્મ વર્ણન, વર્ષા વર્ણન, શ્લોક ૧ થી ૯૦ સુધી.

૧૪ મા સર્ગમાં.

વિક્રમાંકદેવ પાસે એક આપ્ત પુરૂષનું આવવું, તેણે નાનો ભાઈ કાવતરાં રચે છે એમ કહેવું, અને કેટલેક દિવસે તે કૃષ્ણવેણી નદીને કાંઠે તમારી સામો થશે એમ કહેવું. એ ખબરથી વળી રાજાનું ચિંતામાં પડવું, ત્યાં શરદ ઋતુનું વર્ણન, તેટલામાં કૃષ્ણવેણી તટે તેનું આવવું અને વિક્રમાંકદેવનો સંધિ માટે આગ્રહ, તે તેઓનું ન સ્વીકારવું, શ્લોક ૧થી ૭૨ સુધી.

૧૫ મા સર્ગમાં.

બંનેના સૈન્યનું લડવું પરસ્પર યુદ્ધ, તેમાં સામાવાળાઓનું ભાગવું, અને વિક્રમાંકદેવનું પાછું આવવું શ્લોક ૧ થી ૮૭ સુધી.

૧૬ મા સર્ગમાં.

હેમંતનું વર્ણન, વિક્રમાંકદેવનું સ્ત્રીઓ સહિત મૃગયા માટે નીકળવું, મૃગયા વર્ણન, ત્યાંથી પાછા ફરવું. શ્લોક ૧ થી ૫૩ સુધી.

૧૭ મા સર્ગમાં.

તેના રાજ્યમાં સુખોનું વર્ણન, તેને પુત્રો થવા, તેના દાનનું વર્ણન, તેણે વિષ્ણુનું મંદિર તથા તળાવ કરાવ્યાં, તેના પુરનું વર્ણન, ચોલ રાજાને ગર્વિષ્ટ સાંભળીને કાંચી નગરી તરફ ચઢવું. તે લડાઈનું વર્ણન, ત્યાં શૂર સ્ત્રીઓની પડયા પડય, ચોલનું ભાગવું, કાંચીપુરીમાં વિક્રમાંકદેવનું રહેવું, અને પોતાની નગરીમાં પાછા ફરવું. શ્લોક ૧ થી ૬૮ સુધી.

૧૮ મા સર્ગમાં.

કવિનું પોતાનું વર્ણન, તેમાં કાશ્મીરમાં પ્રવરપુર છે, ત્યાં વિતસ્તા નદી છે ઈત્યાદિથી આરંભી પુર વર્ણન. ત્યાં અનંતદેવ રાજા હતો તેની સ્ત્રી સુભટાને કળશદેવ પુત્રનું થવું, તેનો હર્ષદેવ, તેનો નાનો ભાઇ ઉત્કર્ષદેવ, ત્રીજો વિજયમલ્લ પુત્ર થયો. એ પ્રવરપુરથી એક ગવ્યૂતિ જયવન છે, ત્યાં તક્ષકકુંડ છે. તેને કાંઠે ખાનમુખ ગામ છે, ત્યાં કૌશિકગોત્રી બ્રાહ્મણો છે. તેમાં મુખ્ય મુક્તિ કળશ, તેનો રાજકળશ, તેનો જયેષ્ઠ કળશ, તેની સ્ત્રી નાગાદેવીને બિલ્હણ થયો. તેનો મ્હોટો ભાઈ ઈષ્ટરામ અને નાનો ભાઈ આનંદ હતો તે બિલ્હણે કર્ણાટકના રાજાનું આ કાવ્ય રચ્યું. શ્લોક ૧ થી ૧૦૮ સુધી.



ॐ नमः श्री सिद्धि बुद्धि सहिताय गणपतये.

અથ શ્રી વિક્રમાંકદેવચરિત મહા કાવ્યનું ગુજરાતી ગદ્ય ભાષાંતર.

સર્ગ ૧ લો.

તે વિષ્ણુની તરવાર (નંદક નામની) ભુજની કાંતિનો દંડ હોય શું એવી ઉંચી ચઢતી તે તમારી રક્ષા કરો, કે જે (અંદર પડતી) પાંચજન્ય (વિષ્ણુના) શંખની પ્રતિબિંબની રચના વડે ધારાજળનું ફીણ હોય એવી શોભા પ્રકટ કરે છે. ૧.

લક્ષ્મીજીના નિવાસ સ્થાનરૂપ ક્ષીરસાગરના કમળમાં જે ભ્રમરની કાંતિ ધરે છે અને જેના દેહની કાંતિ નીલોત્પલ કમળના જેવી છે એવા ભગવાન મુકુંદ તમારી સમૃદ્ધિને માટે થાઓ. ૨.

જગત્‌નું ઉત્પત્તિસ્થાન એવા વિષ્ણુની એ વક્ષઃસ્થળી (ત્રણે) જગત્‌ની રક્ષા કરો કે જે (વક્ષસ્થળી) લક્ષ્મીજીના અંગની રતાશવડે સૌભાગ્યરૂપી સુવર્ણની કસોટીની પાટલી સરખી જણાય છે. ૩.

તે (પાર્વતીજી) પ્રિય (મહાદેવજી) ના અર્ધ દેહમાં સ્થિતિ કરનારાં છે તેનું ઉચ્ચતર એક સ્તન તે બીજા સ્તનને જાણે વાત પુછવા તેના મુખાગ્ર તરફ જોતું હોય એવાં પાર્વતીજી તે તમારી રક્ષા કરો. ૪.

ઉલ્લાસે સહિત લક્ષ્મીનું પ્રતિબિંબ જેમાં પડ્યું છે એવો નંદક (વિષ્ણુનું ખડ્ગ) તેમાં ઘાડો આનંદ આપો કે જે વિષ્ણુને યમુનાના પ્રવાહમાં લીલા કરતાં રાધાનું સ્મરણ નિત્ય કરાવે છે. ૫.

પડખામાં રહેલાં પાર્વતીજીના કોપથી પ્રગટ રીતે મુંઝાણા એવા શિવજીના હે માત તમને નમસ્કાર છે એવા સંધ્યાને કરાતા નમસ્કાર જય પામો. ૬.

બૃહસ્પતિની સ્પર્દ્ધાથી સાર પામવાને જાણે ગ્રહમંડળી (ઇચ્છતી હોય) તેથી જે (સરસ્વતીજી) ની માળા (એરખો) થઇ રહી હોય એવાં સરસ્વતી તમને પ્રસન્ન રહો. ૭.

તમામ વિઘ્ન નિવારવામાં ડાહ્યા જાણે મંત્રાક્ષત હોય એવા દિશાઓના મુખમાં ગણપતિની સુંઢના પાણીના છાંટા નાંખવાની લીલા તમને પ્રીતિકર થાઓ. ૮.

શ્રવણરૂપી અમૃતની વાદળાં વગરની વૃષ્ટિ અને સરસ્વતીના [1]વિભ્રમની જન્મભૂમિ એવી [2]વૈદર્ભી રીતિ તે પુણ્યવાન પુરૂષોના પદોના સૌભાગ્યના લાભની જમાન[3] રૂપી થતી ઉદય પામે છે. ૯.

તે (કવિઓ) જય પામો કે જેનાં પંચમ નાદનાં જેવાં વિચિત્ર પ્રકારની રચનાથી ભૂષિત થયેલાં મુખોમાં વીણા વગાડતી જાણે સરસ્વતી નિત્ય વાસ કરતી હોય એવી શોભે છે. ૧૦.

હે કવીંદ્રો સાહિત્યના દરિયાના મંથનમાંથી નીકળેલું કાનનું અમૃત સાચવી રાખો કેમકે તેને લુંટી લેવાને કાવ્યાર્થ ચોર એવા દૈત્યો પણ થઈ પડ્યા છે. ૧૧.

અથવા સર્વે યથેચ્છ ગ્રહણ કરો તેમાં કવીશ્વરને કાંઈ ખોટ જવાની નથી; કેમકે ઘણાં રત્નો દેવતાઓએ ગ્રહી લીધાં છે તોપણ સમુદ્ર તો રત્નાકરજ છે. ૧૨.

---

૧ સ્ત્રીઓની શૃંગારાંગ એક ચેષ્ટા=લટકો.

૨ કાવ્ય રચનાનો એક પ્રકાર છે જેમકે **माधुर्य व्यंजकैर्वर्णै रचना ललितात्मिका ॥ अवृत्तिरल्पवृत्तिर्वा वैदर्भी रीति रुच्यते ॥** (શ. ચિ.) અથવા **असमस्तैक समस्ता युक्ता दशभिर्गुणैश्च वैदर्भी ॥ वर्गद्वितीय बहुलास्वल्पप्राणाक्षरा च सविधेया ॥** એક સમાસ અથવા અલ્પ સમાસ વાળી સ્વલ્પ (લઘુ) પ્રાણ પ્રયત્નવાળા અક્ષરો (વર્ગના ૧ લા ૩ જા અને ૫ મા અક્ષર અને **य र ल व** એ અક્ષરો) જેમાં વિશેષ હોય એવી અને ૧૦ ગુણ રૂદ્રે માનેલા ઐશ્વર્યાદિ વાળી.

૩ ખોળાધર. તે એટલા માટે કે વૈદર્ભી રીતિમાં પદ બધાં સારાંજ આવે.

વૈદર્ભીની લીલાના ભંડાર એવા વિદ્વાનોના હજારો નિબંધ છે તથાપિ વૈચિત્ર્યના રહસ્યમાં લોભી એવા ચિત્તવાળા (વિદ્વાનો=સહૃદય) (આમાં) શ્રદ્ધા કરશે. ૧૩.

સાહિત્ય વિદ્યાના શ્રમ વગરના (પ્રબંધો) માં કવિઓના ગુણ કુંઠિત થઈ જાય છે. કૃષ્ણા ગુરૂ ધૂપનો વાસ અનાર્દ્ર એવા સ્ત્રીઓના વાળમાં શું અસર કરે. ૧૪

પદોની પ્રૌઢિની મ્હોટાઈ વડે પુરાણી રીતિનો અતિક્રમ (વિપરીતતા) અતિ વખણાય છે. અતિ ઉંચાઇને લીધે કંચુકી ફાડી નાંખનારાં સ્ત્રીઓનાં કુચમંડળ કવિઓને વંદ્ય છે. ૧૫.

ભલે [1]વ્યુત્પત્તિ વિદ્વાનોને છોડી દે તથાપિ તે જડ પુરૂષોને રંજન કરે નહીં, કેમકે (જેમ) મોતીમાં છિદ્ર પાડનારી શળી ટાંકણાનું કામ સારે નહીં. ૧૬.

જે પુરૂષો કવિની કથાનો રસ ગ્રહણ કરે છે તે બીજી કથાઓમાં રાજી થાય નહીં કેમકે મોથ ચરવામાં રસિક એવા કસ્તુરીયા મૃગ તે તૃણ ચરે નહીં. ૧૭.

જેને જડમાં પ્રતિભાનું અભિમાન થયું છે એવા ખળ, બિચારા કવીંદ્રોની ઉક્તિમાં કોણ માત્ર (કેમકે) અગ્નિ ઓલવવામાં ગર્વ ધારણ કરનારૂં જળ તે રત્નના પ્રકાશને શું કરી શકે. ૧૮.

ઉલ્લેખની લીલા કરવામાં ડાહ્યા એવા વિદ્વાનો ઝવેરી જેવા છે તેની વિચારરૂપ શરાણની પાટલીમાં સારી સૂક્તિ (સારી વાણી) રૂપી રત્નો તે નિધિરૂપ થાઓ. ૧૯.

એમાં દુર્જનનો કાંઈ પણ દોષ નથી તેનો સ્વભાવજ ગુણને ન સહન કરી શકે એવો છે. ચંદ્રખંડ જેવી ધોળી શેરડીની સાકર પણ કેટલાકોને ગમેજ નહીં. ૨૦.

કવિતાના વિલાસ નક્કી કુંકુમ અને કેસરના સહોદર (સગા ભાઈ) છે કેમકે તેનો ઉદ્ભવ શારદાદેશ (કાસ્મીર અને સરસ્વતીના હુકમ) વિના મ્હેં બીજે કયાંઈ દીઠો નથી. ૨૧,

---

૧ શબ્દનો અર્થ જણાવવાની શક્તિ.

જેઓ [1]રસ અને [2]ધ્વનિના માર્ગમાં ફરે છે અને [3]વક્રોક્તિના રહસ્યની છાપ જેમાં પડે છે એવા છે તે અમારા પ્રબંધને ધારો; બાકીના તો શુક (શુકદેવજી અને પોપટ=પુરાણ અને વ્યર્થ આલાપ) ના વાક્યોનો પાઠ કરો. ૨૨.

મહાકવિઓનું અનન્ય સાધારણ ગુણપણું છે તે અનર્થ કરનારૂં છે (કેમકે) સભામાં સુલભ એવા અલ્પબુદ્ધિવાળા પુરૂષો એઓનું થોડું બોલવું પણ ખમી શકે નહીં. ૨૩.

અલૌકિક લેખ સમર્પણ કરીને ડાહ્યા પુરૂષોની ચિત્તરૂપી કસોટીની પાટલીમાં પરીક્ષા પામેલું આ કાવ્યરૂપી સુવર્ણ લોકોના કંઠાભરણપણાને પામો. ૨૪.

સારા ચરિત્રના વિલાસથી શૂન્ય એવા રાજાઓ કવિનો સંગ્રહ કરીને શું કરે. શું કદી ચણોઠીનાં ઘરેણાવાળા વનચરોને સોનીનો ખપ પડે? ૨૫.

જે રાજાની પાસે કવીશ્વરો નથી તેનો યશ ક્યાંથી હોય? પૃથ્વીમાં કેટલા રાજા નથી થયા કે જેનાં નામ પણ કોઈ જાણતું નથી. ૨૬.

જે રાવણનો યશ સંકુચિત રહ્યો છે અને જે રઘુરાજ પુત્ર (રામ) કીર્તિનું પાત્ર બન્યા છે એ સર્વ આદિ કવિ (વાલ્મીકિ) નો પ્રભાવ છે, તે માટે રાજાઓએ કવિઓ ઉપર કોપ ન કરવો. ૨૭.

મ્હારી વાણીની પ્રવૃત્તિ (જો કે) નીરસ છે તોપણ રાજાના ચરિત્રો વડે માન્ય થશે. કોણ ગંગાની સુકી માટીને પણ માથે નથી ધારતું? ૨૮

૧ શૃંગારાદિ રસ. ૨ ધ્વનિ કાવ્ય. ૩ એક અર્થાલંકાર છે જેમકે કુવલયાનંદમાં= **मुंच मानं दिन प्राप्तं** આમાં **मानं मुंच दिन प्राप्तं** એવી ઉક્તિ છે તેને વક્રોક્તિમાં ફેરવીને **नंदिनं प्राप्तं मा मुंच** એવો ભાવ લઇને **नेह नंदी हरांतिके** એવો આડો જવાબ એટલે આંહી નંદી નથી તે તો હરની પાસે છે, અથવા ગુજરાતીમાં "ડોલા આવે રાજ હવે સુવા દ્યો તો ભલું" એ અર્ધ સોરઠાનો જવાબ દીધો કે ડોલા ન સમય આજ સુવા મળે ગાંધી ગૃહે.

કાનને અમૃતરૂપ લાગે એવો સૂક્તિરસ મુકીને ખળ પુરૂષોનો મ્હોટો પ્રયત્ન દોષમાં થાય છે. ઊંટ ક્રીડાના બગીચામાં પેશીને કાંટાના જાળાને ગોતે છે. ૨૯.

આ ચાલુકય રાજાઓના વંશમાં ઉત્પન્ન થએલા ગુણરૂપી મોતીની, અને મ્હારી વાણી રૂપી સૂત્રમાં ગ્રંથી એવી એકાવલી (હાર) તમોને કંઠનું વિભૂષણ હો. ૩૦.

સાતે લોકમાં પ્રખ્યાત એવા અને સરસ્વતીના વિભ્રમ (લટકા) નું પાત્ર એવા બ્રહ્મા છે. જેના ચાર મુખનાં ચાર કાવ્ય ચાર શ્રુતિઓ પ્રસિદ્ધ છે. ૩૧.

હું શંકા કરૂં છઉં કે આસનપણાને પામેલા એક કમળની અતિશય સેવાથી આરાધ્યા એવા જેણે કમળના આખા કુટુંબને લક્ષ્મીનું સ્થાન કરી દીધું. ૩૨.

કોઇ કાળે એ બ્રહ્મા બ્રહ્મર્ષિઓ સાથે બ્રહ્મમયી કથા ગંગા કાંઠે કરતા હતા (ત્યારે) સવારની સંધ્યાનો સમય થયો (તે વખતે) ૩૩.

ચક્રવાક, કમળ નાળનું સૂત્ર પોતાની પ્રિયાની ચાંચમાં હતું તેને અન્યોન્યને વિયોગ પાડનારની ભ્રાંતિથી જેમ તેમ તેની ચાંચમાંથી ખેંચે છે. ૩૪.

દાન દેવાને તત્પર થયેલી સિદ્ધ સ્ત્રીઓના કુંકુમે કમલિનીના પ્રિય (સૂર્ય) નું બિંબ બિંબફળ (ઘોલાં) ની ઉપમા ધારણ કરે છે. ૩૫

રાત્રિના વૃદ્ધપણાથી મસ્તકરૂપ ચંદ્ર નમી ગયેલો જોઇ તે એ ફેરફારથી સરોજીનીનું હાસ્ય સહિત કમળ રૂપી મુખ થયું શું. ૩૬.

સહુને જીતનારા અન્ય પુરૂષનું વિધાતાના ચુલુકમાંથી ઉત્પન્ન થવું સાંભળીને કમલિની રૂપી સ્ત્રીનો પતિ પૂર્વ ગિરિરૂપી કિલ્લા ઉપર ચઢી બેઠો શું ? ૩૭.

જે (ચંદ્રિકા) ચક્રવાક નામના (પક્ષિના) શરીરમાં પરસ્પર ન દેખવારૂપ લેપપણું પામી છે તેજ ચંદ્રિકા ચંદનના ગારા રૂપ પામેલી થકી ચંદ્રમા રૂપ શરાણના ચક્ર ઉપર ખુડી ગઈ. ૩૮.

સંધ્યાની સમાધિમાં ભગવાન (બ્રહ્મા) હતા તે વખતે ઇંદ્રે હાથ જોડી નમસ્કાર કરીને મસ્તકના મુગટમાં રહેલા પારિજાતના ફુલમાં રહેલા ભ્રમરોના નાદવડે બેવડાણાં એવાં વચનો વડે વિનતિ કરી. ૩૯.

જે ઐરાવત હાથીના મદના જળના સંગવડે મળેલા ભ્રમરોની માળા તે સામ્રાજ્ય લક્ષ્મીના જય તોરણ સરખા બે દાંત ઉપર જાણે વંદન કરવાની માળા કેમ ધારણ કરી હોય એવી (શોભે) છે. ૪૦.

જે મ્હારૂં છત્ર છે તે મ્હારા હજાર નેત્રરૂપી કમળમાં લોલ એવા ભ્રમરના ટોળા સરખું કાળું હોઈને રાજ્ય લક્ષ્મીના મુખ ઉપર કસ્તુરીના ચાંડલાની શોભા ધારણ કરે છે. ૪૧.

જે નંદન વનમાં કલ્પવૃક્ષની છાયામાં રતિ શ્રમથી વિશ્રાંતિ લેવા સારૂ (બેઠેલી) દેવતાની સ્ત્રીઓ મ્હારા શોર્ય રસે વૃદ્ધિ પામેલા યશો-ગાય છે, ૪૧.

અથવા બહુ કહેવાથી શું ? આજે ઈંદ્ર અંકુશ વગરના મહિમાનું પાત્ર થયો છે તે બધાએ સ્વામી આપની પાદ સેવાની રજ માથે ચ્હડાવી છે તેનો પ્રભાવ છે. ૪૩.

હે નાથ ! પૃથ્વીમાં હાલમાં એવું અનિષ્ટ (થાય છે એમ) જાસુસે હુંને નિવેદન કરેલ છે કે જે હું માનું છઉં કે દેવતાઓનો યજ્ઞ વિભાગનો ભોગ સ્મરણ માત્રમાં રહેશે. ૪૪.

(માટે) તમારે ધર્મ દ્વેષીઓને નિવારવા માટે કોઇક અવાર્ય વીર્ય ઉત્પન્ન કરવો ઘટે છે કે સૂર્યના કિરણના ફેલાવાની પેઠે જેના વંશથી દિશાઓ સ્વસ્થ કરાય. ૪૫.

એવી રીતે ઇંદ્રે બોલાતું વચન બ્રહ્માએ સાંભળીને સંધ્યાના જપથી પૂર્ણ એવા ખોબામાં ધ્યાનવાળાં પોતાનાં નેત્રો મૂકયાં. ૪૬.

તેવામાં કાંડાના પૃષ્ટ ભાગ ઉપર શોભી રહ્યા એવા ઇંદ્ર નીલમણિના કંકણની શોભાથી જાણે જેણે ધર્મ પ્રતિબંધકોને બાંધવા સારૂ ભેળા ઉત્પન્ન થયેલા નાગપાશ બાંધ્યા હોય ? ૪૭.

ઉંચી તર્જની કરેલા હાથ વડે લક્ષપૂર્વક જાણે જોઇ રહ્યા હોય

તે જાણે દિક્પાલ વર્ગના નીરર્ગલ એવાં આચરણોને ક્રોધ થકી નિષેધ કરતો હોય ? ૪૮.

પૃથ્વીને પોતાના વંશજોને વિશેષ ભોગવાય એવી કરવાને જાણે બાજુબંધમાં પ્રતિબિંબરૂપે પડતા વિમાનની રચનાવડે ભુજાવડે કરીને પર્વતને ઉપાડતો હોય એમ જોઈ રહેલોજ– ૪૯.

અત્યંત ગર્વ સહિત મંદહાસ્યવાળું અને દાંતવાળું અને અધરરૂપી પલ્લવ જેમાં શોભી રહ્યા છે તેથી જાણે દુધના જેવા ઉજળા એવા શત્રુના યશને તરત પીને ઉત્પન્ન થયો હોય ? ૫૦.

અસ્ત્રોએ અભેદ્ય એવું સુવર્ણનું બનેલું સ્વભાવ સિદ્ધ કવચ ધારણ કરતો એવો અને જયશ્રીના સુવર્ણના આસન સરખા ઉન્નત એવા ખભા ધારણ કરતો– ૫૧.

હાલમાં હવે દાનવેન્દ્રોએ (દાનવના રાજાઓએ) સ્વર્ગની સ્ત્રીને ગ્રહણ કરવાને અંજલી (તિલાંજલી) આપી (અળસાવ્યું) એવા હર્ષથી દેવતાઓની સ્ત્રીઓનાં નેત્રકમળની પંક્તિથી પૂજાતો– ૫૨.

તેને બ્રહ્માએ પોતે ઘણીવાર સુધી ઉત્સુક થઇને ઇચ્છાથી અધિક જોતા પદાર્થોની સિદ્ધિવડે આશ્ચર્ય સહિત હસતા મુખે જોયો. ૫૩.

પૌરૂષ રૂપી સુવર્ણની કસોટી સરખી (અને) યશરૂપી ધોળા કમળના ગારા સરખી હાથમાં રહેલી તરવાર ઉપર અતિ પ્રહૃષ્ટ (આનંદમય, સંતુષ્ટ.) દૃષ્ટિ કરી રહેલો એવો– ૫૪.

જાણે હેમાચળની શિલાથી ઘડેલો તેથી ઉદાર એવા સુવર્ણના સરખા દેખાવવાળો એવો સુભટ જે ત્રૈલોક્યની રક્ષા કરવામાં પ્રવીણ એવો વિધાતાના ચુલુક (અંજળી) માંથી ઉત્પન્ન થયો. ૫૫.

"ધૈર્યવાન થા" એમ કહીને હર્ષનાં આંસુથી ભરાઈ ગયેલાં હજાર નેત્રવાળા ઈંદ્રને મોકલીને તે (વીરે) બ્રહ્માની આજ્ઞાથી દેવતાઓના વિરોધીના ક્ષયની દીક્ષા લીધી. ૫૬.

રાજા અને પર્વતના કુળ ઉપર પ્રતિષ્ટા પામીને અને રત્નાકરના ભોગની યોગ્ય એવો, વિષ્ણુના ચરણથી જેમ ગંગાનો પ્રવાહ થયો તેમ, તેનાથી ક્રમે કરીને વંશ ઉત્પન્ન થયો. ૫૭.

જેમાં શત્રુવીરની અદ્ભુત એવી કીર્તિને હરણ કરનારો **હારીત** નામે આદિ પુરૂષ થયો અને (ત્યાર પછી) જેણે શત્રુઓના માનનો વ્યય કર્યો એવો **માનવ્ય** નામનો માની પુરૂષ થયો. ૫૮.

જેમાં થયેલા રાજાઓનો પ્રતાપ, વિલાસવાળા વાળરૂપી પાંદડાં જેમાં મળી ગયાં છે અને ખરી ગયેલાં પાંદડાંની પંક્તિ જેમાં ઘરેણાં છે એવાં વૈરિ સ્ત્રીનાં મુખ કહી બતાવે છે. ૫૯.

જેમાં જગતના ઉગ્ર એવા કાંટાઓ ખોદી નાંખ્યા છે, એવા ઉત્પન્ન થયેલા રાજાઓની કીર્તિ જાણે ક્રીડા ગૃહના આંગણામાં રમતી હોય તેમ ત્રણે જગત્માં ભમે છે. ૬૦.

જે રાજાઓએ, શત્રુના કઠોર કંઠ પીઠના હાડકામાં ભટકાઈ ભટકાઇને કુંઠિત ધારવાળી (થએલી) તરવારને તેઓના (શત્રુઓના) કપાળરૂપી શરાણના પથ્થરની પાટલીમાં (ઘસીને) સજે છે. ૬૧.

જે શિવજી પ્રસન્ન થયા તોપણ તે ઉપર નિરાદર રહી ત્રણ લોકમાં એકજ વીર એવા જેને દસમે માથે પણ તરવાર મુકતાં, પોતે પાર્વતીજીએ પકડી રાખ્યો– ૬૨.

એવા રાવણને જીતીને મૈથિલીપતિ (રામ) જે કુળની રાજધાનીમાં રહ્યા તે ઉજ્વળ કીર્તિવાળી અયોધ્યાપુરીમાં તે ક્ષત્રિઓએ નિવાસ કર્યો. ૬૩.

કેટલાક જીતવાવાળાઓએ જગતને જીતીને વિલાસ કરવાની દીક્ષામાં રસિક એવાઓએ ક્રમે કરીને નારંગીના તક્તાએ ચુંબન કરેલ અને સોપારીનાં ઝાડ જેમાં છે એવી દક્ષિણ દિશામાં સ્થાન કર્યું. ૬૪.

તેમાં થયેલા રાજાઓએ, ચોળ દેશની સ્ત્રીના છાના ભાગના સાક્ષી એવા દક્ષિણ સમુદ્રને કાંઠે હાથીના દંતોસળના કાંટારૂપ લેખણથી વિજયની પ્રશસ્તિ લખી કાઢી છે. ૬૫.

તેઓ હાથના પરાક્રમથી દ્વીપના રાજાઓની પરંપરાને ખોદી કાઢવાને તૈયાર થએલા પણ વિષ્ણુની પ્રતિષ્ટા છે એમ માનીને વિભીષણના રાજ્યમાં આગળ વધતાં સંકુચિત થયા. ૬૬.

કપુરની રજથી ધોળા થયેલા દ્વીપમાં લીલાથી ફરીને, ભ્રાંતિથી

(તેવીજ રીતે) હિમાચળની તળાટીમાં લોટતાં જેના ઘોડાઓ ટહાડથી ખેદ પામ્યા. ૬૭.

શ્રી '**તૈલપ**' નામે પ્રતાપી રાજા ક્રમે કરીને તે વંશમાં વિશેષ થયો જેણે ક્ષણ માત્રમાં શત્રુની લડાઈમાં લોહીનો ગારો જેમાં શેષ રહ્યો એવો વીરરસ કર્યો. ૬૮.

પૃથ્વીના કાંટારૂપ રાઠોડવંશને સમૂળ નિર્મૂળ કરવામાં કુશળ એવા જે ચાલુકયના ચંદ્ર જેવા રાજા પાસે રાજ્ય લક્ષ્મી સુખે કરીને આવી. ૬૯.

શૌર્યની ઉનાશથી ભિના થયેલા હાથનું (માં રહેલું) અને લડાઈમાં શત્રુઓના કાળ જેવું જેનું ખડ્ગ, ઇંદ્રે પ્રેરેલી પુષ્પની વૃષ્ટિના પરાગના સંગથી મજબુત થયું. ૭૦.

જેના યશ આંજણ જેવા કાળા ખડગની પાટલીથી થયેલા છે (છતાં) હું જાણું છઉં કે શત્રુઓની સ્ત્રીઓના અરૂ જેવા ધોળા ગંડસ્થળમાં લોટવાથી ધોળાશને પામ્યા છે. ૭૧.

સ્ફુરણાયમાન થતા યશરૂપી હંસના વિલાસનું પાત્ર એક તરવારરૂપી ઉંચી શોભાવાળું નીલ કમલ જેણે વીર લક્ષ્મિના મુગટ માટે જાણે [1]સંગ્રામરૂપી લીલાના તળાવમાંથી ખેંચી લીધું. ૭૨.

જેણે યુદ્ધમાં સૈન્યને સાક્ષી માત્ર રાખી દાસી કરેલી શત્રુની લક્ષ્મીને ગમ્મત પડવા જામાન તરીકે શત્રુ રાજાની કીર્તિને બોલાવી. ૭૩.

એ પછી ચાલુકય વંશની નિર્મળ મોતીની શોભા સરખો '**સત્યાશ્રય**' નામનો રાજા થયો જેના ખડ્ગે ભ્રુકુટીના ક્રોધે જેમ તેમ શત્રુઓના કપાળોને પણ ચુરા કરી નાંખ્યા. ૭૪.

જેનાં બાણો લડાઈરૂપી રાત્રીઓમાં શત્રુરાજાઓના મસ્તકનાં મણી પરોવ્યાં છે તે જાણે ખડ્ગરૂપી અંધારામાં દીવા લીધા હોય એમ શત્રુના સમૂહને મારે છે. ૭૫.

રણાંગણમાં જેનો પાત વ્યર્થ નથી થાતો એવાં અસ્ત્રોને, લીલામાં ખેંચ્યો છે ધનુષ્યનો ગુણ જેનો એવો ચાપ દંડ જેની કોટિ (અગ્ર ભાગ)

---

૧. મૂળમાં **संयाम** છે ત્યાં **संग्राम** જોઇએ.

નમતા નથી તેને લીધે જાણે ચુંબન કરતો હોય શું એવો શોભે છે. ૭૬.

અતિ સાહસવાળાં જેનાં બાણ પરશુરામના બાણનો ગર્વ ખમી શક્યાં નહીં કેમકે પરશુરામનાં બાણ ક્રૌંચ પર્વતમાં છિદ્ર પાડવામાંજ ડાહ્યાં છે. અને આનાં બાણ તો હજારો ભૂભૃત્ (પર્વત અને રાજાઓ) ના અંગમાં છેદ પાડનારાં છે. ૭૭.

ગર્વિષ્ટ શત્રુના દેહમાં, સંગ્રામમાં ચોળાવવાથી સૂત્ર બાકી રહ્યું એવો હાર થઈ જવાથી જેને યજ્ઞોપવીતની ભ્રાંતિથી મારવામાં થોડી વાર વિઘ્ન નડયું. ૭૮.

તે પછી ચાલુક્ય સિંહાસનનું ઘરેણાંપણું શ્રી **જયસિંહદેવ** પામ્યો જેના હાથીના યુદ્ધમાં મોતીની પેઠે મોટા યશો શોભવા લાગ્યા. ૭૯.

જેના પ્રતાપે પીડાતી શત્રુરાજાઓની મહારાણીઓ ચંદનના ગારાવાળા પ્રિયના ખોળામાં લોટવાનું સ્મરણ કરે છે. ૮૦.

જેનો પ્રતાપરૂપી સૂર્ય સવારમાં જેમ, તેમ સંગ્રામમાં પ્રતિષ્ઠા ધારી રહ્યો છે ત્યારે સૂર્યકાંત મણિ જેવા કયા રાજાને તાપ પ્રગટ નથી થયો. ૮૧.

જેની ચઢાઇમાં સેનાના ભારથી આખી પૃથ્વી દોલાયમાન થઇ છે, તેથી આળા વ્રણવાળા પૃષ્ટ ઉપર પીઠ લગાવ્યાથી કૂર્મપતિને અકર્મઠ[1] કરી નાંખ્યો. ૮૨.

જેના શત્રુ રાજાઓ, મુગટમાંના માણેકના કિરણોની લેહેરથી ઢંકાઇ ગયા છે તેથી ચિતાનો અગ્નિ હશે એવો ભય રાખી લડાઇમાં શીયાલડીઓ તેને એકાએક ગ્રહણ કરતી નથી. ૮૩.

જે ચઢાઇમાં દિગ્પાળોની પુરીને લુટીને કેવળ હાથીઓને ન લઇ શક્યો કેમકે તેઓ તો સપ્તચ્છદ[2] (સાત વણ) ના જેવી ગંધવાળા જયના હાથીની ગંધથી ભાગી ગયા છે. ૮૪.

---

૧ અકર્મઠ=કર્મકાંડ રહિત. આર્દ્રવણવાળા પૃષ્ટ ઉપર પીઠ માંડવું પડ્યું તેથી તેની કર્મઠતામાં ખલેલ પડી, કેમકે પીઠ નીચે હોય ઉપર હોય નહીં.

૨ આ નામની એક ઔષધિ થાય છે જેની ગંધ બહુ ઉગ્ર હોય છે (કહે છે કે તે કવીનાઇનનો ગુણ ધરાવે છે)

અપાર વીરના વ્રતનો પાર પામેલા જેને શત્રુઓ નિરંતર સામા થતાજ નથી ત્યારે જે રણમાં ધનુષ ચડાવી રાખેલો એવોજ રહે છે તેની સામે યશ આવીને ઉભો છે. ૮૫.

જેણે લડાઇના ઉત્સવમાં ગર્વ મુકીને દેવતાઓના પુરને યશના છોગા-વાળું કરતાં ઇંદ્રે પોતાના હાથે પારિજાતની માળા પ્હેરાવી તે ધારણ કરે છે. ૮૬.

તેનાથી **'આહવમલ્લ'** નામનો જેનું ત્રૈલોક્યમલ્લ એવું બીજું નામ છે તે થયો જેનું મંડલાગ્ર (તરવારના મંડળનો આગલો ભાગ) ધારાના જળ-માંથી નિકળેલી જળમાનુષી હોય શું એમ લક્ષ્મી છોડતી નથી. ૮૭.

જેને આખ્યાયિકાઓની સીમમાં, અદ્દ્ભુત કથાઓમાં, સર્ગબંધમાં, અને દશ [1]રૂપકમાં, પવિત્ર ચારિત્રને લીધે બીજો રામ છે એમ કવીંદ્રોએ પ્રતિપાદિત કર્યો છે. ૮૮.

કુવાની પેઠે રાજાઓને પણ ખાલી કરી નાંખીને પરબની પેઠે જેણે પોતાની વીરશ્રીવડે સુધારસનાં પાત્ર દિશાનાં મુખને કરી મુક્યાં. ૮૯.

રાજાઓમાં તિલકરૂપ જે રાજાની તરવાર અતિ ઘણો શત્રુઓનો પ્રતાપ પી જઇને આંસુના જળ સાથે ડોળીને ચોળ દેશની સ્ત્રીઓના કપોલ સ્થળમાં રહેલું ચંદન પી ગઇ. ૯૦.

જેની તરવાર દીવા અને પ્રતાપ રૂપી અગ્નિ પાસે હોવાથી જાણે તરસ લાગી હોય એમ પરમાર રાજાની કીર્તિની ધારા જેવી ઉદાર એવી ધારાનગરીનો કોળીયો કરી ગઈ. ૯૧.

અગાધ પાણીમાં બુડી ગયેલા ભૂભૃત (રાજાઓ અને પર્વત) ના કુટુંબવાળું છે છતાં જેનું ખડ્ગ ભાગ્ય ક્ષય થવાને લીધે માળવાની એક ધારાને છોડી દેવાને સમર્થ ન થયું. ૯૨.

નિઃશેષ રાજહંસ (લક્ષ્મી અને રાજા) જેના બાળક મેઘના સરખા કાળા ખડગે કાહાડી મુકયા ત્યારે ભોજ રાજાના ભુજરૂપી પાંજરામાંથી જેણે

---

[1] नाटकं सप्रकरणं भाणः प्रहसनं डिमः ॥ व्यायोग समवाकारौ वीथ्यंकेहा मृगाद्दश (प्र. स.)

કીર્તિ રૂપી હંસીને પણ વિરસ કરી મુકી. ૯૩.

ભોજરાજાએ મુકેલી ધારા પડતા માત્રમાં રણમાં જેના કલ્પાંત કાળમાં અગ્નિ સરખી આકરી મૂર્તિવાળો પ્રકોપનો અગ્નિ વિચિત્ર પ્રકારે શાન્તિ પામ્યો. ૯૪.

જેણે દિશાનાં મુખને કોટિ હોમના અગ્નિના ધુમાડાવડે મલીન કરીને તે નિરંતર અખંડ ચંદ્રમા જેવી ઉજળી કીર્તિ વડે ધોઈ નાંખે છે. ૯૫.

નક્કી રણમાં જયરૂપી અમૃતવડે એ રાજાની તરવાર તૃપ્ત થઇ છે તેથી જેણે એકજ ધારા ગ્રહણ કરી અને યશની હજારો ધારા ફેલાવી. ૯૬.

ઇંદ્રથી મધ્યમ ચક્રવર્તિ જેણે અનેક યજ્ઞની ક્રમથી દીક્ષા લીધી હતી તોપણ ઇંદ્રના પદથી અધિક પદ ઉપર હતો તેથી તેને શંકા થઇ નહીં. ૯૭.

ચિંતામણિ જેની આગળ કોડી સરખો છે તેમ આવી વારતા લોકમાં પ્રસિદ્ધ છે કે ત્યાં સુવર્ણની તુલા ઉપર ચડ્યો હતો ત્યારે ચિંતામણી પાષાણની તુલામાં રહ્યો હતો. ૯૮.

મચ્છરના પ્રમાણનું રૂપ ધારણ કરીને ભયથી કયાંક ખુણામાં છુપી રહેલા કળીયુગને કાહાડવા સારૂ જાણે જેણે યાગના ધુમાડાથી ઘર ભરી દીધું. ૯૯.

સ્વાભાવિક સૂર્યના જેવા તેજવાળા ક્ષત્રીના પ્રતાપથી દૃષ્ટિનો નાશ થાય એમ માની જે રાજાથી બ્હીનો એવો કળીયુગ ક્ષણ માત્ર કટાક્ષ મુકતો નથી. ૧૦૦.

જેણે, કૃતી, અને ચાલુક્ય વંશમાં જન્મીને વત્સલ હોવા છતાં, એક અન્યાય કર્યો (તે એકે) પોતાના ચરિત્રોવડે પૂર્વ રાજાઓના ગુણોને ભુલાવી દીધા. ૧૦૧.

જે રાજાની સાથેના નિરર્ગલ કલેશે કરીને કર્ણ [તેનો રાજા તથા કાન] વગરની ડાહલ દેશની શ્રી થઇ ગઇ તે હજી સુધી કપુરના અંકોટા સરખા યશ મેળવી શકતી નથી.

અથવા પાઠાંતર.— ૧૦૨.

જે રાજાના કલહ વડે જેના કર્ણ [રાજા તથા કાન] તુટી પડ્યા છે

એવી ડાહલ દેશની પૃથ્વી દાંતના અંકોટા જેવી કીર્તિ હજી સુધી પામી શકી નથી. ૧૦૩.

જેની તરવાર રણમાં અતિ ઉછળતા ધારાજળે શોભે છે, જે ગર્વિષ્ટ એવા હાથી (અને દેડ) હજારના સંગવાળી એવી વૈરીની લક્ષ્મીને છાંટી લેતી હોય શું ? ૧૦૪.

જેની શત્રુની સ્ત્રીઓને નિરંતર સંતાપથી દુઃખ થાય છે તેથી સોસાઇ જવાની શંકાથી કુંકુંમપંક જાણે મ્હો ફેરવીને પાછું કુચ સ્થળમાં રહ્યું. ૧૦૫.

એક ઠેકાણે વાસ કરવાથી અવસાનને પામેલી તાંબુલની શોભાને જાણે યાદ કરતી હોય એમ જેની વૈરિ સ્ત્રીની હાસ્યની કાંતિ તનુપણાને પામી. ૧૦૬.

જેને સમુદ્ર, વેલાવન (કાંઠાના વન) માં નિરંતર બળતા અસ્ત્રના સમૂહવાળો જોઇને એકદમ બ્હીનો એવો તે ફરી પાછો ખાલી કરવાને પરશુરામ આવ્યા હોય એમ શંકા કરે છે. ૧૦૭

સમુદ્ર, જેના ત્રટો રત્નોના ઢગલા લઇ લે છે તેથી છીપ ફુટે છે એ યુકિત વડે જાણે રોષથી કાંઠાની પાટયોમાં માથાં ફોડતો હોય એવો લાગે છે. ૧૦૮.

સમુદ્ર, જેને દોરી ચડાવેલા ધનુષવાળો જોઇને શોણનદના પથ્થરવડે રાતા શોણના દેહવાળો તે વડે ક્ષોભ પામેલો તે વારંવાર રામચંદ્રજીના બાણના જુના ગુમડાની ફુટ હોય એમ દેખાડતો હોય શું. ૧૦૯.

જેના સેનાના સમૂહને વેલાવન (કાંઠાના વન) માં જગતનો જાણે ઢગલો કરેલો હોય એમ માનીને જળની સમૃદ્ધિ ક્ષય ન થઇ તેથી ખારાપણાને બહુ (ગુણકારી) માન્યું. ૧૧૦.

સમુદ્રને કાંઠે દંભ વગરના વીરે જે જયસ્થંભ ઉભો કરાવ્યો તે પોતાની મેળે (સ્વેચ્છાથી) વિહાર કરવાની પ્રકૃતિવાળા જળના હાથીઓએ બાંધવાના સ્થંભના ભયથી ખારની નજરથી જોયો. ૧૧૧.

સમુદ્ર જેની પાસે રહેલી સ્ત્રીઓના લાવણ્યના સ્રાવને મેળવીને દેવતાઓએ સાર ખેંચી લીધો છે તેથી અમૃતના દર્શનનું સુખ પામ્યો. ૧૧૨.

જે (રાજા) જયમાં એક પ્રીતિવાળો અને વિજયના ઉદ્યમમાં ચઢા-

ઇના અવધિરૂપ સમુદ્રને માનીને રામચંદ્રજીના કરેલા સેતુમાં સમસ્યા પુરવાને ઉત્કંઠિત થયો (સેતુનો ત્રુટી ગયેલો ભાગ જેમ સમસ્યા પુરે એમ પુરવાને) ૧૧૦.

જેણે હાથના ગર્વથી દ્રવિડના મુખીને જે એક વીર હોઈને સામો દોડયો તેણે બાણના સમૂહથી થતા છિદ્ર ઉપર છિદ્ર વડે વીર રસનું અભાજન કર્યું. ૧૧૪.

જે રાજાએ યશરૂપી લુગડું લુટી લેવામાં કેલી કરવાવાળાએ કંપિત અંગવાળી કરીને એ હાથના બળથી કાંચીને પકડીને ચોળ રાજ્યની લક્ષ્મીને ખેંચી લાવ્યો. ૧૧૫.

જેની બીકથી ભાગી ગયેલા ચોલ રાજાને કાંટાવાળા વનના ભાગે હજી પણ શું થવાનું છે એ જાણવા સારૂ અક્ષર જાણે જોવા હોય તે સારૂ કપાળનો ભાગ ફાડી નાંખ્યો. ૧૧૬.

જેના ભુજના પરાક્રમનો ઘણો અગ્નિ નિઃશેષ શત્રુવર્ગને બાળે છે ત્યારે શત્રુ રાજાએ વિચારાતો કોઇ પણ મંત્ર એ અટકાવી શક્યો નહીં. ૧૧૭.

એ રાજા જ્યારે પરાક્રમ કરે છે ત્યારે અસ્ત્રની કુશળતાની વિધિમાં શું કહીએ; કે જેનાં લાંબાં બાણ કામદેવના બાણની પેઠે સર્વથી સહન ન કરી શકાય એવાં છે, અને જેનો ભુજ, ઉંચી પ્રત્યંચામાંથી નિકળેલા નિરંતર કઠિન શબ્દોથી જેને અગ્રવાદ પ્રાપ્ત થયો છે એવો હોઇને યુદ્ધમાં રાજાઓને બેભાન કરે છે. ૧૧૮.

ઇતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ બિલ્હણના કરેલા વિક્રમાંકદેવ ચરિત મહાકાવ્યમાં આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલ ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં પ્રથમ સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૨ જો.

પૃથ્વીના ઇંદ્ર (એવા) એ રાજાએ ક્રમે કરીને અતિ ઉત્તમ એવું 'કલ્યાણપુર' કર્યું જેમાંની ઉંચી ઘરોની પંક્તિના દીવાની સમૃદ્ધિએ આકાશ કાજળ સરખું જણાય છે. ૧.

જ્યાં સ્ત્રીઓનાં ઉંચાં અને ચંદન લેપવાળાં ધોળાં સ્તનોએ મુખના વાયુને પાછા ધકેલ્યા તે અપમાનને સહન કરનારા થાય છે. ત્યારે ત્યાં મલયના વાયુ તો માનમાં (જ) રહે છે. ૨.

ઝીણુ કિરણના સમૂહવાળો ચંદ્ર સ્ત્રીના ગંડસ્થળની કાંતિની સંપત્તિવડે ખરેલી સાફ કરવાની ભસ્મની રજથી અરિસાની તુલ્ય થાય છે. ૩.

જ્યાં રાતરે વિલાસથી ડોલતાં દંતપત્ર નામના ઘરેણામાં ચંદ્રમાનું મંડળ આખું જણાતું નથી તેથી પડછાયાને બ્હાને સ્ત્રીઓના કપોળમાં પડી તેની કાંતિનું જળ લૂટી લે છે. ૪.

ચંદ્ર જ્યાં પ્રતિબિંબને રસ્તે ગયો તોપણ જાગતા કામદેવવાળાં સારી ભમરવાળી સ્ત્રીઓનાં મુખ જાણે ચોકીદારવાળાં છે તેથી તેને છેતરી ન શક્યો. ૫.

જળાશયો જ્યાં પોતે નવા ઇંદ્રનીલ મણિના દ્રવ જેવા નિર્મળ પાણીવાળા હોઇને શરદ્ ઋતુએ જેમાંનો મેઘરૂપી ગારો ધોઇ નાંખ્યો છે એવા યમુનાના હ્રદ જેવા કાળા આકાશને હસે છે. ૬.

જ્યાંની, ઉંચા ભટ જેમાં રહ્યા છે એવી સ્ફાટિકની કોટની રાંગની હાર, તે ઉંચા કાંગરાની માળાવડે આકાશરૂપી ક્રીડાના અરીસામાં વિલાસથી ધોળેલી દાંતની મંડળીને જાણે જોતી હોય. ૭.

જ્યાં રાત્રીએ પુરની સ્ત્રીનાં હજારો મુખની કાંતિવડે ચંદ્રમા ઢંકાઈ ગયો છે તે રૂપાના કપુરના કરંડીયા જેવો ધોળો ચંદ્ર કયાં છે એમ રોહિણી ભ્રમ પામે છે. ૮.

જેની લીલા કરવાની સ્ફાટિકની પૃથ્વીની ચોખી દુધના દરિયા સરખી કાંતિની આગળ દાવાગ્નિમાં બળેલી વનસ્થળી સરખું કાજળ જેવું કાળું આકાશ દેખાય છે. ૯.

તટના ઝાડનાં પ્રતિબિંબની હારવડે જાણે પારિજાતવાળી હોય એવી શોભા દેખાડતું તેનું જે તળાવ છે તે જેનો સાર દેવોએ હરી લીધો છે એવા સમુદ્રને તિરસ્કાર કરે છે. ૧૦.

ક્ષણ ક્ષણ પ્રત્યે રણમાં જેણે ક્રોધ ધોાહી નાંખ્યો છે એવા માની રાજાએ જેની રક્ષા કરી છે એવા પુરમાં ઉત્તમ જે પુરની ઇંદ્રે રક્ષેલી પુરી સમાનતા કરી શકે એમ નથી. ૧૧.

વિલાસમાં હાલતાં, ભય પામેલા મૃગના જેવી આંખવાળી જ્યાંની સ્ત્રીઓનાં મણિનાં કુંડલના મેમાનરૂપ ગંડસ્થળરૂપી ચંદ્ર મંડલમાં ધસાઇ જાવાની બ્હીકથી જાણે મૃગ પદ કરતું નથી. ૧૨.

ઉછળતા મોતીની કાંતિના પાણીએ ભરેલા સોનાના કુંભ, દેવમંદિર માથે રાખીને, જાણે આકાશ ચારી માટે તરસના તાપની શાંતિ સારૂ જેણે પરબ કરી હોય ? ૧૩.

ત્રણ જગતને કામણ કરવામાં સમર્થ એવી સ્ત્રીની લીલા જોઇને જ્યાં કામદેવે પરાભવ યાદ કરીને શિવજીને માટે ફરીથી ધનુષ સજ્જ કર્યું. ૧૪.

કામદેવનાં વખાણ સરખાં થયેલા લીલા સહિત બપૈયાના સમૂહના શબ્દો સ્ત્રીઓના કંઠના શબ્દને ક્ષણ માત્ર વિસામો આપનાર થાય છે. ૧૫.

સ્ત્રીઓની જ્યાં રોષની ઉત્પત્તિ જારના સૌભાગ્યના ગુણે મટાડી ત્યાં વનમાં પુંસ્કોકિલના પંચમસ્વરની ઉર્મિઓ શેષ રહેલા માનજ્વરના ઓસડ રૂપ થઈ. ૧૬.

જેના ઘરમાં પ્રવેશ કરીને ચંદ્રમા અસંશય મોટો ગુણ મેળવે છે કે જે સ્ત્રીઓના હજારો મુખચંદ્રના મધ્યમાં આવી જવાથી રાહુના લક્ષ્યમાં આવતો નથી. ૧૭.

જેનાં મંદિરોના ધ્વજાપટની પાટલીઓ ચાલતા મોતિઓની કાંતિના નિર્ઝરવડે આકાશ તલના હલાવવાથી ભ્રાંતિરૂપે આણેલું ગંગાજળ જાણે ફેંકતી હોય. ૧૮.

જ્યાં શિવજીની આંખોનો અગ્નિ ભુલાણો નથી એવો કામદેવ ઉઘડેલાં કમળ જેવી લાંબી આંખવાળી સ્ત્રીઓના વિલાસના અમૃતના સ્થાનરૂપ કુચકુંભનો નિવાસ મુકતો નથી. ૧૯.

જ્યાં કામદેવની અસ્ત્ર કુશળતા અદ્‌ભુત છે કે જે કમળ સરખાં સ્ત્રીનાં નેત્રવડે શિલા જેવાં કઠોર મનને પણ વીંધી નાંખે છે. ૨૦.

સમુદ્રની વેલા તે રતિરૂપી રત્નની સંપત્તિ અને વીજળીરૂપી સ્ત્રી તથા મેઘ મંડળીનું તાંડવ તેમ વિભ્રમરૂપી તારા જેમાં છે એવી નભસ્થળી તે કામદેવની રચેલી શય્યા છે તે જ્યાં શોભે છે. ૨૧.

જ્યાં વર્ષામાં પણ હર્ષથી ગદ્‌ગદ્ થએલા હંસો તળાવડીના ગુણથી સ્થિતિ મૂકતા નથી. દુર્જનો જ્યાં અલંઘનીય કિલ્લાની અતિ ઉંચાઇના યશ ગાય છે. ૨૨.

રાતમાં જ્યાં ઉંચાં ઘરની સોબત કરતા ચંદ્રમાનું હરિણ સ્ત્રીઓના વસંત ઋતુની દૂર્વાના અંકુર વાંકી કાંધ કરીને ગ્રહણ કરવાની ઇચ્છા રાખે છે. ૨૩.

જ્યાં અધીર લોચન સ્ત્રીઓ, ઘેર ઘેર પાશલા વગરનું નેત્રરૂપી હરિણનું બંધન જેમાં છે, અને જ્યાં અક્ષર વગરનું કામદેવનું શાસન છે એવું વિચિત્ર પ્રકારનું નૃત્ય આચરે છે. ૨૪.

આ (નગર) ત્રણ લોકના અદ્‌ભુત ગુણ વડે મનનો માર્ગ પણ છોડીને રહેલું છે અને એ અલકાનગરી માનસ (મન અને માનસ સરોવર) થી પ્રખ્યાત છે ત્યારે તે કેમ સરખાઇ કરી શકે. ૨૫.

પરશુરામના પ્રચંડ એવા ધનુષના પરિશ્રમવાળો એ રાજા બધી દિશાઓને જીતીને સેંકડો માગણોને ભરી દેતો એવો રહે છે. સમૃદ્ધિનું ફળ પાત્રે દાન દેવું એ છે. ૨૬.

જગતમાં અમુલ્ય બધી વસ્તુઓ રાજાને પગ તળે છે તોપણ પુત્ર મુખરૂપ ચંદ્રનું દર્શન વિના એ રાજા પ્રભાત કાળના નીલોત્પલ જેવા દીન નેત્રવાળો થયો. ૨૭.

એ રાજા કંઠમાં આવેલાં ગદ્‌ગદ્ પદ વડે સરસ્વતીના હારની લતા જેવી ઉજ્જળી દાંતની કિરણને પ્રકાશતો એક વખત પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો. ૨૮.

આ ગૃહસ્થાશ્રમરૂપી ધર્મનું વૃક્ષ ફળે (ફળ વિના) શૂન્ય છે. તેથી નિરંતર મનને ખેદ કરે છે, જે ત્હારામાં પુત્ર નામનું મ્હારૂં પ્રતિબિંબ હજી લગણ હું જોતો નથી તે. ૨૯.

હે બાલમૃગાક્ષિ ! ત્હારા શરીરમાં એવું કાંઇ અપલક્ષણ જોવામાં આવતું નથી; મ્હારા પૂર્વ જન્મનું પાપ જરૂર ત્હારામાં ફળની સંપત્તિને અટકાવનારૂં છે. ૩૦.

આ ક્રમે કરીને આવેલી સમૃદ્ધિ મ્હારા ગુણે કરીને સરખો આશ્રય દેખતી નથી તે સમુદ્રમાં રહેલા વહાણના કુવા (થંભ) ઉપર શંકુતી (તીડ) ની પેઠે વારંવાર કંપે છે. ૩૧.

હે સ્ત્રી ! તું પ્રિયની મેહેરબાનીથી, વિલાસની સંપત્તિથી અને ઘરેણાંના વૈભવથી તેવી નથી શોભતી કે જેવી, અકારણ થોડું હસનારા, ખોળારૂપી પલંગમાં રહેલા પુત્રથી શોભે. ૩૨.

હિંસ્ર પશુઓ કયો પોતાનો ગુણ ધારીને છોકરાની રક્ષાનો શ્રમ વેઠતાં હશે ? એવું કોઈ પદાર્થનું અચિંત્ય સામર્થ્ય જ છે કે જેમાં દૃઢ મન વિશ્રામ પામે છે. ૩૩.

અશ્વમેધ આદિ ક્રિયાના ક્રમથી શું (ક્રમનું શું ફળ) ? કે (જેથી) બન્ને લોકનો બંધુ એવો પુત્ર નથી; જે ગૃહસ્થો પિતૃનું ઋણ ટાળવાને અસમર્થ હોય તે શું શુભ પામે. ૩૪.

પ્રતાપ અને શૌર્યાદિ ગુણે અલંકૃત છતાં ત્યાં સુધી રાજા કૃતાર્થપણું પામતો નથી કે જ્યાં સુધી હાથના પરાક્રમથી કીર્તિ મેળવનાર પુત્ર વડે પુત્રીની પંકિતમાં ચ્હડતો નથી. (ત્યાં સુધી). ૩૬.

શ્રોત્રના માર્ગને દુઃખ દેનારી એવી રાજાની વાત સાંભળીને અત્યંત દુઃખ પામેલી રાણી કાંઈ બોલી નહીં, પરંતુ વાળ ડોલે એવી રીતે નિશાસો મુકયો. ૩૬.

તે કૃપાયુકત મનવાળો રાજા ધીરજ રાખીને એ અધીરલોચના સ્ત્રીને ખોળામાં બેસારીને ઉજ્વળ દાંતની પંકિતની કાન્તિના જળ વડે દુઃખરૂપી કલંકને હરતો થકો બોલ્યો. ૩૭.

ખેદ કરવાથી નિવૃત્ત થા, જરા ઉના નિશાસાથી ધૂસરા રંગવાળા હોઠવાળું મુખ શું કરે છે. ઇચ્છિત વસ્તુને હરકત કરનાર કર્મનો નિગ્રહ કરવામાં હું આગ્રહ વાળો છું. ૩૮.

વેદ ભણ્યો છું, શાસ્ત્રનો અભ્યાસ કર્યો છે, ઇતિહાસના માર્ગમાં ઘણો શ્રમ કર્યો છે, ગુરૂને વિષે અવજ્ઞા વગરનું મ્હારૂં નિરંતર મન છે તો એમાં ઉપાય (કરવો) મ્હારે દુર્લભ નથી. ૩૯.

(જ્યાં) બાળક ચંદ્રમા જેના મસ્તકમાં છે એવા કુળના પ્રભુ (શિવજી) સેવાય છે (ત્યાં) દુષ્પ્રાપ્ય શું છે. હાથમાં રહેલા (પદાર્થ) માટે હે ચકોરલોચને તપસ્વી (લોકો) આલસ્યથી હણાયા (છે તેથી) પાત્ર (થતા) નથી. ૪૦

તો, ઇન્દ્રિય કાબુમાં રાખી છે એવો (હું) ત્યાં સુધી ત્હારા સહિત ઘણા ભાવથી તપને માટે પ્રયત્નવાન થાઉં છું કે જ્યાં સુધી ચંદ્રખંડ જેનું ઘરેણું છે એવા જગતના ગુરૂ (શિવજી) દયા કરે. ૪૧.

પાપના કર્મની શાંતિ સારૂ સર્વ ઇન્દ્રિયને તપાવનારૂં તપ કરીને તુરત અખંડ ભકિત વડે શિવજીને પ્રસન્નતા પમાડું. ૪૨.

બહુ સારૂં એમ રાણીએ સંમતિ આપી તેથી તે રાજા બધી ચિંતા કારભારીઓ ઉપર નાંખીને પ્રાર્થિત વસ્તુની સિદ્ધિ સારૂ અનુષ્ટાન વિશેષ કરવાને તત્પર થયો. ૪૩.

પોતાને હાથે લાવેલાં ફુલવડે શિવજીને પૂજતો. માટીની ઓટલી ઉપર સુવાથી ધૂસરા અંગવાળો (થઇને) એવું તપ સાધવા માંડ્યું કે જેથી મ્હોટા ઋષિઓ પણ એનાથી હલકા પડી જાય. ૪૪.

તે સુકુમારપણું જેને એક ધન છે એવો છતાં પણ તપોધન (ઋષિઓ) થી પણ દુઃસહ એવો પરિશ્રમ સહન કરવા લાગ્યો. તીવ્ર તપમાં રહેલો રાજા તારાની કાંતિના મંડળનો અતિથિ, ચંદ્રના જેવો શોભે છે. ૪૫.

કઠણ વ્રત આચરવાથી દુબળા થઈ ગયેલ રાજાની પાસે રહેતી તે રાણી, તીક્ષ્ણ શરાણ ઉપર સજેલા માણેકની સાથે અતીવ નિર્મળ પ્રભા શોભે તેમ શોભે છે. ૪૬.

રાણી શિવજીના મુગટમાં રહેલાં ગંગાના તરંગમાં પવને જેનો શ્રમ હરેલો છે એવી થઈ થકી પોતાના હાથે મંદિર અને તેનું આંગણું લીપે છે એવી રીતે રાજાની સારી પેઠે સેવા કરે છે. ૪૭.

તે રાજા, તેવી સ્ત્રીની ઉન્નતિને જે યોગ્ય અને ઔદાર્ય જેને ધન છે એવાના ચિત્તે જે માનેલું એવું, એ શિવજીના પૂજનમાં જીતેંદ્રિય એવો રાજા કલ્પે છે. ૪૮.

એમ એ રાજા ઘણા સમય સુધી શિવને પ્રસન્ન કરવા સારૂ ઉગ્ર-વ્રતનો આશ્રય લઇને રહ્યો છે (તેણે) કોઈ વાર પ્રભાતની પૂજા સમયે આકાશમાં થયેલી વાણી સાંભળી. ૪૯.

હે **ચુલુક્ય** રાજાઓના ઘરેણા (રૂપ) શ્રમ બસ (કરો) આકરૂં તપ બંધ કરો. ભકતવત્સલ એવા પાર્વતીપતિ ત્હારી ઉપર કોઈ જાતની અપૂર્વ મેહેરબાની મુકે છે. ૫૦.

આ ત્હારી વ્હાલી સ્ત્રી, હે રાજા! ત્રણ પુત્રનું ભાજન થશે અને જે વડે **ચુલુક્ય** વંશ મોતીની પેઠે ઉંચા યશ વડે પવિત્રપણાને પામશે. ૫૧.

પ્રતાપનો ભંડાર, જયશ્રીનું સ્થાન, અને કળાનું ઘર એવો ત્હારો વચલો દીકરો **દિલીપ, માંધાતા** આદિ પૂર્વના રાજાની પ્રખ્યાતિથી ઉપરવટ થઇને વિશેષ થશે. ૫૨.

બે દીકરા તારે પોતાના કર્મથી થશે પરંતુ વચલો દીકરો તો મ્હારી મ્હેરબાનીથી થશે (કે જે) સમુદ્રના પારમાં રહેલી સમૃદ્ધિને પણ પોતાના ભુજને બળે રામની પેઠે આણશે. ૫૩.

કાનરૂપી છીપવડે આકાશરૂપી સમુદ્રમાંથી આવ્યું એવી રીતનું અમૃત પીને રૂવાડાં સર્વ ઠેકાણેથી ઉભાં થયાં અને તેણે ટંડક વળી હોય એમ જણાવ્યું. ૫૪.

તે પછી ઉછળતા આનંદના જળે આંખ ભરાઇ ગઈ છે એવો આનંદ અને આળસવાળાં જેનાં નેત્રકમળ છે એવી પોતાની સ્ત્રીને કે જે બીજીને દુર્લભ એવા ગુણે યુક્ત છે તેને ગુણવાન રાજાએ સંતોષ પમાડી. ૫૫.

ધીરજથી વ્રતનું પારણું કરીને ધનવડે બ્રાહ્મણનું મંડળ કૃતાર્થ કર્યું

અને અખંડ સૌભાગ્ય વિલાસવાળી એ સ્ત્રીની સાથે પાછો રાજ્ય સુખમાં રમણ કરવા લાગ્યો. ૫૬.

ક્રમે કરીને ઇંદ્ર સરખો એ રાજા, એ સ્ત્રીને વિષે મનોહર પુત્ર સારાં મુહૂર્તમાં પ્રાપ્ત કરીને, ઝાઝો ઉત્સવ કર્યો (એવો હોઇને) પરમ નિવૃત્તિ પામ્યો. ૫૭.

તે (પુત્ર) ચંદ્રની પેઠે ઉજ્વળ મુખવાળો હોઇને કુળના નેત્ર રૂપી ચકોરને પારણા (તૃપ્તિ) કરનારો તે પ્રસન્ન એવા રાજા થકી ઘટિત એવું **સોમ** નામ પામ્યો. ૫૮.

અનન્ય સામાન્ય પુત્રને બતાવનારી આકાશવાણીને નિરંતર સંભારતો થકો મધ્યમ લોકનો ધણી એ રાજા બીજા ગર્ભ માટે દૃઢ ઉત્સાહ વાળો થયો. ૫૯.

તે પછી રાજાએ ગર્ભમાં રહેલા કોઇની કાંતિ વડે લિપ્ત થએલી અને નિર્મળ એવા સ્ફાટિકની કાંતિવાળી રાણીનાં લમણાં ખુલતાં ઈંડા જેવાં પીંગળાં દેખતો હવો. ૬૦.

તેણે હેમની મ્હોટી વૃષ્ટિ કરાવી, વિચિત્ર પ્રકારનાં ઉપયાચિત[1] કરાવ્યાં. શિવજીની કૃપાથી યોગ્ય પુત્રની લાલસા વાળા તે રાજાએ શું શું ન કર્યું. ૬૧.

રાણી, વિષાદરૂપી પંકનો નાશ થયાથી સુધાના પ્રવાહથી ધોએલી દેહરૂપી કેળને ધારણ કરતી (એવી હોઈને) રાજાના મનને નિરંતર પ્રસન્ન કરતી. ૬૨.

દુધને માટે ચંદ્રને નચોવીને નકી તેના કુચરૂપી કુંભમાં અમૃત ભર્યું. જે કમળ સરખાં કાળાં તે બે (સ્તન)નાં મુખ થયાં છે તે લાંછનની કાંતિવાળાં હોય એવાં શોભે છે. ૬૩.

રાજાની સ્ત્રીના કુચરૂપી સોનાના ઘડા દુધને બ્હાને સુધારસ ધારણ કરે છે, (તે ઉપરનું) ઢંકના ઉપચાર માટે અર્પણ કરેલું આર્દ્ર ચંદન તે ગળવાના શુદ્ધ વસ્ત્રની શોભા ધરે છે. ૬૪.

---

૧. પોતાના કામની સિદ્ધિ સારૂ અપાતાં દેવાર્થ પશુ વિગેરે.

રાણીના કુચરૂપી કુંભમાં રાજાના પુત્ર માટે સુરક્ષિત જે દુધ (છે તે) વિલાસના હારમાં ઉજળાં મોતી છે તેને બ્હાને મોગરાના ફુલથી જાણે સુવાસિત કરાતું હોય. ૬૫.

રાણીના સ્તનની દીંટડી કાળી છે તેને બ્હાને એ સ્તન ઉપર રાજાના પુત્રના ઉપયોગ માટે મ્હોટાઇથી ઉતરી આવેલી રસાયની ઓસડની ગોળીની બે ફાડય હોય એવી શોભે છે. ૬૬.

નિરંતર યાચકોને આયાસ દેનારૂં દારિદ્યને એ કેમ સહન કરી શકશે ? કેમકે જે રાણીના ગર્ભમાં છે ત્યાં જે મધ્યનું (કટિનું) દારિદ્ર નથી ખમી શકતો (એટલે કટિ ભાગ પાતળો પડેલો નથી ખમી શકતો અર્થાત કટિ ભાગ પોહોળો થયો છે.) ૬૭.

વલી (બલી)ની મ્હોટાઇ જેણે મટાડી છે તે (વિષ્ણુ) કોઇ પણ કારણથી આંહી (ગર્ભમાં) છે. એથીજ રાણીનો ગર્ભ પેટ ઉપરની વલી (બલી અને વાટા)ની સ્થિતિ ભાંગતો થકો ઉદરમાં રહ્યો છે. ૬૮.

પૃથ્વીનો ભાર ઉતારવા સારૂ અવતાર લીધો છે તેથી એ (ગર્ભ) પૃથ્વીને પીડા થાય એ સહન કરી શકતો નથી તેથીજ જાણે રાણી ગર્ભના ભારના આળસને લીધે જાણે હળવે હળવે પગલાં મુકતી હોય. ૬૯.

તે અદ્‌ભુત ગર્ભ ધારણ કરનારી રાણી શબ્દે સહિત કાંચી (કંદોરો) નાં મણીનાં પ્રતિબિંબ જેમાં પડયાં છે એવી સ્ત્રી વડે શોભે છે તે જાણે ચોતરફ પહેરેગીર ઉભા હોય એવી કુળદેવતાના સમૂહે સેવાતી શોભે છે. ૭૦.

એ રાણી રત્નમયી ભૂમિમાં અતિ દુઃસહ તેજ વડે સણગારેલી શોભે છે તે જાણે મ્હોટા ધરના પ્રતિબિંબને બ્હાને કુલાચલે પણ પ્રણામ કરાતી હોય. ૭૧.

રાજાની સ્ત્રી, મેખળાના સમૂહમાં રહેલાં માણેકનાં કિરણથી, ઉગનારા સૂર્ય સરખાના તેજનો થયેલો સમૂહ, આગળ તડકો કેમ હોય એમ ધારણ કરે છે. (?) ૭૨.

રાણીના હૃદયમાં રાત્રીના આરંભે જે ચંદ્રનું પ્રતિબિંબ પડે છે તે ગર્ભમાં રહેલા રાજાના પુત્રની સુખ સ્થિતિ માટે જાણે અસીસું કેમ હોય. ૭૩.

રાજાની રાણી દિગ્ગજની કુંભસ્થળ રૂપી ભીંતમાં (પોતાના) બે પગ મુકવા ઇચ્છે છે અને ઘણીવાર સુધી ધારા જળના પાનમાં લંપટ (મોહ પામેલી) થએલી તેથી નેત્ર તરવારની રેખા ઉપર મુકયાં છે. ૭૪.

વારંવાર ઉપર રહેલા તારા ઉપર પણ તે રાતી આંખ કરે છે, ઘણી ક્રોધવાળી થઇને દિગ્ અંગનાઓ પાસે પગચંપી કરાવવા સારૂ બોલાવે છે. ૭૫.

આભૂષણ શબ્દ કરતાં હતાં તે ઉપર પણ ભ્રમે ચડાવતી જોતી હતી; અને ઘરના દીવા ઉપર પણ તેને તેજ વડે સ્તબ્ધ શિરવાળા જોઇને તે ખાર કરતી હતી. ૭૬.

એ પ્રકારે સ્ફુરણાયમાન થતાં મનોહર અને વિચિત્ર દોહદ વાળી તે તેજનો નિધિ એવો પુત્ર (થશે એમ) જણાવતી એવી રાણી ક્ષણ ક્ષણ પ્રત્યે રાજાની આંખને અમૃતની વાટ થઇ પડી. ૭૭.

શાસ્ત્ર વિધિએ બધાં પુંસવન આદિ કર્મ યથાક્રમે કરીને વિશેષ ચિહ્નો વડે રાણીએ ફળ હવે પાસે છે એમ રાજાને જણાવ્યું. ૭૮.

રાજા, ત્રૈલોકયની લક્ષ્મીએ લીલા સહિત જોએલો, અને દ્રવ થએલાં ચંદ્રનાં કિરણોથી જાણે ન્હાયો હોય, વાંચ્છા રૂપી વેલનું ફળ પાસે જેને છે એવો થતો થકો આનંદથી કયાંઇ સમાતો નથી. ૭૯.

વૈદ્યોએ સર્વ ઓસડો કર્યાં છે, રક્ષા વિધિના મંડલાક્ષત ચારે કોર પાથર્યાં છે. પ્રસવના યોગ્ય વિધિમાં ડાહી એવી કુટુંબની સ્ત્રીઓથી નિરંતર અર્ચિત થએલ છે. ૮૦.

પ્રધાન જ્યોતિષોએ બતાવેલે દિવસે તે સુભ્રુ સૂતિકાગૃહમાં પેઠી, હજારો સારા શુકનથી તેઓ રાજાને મ્હોટો ઉત્સવ જણાવતી. ૮૧.

તે સમયે દીવાઓ સ્ફુરણાયમાન થતી કાંતિ ધારી રહ્યા છે અને પીડાને વશ થઇને જાણે જપ કરતા હોય, વિલાસની હંસણી બાળકોએ યુક્ત છે તેને જાણે ઉપાય પુછવાને કુટુંબીઓ ઉત્સુક થતા હોય. ૮૨.

ઘરની ડેલીમાં રક્ષાની ઓષધીઓ દાટેલી છે તેની પાસે શસ્ત્રધારીઓ હથીયાર સજ્જ કરી ઉભા છે અને આણી કોર તેણી કોર અક્ષતવડે ત્રાટન ક્રિયા કરીને હુંકારમંત્ર, મંત્ર જાણનારા બોલે છે. ૮૩.

ગૃહના મધ્ય ભાગમાં ઘરડી સ્ત્રીઓ કાંઇક હળવે હળવે પોતાનો મત

બતાવે છે, અને નિવાસના પાંજરામાંથી અતિ શોક દેખાડતી પોપટીઓ કાન દેતી રહી છે. ૮૪.

જે અદ્ભુત ધામમાં કોઈ પણ આગળના ચક્રવર્તીએ જન્મ નથી લીધો તેવું લગ્ન પામીને શિવજીની કૃપાથી રાજાને પુત્ર પ્રાપ્ત થયો. ૮૫.

ભ્રમરના શબ્દ સહિત દેવતાઈ ફુલો પડયાં, સુરનું દુંદુભિ વાગ્યું, દિશાઓ પરમ પ્રસન્નતા પામી, કુમારની સાથે જ જાણે ગુણો ઉત્પન્ન થયા હોય. ૮૬.

નવા પ્રતાપના કોટાના સમૂહની કાંતિવડે અને નિરંતર રાતના દીવાની સંપત્તિવડે એ જગત્ના નેત્રને બાળક ચંદ્રમાની પેઠે ઉદયની સંધ્યાવડે જેમ તેમ શોભા પામ્યો. ૮૭.

નિર્મળ એવી પાસેની ઘરની ભીંતમાં લોકોત્તર શરીરવડે પ્રતિબિંબો પડયાં છે તેથી કૃતજ્ઞપણાથી (આપણી કરેલી) સેવા સંભારશે એમ દિશાઓએ ખોળામાં લીધો હોય એવો રાજપુત્ર શોભે છે. ૮૮.

એ પછી રાજાને પુત્ર થયાની વાત પ્રથમ દેવતાઓને આનંદ પમાડે એવા નાંદિના નાદે કરી, તે પછી તેના યોગ્ય ઉત્સાહથી સ્ત્રીઓના ઉતાવળે ચાલવાની લીલાથી ગદ્ગદિત થયેલા વાગ્વિલાસે કરી. ૮૯.

ચારણોને સોનાં દેવાય છે, ગીતનો ધ્વનિ થઇ રહ્યો છે, ગાયકો ગાય છે, કરટ નામના હલકા લોકો લોટી રહ્યા છે, નૃત્યનો ઉત્સવ આરંભાઇ રહ્યો છે, જ્યાં મંગળની તુરી અને દુંદુભિના નાદ થઈ રહ્યા છે, ઊંચે સ્વરે વૈતાલિકો ગાય છે, અને આગળના રાજાઓને ઉલ્લંઘી જાય એવી રીતે વખાણ થાય છે, એવું રાજાનું ઘર થઈ રહ્યું છે. ૯૦.

એ પછી ઉચિત કર્મમાં આસ્થા રાખનારા ગોરે બતાવેલાં બધાં કર્મ વિધાન જાણવાવાળા રાજાએ કર્યાં અને વારંવાર એ રાજા પુત્રના સ્પર્શથી મહોત્સવનો અનુભવ કરે છે. આ જગતમાં ગાર્હસ્થ્યનું એ મુખ્ય ફળ છે. ૯૧.

ઈતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિકાસ્મીરક ભટ્ટ બિલ્હણના કરેલા શ્રી વિક્રમાંકદેવચરિત નામના મહાકાવ્યમાં આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલ ગદ્ય ભાષાંતરમાં બીજો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૩ જો.

વિખ્યાત ગુણવાળો એ બાળક, કાંઇ જુદાજ પ્રકારની ચેષ્ટા કરે છે તેથી અનુમાન કરેલાં પરાક્રમ અને અદ્દભુત તેજને લીધે (પોતાના પિતા) રાજા (**આહવમલ્લ**) તરફથી **શ્રી વિક્રમાદિત્ય** એવું નામ પામ્યો. (તેના પિતાએ તેનું [1]વિક્રમાદિત્ય નામ પાડયું.) ૧.

એ **ચાલુક્ય** વંશ ભૂષણ રાજાની સ્ત્રી, યશવડે જેણે દિશાનાં મુખ રંજીત કર્યાં છે એવો અને પોતે ઉજ્વળ કાંતિવાળો છે એવા **વિ**ક્રમાદિત્ય (પુત્ર) વડે સામ્રાજ્ય લક્ષ્મી જેમ પરાક્રમ વડે શોભે તેની પેઠે શોભી રહી છે. ૨.

એ (બાળક) હસ્તકમળ વડે હાર પકડી રાખીને ધાવવાને પ્રવૃત્ત થયો તે મ્હારે ભોગમાં [2]ગુણિયો બ્હાર રાખવા યોગ્ય નથી એમ જાણે પોતાનો સ્વભાવ જણાવતો હોય (એવો લાગે છે). ૩.

(મ્હોની) મ્હાય જઇને બ્હાર પાછી નીકળતી હોય શું એવી માનાં સ્તન અને ખોળામાં વિલાસ કરતી હારની શોભા તે જાણે નિમિત્ત વગર મ્હો મરકાવતા એ બાળકના હાસ્યની કિરણ હોય એવી રાજાના નેત્રોત્સવમાં ધજા પતાકા સમાન થઈ પડી. ૪.

તે (બાળક) ની મુઠીમાં પેઠેલી રાતા રત્નરૂપી દીવાની શોભી રહેલી કાંતિની ટસર તે જાણે શત્રુના કંઠના લોહીવાળી થયેલી બાળકની ભેળી ઉત્પન્ન થયેલી તરવાર હોય તેવી શોભે છે. ૫.

એ કુમાર જે બેઠેલાંને મૂકીને ઉભેલાંની તરફ (રીંખતો) ગયો તે એ ઊંચા મનવાળો નીચા તરફ થનારી એવી અધિક વિમુખતા જણાવતો હોય શું ? ૬.

---

૧. બિલ્હણ નીચેનાં નામ વાપરે છે. **विक्रमांक, विक्रमांक देव, विक्रम लांछन,** અને **विक्रमादित्य देव,** અને **विक्रमार्क** પણ જોવામાં આવે છે. તેનું બીજું નામ **त्रिभुवनमल्ल** છે (બીલ્હણ લેખ).

૨. ગુણવાન્ પુરૂષો. (હાર પણ ગુણ (દોરા) વાળો છે.

એ કુમાર જે ધાવ્યની દીકરીને મ્હો મરકાવીને [1]હુંકારો દે છે તે રાજાના કાનમાં ઉપરા ઉપર જતા અમૃતના ઘુંટડા થઈ પડ્યા. ૭.

તે આંગળી ઝાલીને જે ઉભો થાય છે અને કાંઇ અસ્પષ્ટ (શબ્દો) જે બોલે છે તે પણ રાજાની આંખને અને કાનને વારંવાર વશીકરણ કરનારૂં થયું. ૮.

ક્રમે કરીને જેને ચૌલકર્મ કર્યું છે એવો તે નંદન તે ચાલુક્ય રાજાઓમાં શ્રેષ્ટ એવા એ રાજાને વિનોદની લીલા (રૂપી વેલ) નાં ઘણાં ફુલોના [2]નંદનપણાને પામ્યો. ૯.

એ (કુમાર) ધૂળમાં રમવાથી મેલા થયેલા શરીરવાળો રાજાના ખોળામાં બેશીને પોતાના શરીરમાંથી ખરેલી રજ વડે તેણે (રાજાના) મનને કામણના ચૂર્ણની ગરજ સારી. ૧૦.

રાજાઓ પ્રણામ (કરવા) હાથ જોડે છે તે તરફ બે પરવાની પેઠે કાંઈક અર્ધ વીંચેલી આંખે જોનારો એ રાજા તે (કુમાર) ના એક હસ્ત કમળના પ્રણામ (સલામ) માં પોતાને કૃતાર્થ માને છે. ૧૧.

કુંતળ રાજા ક્ષણ ક્ષણ તે (કુમાર) ના મુખનું ચુંબન કરે છે (તેથી) તેનું મન તે (કુમાર) ના હોઠ જેમ સ્વાભાવિક રંગ (રતાસ) થી કરી પરિપૂર્ણ છે તેમ રાજાનું મન પણ રંગ (પ્રેમ) થી સંપૂર્ણ થઇ ગયું. ૧૨.

તે રાજપુત્રે ગળામાં સિંહનો નખ પ્હેર્યો છે તે જાણે મુખરૂપી ચંદ્રમાં ફરવાની અભિલાષા કરનારા હરિણને બ્હીવરાવવા સારૂ રાખ્યો હોય એવો શોભે છે. ૧૩.

તે ક્રીડા કરતો, નાયકોના ઝાંઝરના નાદથી આવેલા રાજહંસોને ભગાડી મૂકે છે તે (પોતે) એકલોજ પૃથ્વીનો પાલન કર્તા થવાનો હોઇને રાજહંસોને સહન કરી શકતો નથી એ કહી બતાવે છે. ૧૪.

તે ક્રીડામાં તત્પર રહેલો લોઢાના પાંજરામાં રહેલાં સિંહનાં બચ્ચાંને

---

૧. મૂળમાં **હુંકાર** છે. તેનો અર્થ જોસમાં હું કેવું એવું છે પણ આ **હુંકાર** નો અપભ્રષ્ટ હોંકારો દેવો એ અર્થ ઈષ્ટ લાગે છે.

૨. કુમાર અને દેવતાઓનો બગીચો.

પીડા કરે છે તે જાણે થનારા શત્રુ હાથીઓની સાથેના યુદ્ધમાં તેનું શૌર્ય ઉપયોગી થશે એમ માની તે હરી લેતો હોય એમ લાગે છે. ૧૫.

તે ઉદય પામેલો અને વૃદ્ધિ પામતો બાળચંદ્રમા પગના નખવડે જાણે ચંદ્રમાનાં બાળક છોકરાંઓ પોતા સાથે રમવાને તેના (પગમાં પડી) યાચતાં હોય એવો તે શોભે છે. ૧૬

એ રાજપુત્ર ક્રમેકરીને બધી લિપિમાં પ્રતિષ્ઠા પામ્યો (તે શીખ્યો) એવા પુણ્યાત્માને આ લોકમાં ગુરૂઓ નિમિત્ત માત્ર હોય છે. ૧૭.

અભ્યાસ માટે બધી દિશામાં બાણ ફેંકતા રાજપુત્રના પ્રહારથી બ્હીની હોય શું એમ (બધેમાં) ભ્રમણ કરતી અર્જુનની કીર્તિ વીખાઈ ગઈ. ૧૮.

રૂપમાં લોભાઈ ગયેલી રાજકન્યારૂપી ભ્રમરીઓ જેને નથી મેળવી શકી એવા જેના મુખકમળનું, કવિત્વ અને વકતૃત્વના ફળવાળી (ફળદેનારી) સરસ્વતી ચુંબન કરે છે. ૧૯.

લાવણ્યની કળાના સમૂહવડે ભરાતા આવતા એ બાળચંદ્રને જોઈને કમળવેલ્યની પેઠે સ્ત્રીઓની પણ નીંદર ઉડી ગઈ. ૨૦.

તે ધૈર્યવડે (તેઓનો) અનાદર કરીને ચાલ્યો જાય છે ત્યારે તેના ઉપર કામદેવના ઉત્સાહવાળી, અને બાંધેલી તથા મોહભરેલી, ભૃગુટીની છટાવાળી, પુરની સ્ત્રીઓનાં નેત્રકમળ કોપ સહિત પડે છે (પોતા તરફ નથી જોતો તેથી કોપવાળી આંખે તે તરફ જોયે છે.) ૨૧.

લાવણ્યની શોભાના સમૂહનું ધામ એવો એ કુમાર ધીરે ધીરે વધવા માંડ્યો ત્યારે કયી સ્ત્રીઓનાં નેત્ર નિદ્રામાં દરિદ્ર* નથી થાતાં? (ફાટી આંખે નથી જોયા કરતાં?) ૨૨.

બાળક છતાં પણ આ રાજપુત્ર પોતે ઉન્નત છે તેથી તેજસ્વીઓની ઉન્નતિ ખમી શકતો નથી (તેથી) સૂર્ય દેવ પણ શરણ લેવાની ઇચ્છાથી વિષ્ણુપદ (આકાશ અને વિષ્ણુનાં ચરણ) ને આશરીને રહેલો (અર્થાત્ તપ કરતો) શોભે છે. ૨૩.

તેજ એજ જેને ધન છે એવા પુરૂષોની ઉપર રહેલા એ (કુમાર)ના

---

* નિદ્રામાં દરિદ્ર એટલે નિદ્રા વગરનાં.

મુગટનું રત્ન (તેની પણ) ઉપર રહ્યું છે તેથી જાણે મણિમય પાદપીઠ (પગ મૂકવાની બાજોઠડી) માં પ્રતિબિંબ પડવાની યુકિતવડે ક્ષમા માગવા સારૂ આળોટતું હોય (એમ લાગે છે.) ૨૪.

તેટલામાં રાજાને **જયસિંહ** નામે ત્રીજો પુત્ર પણ થયો (જો) સ્વપ્નમાં પણ કહેવા માત્રના યશમાં પણ દરિદ્ર હતો કેમકે (તે) શિવજીનો પ્રસાદ નથી. ૨૫.

હવે કોઈ સમયે એ રાજા, સર્વ વિદ્યામાં જરા પણ અટકે નહિ એવા અને સંગ્રામના ઉત્સવમાં ઉત્કંઠા ધરનારા એવા **વિક્રમાદિત્યને** જોઇને વિચાર કરવામાં પ્રવૃત્ત થયો. ૨૬.

અદ્‌ભુત સાહસનાં જેનામાં ચિન્હ છે એવો આ એક વીર જો સિંહાસનને શોભાવે (સિંહાસન ઉપર બેશે) તો સિંહણની પેઠે તેના ખોળામાં બેઠેલી રાજ્ય લક્ષ્મીને સામે થવાને કોણ સમર્થ થાય? ૨૭.

(માટે) હું સામ્રાજ્યનો ભાર મુકી દીધા વગર પુત્રને પ્રથમ યુવરાજ કરૂં (કે જેથી) એ તટના સારા આશ્રયથી નદીની પેઠે રાજ્યશ્રી સાધારણ પણાને પામે (સરલ થાય). ૨૮.

એમ નિશ્ચય કરીને પ્રયત્ન કરનારા પિતાને કોઈ વખત પ્રણામ કરીને તે પ્રત્યે સરસ્વતીનાં નેપુરના શબ્દના સગા ભાઈ સરખા શબ્દ વડે કુમાર બોલ્યો. ૨૯.

રાજાઓની આજ્ઞા મસ્તકનું ચુંબન કરે છે (માથે ચઢાવાય છે), ત્યાગ અને ભોગમાં લક્ષ્મી વશ થઈ રહી છે. તમારી મ્હેરબાનીથી બધું સુલભ છે (માટે) મ્હારે સારૂ યૌવરાજ્ય (નો વિચાર) (બંધ) રાખો. ૩૦.

તે પછી રાજા બોલ્યા કે વત્સ! મ્હારા ઇચ્છેલામાં ઉલટો ભાવ કેમ ધરે છે? ખરેખર ત્હારી ઉત્પત્તિમાં મને જે પરિશ્રમ પડ્યો છે તેમાં શિવજી પ્રમાણ છે (તે જાણે છે) ૩૧.

તું યૌવરાજ્ય અંગીકાર કરીને જગદ્રક્ષામાં ખબરદાર નહી થાતો પણછના શબ્દથી દિશાનાં મુખને ભરી દેનાર મ્હારા હાથનો કલેશ કેમ શાંત થાય. ૩૨.

એ પ્રમાણે [1]કર્ણાટપતિનું ખેદયુક્ત વચન સાંભળીને સરસ્વતીના હાલતા વસ્ત્રના જેવી સુંદર દાંતના કિરણની રેખ પ્રકાશતો કુમાર પ્રત્યુત્તર દે છે. ૩૩.

તમારી પાસે જે ડહાપણ બતાવવાનું નાટક કરવું તે કવિઓની આગળ વાચાળપણું છે અને ચંદ્ર પાસે હોય ત્યારે કાંતિનો મદ કરવો એના જેવું છે તોપણ ભક્તિવડે કાંઇક કહું છું. ૩૪.

પિતાનો મ્હારા ઉપર પક્ષપાત થાય છે એ (વાત) વિચારની ચતુરાઇને મટાડી દે છે. (એ વિચાર ચતુરાઇ ભરેલો નથી) (કેમકે) મ્હોટેરો પુત્ર **સોમદેવ** છે ત્યાં મ્હારો યૌવરાજ્યમાં અધિકાર નથી. ૩૫.

ઓહો ! **ચાલુક્યવંશ** પણ જો અનાચારનું પાત્ર થાય તો તો મ્હોટું ઘાતકીપણું કહેવાય. અરે બીજું શું ? આ કળિરૂપ હાથી નિરંકુશ થઈ ગયો. ૩૬.

તો પ્રથમ પિતાને, લક્ષ્મીનો હાથ પકડાવવાને, મ્હારો મ્હોટો ભાઈ પોતે લાયક છે. વિરૂદ્ધતાને લીધે મલિન થઇને મ્હારે રાજ્યલક્ષ્મીને સ્વીકારવાનું કામ નથી. ૩૭.

મહેટેરાને સુકાઇ ગયેલા મુખવાળો બનાવીને હું લક્ષ્મીના પ્રેમમાં આશક્ત થાઉં તો પછી બીજું શું ? અન્યાય કરનારો થઇને મેં જ કુળમાં કલંક આલેખ્યું (ઠરે). ૩૮.

પિતા ચિરકાળ રાજ્યને શોભાવો, મ્હારો મ્હોટો ભાઇ યૌવરાજ્યપદને આરોહણ કરો, (અને) હું રમત સાથે દિશાનાં અંતરાળ દબાવી પાડી આપ બંનેના પ્યાદલનું વ્રત ધારણ કરૂં. ૩૯.

રામના પિતાએ જે પોતાના રાજ્ય ઉપર ક્રમનું ઉલ્લંઘન કરીને ભરતનો અભિષેક કર્યો તેથી ઉઠેલી " સ્ત્રીજીત " એવી તેની અપકીર્તિ હજી સુધી પણ દિશાઓના અંતરાળમાં છે. ૪૦.

માટે કુંતલેંદ્રના યશનો વિરોધી આ મ્હારા વિષેનો પક્ષપાત અટકવો જોઇએ. શું મ્હેનત વગરનું મ્હારૂં યૌવરાજ્ય રાજા વિચારતા નથી ! ૪૧.

---

૧ આહવમલ્લ.

કાનને પવિત્ર કરનારૂં પુત્ર થકી એવું વચન સાંભળીને રાજાને આશ્ચર્યકારક લાગ્યું. કુલટા સ્ત્રીઓમાં મુખીપણું ધરાવનારી આ લક્ષ્મી કેનું ચિત્ત મલિન નથી કરતી ? ૪૨.

સ્નેહ સહિત એને ખોળામાં બેસારીને રોમાંચ ઊભાં થયેલા શરીર વાળો (રાજા) અતિ ઉજ્વળ દંત કાંતિ વડે મહેરબાનીની મોતીની માળા એના ગળામાં પ્હેરાવતો થકો કહેવા લાગ્યો. ૪૩.

ખરેખર ઘણાં ભાગ્યવડે એ ભગવાન્ ભવાનીપતિ હુંને પ્રસન્ન થયા છે, કે જે ચાલુક્ય કુળનું વિભૂષણ એવા તું પુત્રની મહેરબાની કરી. ૪૪.

(નહીંતર) આવાં શ્રવણામૃત વચનો કેના બીજાના મુખમાંથી નીકળે ? દેવતાઓ રૂપી ભ્રમરોને ચાટવા લાયક મધુ પારિજાત વિના બીજો કોણ ઉત્પન્ન કરે ? ૪૫.

જે (રાજ્યલક્ષ્મી) સારૂ કયા રાજાના કુમારો ન્યાય વિપર્યયનું પાત્ર નથી થતા ? તે હજારો ઉન્મત્ત હાથીના જેવી ભારે રાજ્યલક્ષ્મી ત્હારે તૃણવત્ હલકી છે. ૪૬.

લંકાની પાસેના સમુદ્રમાંથી એ (લક્ષ્મી) નીકળી છે (તેથી) રાક્ષસીની પેઠે રૂધિર રૂપી આસવથી તૃપ્ત થાય છે. એ લક્ષ્મી ત્હારા ભુજ દંડમાં બંધાએલી થઇને વિનયના વ્રતનું પાત્ર થવાની. ૪૭.

તેં જે માર્ગ બતાવ્યો તે હું જાણું છું (કેમકે) મારી પણ ચાલુક્ય કુળમાં ઉત્પત્તિ (થઇ) છે. પરંતુ સ્વભાવથી ચપળ એવી લક્ષ્મી આ લોકમાં ગુણના બંધનથી રહિત (પુરૂષ) માં દ્રઢતા કેમ પામે ? ૪૮.

મ્હારો દોષ કાંઈ પણ નથી; તુંને જો નવાઈ લાગતી હોય તો જોશીઓને પૂછી જો. સામ્રાજ્યની ના પાડનારા એના પાપ ગ્રહ પાપ *ગ્રહણ કરેલા જ છે. ૪૯.

સામ્રાજ્ય લક્ષ્મીનો ધણી તુંને જ શિવજીએ પણ કહેલો છે. લોક મ્હારૂં બહુ પુત્રપણું પણ આગલ્યા બે પુત્ર વડે જ વિસ્તારે છે. ૫૦.

તો હે વત્સ ! મ્હારૂં વાક્ય પ્રમાણ કર્ય. ચાલુક્યની લક્ષ્મી ચિરકાળ

* જેના ગ્રહ સામ્રાજ્યની ના પાડતા હોય તેજ પાપગ્રહણ કરનારા (પાપ ભોગી) છે.

ઉંચીજ રહો. અદેખાઇ વિનાના રાજાઓ મ્હારા, ગુણને લઇને, પક્ષપાત કલંક વગરનો (છે એમ) વખાણો. ૫૧.

એવું પિતાનું આદર સહિત વાક્ય સાંભળીને કુમાર હસતો હસતો ફરી બોલ્યો. મ્હારા ભાગ્યના દોષે કરીને મ્હારી કીર્તિના કલંકનો હેતુ તાતનો આ દુરાગ્રહ છે. ૫૨.

કદિ તેના ગ્રહ રાજ્યના દૂત (રાજ્ય મેળવી દેનારા) ન હોય અથવા શિવજી કરૂણા રહિત હોય તો તે વડેજ તાત કૃતાર્થ થશે માટે મ્હારી કીર્તિનો નાશ થતો અટકાવો. ૫૩.

દિગ્વિજયમાં એની શકિત નથી એમ નથી (કેમકે) જેનો નાનેરા ભાઇ મસ્તક ઉપર આજ્ઞા ધરનારો છે એ સ્થાનમાં રહેલોજ અદ્ભુત કાર્ય કરનારો હોઈને રક્ષામણિની સમાનતા ધારણ કરો. ૫૪.

ઇત્યાદિ અતિ વિચિત્ર વચનોથી પિતાને કૌતુક પમાડી ઉત્સવ બતાવી ઉદાર સ્વભાવવાળા તેણે મ્હોટેરા ભાઈને યૌવરાજ્યની મ્હોટાઇનું પાત્ર ઠેરાવ્યું. ૫૫.

ન ચીમળાઇ ગએલી કીર્તિવાળા ભુજના ઇચ્છિતનું શિવજી પોતે સમાધાન કરશે. એમ વિચાર કરીને પુત્રે કહેલું બધું એ રાજા કરવા પ્રવૃત્ત થયો. ૫૬.

મ્હોટેરાને મ્હોટાઈનું પાત્ર કર્યા તોપણ લક્ષ્મી તો તેનેજ માને છે. પૂરે સિંધુ નદીને નિચાણમાં ઉતારી દીધી હોય તોપણ તે સમુદ્રના માર્ગનેજ ઇચ્છે છે. ૫૭.

દેવના ઉપદેશ્યાથી અને ગુણ દેખવાથી રાજાના ચિત્તમાં તેજ વસી રહ્યો છે. જેમ રત્નના પરીક્ષકે વખાણ્યું હોય અને એનો પ્રભાવ જેવામાં આવ્યો હોય એક મ્હોટી કિંમતવાળું રત્ન (તેમ). ૫૮.

તે યૌવરાજ્યની શ્રીને આશરીને રહેલા મ્હોટાભાઇના અને રાજ્ય ઉપર સ્થિત થયેલા પિતાના એમ બંનેનું કાર્ય જેમ પૃથ્વીના અને શેષના ભારને આદિકચ્છપ ઉપાડે છે તેમ (ઉપાડે છે.) ૫૯.

તે (રાજાની) આજ્ઞાને નમન કરનાર એ પુત્ર (**વિક્રમાદિત્ય**) નેજ

રણના ઉત્સવમાં સર્વ ઠેકાણે આજ્ઞા કરે છે. અને રાજાયશ જેમાં મુગટ-રૂપ છે એવાં તે પુત્રનાં મેળવેલાં જયરૂપી અમૃત પીયે છે. ૬૦.

તે હાથીના કુંભસ્થળના સિંદુરથી રાતા દરિયા જેવો શોભો છે. ચોલની સેનાના ક્ષયથી નીકળેલી લોહીની નદીના સમૂહવડે જાણે ભર્યો હોય એવો શોભે છે. ૬૧.

ચાલુક્ય રૂપી રામ, હરિ (ઘોડા અને વાનર) ની સેના સહિત કાંઠા ઉપર આવ્યા ત્યારે પ્રગટ થતી મોતીની છીપને બ્હાને જાણે ભયે કરી દાંત પોતાના) ખેંચી કહાડતો હોય શું? ૬૨.

તે જ્યારે મલયાદ્રિના કુંજમાં પેઠો ત્યારે તેની સેનાના હાથીના કાનના ફડફડાટથી વસંતઋતુ વિના પણ વિયોગિનીઓને તાપ કરનારો ચંદન વાયુ પ્રગટી નીકળ્યો. ૬૩

એ કુંતલરાજપુત્ર કોઇ જાતની રાજહંસની લીલા દેખાડે છે. તે તરવારની ધારારૂપી જળમાં મળેલો શત્રુઓનો યશ તે જાણે દુધ હોય એમ જાણીને ખેંચી લે છે. ૬૪

તે વીરમાં અગ્રણી જ્યારે વિજયમાં ઉદ્યુક્ત થઇને ધનુષ્ય દંડ ખેંચે છે ત્યારે દ્રવિડદેશની સ્ત્રીઓનાં મુખ ઉનામાં ઉના નિશાસાથી ઝાંખાં પડી ગયાં. ૬૫.

તે (જ્યારે) વિરૂદ્ધ (થયો) ત્યારે ચોલ દેશના રાજાએ અતિશ્રમને લીધે પર્વતનાં ઝરણાંનું પાણી પશુની પેઠે સ્તનના સ્વાદની પેઠે પીને ઓય મા! એમ કહીને પૃથ્વીનો ત્યાગ કર્યો. ૬૬.

તેણે શરણે આવેલા માલવ દેશના રાજાને અકંટક રાજ્ય ઉપર સ્થાપ્યો. કન્યા દેવાને બ્હાને તેને ઘણા રાજાઓ સર્વસ્વનું દાન કરે છે. ૬૭.

તે સંગ્રામમાં મલ્લ જેવા રાજાના ત્રૈલોક્યમાં એક વીર પુત્રે ન જીતી શકાય અને મ્હોટી લડાઇઓ પાડનારા શત્રુ રાજાઓની કેટલી લડાઇને પોતાના અદ્ભુત સાહસવાળા એ બાહુના પરાક્રમ વડે નથી જીતી? (અર્થાત્ બધી લડાઇઓમાં જીત મેળવી છે). ૬૮.

તે અતિ ઉંચો અને ઉંચી ગરદનવાળાને જ મારનારો છે તેની

આગળ નમવા સિવાય તેની તરવારને અટકાવવાનો રાજાઓને બીજો માર્ગ છેજ નહિ. ૬૯.

તે કારણરૂપ અવતરેલા જનાર્દને[1] પેટ ઉપર (પડેલી) હારની સરો વડે જાણે નાભિમાંથી કમળની ઉત્પત્તિ વારવા સારૂ ચંદ્રમાની કાંતિ કેમ ફેલાવી દીધી હોય ? ૭૦.

તે ગુણી પ્રિયનું હસ્તકમળ હર્ષથી હેમ વર્ષતું થયું ત્યારે તેની આગળ કવિઓને રાજી કરવામાં ભોજ રાજા (કોઈ ગણતીમાં) નહિ અને હાથીનાં દાન દેવામાં ડાહ્યો મુંજ (પણ કાંઈ ગણતીમાં) નહિ. ૭૧.

શત્રુની લક્ષ્મીને આલિંગન લેવાની ક્રીડામાં ઘણા ઉત્કંઠિત એવા તેના બે ભુજ છે (તેમાંના) બાજુબંધમાંનાં રત્નની કણીઓના કાંટાની તીવ્રતા તરવારમાં ભટકાઈને ટળી ગઈ. ૭૨.

તે એક છત્રવાળાએ ઉંચા રાજ્યના લોભથી બીજાં છત્રો થતાં અટકાવવા સારૂ ઉંચા વંશ (કુળ અને વાંસ)વાળા ભૂભૃતો (રાજા અને પર્વતો)ના દંડ બધાના સૈકડો કટકા કરી ભાંગી નાંખ્યા. ૭૩.

જેણે સંગ્રામમાં ગૌડનો વિજય હાથી ગ્રહણ કર્યો છે અને કામના રાજાના મ્હોટા પ્રતાપ અને રાજ્ય લક્ષ્મીને નિર્મૂળ કરી નાંખી છે એવા એ (કુમાર)નો પૂર્વ પર્વત (ઉદયાચળ)માં સૂર્યના રથના પૈડાંના ઘોષ વડે જેની પરોઢિયાની નીંદર હરાઈ ગઈ છે એવી સિદ્ધ[2]દેવની સ્ત્રીયો બરફના જેવો ઉજ્વળ યશ ગાતી હતી. ૭૪.

તેનો સંગ્રામ જોવામાં ઈંદ્ર ઉત્સુક થયા હતા પરંતુ ઉચ્ચૈઃશ્રવા (ઘોડો) બહુ આકરો કરેલો ધનુષનો ટંકારવ ખમી શકયો નહિ. ત્યારે દેવતાઈ હાથી ઉપર ચ્હડ્યા તેણે પણ રણના રસથી ક્રોધાયમાન થયેલા ગંધહસ્તિઓએ ઘેરી લેવાથી તે ભાગવામાં તત્પર થયો તેથી તેણે (હાથીએ) પણ તેને (રાજાને) દૂર કહાડ્યો. ૭૫.

---

૧. જનાર્દનના નાભિકમળમાંથી કમળ થયું હતું તે ન થવા દેવા જાણે ચંદ્રમાની કાન્તિ ફેલાવી દીધી. ચંદ્રમાની કાન્તિ કમળ થવા ન દે એ પ્રસિદ્ધ છે.

૨. દેવતાની એક જાત. જુઓ સર્ગ ૨ ના શ્લોકની ૧૧ ની નોટ.

એ (રાજા)ના પ્યાદલોએ કાંચી (પુરી) લૂટી લીધી તેથી જેમાં દેવાલયની ધ્વજની પટ્ટીઓ માત્ર બાકી રહી તે લૂટારાઓએ બધો વસ્ત્રનો ઠાઠમાઠ લૂટી લેવાથી પુરસ્ત્રીઓને લંગોટી વાળવાની કૃપણતા માટે જાણે (હોય). ૭૬.

આંહી ભગાડેલા રાજાઓને દળી નાંખવાની જે ક્રીડા તેથી ઉઠેલો જે શબ્દ તે, મેઘની ગર્જનાને અનુસરનારા ધનુષના શબ્દોવડે (મિશ્રિત થઇને) જગતને કંપાવી રહ્યા હતા ત્યારે રાવણનાં માથાં કાપ્યા છતાં પણ જેનો ક્રોધ શાંત નથી પડ્યો એવા રામચંદ્રની પુનરાવૃત્તિ અકાલિક કંપમાં બાંપડાં લંકાના લોકોએ માની. ૭૭.

ઇતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ બિલ્હણના કરેલા વિક્રમાંકદેવચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તકૃત ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં ત્રીજો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૪ થો.

રાજપુત્ર કાર્ય થકી યુવરાજપણામાં રહેલો તે નિષ્કપટ વીર એવા તેણે કામદેવની પેઠે દિગ્વિજય કર્યો. ૧.

તેના હાથીઓએ કેરલ દેશની સ્ત્રીઓના ગુંચવાઇ ગએલ વાળરૂપી વેલની સાથે મલયવૃક્ષ લીલા માત્રમાં ભાંગી નાંખ્યા. ૨.

તેના મદવાળા હાથીઓએ મલયને જ્યારે વૃક્ષવોણો કરી મુકયો ત્યારે હું માનું છું કે ચંદનના વાયુનો ન મટાડી શકાય એવો દુકાળ પડ્યો. ૩.

મલયાચળ ચંદનમાંથી ટપકેલા ફીણને મશે તે જાણે પરોક્ષ થઇ ગયાં હોય (મરી ગયાં હોય) નહિ એમ તેના પિંડ મુકે છે. ૪.

ધાટા ચંદનના ઝરવાથી (તે રૂપ) ગારાવાળાં થયેલાં મસ્તકવાળા તેના હાથીયોએ જરા વાર સમુદ્રમાં પેઠેલા તેથી તેમાંના વડવાનળનો તાપ શાંત કર્યો. ૫.

વડવાનળથી તપેલા સમુદ્રમાં ચંદનના ઝરવાથી સુવાસિત થયેલી મલયની નદીઓ શીતોપચાર કરવામાં ચક્રવર્તીપણું પામી. ૬.

તેની સેનારૂપી બધી સ્ત્રીઓએ સખીની પેઠે મલયવાયુની જન્મ ભૂમિને પ્રીતિવડે જોઈ. ૭.

મલયે ચંદન વાયુના બીજ સારૂ જાણે હોય તેમ તેની સ્ત્રીઓના સુગંધી એવા વિશ્વાસના વાયુ વડે ગુફાઓ ભરી દીધી. ૮.

હાથીઓએ મૂળમાંથી ખેંચી કહાડી ફેંકેલી એવી ચંદનના વૃક્ષ રૂપી દોલત તે જાણે કિંમત લેતો હોય તેમ સમુદ્રમાંથી તેણે રત્નો ગ્રહણ કર્યાં. ૯.

હાથીએ ખોદી નાંખેલાં ચંદન વૃક્ષના ટપકવાથી ધોળી થઈ ગએલી શિલાવડે મલય જાણે તેની સેનાના ખળભળાટથી અસ્થિશેષ જેવો થઈ ગયો. ૧૦.

સમુદ્ર નારાયણની નિદ્રાનો ભંગ કરનારા સેનાના કલબલાટથી જાણે કોપાયમાન થયો હોય એમ ખળભળી ઉઠ્યો. ૧૧.

પાણીના હાથીની બ્હેડી સરખા મ્હોટા સર્પો સમુદ્રને કાંઠે ગુછળાં-વાળીને સુતા હતા તે તેના હાથીઓએ કચરી નાંખ્યા. ૧૨.

સમુદ્રનાં મોતીયો જેને પગે વળગી ગયેલાં છે તેથી તેના હાથીયો પગે નક્ષત્રોને કચરનારા ઇંદ્રના હાથીની શોભા ધારણ કરે છે. ૧૩.

તેનાં વાહન એકેકે સમુદ્રમાં પ્રવેશ કરે છે તેથી ઘોડારને સંભારીને જાણે ઉચ્ચૈઃશ્રવસ આવતો હોય એમ સમુદ્ર માને છે. ૧૪.

તેના હાથીના પગ ભટકાવ્યાથી જેમાંની મોતીની છીપો ભાંગી ગઇ છે તેથી ભયે વ્યાકુળ થઇ ગએલા સમુદ્રને પોતાની છાતી ફાટી ગયાનો ભ્રમ થાય છે. ૧૫.

તેના સૈન્યથી રગડાણો એવો સમુદ્ર મરવાનો ઉપાય ખોળે છે તેવામાં વિષને શિવજી ગળી ગયા છે એ બાબત અફસોસ કરે છે. ૧૬.

સ્ત્રીના હોઠ સરખી કાંતિવાળાં સમુદ્રનાં પરવાળામાં પ્રીતિનું પાત્ર થએલી રાજપુત્રની દૃષ્ટિ શોભી રહી છે. ૧૭.

તેણે કેરલ દેશના રાજાના લોહી વડે મેલા કરી નાંખેલા સમુદ્રને અગસ્ત્ય ઋષિનો ત્રાસ છોડાવ્યો. ૧૮.

સમુદ્રના મધ્યને ડોહોળી નાખ્યું તેથી ઘુમરી ખાતા સર્પો દાંતમાં વળગી જાય છે તે જાણે સમુદ્રનાં આંતરડાં હોય એમ તેના હાથીઓ ખેંચે છે. ૧૯.

તેના ભયથી સિંહલદ્વીપનો રાજા શરણે આવ્યો તે અગસ્ત્ય ઋષિના આશ્રમમાં વિશામો ખાવા લાગ્યો. ૨૦.

તેણે વિચિત્ર પ્રકારનું ધનુષ હલાવતાં હલાવતાં ગાંગકુંડ(ની) પુરસ્ત્રીનાં મુખચંદ્ર પડી જતા કુંડળરૂપી મંડળવાળાં કર્યાં. ૨૧.

તેણે યશરૂપી કુંચી (ચિત્ર કાઢવાની પીછી) દિશારૂપી ભીંત ઉપર મુકી તેથી દ્રવિડ દેશથી સ્ત્રીના લમણાં રૂપી પાટીયા ઉપર પીંગળાશ ઉતારી (ચીતરી). ૨૨.

ઉંચાં શિખર (ઘરનાં) પડી ગયાં છે તેથી તે જયશીલે જાણે રાજધાનીની નગરી, કપાએલા માથાવાળી કરી મુકી હોય. ૨૩.

પાણીમાં બોળાએલી રાજાની રાણીઓ મમતા પામેલાં વસ્ત્રો પાસે આંસુ પડાવીને તે (કુમાર) ના યશને કહી દેખાડે છે. ૨૪.

તેના બાહુએ ચોલ દેશના રાજાના અંતઃપુરના ઘરના બારની ચોકીનું કામ હલાવાતા પુચ્છડાં રૂપી દંડ ધારણ કરનારા સિંહોને સોપ્યું. ૨૫.

દ્રવિડ રાજા જ્યારે ભાગ્યો ત્યારે સાંકડા ગુફાના દ્વારમાં પેસવામાં ચિંતાથી દુર્બળ થઇ ગએલા દેહને બહુ (ઠીક) માન્યો. ૨૬.

તેના ભયથી ઝાડની ઓળમાં ભાગી ગએલી ચોલ દેશની સ્ત્રીઓના કપુરના ટપકાંના ચિહ્નવાળા વાળ હજી સુધી દેખાય છે. ૨૭.

તેના બાહુએ કંપાવેલી, તરતમાંજ અમૂલ્ય પદાર્થો પડી ગયા તેથી કાંચી (કંદોરો અને નગરી) દ્રવિડ દેશની પૃથ્વીના કીલ્લાનું સૂત્ર બાકી રહ્યું હોય (એવી દેખાય છે.) ૨૮.

પ્રતાપની મ્હોટાઇમાં પ્રીતિવાળા એણે (કુમારે) વેંગિ ભૂપની સ્ત્રી-જનોને કામદેવના પ્રતાપનું સ્થાન ન થવા દીધું. ૨૯.

રિપુની સેના જેણે દાબી દીધી છે એવા તેણે (કુમારે) ચક્રકોટ પતિની ચિત્રશાળામાં લખેલા હાથી (પર્વત) ને છોડાવ્યા. ૩૦.

કામ પરવારી પાછો વળ્યો અને કાંઇક ભાગના માર્ગમાં હતો ત્યાં તેને અકસ્માત્ ઉદ્વેગ જણાવા લાગ્યો. ૩૧.

તે ડાબી આંખના ફરકવાથી શંકિત થઈ ભય પામીને પિતાજીના ચરણનું કલ્યાણ હો એમ આંસુ પાડતો બોલ્યો. ૩૨.

ચિંતાએ કરીને હૃદય બેહેર મારી ગએલાને તેને કોઈ અદૃશ્યોએ આવીને અમંગળની વાર્તાની પેઠે તેના કાનમાં કાંઈક કહ્યું. ૩૩.

સારી નરસી ચીજ પ્રાણીઓના અંતઃકરણમાં પ્રતિબિંબની પેઠે આગળથીજ સામી આવીને ઉભે છે. ૩૪.

અશેષ શાસ્ત્રમાં ઉંડો ઉતરી ગયો છે તેથી નિર્મળ બુદ્ધિવાળો થયો છે તોપણ કુમાર કોઈ અકારણ અધીરતા પામ્યો. ૩૫.

ખરાબ નિમિત્ત (દેખાય છે તે)ની શાંતિ માટે સર્વસ્વ દાનનો વિચાર કરી, એ કૃષ્ણા નદીને કાંઠેથી તે આઘો ન ખસ્યો. ૩૬.

તેટલામાં તેજ ક્ષણે સુકાઈ ગયેલા મ્હોવાળો રાજધાનીથી સામો આવેલો મુખ્ય દૂત દીઠો. ૩૭.

અપ્રિય જણાવવામાં જીભને આળશી બેઠેલી જોઇને જાણે વિસ્તારવાળા શ્વાસોશ્વાસ વડે અનર્થ કહેતો હોય ? ૩૮.

અત્યંત ઉના મ્હોના નિશાસાના વાયુવડે દુર્વાર્તારૂપી વજ્ર તથા અગ્નિ પાસે છે એમ જાણે જણાવતો હોય ? ૩૯.

ધણીમાં ભક્તિવાળી દિશાઓ રાજાની સ્થિતિ પૂછતી હોય તેથી જાણે અતિ ઉતાવળાં પગલાંથી દોડતો દેખાતો હોય ? ૪૦.

અનર્થની વાર્તા ઉપાડીને આવ્યો છે તે રૂપી મહાપાપે દૂષિત થએલો છે એમ ગણીને ધૈર્યે જાણે બધી રીતે છોડી દીધો હોય ? ૪૧.

પ્રણામ કર્યા છે અને પાસે ઉભો છે એવા એ (દૂતને) રાજપુત્ર જે (બાપને) વ્હાલો છે તે પિતાના ચરણ (કમળ)નું કુશળ આ પ્રમાણે પુછતો હવો. ૪૨.

હળવેથી પાસે બેસીને ઉત્સાહ વોણી વાણી વડે નાકની ટોચ ઉપર જેને આંસુનાં ટીપાં આવી ગયાં છે એવો તે દૂત કહેવા લાગ્યો. ૪૩.

કુમાર તમે તમારા મનને દૃઢ કરો અને ધીરતાને છોડી દેશો માં. દુર્વાર્તારૂપી પ્રલયકાળનો મેઘ આ ઘડી છુટે છે. ૪૪.

દેવ, પિંગળો પડી ગયો ત્યાં સુધી પાંડ્ય દેશને, હાલકલ્લોલક થઈ ગયો ત્યાં સુધી ચોલદેશને, અને સિંહલને દબાવી દીધો ત્યાં સુધી તમારા વિજયને સાંભળીને, સુખમય સ્થિતિ પામ્યા. ૪૫.

તેને વિધિચાંડાળે અકાળે દાહજ્વર ઉત્પન્ન કર્યો. સુખ સંપત્તિ કોઇથી કંપ વગર મેળવી શકાતી નથી. ૪૬.

ચંદનના લેપે કરીને પણ તેને સંતાપ શમ્યો નહિ (અને) તે વારંવાર તમારા આલિંગન રૂપી અમૃતની આકાંક્ષા ધરવા લાગ્યા. ૪૭.

ક્રમથી તેણે અર્દ્ધ જાગવું જેમાં છે એવું જોવા માંડ્યું તે જાણે ઈંદ્રના દૂત (તેડવા આવ્યા હોય તે)ની સામાં ગજનિમીલિકા (આંખ વીંચામણાં) કરતા હોય. ૪૮.

અંતરમાં જાણે દાહ થતો હોય તે જોઇને જાણે પ્રિયકીર્તિ (બ્હાર) નીકળી હોય તેમ દાંતની કાંતિ દેખાડતા તે (રાજા) મંત્રિયો પ્રત્યે આ પ્રમાણે બોલ્યા. ૪૯.

રાજાઓના મુગટના માણકની પટ્ટીમાં પ્રતાપરૂપી ટાંકણાથી જાણે કોરેલી હોય એવી પોતાની[1] આજ્ઞાની અક્ષર માલિકા મૂકી. ૫૦.

દિશાની ભીંતોમાં બાણની પંક્તિઓથી કાંણાં કરી મુકીને તેને પોતાના યશરૂપી રાજહંસના પાંજરાની શોભાને પમાડી. ૫૧.

બંધી વગરની સમૃદ્ધિ વડે પૃથ્વીને દરિદ્રીઓ વગરની કરી (અને) સત્પુરૂષોના ઘરમાં લક્ષ્મીને કુળવધૂ જેવી કરી. ૫૨.

ધનુષની ચતુરાઇથી પ્રાપ્ત થયો છે લક્ષ્મીનો સમાગમ જેને એવો અને કાકુસ્થ વંશનું ધાટું સામર્થ્ય એવો વિક્રમની પદવીવાળો પુત્ર પ્રાપ્ત થયો છે. ૫૩.

તેજ યશવાળાએ યુવરાજત્વ સોંપીને ચક્રવર્ત્તીપણાનો ભાર ઉપાડનારો આ **સોમેશ્વરને** કર્યો. ૫૪.

એ રીતે કૃતકૃત્ય થયેલો માહેશ્વર શિરોમણિ જે હું, તેનો શિવજીના પુરમાં જવાનો ઉત્સવ (છે.) ૫૫.

---

૧ આ બધું વિક્રમાંકદેવ માટે છે એમ ૫૩ મા શ્લોકમાં સ્ફુટ થાય છે.

મદોન્મત્ત દ્વારપાળને હાથે સેવકોને (સેવા કરવા આવનારાઓને) પણ જેણે ગલહસ્તિત કર્યા છે (ગળચી ભરી ધકેલી કઢાવ્યા છે, એવા અભાગ્યા રાજાઓ દૈવને પણ અગમ્ય એવા પોતાને માને છે. ૫૬.

મ્હારો જન્મ ચાલુકય રાજાઓના શુદ્ધ કુળમાં છે, મ્હારા કાનની મિત્રાઇ કેટલાંક શાસ્ત્રાર્થના છાંટા પામ્યા છે (અર્થાત્ મેં કેટલાંક શાસ્ત્ર સાંભળ્યાં છે.) ૫૭.

અભાગ્યા જીવિતને હાથીના કાનના અગ્રના જેવું ચપળ હું જાણું છું. મ્હારે પાર્વતીના પ્રાણનાથ વિના બીજે વિશ્વાસ નથી. ૫૮.

તે હું તુંગભદ્રાના ખોળામાં (બેશી) શિવજીનું ચિંતવન કરતે (આ) દેહ ગ્રહણની વિડંબના (નામોશી) મટાડવાને ઇચ્છું છું (અર્થાત્ તુંગભદ્રા નદીમાં પડીને દેહ ત્યાગ× કરવા ઇચ્છું છું.) ૫૯.

શિવજીની સેવામાં આ દેહ ઉપકાર માટે ચાલ્યો ગયો (તો) એ કૃતઘ્નતાનું વ્રત (કહેવાય એટલે કૃતઘ્નતા કરી વદે) તેનો જ્યાં ત્યાં ત્યાગ કરવો.૬૦.

"બહુ સારૂ" એમ રાજાના વચનને કારભારીઓએ કબુલ રાખ્યું (કેમકે) યોગ્ય આચરણમાં કેનું મન ઉત્સાહ ચતુર (ઉત્સાહિત) ન થાય? ૬૧.

તે પછી પ્રેમીજન જેને પ્રિય છે એવો રાજા કેટલીક મજલે દક્ષિણાપથની ગંગા (તુંગભદ્રા) નાં દર્શન કરતો હવો. ૬૨.

તે તુંગભદ્રાને તે માંની રાજાએ તરંગ રૂપી હસ્તો વડે (પોતાને) ઉપાડીને ઇંદ્રના મંદિરમાં ફેંકતી હોય એવી માની. ૬૩.

ત્યાં ફીણમાં મ્હોટા મ્હોટા ગોળાની પંકિત હતી તે જાણે બ્રહ્માએ વિમાનના હંસની હાર ગોઠવી હોય એવી દીઠી. ૬૪.

ઘણે દૂર સુધી ઉડીને પડતા એવા છાંટા વડે એ પૃથ્વીનો ચંદ્રમા ગ્રહો ભેળા થયા હોય એવો શોભવા લાગ્યો. ૬૫.

× આવી રીતે દેહપાત કરવો એ આત્મઘાત નથી પણ વિહિત મરણ છે, જેમકે—**व्याधितो भिषजात्यक्तो विप्रो वृद्धो युवा थवा॥ तनुं-त्यजेज्जलाग्न्याद्यैः सयथेष्ठं फलं लभेत्॥** ઇત્યાદિ (ધર્મસિંધુ.)

તેમાં ઉતરીને ધીર પુરૂષોમાં મુખ્ય એવો એ રાજા નાહીને શિવજીનાં ચરણદ્વયનું ચિંતવન કરવા લાગ્યો. ૬૬.

તે જરા પણ ખેદ પામ્યા વગર અપરિમિત સુવર્ણના ગંજ દેવા લાગ્યો. મહાભાગ પુરૂષો કષ્ટ વેળા પણ દાન દેવામાં મ્હો ફેરવતા નથી. ૬૭.

તે ગળા લગી પાણીમાં ઉતરીને મ્હોટા મોજા રૂપી તુરીના ઘોષ વડે તે શિવપુરીમાં સધાવ્યો. ૬૮.

એટલું કહીને તે (દૂત બોલતો) બંધ થયો ત્યારે તે (વિક્રમાંક) આંસુનો વરસાદ વરસાવતો અને પાસેનાં માણસોએ જેની પાસેથી છરી ઝોંટી લીધી છે એવો, આક્રંદ કરીને ગળું ફુલાવી મુક્યું છે એવો, સ્વભાવથીજ ઢીલા સ્વભાવનો અને બાપનો સ્નેહ તેથી પૃથ્વી ઉપર આળોટતે શરીરે રૂદન કરવા લાગો. ૬૯–૭૦.

એ રીતના દુરાચારના નિયમને ગ્રહણ કરનારા યમને સૂર્ય પણ તેને વંશમાં કાંટારૂપ માને છે. ૭૧.

એ દુઃખને ન જાણનારા (બીજા) દિવસોનો ખાર કરતો (એ) દિવસ પણ જાણે પોતાને મંદભાગ્ય સમજતો હોય. ૭૨.

તે પછી એ કેટલોક વખત (તેવી સ્થિતિમાં) રહીને અવિચ્છિન્ન પડતાં આંસુનો વરસાદ વરસાવતો વિચારવા લાગ્યો. ૭૩.

હે આદિકૂર્મ કૂર્મો સુખસ્થિતિની ના પાડે છે (અર્થાત્ કામ કરવાનાં હોય ત્યાં સુખે બેશી રહેવું હોયજ નહિ. અથવા કામ હોય ત્યાં સુખે બેશી રેહેવાયજ નહિ.) હે શેષ કચરાઇને હાડપિંજર બાકી રહે એવો થા. (એટલે પૃથ્વીનો ભાર ઉતારનાર હવે કોઇ નથી.) ૭૪.

હે દિગ્ગજો સ્વતંત્ર ક્રીડા કરવાનો આદર તજી દ્યો, અને બધા ભેળા મળીને પાછા આ પૃથ્વીને ધારણ કરો. (કેમકે પૃથ્વીનો ભાર ઉપાડનારો ગયો.) ૭૫.

(કેમકે) **આહવમલ્લ** જેવા (રાજા) ના સુવર્ણના સ્તંભની ભ્રાંતિ કરનારા બાહુને (તો) બ્રહ્માએ ઇંદ્રની ધુરા ધારણ કરવાને નિશ્ચિત કર્યો.૭૬.

હે રાજાઓ તમે પોતપોતાની રાજધાનીમાં સ્થિર થઇને રહો (કેમકે) વીરના સિંહાસન ઉપર બીરાજવાને (હવે) એવો ઉત્સાહ ક્યાંથી (કહાડશો.)૭૭.

હે પૌરૂષ તેનો બાહુ દંડ (તો) છુટો પડ્યો હવે તું શું કરીશ, હે પ્રતાપ તું પ્રતિપાલક વગરનો થઇ ગયો તેથી પરિતાપ પામતો હઇશ. ૭૮.

હે પદ્મા (રાજ્ય લક્ષ્મી !) પાછું પદ્માકર (તલાવ)ને ઘર ધાર્ય. (કેમકે) આ ત્હારા પતિની જુદાઇનો સંતાપ બીજે સ્થળે તું સહન કરી શકીશ નહિ. ૭૯.

શેષની ફણાના મંડળ રૂપી ડીંટીયાથી પૃથ્વીને ખરી પડવું એ સારૂં છે અથવા માટીના પીંડાને એવું સ્નેહનું પાંડિત્ય કયાંથી (હોય). ૮૦.

હું માનું છું કે બ્રહ્મા કોઈ અપૂર્વ મૂર્ખ ઉઠ્યો છે (કેમકે નહીંતર) ઘણા વખતના કલેશથી ઉત્પન્ન થએલી પોતાની કૃતિનો કેમ નાશ કરે. ૮૧.

અહો એવું શૌર્ય, અહો ધૈર્ય, વિચિત્ર પ્રકારનું ગાંભીર્ય અને શોભા, (અને) તે સાચું છે કે એક ઠેકાણે એ બધા ગુણ દુર્લભ છે. ૮૨.

શત્રુનાં શસ્ત્રોને બુઠાં કરી નાંખનાર એ વજ્ર જેવી આકૃતિવાળાનો જે ક્ષય થયો તે મ્હારા ભાગ્યના દોષથીજ (થયું છે) અથવા બીજો પાઠ–મ્હારા ભાગ્યના દોષથીજ આ ક્ષય થયો છે એમ (હું) જાણું છું. ૮૩.

બ્રહ્મા એવું સૃષ્ટિનું રત્ન કયી રીતે બનાવશે, અથવા એવા પરમાણું કેમ ભેળા થઈ શકશે. ૮૪.

સામી દોડતી આવતી અનેક (સેના અને નદીઓ) ને પેશી જવા દેવાને સમર્થ, સત્વગુણનો સમૂહ એવો રાજા, સામી દોડતી આવતી અનેક નદીઓને પેસવા દેવાને સમર્થ અને પ્રાણીના સમૂહવાળા સમુદ્રના જેવો એવો (મનુષ્ય) દુર્લભ છે. ૮૫.

આર્ય અને સુકુમારપણાનું એક પાત્ર એવા રાજાથી હાય મ્હારા વિના (થએલો) ખેદરૂપી અગ્નિ કેમ સહન થઈ શકયો હશે. ૮૬.

એ અને બીજુ બરાડાસહિત વારંવાર ચિંતવન કરી કરીને હળવે હળવે વિવેક રૂપી દીપક વડે તે રસ્તે ચ્હડ્યો. ૮૭.

સધાવેલા પિતાની યથાવિધિ ક્રિયા કરીને પછી મ્હોટા ભાઇને જોવાની ઉત્કંઠાથી પ્રેરાએલો તે આગળ ચાલ્યો. ૮૮.

કેટલાક દિવસોએ તે માર્ગ ઉલ્લંઘીને (કાપીને) તે પછી શબ્દ વગરની સેનાના સમુહ સહિત તે પુરીમાં પેઠો. ૮૯.

હંસ વિનાની જેમ તળાવડી, ન્યાય વિનાની જેમ રાજતા, કવિ વિનાની જેમ સુખસભા, ચંદ્ર વિનાની જેમ રાત્રિ, દાન વિનાની જેમ લક્ષ્મી, કવિત્વ વિનાની જેમ વાચાળતા, તેમ એ પિતા વિનાની પુરીને અપવિત્ર માનું છું. ૯૦–૯૧.

આગળથી આવેલા મ્હોટા ભાઇએ જેને માન આપ્યું છે એવો તે તેનીજ સાથે ક્લેશ સહિત રાજમંદિરમાં પેઠો. ૯૨.

અન્યોન્યને ગળે વળગી પડ્યા તેથી જાણે તેઓના આંસુના જળની ધારા ત્યાં અતિ બંધાઈ રહી હતી તે દબાણથી જાણે બાહાર નીકળી પડી હોય શું. ૯૩.

ક્રમ થકી તે બંનેએ દુ:ખ ત્યાગ કર્યું અને છળ વડે વેઢારાતી અન્યોન્ય સ્નેહ વૃત્તિથી કેટલાક દિવસ નિર્ગમન કર્યા. ૯૪.

ગુણો વડે પોતે મ્હોટો છે તોપણ મ્હોટેરા ભાઇને તે પિતા તુલ્ય લેખે છે, મહાત્માઓની પ્રવૃત્તિઓ અવળે માર્ગે થાયજ નહિ. ૯૫.

તેણે દિશાના ચક્રને વલોવીને ભેળી કરેલી વસ્તુઓ તેને સુપરદ કરી (સોંપી) યશસ્વીને લોભ હોય નહિ. ૯૬.

તે પછી કેટલેક દિવસે સોમેશ્વર પાપ કરવામાં તત્પર થયો. એ મ્હોટી સમર્થ એવી ભવિતવ્યતા તેને કોણ મટાડી શકે એમ છે. ૯૭.

મદિરા જેવી રાજ્ય લક્ષ્મી તેને મદ ઉત્પન્ન કરવામાં કારણભૂત થઇ. તે ખશી ગયેલું યશરૂપી તમામ વસ્ત્ર જાણી શકયો નહિ. ૯૮.

મંગળની તુરીના શબ્દે જાણે તેને બ્હેરપણ આવી ગયું હોય એથી તેણે લેશ પણ મહાત્માઓનાં વચન સાંભળ્યાં નહિ. ૯૯.

તેણે મદનો જ્વર પ્રગટ કરીને અંગને કસરાતાં જણાવતાં રાજયક્ષ્મીની પેઠે રાજ્યલક્ષ્મીનો ક્ષય કર્યો. ૧૦૦.

કુંતળના ઉલ્લાસ બંધ પડ્યા તેથી વૈરાગ્ય દેખાડતી પૃથ્વી તે ધણી જીવતે છત્તે વિધવા જેવી દેખાવા લાગી. ૧૦૧.

તેના બેસવાથી પીઠ દૂષિત થઇ હોય એમ હાથીઓ સુંઢ ઉંચી કરી તેમાંના છાંટાના જળ વડે પોતાની પીઠ ઊપર જાણે પ્રોક્ષણ કરતા હોય. ૧૦૨.

રખેવાળોએ મંડળ ભ્રમણમાં પ્રવૃત્ત કરેલા (કાવો લેવરાવતા) તેની સેનાના ઘોડાઓ તેની અયોગ્યતા સિદ્ધ કરવાને જાણે સોગન લેતા હોય? ૧૦૩.

હું માનું છું કે, તેણે જે ક્ષાત્ર તેજનો ત્યાગ કર્યો છે તે, કદાચિત્ રાજ્યલક્ષ્મીને લાખની માનતો હશે તેથી તે ગળી જાય તો એવી બ્હીકથી હશે. ૧૦૪.

તેણે પોતે પિશાચીણી જેવી રાજ્યલક્ષ્મીને ચુંબન કર્યું તેથી સ્વાદ લાગ્યો તે હવે સહુનાં ગળાં ચુસી લોહી ચુસી લેવાની ઇચ્છા રાખે છે. ૧૦૫.

તે ઉદ્ધત ચામરના ઝાઝા પવનથી ઉડેલી ધૂળથી ભરાઈ ગયો તેથી માર્ગ જોઇ શકતો નથી. ૧૦૬.

તેજના ભંડાર એવાં રત્નનો ઢગલો પેહેરે છે તોપણ તે દૈવનો હણેલો અંધારાના ઢગલાથી ઢંકાઇ ગયો છે. ૧૦૭.

નમવાવાળા બધાને ઉપર જવાની બંધી છે એમ ધારીને તેણે વિવ્હળ થઇને હેઠે ઉતરવું ઠીક માન્યું. ૧૦૮.

પિશાચની પેઠે સર્વનાં છિદ્ર ગોતવાને તત્પર થયેલો તે મદની મૂર્છા વડે કાંઇ પણ કર્તવ્ય જાણી શકતો નથી. ૧૦૯.

લોભનુંજ એક ઘર એવા એ રાજા થકી સઘળાં માણસ અલગ રહેવા માંડ્યાં. રાજાનો ત્યાગ એ જગત્‌ને વશીકરણનું ઓસડ છે. ૧૧૦.

અકારજમાં પણ કુમારનો અભિપ્રાય તેણે પ્રગટ કરવા માંડ્યો. લક્ષ્મીના સુખમાં મોહ પામેલાને શું અસંભવિત છે. ૧૧૧.

તે અંકુશ ફેરવતો થકો હાથી ઉપર ચ્હડીને પ્રખ્યાતિનું બીજ વાવવા જાણે આકાશ સ્થળને ખોદતો હોય? ૧૧૨.

ઝાઝા બકબકાટનું શું કામ? તેણે એવું રાજ્ય ચલાવવા માંડ્યું કે જેને લીધે ચંદ્રમાના મિત્ર સરખા **ચાલુક્ય** વંશમાં કલંકતાને પામ્યો. ૧૧૩.

મ્હોટેરા ભાઇનો દુરાગ્રહ મટાડી શક્યો નહિ. રાજ્ય રૂપી ગ્રહ જેને વળગ્યો હોય તેને માટે મંત્ર શું, અને ઓસડ શું? ૧૧૪.

તે વિચારવા લાગ્યો કે ઉંધી બુદ્ધિનાને શું કરવું ? આમાં અપકીર્તિના ભાગનું પાત્ર હું થઇશ. ૧૧૫.

અવળે મારગે ચાલનારા ગુરૂનો ત્યાગ[1]જ કરવો ઠીક ગણાય. તો અહીંથી દક્ષિણ સમુદ્ર તરફ જવાનું ધારૂં. ૧૧૬.

હું જ્યારે એ દ્રવિડો આદિને અત્યંત પીડીશ ત્યારે તેઓ ઉલટા ચાલનારા પણ આર્યને હરકત કરવાને સમર્થ નહિ થાય. ૧૧૭.

એ **ચુલુક્ય** વંશના મસ્તકનો મણિ, એમ કર્તવ્ય મનથી નિશ્ચય કરી નગારાના શબ્દ વડે કાનના રસ્તાને ફાડી નાંખતો નીકળ્યો અને કોપાયમાન થયેલાએ સાહસનાં બીરદવાળાએ રાજાઓની સેનાના હાથીઓમાં પોતાનાં બાણ વડે કેટલા (હાથી) નું ધૈર્ય ન છોડાવી દીધું ? ૧૧૮.

મધુએ ત્યાગ કરેલી વનની પૃથ્વીની પેઠે ધનુષથી છુટી પડેલી પણછની પેઠે, મોતી કહાડી લીધેલી છીપની પેઠે, અને મધુરત્વ વિનાની કવિતાની પેઠે, તેણે એકે ત્યાગ કરેલી **ચાલુક્ય** રાજ્યની સ્થિતિ શોભતી નથી. સારા જન્મવાળાનું સામર્થ્ય વર્ણવવાને કેની વાણીનો વિસ્તાર (સમર્થ) છે. ૧૧૯.

ઇતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરકભટ્ટ બિલ્હણના કરેલા વિક્રમાંકદેવચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં ચોથો સર્ગ સમાપ્ત થયો.

---

૧. **गुरोरप्यवलिप्तस्य कार्याकार्यमजानतः ॥**
उत्पथप्रतिपन्नस्य परित्यागोविधीयते ॥
(પ્રબોધ ચંદ્રોદય નાટક)

સર્ગ ૫ મો.

એ દુર્મતિ (મ્હોટો ભાઈ) રાજ્ય કંટક કહાડવાને ઉદ્યુક્ત (થયો છે તે) આંને નાના ભાઇને નહી સહી શકે એમ મ્હોટા ભાઇ તરફના સંકટની શંકા રાખીને તેણે નાના ભાઈ **સિંહદેવ**ને બોલાવી લીધો. ૧.

સર્વ બાજુથી તુરીના મંગળ શબ્દ બંધ થયા છે તે જાણે ઘરેણાંનો શબ્દ છાનો રાખતી હોય એમ ઠેકાણાવગરના ચિત્તવાળા એ રાજાએ તેની પછવાડે ચલાવી હોય એવી રાજલક્ષ્મી જણાણી. ૨.

ખોળામાં બેઠેલાને મારી નાંખવા સારૂ ગોંધી રાખ્યો છે એમ કેમ શંકા* રાખે છે? (તેથી) તે રાતમાં ખાટલામાં લોટતાં લોટતાં ચંદન બધું લોવાઈ જાય છે એ રીતે તપ્યા કરે છે. ૩.

તે રાજાનું મન મ્હોટા ભયરૂપી ગારામાં ખુંચી ગયું છે. તે ઘણી સંખ્યાવાળો ભાર ખેંચી કહાડવાને સમર્થ એવા મદોન્મત્ત હાથીઓથી પણ ખેંચાઈ શકાયું નહિ. (ગારામાંથી) ૪.

એ ઉકળતા મનવાળાએ તેની પાછળ પુષ્કળ સૈન્ય મોકલ્યું. લોભી મનવાળા ચર્મચક્ષુ પુરૂષોનું કર્મ શું સત્વગુણ રહિત ન સંભવે? ૫.

એ સૈન્ય તેને પ્હોંચી ગયું તોપણ અન્યાયના પંકની શંકાથી તેણે તે સૈન્યને એકદમ હણ્યું નહિ. અટકળાય નહિ એવા ભુજ બળશાળી તેના જેવા પુરૂષો સંકટમાં પણ પીડા× વિનાના હોય છે. ૬.

શત્રુ રાજાઓના કાળરૂપ તેણે નિર્દય રીતે મારવાને એ સૈન્યને ઉદ્યુક્ત થયું ત્યારે તેને મદવાળા હાથીના પગ વડે ચૂર્ણ કરાવીને એક કોળીયો કરી નાંખ્યું. ૭.

શું ઝાઝા બડાફા મારવા, વારંવાર શત્રુની સેનાઓ આવી તેને કાળના મુખ રૂપી ખાડામાં નાંખીને તેણે રાજાને પોતાનું અંગ બાકી રહ્યું એવો કર્યો. ૮.

---

* મૂળમાં **अशङ्कमाः** છે તે **अशङ्कथाः** હોવું જોઇયે.

× મૂળમાં **अगहना** છે અને **गहन**નો અર્થ પીડા–દુઃખ એવો **शब्दचिंतामणि**માં કર્યો છે. તે વિના ઉંડાનો અર્થ સંભવતો નથી કેમકે अ છે.

લક્ષ્મીના વિલાસ સ્થળમાં આથમાં લીધેલા રાજહંસની પેઠે યશને રમાડતા થકા જાણે વિષ્ણુ ઉદય પામ્યા હોય ? ૯.

ભાઈના દુરાચરણના ચિંતવનથી ક્રોપરૂપી ગારાથી ડહોળાઈ ગયેલું મન ધારણ કરનારા તેને તુંગભદ્રાએ સ્વચ્છ પાણીવડે પ્રસન્નતા પમાડ્યો. ૧૦.

હાથીના સમૂહના ન્હાવા સારૂ ઉતરવાને લીધે વાહીનીપતિ (નદીપતિ સમુદ્ર અને સેનાપતિ) ને માર્ગે તે (તુંગભદ્રા) આવી અને (સાટે) હાથીના મદની નદીઓ સમુદ્રમાં જઈ મળી. ૧૧.

હાથી (નદીના જળમાં પ્રતિબિંબરૂપ) સામાવળીયા હાથીને જોઇને તેને દળી નાંખવાની આકરી ઇચ્છાથી નદીનું ચોખ્ખું પાણી ગ્રહણ કરી શક્યો નહી. ક્રોધી માણસનો એ સ્વભાવજ છે. ૧૨.

ભ્રમરના શબ્દથી આકુળ થએલો હાથી પાણી પીવાની પણ ઇચ્છા કરતો નથી. (અને) પાણીમાં પેશી જઇને તેઓને પીડા પમાડી, ગરજવાને વાચાળ બનવું એ દૂષણજ છે. ૧૩.

પાસે આવેલી હાથણીના લોભથી હાથીએ સામાવળીયા હાથીને છોડી દીધો. પ્રચંડ દંડવાળો કામદેવ જ્યાં ત્યાં તૈયારજ છે એ આશ્ચર્ય છે. ૧૪.

હાથીઓએ માર્ગ રોકી રાખ્યો છે તેથી ઘોડા પાણીમાં ઘણીવાર સુધી નાહી શક્યા, અને ઊંટોને તો કાંઠાના ઝાડના કાંટા મળ્યા એટલે નદીની સામું પણ જોતું નથી. ૧૫.

હાથીના મદના પાણીથી મેલા થઈ ગએલા સમુદ્રને હમેશ ઝરતા મદવાળા ઐરાવત હાથીનું ભ્રમણ સાંભરી આવે છે. ૧૬.

અંકુશને ન ગણકારનારો હાથી જે ન્હાવામાં ગુંથાયેલી કુટુંબની સ્ત્રીઓના મધ્યમાં ગયો તે ઉપર બેઠેલાના ભાગ્યની સંપત્ છે. ૧૭.

કેટલાક દિવસ સુધી પ્રિયાઓના કેસરના ગારાવાળી એ નદીને કરીને પછી લડાઇ પાસે આવવાથી જેના બાહુ ખરાબ રીતે ફરકી રહ્યા છે એવો એ ચોળ દેશની સામો આગ્રહ સહિત ચાલ્યો. ૧૮.

જ્યાંની મૃગનયની સ્ત્રીઓ નજરબાગનાં પક્ષિઓના નાદથી ગળાના ધાટા સ્વર ઢંકાઈ જાય છે તેથી (પોતાની) ચતુરાઇનો ગુણ દેખાડી શકતી નથી. ૧૯.

જ્યાં કામદેવ (પોતાના) દાહથી માંડીને તેજની સાથે વિરોધ રાખતો થકો, સોપારીના વનની કાળી પંક્તિમાં મળેલાં સૂર્ય કિરણની કાંતિમાં વસે છે. ૨૦.

જ્યાં પવને હલાવેલાં કેવડાનાં ઝાડના સમૂહની રજથી ધોળી થઇ ગયેલી પૃથ્વીમાં સ્ત્રીઓને શરણે આવેલો કામદેવ શિવજીના અગ્નિની પેઠે ભસ્મ થઇ ગયો. ૨૧.

નારીયેળીના ફળના સમૂહમાં નૃત્ય કરવાથી તેની અંદર રહેલા પાણીની લેહેરને ચુંથી નાંખનારા અને પાકી કેળની સમૃદ્ધિને લૂટી લેનારા જ્યાંના વાયુ કામદેવનાં શસ્ત્ર રૂપ થાય છે. ૨૨.

એ રાજપુત્ર તે વનવાસના મંડળમાં સ્ત્રીઓની નજરબાગની પૃથ્વીને અદ્ભૂત એવા વિલાસની સાક્ષિણી કરવા માટે કેટલાક દિવસ રહ્યો. ૨૩.

પેહેલાં દેખાડેલા પરાક્રમની સ્મૃતિ સેનાના તુરીના નાદ વડે મલય દેશના રાજાઓને કરાવતો એ રાજા મોજ મારતો ધીરે ધીરે આગળ વધ્યો.૨૪.

જયકેશી રાજાએ તેની મુલાકાત લઇને માગ્યાથી વધુ ધન આપીને કોંકણ દેશની સ્ત્રીઓના મુખચંદ્રનું હાસ્ય રૂપી અજવાળીયું નિશ્ચળ કર્યું.૨૫.

એ શુદ્ધ પરાક્રમ વાળાએ ચંચળાઇ છોડી દીધેલા **આલુપ** રાજાને વધાર્યો. એવાઓની અવિનયની પ્હેલી દૂતિ જેવી અનમણીજ (નમનનો અભાવ) કોપને વધારે છે. ૨૬.

ધાડાં ફેલાઈ ગયેલાં બાણો વડે આગળ દેખાડેલો એવો કેરલ રાજાના સ્ત્રીઓના ગાલરૂપી સ્થળીમાં આંસુનો નિવાસ દેખાડી દીધો. ૨૭.

વેગથી આવેલા તે રાજાને જોઇને થએલા ભય વડે હાલકલોલક થતા સમુદ્ર રૂપી નીલ કુંડળવાળી દ્રવિડ દેશની પૃથ્વી કંપવા લાગી. ૨૮.

તે પછી ન્યાય માર્ગને જાણનારો દ્રાવિડ દેશના રાજાનો દૂત, એ તૈયાર રહેતા ધનુષવાળા અને બદલો ન વાળી શકાય એવા કોઇ વિશેષ પરાક્રમવાળા એ રાજાની સભામાં આવ્યો. ૨૯.

મસ્તક વડે પૃથ્વી તળને ચુંબન કરનારો એ દૂત કુંતલેંદ્ર સુત (**વિક્રમાદિત્ય**) ને પ્રણામ કરીને દાંતની કિરણરૂપી પલ્લવમાં મુકયાં છે કોમળ પદ જેનાં એવી વાણી બોલ્યો. ૩૦.

હે ચુલુક્ય વંશના ઘરેણા ! તમારા ગુણ ગણવાને કોણ ડાહ્યો થઈ શકે એમ છે. સૂર્યના તેજનો સરવાળો કરવાને કેની ચતુરાઇ (ચાલે) ૩૧.

તમારી તરવારના પાણીનું નિર્મળપણું હું શું વર્ણવું ? જેનાથી ઉત્પન્ન થયેલો જગતરૂપી છીપના સંપુટમાંના મોતી જેવો યશ, ચંદ્રમાની કાંતિને પામે છે. ૩૨.

ત્હારા ખડ્ગના પાણીનાં શું વખાણ કરીયે. જેમાં શત્રના માથાના વાળ જાણે ફરકતા એવા શેવાળ હોય તે વડે તે તેમાં મુકેલો રાજહંસ સરખો યશ શોભે છે. ૩૩.

ત્હારા ભુજમાં રમી રહેલા ધનુષનો શબ્દ સંગ્રામની હદમાં કોણ સહન કરી શકે, કે જે શત્રુઓના ઘરમાં સ્ત્રીઓના કકળાટના શબ્દથી સ્પષ્ટ થાય છે. ૩૪.

ત્હારી પ્રત્યંચાના શબ્દો વડે દિગ્ગજો પણ મદવોણા થાય છે. (અને તેથી) કાળા ભ્રમરોએ ત્યાગ કીધા છે તેથી જાણે દિશાને સ્વચ્છતાને પમાડે છે. ૩૫.

તું જેવા જીતનારા વિના અસાધ્ય સાધવાને ક્ષત્રીઓ અસમર્થ છે. જગતને પ્રલય સમય વિના સમુદ્ર બોળી દેવાને હિંમતવાળો થતો નથી. ૩૬.

જે તે ઉચ્ચ ગુણવાળાએ પોતાનું રાજ્ય મ્હોટા ભાઇને તૃણની પેઠે સોંપી દીધું; તેથી જગતમાં ત્હારૂં કીર્તિ રૂપી ચાંદરડું વજ્રલેપની પેઠે નિશ્ચળ થયું છે. ૩૭.

અથવા તું ત્હારી જમીનને શું કરે છે. તું આખી પૃથ્વીનો ધણી છે. સિંહ જે પર્વતમાં વસે ત્યાં તે મૃગરાજપણું પામે છે. ૩૮.

હે મ્હોટા શૂરવીર તું જે પૃથ્વીમાં વસે છે તે પૃથ્વી પુણ્ય ફળના પાત્રપણાને પામે છે. તે પૃથ્વીને કુત્સિત રાજાઓ કદરાઇથી (વ્યર્થ ધારીને) ત્યાગ કરે છે તે તું જેવા ગુણ થકી ઉજ્વળ એવા પતિને પામે છે. ૩૯.

હે વિક્રમાદિત્ય ત્હારી બ્હીકથી પર્વતની ગુફાના આશ્રયમાં લાજ ખોઇ બેઠેલા રાજાઓ રહેલા છે તેને પણ સંગ્રામની હદમાં ત્હારા ધનુષની પણછના થતા શબ્દના પડછંદા વડે ત્હારૂં ધનુષ પીડે છે. ૪૦.

ઉંચા પ્રતાપરૂપી અગ્નિવાળું મુખ ધારણ કરતું ત્હારૂં ખડ્ગ જાદુગર છે કે જે માનુષી માથાં કપાઈ ગયેલા શત્રુઓને દેવતાઇ માથાનો સમાગમ કરે છે. ૪૧.

ભારતાદિ વિષે ત્હારા જેવો પ્રતાપી અને ભાગ્યભૂમિ કોઈ સાંભળતા નથી, કે જે વિજયશ્રીને સંગ્રામમાં દર્શન માત્રમાં અન્યના સંગથી વિમુખ કરે છે. ૪૨.

શું રાજાઓના મુકુટના મણિ લોહચુંબકના સગા ભાઇ સરખા છે? કે જે દૂર રહેલી તારી તરવારને પાસેના માર્ગમાં ખેંચી લે છે તે. ૪૩.

ચોલ દેશનો રાજા તુંને શું ન કહે કે જેને તેં ઉજ્વળ ગુણવડે રાજી કરેલો છે; તે તારી સમૃદ્ધિને તું તૃણવત્ ગણે છે તે જોઇને સમૃદ્ધિ આપવાનું કેહેવાથી લજાય છે. ૪૪.

ઘનની ગર્જના જેવા અન્યના પોરસના ગુણ કાને પડે છે તોપણ જેમ રાજહંસણી માન સરોવરમાંથી ખસતી નથી તેમ તારી સ્તુતિ તેના મુખમાંથી ખસતી નથી. ૪૫.

કુળનું વિભૂષણ અને અદ્ભુત ગુણવડે ત્રણે લોકથી ચ્હડીયાતી એવી પોતાની કન્યાને તારા હાથ સાથે પ્રીતિવાળી કરીને તે સમસ્તને વંદ્ય થવાની ઇચ્છા રાખે છે. ૪૬.

એવાં તેનાં મનોહર વચન વડે કુંતળપતિ પ્રસન્નતાને પામ્યો, કેમકે આકરા ક્રોધરૂપી વિષના વેગની શાંતિ માટે એવા પુરૂષોની આગળ વિનયજ ઓસડ છે. ૪૭.

એ ચંદ્રમુખી કેવી હશે એવી ચિંતા તેના હૃદયમાં લાગી. કામી પુરૂષોમાં ખેંચેલા ધનુષવાળો કામ નિમિત્ત માત્ર જોયે છે. ૪૮.

હોઠના ભાગમાં મંદહાસ્યરૂપી વસ્ત્ર જાણે પથરાઇ રહ્યું હોય અને વાળની લટવાળા નયનવાળો પૂર્ણ ચંદ્રમા એ દાંતની કાંતિવડે જાણે સૂચના કરતો હોય એમ તેણે મનની પ્રસન્નતા જણાવી. ૪૯.

આવી સુજનતા જાણ્યા વિના મ્હેં જે ધનુષ વડે જે કાંઇ બોલચાલ કરી તેથી થએલી શરમથી મ્હારાથી માંડમાંડ બોલી શકાય છે. ૫૦.

સજ્જનો દોષ માત્રને તિરસ્કારી કાહાડી મનમાં ગુણજ ધારણ કરે છે. મેઘ સમુદ્રની ખારાશને દૂર કરીને જળ માત્ર ગ્રહણ કરે છે. ૫૧.

વારંવાર દિગ્વિજયના વ્યસનવાળા મ્હેં તેનું શું પ્રિય કર્યું છે તો-પણ તે મ્હારી ઉપર અતિશય રાજી રહે છે. ઉંચા અંતઃકરણવાળા પુરૂષોનું ચરિત્ર કોણ જાણે છે. ૫૨.

એ ઝાઝા ગુણરત્નવાળા અને સ્નેહથી પવિત્ર હૃદયવાળાનું ઇચ્છિત હું પાર પાડું છું. ઉલટો થવા ધારતો નથી માટે જે તેના મનમાં હોય તે કરે. ૫૩.

એ રીતે અમૃતના ઝરણરૂપી અને ચંદ્રના કિરણ જેવી નિર્મળ વાણી દેખાડતા **વિક્રમાંકને** એ પછી એ ભલો દૂત ભય ત્યાગ કરીને વિનંતિ કરે છે. ૫૪.

હવે તમારે બીજું શું કરવું ઘટે છે, દાનેશ્વરીપણું જે બતાવે છે તે તમે કર્યું. ચુલુક્ય કુલના રાજા યાચના કરનારાઓના માગેલા વિષયથી કોણ ઉલટું કરે છે. ૫૫.

મ્હારા ધણીને દગાખોર ન જાણતા હો, અને આ વાતમાં તમારા મનમાં ચોખવટ લાગતી હોય તો તુંગભદ્રા વડે ચિહ્નિત થયેલા પાસેના માર્ગમાં પાછા ફરીને પગલાં કરો. ૫૬.

ત્યાં એ શુદ્ધ હૃદયવાળો કેટલીક ચાલતી મજલ વડે પ્રતાપી એવા તમારી સાથે પર્વણીને દિવસે ચંદ્ર જેમ સૂર્યની સાથે તેમ પરિચય કરશે. ૫૭.

ધનુષ ધરીને એ ઠેકાણે (આવેલા) તમારે વિષે પ્રીતિદાન પણ ભીતિ-દાનપણાને પામશે અને તેથી ત્યાં તેનું વિલક્ષણપણું અને ગુણમાં પ-ક્ષપાતીપણું જાણવામાં આવશે. ૫૮.

આજ સુધી તેના વચનની અસત્યતા ક્યાંહી પણ લોકોએ જોઈ નથી. મ્હારા જેવાના અશુભપણાથી (કદિ ન કળ્યામાં આવે પણ) તમારા જે-વાને તો તે સ્પષ્ટ જણાશે. ૫૯.

ઈત્યાદિ વચનોએ વારંવાર આ ચતુરે સમજાવેલો એ (રાજા) ચોલ દેશના રાજાનું હૃદય જાણવામાં આવવાથી આગળ બતાવેલે નદી કાંઠે તે ગયો. ૬૦.

તે પછે તરત જ ચોળ દેશનો રાજા પણ ઉત્સવ કરીને કામદેવની પતાકા રૂપી અને હાસ્યવાળા મુખવાળી તે કન્યા સહિત શહેરમાંથી બહાર નીકળ્યો. ૬૧.

તેને કુંતલ રાજાના પુત્રની સાથે સંધિ (કરવાનો) બંધ નિશ્ચલ જોઈને મહાભય રૂપી પીડા શાંત જેની થઇ છે એવી પ્રજા પોતપોતાના ઘરમાં આદરવાળી થઈ. ૬૨.

દિગ્ગજોના કાન ફાડી નાંખે એવા તેના દુંદુભિના આકરા નાદથી ઐરાવત હાથીના નગારાનો શબ્દ થાતો હોય શું એવું આકાશ શોભી રહ્યું છે. ૬૩.

બધી બાજુથી કાનને આકરા લાગે એવા ફેલાઇ રહેલા દુંદુભિના નાદના પડછંદાને બ્હાને ચીઃકાર કરતા હાથીના ટોળાના ભટકાવાથી જાણે દિશાની ભીંતો ફાટી પડતી હોય (એવું જણાય છે.) ૬૪.

કાન ફડફડાવવાના પવનની લેહેરોથી ઠંડા બનેલા સુંઢમાંથી નીકળતા છાંટાના જળવડે, ભય થકી મૂર્છિત થઈ ગએલા આગળ પડેલા દિગ્ગજોને તેના હાથીની લંગરની લંગર જાણે (પાણી) છાંટતી હોય. ૬૫.

ત્યાં પૃથ્વી ઉપરની રજ ઉડીને હાથીના ધ્વજના વસ્ત્રના છેડાના ફડફડાટથી આઘી નીકળી જાય છે કે જેથી સૂર્યને દિગ્ભ્રમ થાય છે. (પોતાનો રસ્તો ચુકી જાય છે). ૬૬.

નિરંતર માર્ગમાં ચાલનારો સૂર્ય, પૃથ્વીની ધૂળને બ્હાને પશ્ચિમ પર્વતની વાંકી ચુકી તળેટીમાં પૂરણી પૂરવા સારૂ પોતાના રથમાં માટી ભેળી કરે છે. ૬૭.

ચંદન વૃક્ષની ઘટામાં ભેળી થએલી રજફુલની રજથી સુગંધી બનેલી તે ચોરાઇની ક્રીડામાં પથારીના ઉપયોગમાં આવ્યાથી દેવતાઓની વ્યભિચારી સ્ત્રીઓ રાજી થાય છે. ૬૮.

ફુલના મધુને રજથી દૂષિત થએલું જોઇને ભ્રમરો નંદન વનનો ત્યાગ કરે છે જેથી અંધકારના પડને બ્હાને વાદળ ભ્રમરોથી છાહી રહ્યું હોય એવું થઈ ગયું છે. ૬૯.

જીતનારા ઘોડાની સેનાની ખરીથી ખોદાએલી પૃથ્વીની ધૂળનાં પડથી માર્ગમાંનાં જે વાંકાંચુકાં સ્થળ પુરાઈ ગયાં તેથી તેની સેના સુભાગ્યપણાને પામી. ૭૦.

મનથી પણ ન ઉલ્લંઘી શકાય એવી ખાડાવાળી તળેટીની જમીનને કુદી જતા તેના ઘોડાઓ વડે બધી કોરથી ભુલા પડેલા [૧]વાતમૃગવાળી હોય એવી પૃથ્વી થઇ ગઈ. ૭૧.

તેણે શિલીમુખ (બાણ અને ભ્રમર) તથા જયા લતા (પણછ રૂપી વેલ અને પૃથ્વીની વેલ) તેની સમૃદ્ધિ વડે તે તે સ્થળે વિજયશ્રી માટે ક્રીડાના બગીચા કરી મુકયા. ૭૨.

ચાલ્યા વગર ન રહ્યા એવે કેટલેક દિવસે તે રાજા નદીયે પહોંચ્યો. કાર્યના સમૂહને પુરૂં કર્યા વિના બુદ્ધિવાળા પુરૂષોને નીંદર સાથે ઓળખાણ પણ કેવી (હોય) ? ૭૩.

એનો ખટલો શીતળ અને સ્વચ્છ તુંગભદ્રા વડે તરતમાં રાજી થયો. પણ જે કાંઇક પણ પાછળથી આવ્યા તેને ગારો બાકી રહેલું જળ મળ્યું. ૭૪.

દક્ષિણ સમુદ્રને કાંઠેથી આવેલી રજે જાણે ચાડીયાપણું કીધું હોય એમ તરત વચમાં પડીને તે સમુદ્રની સ્ત્રી (નદી) ને અવળી ગતિ વાળી કરી. ૭૫.

દરિયા કાંઠે ઘર કરી પડેલાં જનોને હરકત ન પડે એ રીતે એ સેના લાંબી થઇ. વચમાં લોકો એવી રીતે રાત રહ્યા કે જેથી રાજાના મ્હેલ સુધી પ્હોંચી જવાયું. ૭૬.

ચોલ (દેશનાં જનો) ના જળક્રીડામાં ન્હાવાથી મળેલા કપુર વડે ધોળી થઈ ગયેલી એ નદી હીમાચળની બખોલમાંથી નીકળેલી નદી જેવી શોભે છે. ૭૭.

ત્યાં દક્ષિણ કાંઠે સ્થિતિ કરીને પડેલો કુંતલદેશનો રાજા તેની સેનાને જોઇને હજાર આહવ (યજ્ઞ અને સંગ્રામ) માં દીક્ષા પામેલા (પોતાના) બાહુને નમન કરે છે, અને ચુંબન કરે છે. ૭૮.

૧. પવન સામું કુદનારૂં એક જાતનું હરણ.

દ્રાવિડ રાજાએ પણ ઉંચા હાથીવાળું તેનું સૈન્ય કૌતુકથી જોઇને કન્યાદાનના બ્હાનાથી અનર્થ રૂપી ગારાથી પોતાના રાજ્યને ઉદ્ધાર્યું માન્યું. ૭૯.

તે પછી યોગ્ય પુરૂષો મોકલીને તેઓએ પરસ્પર પ્રેમ ફેલાવ્યો તે સંગમ સહુ લોકોએ માન્ય રાખેલો એવો ગુરૂ પુષ્યના યોગ જેવો થયો. ૮૦.

મ્હારા શુભ કર્મે આ સાક્ષાત્ લક્ષ્મીપતિનાં દર્શન મને કરાવ્યાં એમ આંસુ ભર્યાં નેત્રવાળા એ રાજાએ કુંતળરાજાના પ્રભાવ થકી માન્યું. ૮૧.

તે પછી પગમાં પ્રણામ કરવાને તૈયાર થએલા એ દ્રવિડના રાજાને તેની કોઇ જાતની ઉતાવળથી રાજી થયેલા **વિક્રમાંક** રાજાએ હર્ષથી રોકયો. ૮૨.

(આ) શું કરો છો ? અધિક વયવાળા છો તેથી તમારૂં ચરણ-કમળ મ્હારા મસ્તક ઉપર મુકો. આજ (તરતજ) ઉત્પન્ન થયેલા નિર્મળ રત્નને શું અધિક વયવાળા માથે નથી ચ્હડાવતા. (દ્રવિડ રાજાએ જ-વાબ આપ્યો.) ૮૩.

એમ કહેતા અને હર્ષનાં આંસુથી અવિચ્છિન્ન ભરાઇ ગએલા નેત્ર-વાળા એનાથી કુંતળદેશના રાજા અતિશય આનંદને પામ્યા અને એ દ્રવિડ રાજાને બાથમાં ઘાલી લીધા. ૮૪.

તે પછી અર્ધાસન (આપવાના) વિવેકથી પૂર્ણ થએલા મનોરથ વાળાએ **ચોળદેશના** રાજા રાજાઓની પંક્તિની સભામાં માથાના મુગટના રત્નના તડકા રૂપ એ ભુતલેશ્વરને જણાવતા પોતાના દાંતની કિરણો વડે બોલ્યા. ૮૫.

(તમારાં) અંગ ચંદન રસથી પણ શીતળ છે અને (તમારો) આ યશવડે બાહુ ચંદ્રના પ્રકાશને બ્હાર કહાડે છે. તો હે **ચાલુકય** વંશના તિલક[1] દુષ્ટ રાજાઓને પરિતાપ કરવામાં શ્રેષ્ટ એવો તમારો પ્રતાપ કયાં વસે છે. ૮૬.

ધૈર્યનું ધામ અદ્ભુત ચરિત્રના ભંડાર અને અનવધિ કરૂણા રસના દૃષ્ટાંતની ભૂમિ એવા તમને તમામ આદિ રાજાઓને બનાવવાનાં રજકણના ઢગલા વડે બ્રહ્માએ રચ્યા છે. ૮૭.

---

૧. મૂળમાં **तिलकः** છે તે ખોટું છે. સંબોધન છે માટે વિસર્ગ ન જોયે.

ત્રણ લોકના ઘરેણારૂપ આ કન્યા, આ મ્હોટું સિંહાસન, આ મ્હારો આત્મા એ બધું ભેળું અથવા જુદું જુદું ગ્રહણ કરો અને એ પુણ્ય વડે મ્હારી યશની પતાકા પ્રસિદ્ધિ પામો. ૮૮.

ઇત્યાદિ ઘાટા પ્રેમ વડે દ્રવિડેશ્વરે મધુરતામાં મુખ્ય એવાં પદ વડે વારંવાર તેને કહ્યું ત્યારે તે ચુલુક્યના વિદ્યાધર રાજા ચોલસ્ત્રીની વાંકી એવી વાળની લટરૂપી દોલામાં (પોતાની) ચપળ એવી આંખને રમાડતા આનંદને પામ્યા. ૮૯.

ઇતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ બિલ્હણના કરેલા વિક્રમાંક દેવચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં પાંચમો સર્ગ સમાપ્ત થયો.



સર્ગ ૬ ઠ્ઠો.

ત્યાં ઘણા વૈભવ સહિત (પોતાની) પુત્રીએ ગુણનિધિ નૃપપુત્રને આપીને તે પરણનાર (ચાલુકય રાજા) ની માંડમાંડ રજા લઇને તે પછી ચોલ દેશનો રાજા (ત્યાંથી) ચાલ્યો. ૧.

કુંતલ દેશના રાજાના પુત્રે એ દ્રવિડ દેશના રાજાને પાર વગરનું નાણું આપ્યું. યશમાં જેને મજા પડી હોય તેવા અને ગુણમાં પ્રીતિવાળા પુરૂષોને ધનમાં તૃણના જેવી ગણના હોય. ૨.

પ્રસન્ન મનવાળો અને માનની સિદ્ધિ પામેલો એ રાજા ગયો ત્યારે ગુણનોજ એક પક્ષ કરનારો આ રાજા પગલે પગલે *ઉત્કંઠિત થયો. નિર્મળ (પુરૂષો)નાં મન ફુલના જેવાં કોમળ હોય છે. ૩.

દ્રવિડના રાજાની અદ્ભુત વાતોના વખતમાં એ રાજપુત્ર (તેના) ગુણમાં પ્રીતિમાન થઇ ગયો. મ્હોટી બુદ્ધિવાળાએ (પોતાનાં) લમણાં રોમાંચથી ભરી દીધાં. ૪.

(મ્હેં તેને કેમ જવા માટે મનાઈ કરી નહિ. હવે શું પાછો નેત્રના પરિચયમાં આવશે શું ? એમ સજ્જનનો શિરોમણિ એ કુમારે ઘણીવાર સુધી કાંઇક વિચાર કર્યો. ૫.

તેણે દ્રવિડ પતિની પુત્રીને ત્રિભુવનમાં દુર્લભ એવી સંપત્તિનું સ્થાન કરી. પ્રેમી જનને વિષે અને (પોતાની) સંતતિનો પણ અનુગ્રહ કરવાને શુભ અંતઃકરણ વાળાની મેહેરબાની પ્રસરે છે. ૬.

તે પછી રણના વેગવાળા વિલાસના કૌતુક વડે એણે યશના શિરોમણિની સ્થિતિ ધારણ કરતાં દુષ્ટ વિધિના દુરાગ્રહ થકી એકાએક દ્રવિડ રાજને ઇંદ્રલોક ગયા સાંભળ્યા. ૭.

કોમળ હૃદય, ગુણમાં પ્રીતિ અને અતિ મ્હોટા પરિચયથી એ રાજપુત્ર ચંદ્રમાના કિરણના જેવા ધોળા કપોલમાંથી ઝરતા આંસુવાળાએ ઘણીવાર સુધી વિલાપ કર્યો. ૮.

---

* આંહી મૂળમાં **उदकण्ठत:** પાઠ છે તેને બદલે **उदकण्ठत** જોઇએ.

દ્રવિડ દેશનું રાજ્ય વીંખાઇ ગયું એવી વાત તેને કાને પડી તેથી ખેદ સહિત કુટુંબવાળા **ચોલ** રાજપુત્રને સમૃદ્ધિનો અભિષેક કરવાને તે ચાલ્યો. ૯.

સૈકડો હાથીના કાનના ફડફડાટથી નીકળતા વાયુવડે ઠંડા કરેલા રાજાઓના યશને પીજાતો એ રાજા આદિપુરી કાંચી પહોંચ્યો. ૧૦.

મનોહર મેખળાના સમૂહના શબ્દરૂપી જયનાં નગારાંથી જેમાં કામદેવે ધનુષ્ય સજ્જ કર્યું છે, અને સુંદર કટાક્ષ રૂપી બાણનો વરસાદ વરસાવતું પુરસ્ત્રીઓનું મંડળ તેની આગળ (પ્રગટ થયું.+) ૧૧.

કોઇક (સ્ત્રી) જેના હોઠે કેસુડાંને હસી કાઢ્યાં છે તેણે (પોતાના મ્હોમાં રહેલી સોપારીની ફાડય પોપટના મ્હોંમાં મુકીને આંખને પ્રેમ આપનાર એ પુત્રને ચુંબનની ચતુરાઈ કહેવા લાગી. ૧૨.

અન્ય સ્ત્રી પડવાની બ્હીકને પણ ન ગણકારીને ન ચ્હડી શકાય એવી ઘરની ટોચ ઉપર ઉતાવળી ચ્હડી કામદેવના પરાક્રમથી વાસિત થએલી તરૂણ સ્ત્રીઓ મરણને પણ તૃણ સમાન ગણે છે. ૧૩.

બીજી સ્ત્રી વૃથા કલબલાટ કરીને રાજપુત્રના તરફના કટાક્ષને પામી ઉપાય જોવા માટે સ્ત્રીઓમાં કામદેવરૂપી ત્રીજું નેત્ર અવતરે છે. ૧૪.

હૃદયમાં જેણે સ્થાન કર્યું છે અને શુદ્ધ જેનો પ્રકાશ છે એવા રાજપુત્રે (હાર પણ એવો છે તેથી તેને) જાણે હલકો પાડી દીધો હોય એવા પડી ગએલા હારને ન ગણકારીને અન્ય સ્ત્રી હરિણના સરખાં ચપળ નેત્રવાળી ચાલી ગઈ. ૧૫.

છાતી ઉપર કામદેવના મુગટની લીલાને યોગ્ય એવા કોમળ પલ્લવના જેવા આકારવાળી નખલિપિને દેખાડતી અન્ય સ્ત્રી સુરતના વિમર્દને* સહન કરી શકવાપણું જાહેર કરે છે. ૧૬.

+ આંહી કરૂણા રસમાં શૃંગાર મિશ્રણ થયું છે એ ઠીક નથી લાગતું. **एषमेपीनस्तन**. ની પેઠે.

* મસંળાવું.

અન્ય શ્યામ કમળના જેવા સુંદર નેત્રવાળી સ્ત્રીનું મણિમય કુંડળ કાનમાંથી નીકળી જઈને ખભા ઉપર આવીને ગળામાંથી નીકળી ગએલા કામદેવના ચક્રની શોભા ધારણ કરે છે. ૧૭.

હાથ આવેલા ચૌલુક્ય રાજપુત્રને પ્રથમ જોવાના આશ્ચર્યથી ઉતાવળી થતી પુરસ્ત્રીઓને એ રીતે કામદેવનો લોભ પમાડનારો વિલાસ થયો. ૧૮.

એ નરપતિપુત્રને વળી કોપથી ફરકતા હોઠવાળી કોક સ્ત્રી કામદેવની લીલા પ્રગટ કરાય એ રીતે કાંઇક હાસ્ય લપિત ક્રોધ વડે આંખના ખુણાથી જોયો. ૧૯.

સુવર્ણની ઘરની વંડીમાં આવીને ઉભેલો રાજપુત્ર મેરૂ પર્વતની તળાટીની બખોલના મધ્યમાં રહેલા સૂર્યને હલકો કરી નાંખે છે. ૨૦

એમ કેટલાક દિવસ ઝાઝા વિલાસ સાથે શહેરની આસપાસની પૃથ્વીમાં વ્યતીત કરીને પગ તળે જેણે દુષ્ટોને દાબી દીધા છે એવો તે તેણે ગાંગકુંડપુર જોયું. ૨૧.

દ્રવિડ રાજાના પ્રતાપની બ્હીકથી સમુદ્ર જાણે કાંઇક આઘો ખસ્યો હોય અને તેમાંથી જેનું વિવાહનું મંગળ થયું નથી એવાં લક્ષ્મીનું આદિ ધામ જાણે બહાર નીકળ્યું હોય? ૨૨.

જે (પુર) આકાશમાં પ્હોંચેલા સોનાના કીલ્લાના મંડળ વડે શોભે છે તે જાણે દેવતાઓની સમૃદ્ધિના ભારથી હેમાચળમાં પેશી ગએલું સુરપુર હોય નહિ? ૨૩.

શત્રુઓના સૈન્યના સાથને વીખેરી નાંખીને એ રાજપુત્રે ત્યાં ચોલ રાજાના પુત્રને ગાદીએ બેસારીને દ્રવિડ સ્ત્રીઓનાં નયનરૂપી પસલા વડે જેની કાંતિ લૂટાય છે એવો એ એક મહિનો માત્ર રહ્યો. ૨૪.

ફરડા માર્ગોમાં જંગલના ધનુર્ધરોને રમત માત્રમાં વીખેરી નાંખીને જેણે તરંગ વડે વંદનની માળાઓ ઉત્પન્ન કરી છે એવી તુંગભદ્રા તરફ તે પાછો આવ્યો. ૨૫.

તે પછી દૈવયોગથી કેટલાક દિવસો ગયા. ત્યારે ચોલ રાજપુત્ર કે જે સ્વભાવથીજ વિરોધિ હતો તેની લક્ષ્મી આજીગ નામનો વેંગીનો રાજા લૂટી ગયો. ૨૬.

વળી એ કુટિલ બુદ્ધિવાળાએ શંકા લાવીને પછવાડે કોપ કરાવવા માટે એના સ્વાભાવિક વિરોધી **સોમદેવને** વધુ ચડાવ્યો (ઉશ્કેર્યો.) ૨૭.

સૈકડો સુભટોની સજેલી તરવારની ધારામાં ક્રીડા કરવાથી જેના ચરણકમળમાં ઘા પડયા હોય શું એથી જાણે લક્ષ્મી ન્યાયનિપુણો ઉપર પણ પગ મુકી શકતી નથી તો પ્રમાદીયો ઉપર તો કયાંથીજ મુકી શકે ? ૨૮.

કુત્સિત રાજાઓની બુદ્ધિ એવી રીતની ઉતરી જાય છે કે જેણે રાજ્યલક્ષ્મી તેનાથી દરીયાના કાંઠાના પર્વતમાં ભટકાએલા વ્હાણની પેઠે તરત છુટી પડી જાય છે. ૨૯.

આ નિરંકુશ એવા કળિયુગમાં પણ હથીયારના દેવતાનું હજી સુધી પણ એવું દૃઢ વ્રત છે કે જેથી એ અન્યાયને માર્ગે ચાલનારા બળવાન રાજાને પણ સંગ્રામમાં ભુલાવો ખવરાવી દે છે. ૩૦.

એ રીતે જતી રાજ્યલક્ષ્મીએ જેઓની બુદ્ધિ ચોરી લીધેલી છે એવા વગર વિચારે ઉતાવળ કરનારા બળેલા રાજાઓ મ્હોટી સેનાના અભિમાનથી શત્રુના પ્રતાપ રૂપી દીવામાં પતંગીયાની ગતિને પામે છે. ૩૧.

દ્વારપાળ પાસે સહુને મનાઈ કરાવવી એથી રાજાઓ બધુએ ઉજડજ જાણે છે પરંતુ એક ક્ષણ પણ એ સ્વાભાવિક મૂર્ખો પરલોકની ચિંતા કરતા નથી. ૩૨.

કુત્સિત બુદ્ધિવાળા પુરૂષો સ્ફાટિકની શિલાની ઘાટ બનાવટમાં દેવ બુદ્ધિ ધારણ કરે છે. એમ મનમાં લાવીને બળેલા રાજાઓ શિવજીના લિંગનો પણ મિથ્યા સ્પર્શ કરે છે. ૩૩.

અવિચ્છિન્ન હજાર સ્ત્રીઓના મધ્યમાં સ્થિતિ હોવાથી જાણે પુરૂષ વ્રત ખોઇ બેઠા હોય એવા એ રાજાઓ ડગલે ડગલે અતિ ભયભીત રહીને બધી બાજુથી ભય કલ્પ્યા કરે છે. ૩૪.

રૂધિરના ગારાવાળા સંગ્રામના મ્હોટા રસ્તાઓમાં એક પાસેથી બીજા પાસે વહી જનારી એ કોડીની રાજ્યલક્ષ્મી રાજાઓના હૃદયમાં પગ મુકીને તેઓને કલંકિત કરે છે. ૩૫.

એ લક્ષ્મી ગુણી અનેં અગુણી, સ્વજન અને શત્રુ, આપ્ત અને અનાપ્ત એમ વિચાર કરતી ખસી જવાના માત્ર ધંધાથી રાજાઓની બુદ્ધિમાં ફેરફાર કરી નાંખે છે. ૩૬.

કુટુંબમાં એક જ રાજ્યપદ પામે એ વિધિના લેખની વાત છે એવો મનમાં વિચાર કરતા નથી અને રાજાઓ રાજ્યના લોભથી કુળનો પણ નાશ કરે છે. ૩૭.

એ મ્હોટા મનવાળાએ મ્હોટેરા ભાઇનું શું બગાડયું છે કે જેણે એનો અપકાર કરવાની બુદ્ધિએ **ચોલ રાજીગ**ની સાથે સંધી કરી તે. ૩૮.

એ પછી રાજપુત્ર **વિક્રમાંકદેવ** ન્યાય છોડી દીધેલા **રાજીગ**ને મારવા સારૂ ચડ્યો. ત્યારે **સોમદેવ** પોતાના તમામ લશ્કર સાથે અતિ ત્વરાથી તેની પુંઠે પડ્યો. ૩૯.

જેના (હાથીઓના) અતિ મ્હોટા ગંડ સ્થળના મદના પંકમાં ઉત્પન્ન થએલી કમલીનીના પાંદડાની નકલ કરનારાં ભ્રમરનાં મંડળ પાછળ ચાલતાં કાળાં છત્રની બરોબરી કરે છે. ૪૦

અગણિત અંકુશ વડે દોડેલા જે (હાથીઓ) કાંઠા ઉપર (રહેલા) કુલાચળ પર્વત સાથે ભટકાયા તેથી એઓ જાણે નીકળતી ધાતુ (વાળી) નદીઓને બ્હાને મુખમાંથી અવિચ્છિન્ન લોહી નાંખતા હોય(એવા દીસે છે.) ૪૧.

જે (હાથીઓ) પોતાના એ દંતોસળમાંજ એક નિવાસ કરીને રહે એવી લક્ષ્મીને કરવા સારૂ, જાણે ઉપોઢ કૌતુકવાળા (પરણેલાના જેવાં કૌ-તકનાં ચિન્હ (મીંઢોળ વગેરે)વાળા તથા એક જાતની વ્યૂહ રચના કરેલા) તેણે હાથીઓએ (આ લક્ષ્મીનાં ઘર છે માટે) સ્મરણ માત્રને શરણે રહે (નાશ થએલાં) એવાં કમળવાળાં તળાવ ક્રોધથી કરી નાંખ્યાં. ૪૨.

જે (હાથીઓ) કાનને મીઠો લાગે એવો શબ્દ કરવાવાળા ભ્રમરનો ઉપકાર જાણે કરતા હોય એવી બુદ્ધિથી ઝાડ હલાવીને પાડેલાં ફુલ વડે મદના જળને વધારે સુગંધવાળું કરે છે. ૪૩.

જે (હાથીયો) પોતાના શરીરના ભારથી ગળક થતી પૃથ્વીને જાણે ઉંચા પર્વતો જેવા પોતે ઉપાડી રાખતા હોય એમ મદને લીધે મીંચેલી આંખવાળા કાંઇક મીજાજમાં ઉપાડેલી સુંઢવાળા થઇને ચાલતા થકા દેખાય છે. ૪૪.

(એવા) તેના મ્હોટા હાથીઓ રણરૂપી સમુદ્રને ડોળી નાંખવામાં ઉગ્ર પર્વતો હોય એવા જેની ઉપર યોદ્ધાઓ બેઠા છે, અને જેની સંખ્યા નથી એવા તે ઘણી મ્હોટી શોભા ધારણ કરે છે. ૪૫.

વજ્ર જેવા કઠિન લોઢાથી બાંધેલા બખતરવાળા અને બાણના કટકાઓથી કાંટા ભરાઈ ગયા હોય એવા જેના રથના જૂથ પોતાના સ્થાનની ફરશબંધી જમીનની પેઠે સંગ્રામની બાણ ફેંકવા લાયક જમીનને ઠેકી જાય છે. ૪૬.

વા નાંખવામાં ચંચળ એવાં પૂંછડાંના હાલવાથી નીકળતા પવનના સમૂહ વચ્ચે આવેલો પવન (રથે) ઉતાવળી ચાલથી જીતી લીધો છે, તોપણ ન દેખી શકાય એવો છે માટે શરમાતો નથી. ૪૭.

પોતાના રથને ઉપાડવાને માટે પસંદ કરેલા ઘોડાઓની મણિમય પલાણ ઉપર પ્રતિબિંબ* રૂપે બેઠેલા સૂર્યે પોતે તે ઉપર ચ્હડીને જાણે પરીક્ષા લીધી હોય. ૪૮.

અનુમાનમાં આણેલા દોડવાને લાયક એવો [1]વેગ અને પ્હોળી પૃથ્વી તે કેમ ન કરી એમ (મનમાં આણીને જે ઘોડા આકાશમાં (ચાલતાં) ફરકતી ખરી વડે જાણે બ્રહ્માને તરછોડતા હોય ? ૪૯.

જેના ઉપર અસવારો બેઠા છે અને જેને સહી રહેલાં સોનાનાં વિચિત્ર બખતર બાંધ્યાં છે એવા જેના ઘોડા પ્રત્યેક દિશામાં અગણિત પંક્તિઓ કરીને કયો સમારંભ ન કરે ? ૫૦.

તેની સેનાની કાળી શોભી રહેલી અને નિર્મળ તરવાર રૂપી લત્તાઓના સમૂહ વડે જાણે આકાશરૂપી પર્વતની તળેટી વેગવાળાં સૈકડો ઝરણાં ધારણ કરતી હોય શું એવી શોભે છે. ૫૧.

જણાએલાં મોરનાં પીછાં રૂપી ઘરેણાંની શોભાવાળી તેની ભાલાંની પંકિતઓ, ક્ષણ માત્ર પણ શત્રુની સેનાના યોદ્ધાઓનાં માથાનાં મંડળોથી ખાલી નહી એવી ક્યાં શોભા નથી પામતી. ૫૨.

---

* આંહી મૂળમાં **प्रतिफलन निभाः** પાઠ છે ત્યાં **निभाः** ને બદલે **निभात्** અથવા **मिषात** હોવું જોઈએ.

અથવા બહુ અદ્ભુત (વાતો) કહેવાની શી જરૂર ? જગતમાં એક મલ્લરૂપ (રાજા) નું સૈન્ય રણના રસથી ચાલેલું તેને જોઇને કેના ચિત્તમાં (સંકલ્પ) વિકલ્પ પ્રવેશ નથી કરતો. ૫૩.

ઉદાર બાહુવાળા એ રાજપુત્ર (**વિક્રમાંકદેવ**)ની પાસે ક્રમથી દ્રવિડનું સૈન્ય આવ્યું ત્યારે ઘણે દહાડે અપકાર કરવાનો વખત જેને મળ્યો છે એવો તે રાજા (**સોમેશ્વર**) પણ પાસે આવ્યો. ૫૪.

ગ્રહે જેને ઝડપી લીધો હોય એવા (પોતાના) મ્હોટા ભાઇને લડવામાં સામો જોઇને જેની આંખ આંસુથી ભરાઈ ગઇ છે, એવો **વિક્રમાંકદેવ** કાંઇને કાંઈ ઘણીવાર સુધી વિચારીને પછી આ પ્રમાણે જણાવતો હતો. ૫૫.

ઓહોહો ! આ અપકીર્તિ રૂપી ફળ દેનારૂં અનર્થનું બીજ અવિનય રૂપી રસના પૂરે ભરેલી વિરોધની સારણો વડે દુષ્ટ વિધિયે વાવ્યું છે. ૫૬.

કે જે હણાએલા ન્યાયવાળો આ મ્હારો મ્હોટો ભાઈ શત્રુની ઓથે આવ્યો છે તેને રણના મ્હોખરામાં ફરતો બાણો વડે કેમ વિચાર કર્યા વિના મ્હારે તેને વારવો ? ૫૭.

બાપની દોલતને પણ હું શત્રુ કરીને આંહી આવીને વસ્યો છે. તે હું હાલ આને કેમ હેરાન કરૂં. ઓહોહો ! આ મ્હોટો અનર્થ મ્હારા મનને પીડા કરે છે. ૫૮.

હું આંહીથી કાંઇક (કાળ) ખમી નીશરૂં, ગોત્ર વધ કરવાને આ મ્હારો બાહુ આગળ વધતો નથી. પરંતુ આ દુષ્ટ લોક મ્હારે માથે કાંઇક પણ અપયશ મુકીને રાજી થાય છે. ૫૯.

શુદ્ધ અંતઃકરણવાળો એ રાજપુત્ર એમ કલંક વગરની વાણી બોલીને યશ રૂપી ધનવાળા એમણે તેની પાસે ધીરે ધીરે વિનમણીનાં કયાં વચનો ન કહ્યાં. ૬૦.

તે તો સૈકડો સોગન વડે બધું પામીને અસત્ય વચનવાળો કુળ દૂષણપણાને પામ્યો. ક્ષણમાં મારવાની અનુકુળતા ખોળે છે. મલિન બુદ્ધિ વાળાના કઠિન ચરિત્રને ધિક્કાર (હોજો.) ૬૧.

---

૧. આંહી મૂળમાં **રવ** છે ત્યાં **जव** જોઇએ.

યશોનું વિરોધિ આ શું આવી બન્યું. સ્વર્ગમાં ગએલા મ્હારા પિતા શું કહેશે. એમ મનમાં આણીને નિદ્રા આવી ગએલા રાજપુત્ર (**વિક્રમાંક-દેવ**) ને શિવજીએ આજ્ઞા કરી. ૬૨.

હે વત્સ! તુંને આંહી મ્હોટા દેવકાર્ય માટે મ્હેં ગુણવાન જાણીને અવતાર લેવરાવ્યો છે. શુદ્ધ ધૈર્યના ધામરૂપ તાહારૂં મન આમ કેમ વિકલ્પના હીંડોળામાં વ્યર્થ હીંચકા ખાય છે. ૬૩.

તારા મ્હોટા ભાઈમાં મોહ પામવા માટે હાલ તલ જેટલું પણ સારૂં નથી, આ જગત્માં જેણે ઘણાં પાપ કર્યાં હોય તેનો આગળનો પણ પુણ્યનો સંઘરો નાશ પામે છે. ૬૪.

તો આંહી ભુવન મહોત્સવમાં શત્રુઓને મારવામાં ઉત્તમ ધનુષ્યવાળો થા, વારૂ ત્હારી પૃથ્વીમાં આ સ્થિતિ ધર્મ વિરોધિઓને મારવા માટે છે એ કેમ સંભારતો નથી? ૬૫.

જગત્નું ભરણ કરનાર ગિરિજાના પતિની એવી વાણી સાંભળીને એ જાગી ગયો. આ ચંદ્ર મૌલીનું વચન ઉલ્લંઘી ન શકાય એમ રણના કર્મમાં નિશ્ચય કરતો હવો. ૬૬.

પ્રહાર કરવાને તૈયાર થઈ રહેલાં અને બંને બાજુથી ફેલાતાં જતાં બંને સૈન્યને જોઇને તેણે ઘટિત સંગ્રામનો ભોગ લેવાના લોભથી જેમાં રૂવાડાં ઉભાં થયાં છે એવા એ ભુજ તરફ વારંવાર જોયું. ૬૭.

એ ઉગ્ર પ્રતાપવાળો અને જેણે વીરપુરૂષોએ કરેલા મૃદંગના ધીરા નાદ સાંભળ્યા છે એવો તે મંથાચળની ઉપર જેમ તેમ મદવાળા હાથી ઉપર ચ્હડીને વેગથી શત્રુની સેના રૂપી સમુદ્રને ડહોળવા લાગ્યો. ૬૮.

તે પછી હું પેહેલો, હું પેહેલો એ રીતે દોડતાં તેઓનાં સૈન્યની સાથે આનું સૈન્ય એ મ્હોટા નદના જળની સાથે જેમ સમુદ્રનું જળ મળે તેમ ભેળ્યું. ૬૯.

પડતી કાળી પતાકા વડે (તે રૂપ) મુખને ધ્વજ રૂપ ગરૂડ ચુંબન કરતો થકો, મ્હોમાં પકડેલો જેણે સર્પ છે એવા ગરૂડનું આદૃશ્ય કરતો હવો. ૭૦.

ઉંચાં મોતીનો મુગટ જ્યાં દર્શાય છે એવા હાથીના મસ્તક રૂપી સ્થળનો સંગ પામીને હાથીના ધ્વજથી ભ્રષ્ટ થયેલો સિંહ ખરેખરા સિંહની લીલા પામ્યો. ૭૧.

લોહીની નદીમાં જેમ તેમ પડીને હરફર કરતાં નિશાન રૂપી મત્સ્યોએ દેવતાની સ્ત્રીઓનાં નેત્રોને બનાવટી નહિ એવાં મત્સ્યોની ભ્રાંતિવાળાં કરી દીધાં. ૭૨.

રૂધિરના જમાવથી થયેલા ગારા વડે અતિ દુર્ગમતા પામેલી રણ ભુમિમાં તેણે આલંબનની ગરજ ન રહે એવું દેવતાની સ્ત્રીઓનું જવું પ્રિય કીધું. ૭૩.

ઘણા ઘા વાગીને મૂર્ચ્છા પામેલો માવધ પોતાના હાથીના પુંછડાના પવનથી શુદ્ધિ પામીને સામાવાળાના યોદ્ધાએ પાડ્યો છે છતાં એ મારનારનું વેર ન વાળી શકવાથી પશ્ચાત્તાપ પામ્યો. ૭૪.

એક યોદ્ધા પોતાની આગળ થએલું શત્રુવીર ચૂડામણિનું દલન તેથી ઉત્પન્ન થએલી રજ પોતાની આંખમાં પડી, જે તેને હાથીના દંતોશળથી ફાટેલી પોતાની છાતીમાંથી નીકળેલી રૂધિરની અંજળી છાંટીને કાહાડી નાંખી. ૭૫.

અન્ય યોદ્ધા મ્હોટા લડાઈના સંકટમાં શત્રુ યોદ્ધાને મારવાને લીધે જેનાં હથીયાર ખુટી ગયાં છે ને જેણે અગણિત મરણ કર્યાં છે તે વેગથી પ્રવેશ કરીને તેણે શત્રુના હાથમાંથી તરવાર ખેંચી લીધી. ૭૬.

વળી કોક યોદ્ધા પ્રાણ જવાને તૈયાર થઇ ગયા છે તોપણ અંદર પેશીને તેણે શત્રુ યોદ્ધાના માથામાં લાત મારી અને તેથી જન્મનું ફળ મળ્યું એમ માનતો હવો. મ્હોટા પુરૂષોને યશમાં પ્રીતિ હોય છે, દેહના પીંડામાં નથી હોતી. ૭૭.

કોક યોદ્ધા શત્રુને કાંટા વગરનો જોઇને પોતે છુટી ગએલા બખતર-વાળો છતાં ફરવા લાગો. વિમળ યશની લાલસાવાળા પુરૂષો ખળ પુરૂષનો થોડો અવકાશ પણ રહેવા દેતા નથી. ૭૮.

રૂધિરે ભરેલાં કપાળની પંક્તિમાં મદવાળો હાથી પ્રવેશ કરીને પોતાના કાન ફડફડાવીને જાણે આવેલા કાળનું પાન પાત્રમાં રહેલું આસવને ઠંડું કરતો હોય શું. ૭૯.

તરવારથી કપાએલો હાથીના કાનરૂપી પડીયો તે કપાળની છીપ ઉપર પડયો તે સંગ્રામ ભૂમિમાં કાળને મદિરા પીવાના ચષકના ઢાંકણાની શોભાને પામ્યો. ૮૦.

નિયમ વગરની વિજય લક્ષ્મી માટે ઘણા વખતથી ચાલેલા તે મોહોટા સંગ્રામના પ્રબંધમાં શત્રુ યોદ્ધાનું કપાળ ફાડવા સારૂ રાજપુત્રે હાથી ચલાવ્યો. ૮૧.

તે ક્ષણ ઉંચા ફડફડતા પતાકાવાળા દ્રવિડના સૈન્યમાં ફર્યો અને ક્ષણ મ્હોટાભાઇના સૈન્યમાં ફર્યો. એ (**વિક્રમાંકદેવ**) રણપૃથ્વીમાં જ્યાં જ્યાં ફર્યો ત્યાં ત્યાં શત્રુના યશને પીવા લાગ્યો. ૮૨.

તેનો હાથી પગવડે મ્હોટાં કપાળ કચરે છે તે વખતે જેને ઠામ નથી મળી શકતાં એવી પિશાચની સ્ત્રીઓની યોદ્ધાઓના રૂધિર રૂપી મદિરા પીવાની ક્રીડા તેણે વીંખી નાંખી. ૮૩.

સુગંધી કમળની કળીમાં ક્રીડા કરવામાં આસક્ત એવી લક્ષ્મી શત્રુ ઉપર પગ મુકે છે તેથી તે રાજપુત્રની તરવારની રેખા તે જાણે ભ્રમરની પંક્તિ તેને ચુંબન કરતી હોય એમ જણાય છે. ૮૪.

યમરાજાની પાનલીલાની નકલ કરનારી પાનલીલામાં પાનપાત્રરૂપ કપાળરૂપી છીપમાં હાથીના દાંતની હારની હાર પડીને ઢુંગા સારૂ જાણે મૂળા મુક્યા હોય એવી શોભા ધારણ કરે છે. ૮૫.

ચંચળ બાણરૂપી કટાક્ષની હાર વડે બે રાજાને વશ કરતી રાજ્યલક્ષ્મી નૃપપુત્રે સંગ્રામરૂપી આગેવાન રંગભૂમિમાં ઘણીવાર સુધી નચાવી. ૮૬.

ત્રિભુવનને ભયંકર લાગનારા ભુજવાળા રાજપુત્રનાં વજ્ર સરખાં સજેલાં બાણોથી ભેદાએલા હાથી ઉપર બેઠેલા શત્રુના વીરો જાણે પ્રણામ કરતા હોય એમ સામા પડે છે. ૮૭.

શત્રુ સેનાના યોદ્ધાઓના મુખરૂપી કમળને કચરવાની ક્રીડા કરતો એનો હાથી રણરૂપી તળાવને લક્ષ્મીએ હાથમાં ધરેલા કમળની કળીવાળું કરી મેલ્યું. ૮૮.

યોદ્ધાઓની ખોપરીઓ હાથમાં ધારેલી છે એવું, હાથીની ઘટાનાં ભયંકર હાડકાનો ઢગલો જેના ખોળામાં પડ્યો છે એવું, કાળે ખાતાં વધેલામ

પ્રીતિ રાખનારૂં, અને હજારો શિવા (શીયાલડી અને ચંડિકા) ને યોગ્ય એવું વિશાળ રણ કરી મુકયું. ૮૯.

પ્રતાપ વાળાનું પદ ધારણ કરનારને વધારે બીજું શું હોય તેણે રાજાની જોડને ભાગી નાંખી (જેમાં) દ્રવિડ પતિ કયાંક ભાગી ગયો, અને **સોમદેવ** બંધન ગૃહમાં દાખલ થયો. ૯૦.

એ બંનેનાં પ્રતાપ અને રાજલક્ષ્મી તે (**વિક્રમાંકદેવ**) ના ચરણ દ્વયમાં લોટી પડયાં. ત્રિભુવનમાં પૂજનીય બાહુના પરાક્રમ અને પૈસાની સમૃદ્ધિવાળાને શું અસાધ્ય છે. ૯૧.

સંગ્રામ દેવીની પૂજા જેણે કરી છે અને બંને રાજાની લક્ષ્મીએ જેનો અંગીકાર કર્યો છે, એવો એ (**વિક્રમાંકદેવ**) બખતર ઢીલું કરેલું છે એવો તે જેને કાંઠે પોતાનું કટક પડયું છે, તે તુંગભદ્રા નદી તરફ ચાલ્યો. ૯૨.

મ્હોટા ભાઇને આ બધું પાછું આપી દેવાની જેની બુદ્ધિ થઈ છે, એવાને શિવજીએ ક્રોધવડે અશરીરી વાણી વડે મનાઈ કરી. ૯૩.

મુખ વડે ઓળખાતાં એવાં રાજહંસોની રચના વડે જાણે કમળો શંખ વગાડતાં હોય તેવે વખતે, અને પ્રતિબિંબિત સૂર્યને બ્હાને ઘડી વડે જાણે નદી લગ્ન વેળા સાધતી હોય તેવે વખતે— ૯૪.

અતિ ઠંડાપણાને લીધે વાયુ આસકિત વડે કુલ નદીનાં પાણી જાણે કેમ ધારણ કરી રહ્યા હોય તેવે વખતે અને પવનને ભેળા કરેલા છાંટાને બ્હાને આકાશ જાણે કે ગંગાનું જળ છાંટતું હોય તેવે વખતે— ૯૫.

અતિ સ્વચ્છપણાને લીધે દીશાનાં મુખ કેતકી રૂપી મિત્રને પામેલાં છે તેથી જાણે કેમ હસતા હોય એવે વખતે અને આખા જગતનાં મન હર્ષના અવસરને લીધે જાણે કેમ ઉત્સાહવાળાં બન્યાં હોય તેવે વખતે— ૯૬.

મ્હોટા હાથીઓ ગર્જના કરતા જાણે ગંભીર દુંદુભિના શબ્દ કરી રહ્યા હોય તેવે વખતે અને જયારે ઘોડાઓ દરેક દિશામાં ધાડા શંખના નાદ જેવા મનોહર હર્ષભર્યા હણહણાટ કરી રહ્યા છે ત્યારે— ૯૭.

આકાશમાં દેવતાઈ દુંદુભિના નાદ પ્રસરી રહ્યા છે, ધણીનો લાભ થવાથી પૃથ્વીનો પરિતાપ દૂર થયો છે, તે સમયે ઘણી મુદતથી ચિત્તને પીંજનારા ચૌલુકય લક્ષ્મીના ક્લેશને હરી લેનારો અભિષેક **વિક્રમાંકદેવ** પામ્યો. ૯૮.

શ્રી ચાલુકય રાજપુત્રે ત્યાંજ[1] સારે દિવસે અતિ કરૂણા વડે નાનેરા ભાઇને મ્હોટી લક્ષ્મીનું પાત્ર બનાવ્યો. જેના ઘરમાં પરાક્રમ રૂપી ધન વડે વેચાતી લીધેલી આ લક્ષ્મી ખરેખર દાસી છે, એવા રાજાઓને આશ્રિતોનું પોષણ કરવામાં શું દુર્ઘટ છે. ૯૯.

ઇતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ શ્રી **બિલ્હણના** કરેલા **વિક્રમાંકદેવચરિત** મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલ ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં છટ્ઠો સર્ગ સમાપ્ત થયો.



---

૧ બુલર કહે છે કે તેને 'વનવાસ'નો સુબો બનાવ્યો અને તેના પ્રમાણમાં ૧૪ મા સર્ગનો ૪ થો શ્લોક આપે છે.

સર્ગ ૭ મો.

તે તમામ મુકી દેવા યોગ્ય શત્રુઓને પણ હણનારો અને મનોરથ પરિપૂર્ણ થવાથી યુદ્ધમાં મજા માનનારાએ ફરીફરીને દિશાઓમાં દિગ્ગજ બાકી રહ્યા એવી કરી. ૧.

રાજાઓનું મંડળ સમાપ્તિ પામ્યું ત્યારે ચાપદંડને ખોલીરૂપી બંદીખાનામાં જેણે પુર્યો છે એવો એ **(વિક્રમાંકદેવ)** ચોલદેશના પ્રતાપને ફરીથી ઠંડો કરી નાંખીને ક્રમે કરીને કલ્યાણમાં પેઠો. ૨.

એવા તાકડામાં કામદેવના બાણનો મિત્ર, વેલરૂપી સ્ત્રીને નચાવનારો સૂત્રધાર, કોયલના પંચમ સ્વરનું સ્થાન બતાવનાર, અને શૃંગારનો ભાઈ એવો વસંતઋતુ પ્રગટી નીકળ્યો. ૩.

વાયુ બધા શું શીત ઋતુના ભયથી ચંદન પર્વતની ગુફાની સીમમાં પેશી ગયા હતા કે જે હિમનો નાશ થયે તેમાંથી રાતે અને દિવસે નીકળ્યા કરે છે તે. ૪.

પવનનું ભક્ષણ કરનારા સર્પોને તેને રહેવાના સ્થાનનું દાન દેવા સારૂ જાણે કોપ કરીને ચંદન પર્વતના કુંજમાંથી નીકળીને વાયુઓ ઉત્તર દિશામાં જતા હોય. ૫.

રથે રહેલા ઘોડા ઘરડા થઈ જવાથી તેને બદલવા સારૂ જાણે ઉત્તમ ઘોડાની ઉત્પત્તિ (નું) સ્થાન (એવી) ઉત્તર દિશામાં સૂર્ય જતો હોય! ૬.

અહો! કેરલ દેશના વાયુને વસંતની સાથે કાંઈક કુદરતી ભક્તિ જણાય છે કે જે લાંબો માર્ગ વટોળીને બધે ઠેકાણે તેનો નોકર થઇને રહે છે તે. ૭.

ચંદનના પર્વતની ગુફાના બારને પાટય આડી દઈ દેવી જોઇયે, કેમકે વિયોગિનીને કાંટા સરખો એ વાયુ જેલનો ઘણી મુદત સુધી વાકેફગાર થાઓ. (જેલમાં પુરાઈ રહો.) ૮.

હે સખી! તારે દક્ષિણ તરફના વાયુને કઠણ વચનો વડે અપમાન પમાડવો નહિ. કેમકે (નહિંતર) તે કોપના નીસાસાના પવન વડે જાડો થશે અને ઉનો થઈ જશે. ૯.

એ દક્ષિણના વાયુને તેનું મૃગ (વાહન) બાણ વડે મારીને એના મુસાફરી અળસાવવી એમ ચંદનના પર્વતની ગુફામાં રેહેનારા ભીલ્લના રાજાને પ્રાર્થના કરવી જોઈયે. ૧૦.

અથવા છો રહી, વ્યર્થ છે એ દીનતા; કેમકે ભીલ્લ લોકોને વાયુ સાથે વેર કરવું પોસાશે નહી કેમકે કેલિના પ્રસંગમાં તે ભીલડીયોનો કામ દેવનો કલેશ મટાડે છે. ૧૧.

ચંદનના વાયુનો દુરાગ્રહ છે કે જે અન્ય ઋતુથી અવળો રહેછે તેને લીધે ચંદ્રોદય વડે જેમ શરદ્ઋતુનો પ્રદોષ કાળ અસહ્ય થાય છે તેમ વસંત પણ અતિ અસહ્ય થાય છે. ૧૨.

એ તે વિયોગિનીનું પાપ કે દક્ષિણના વાયુની સમજણ? કે જે એ દિશા ભૂલી જઇને કદી પણ ચંદન પર્વતની પછવાડે થઇને જતો નથી તે? ૧૩.

એ રીતે ફેલાતી સુગંધથી પુષ્ટ થએલા મલયના વાયુવડે ભોઇરામાં આંખ વીંચીને પડેલી પ્રિયને ઇચ્છનારી સ્ત્રીઓના પ્રલાપ ઘણા વખત સુધી થાય છે. ૧૪.

કામદેવરૂપી દેવનું વિમાન, રસ રૂપી રાજાની મેહેરબાની (અથવા પ્રસન્નતા અને વસંતનું સર્વ ઋતુનાથી વિશેષ ચિહ્ન એવી સ્ત્રીઓના હીંડોળાની ગમત શોભે છે. ૧૫.

હીંચકામાં બેઠેલાં વહુવારૂઓના નિતંબના ભારે જતાં આવતાં હીંચકાનાં દોરડાં જે ત્રુટતાં નથી તે કામદેવની ભાગ્યશક્તિ છે. ૧૬.

હીંચકામાં હાલતી પુરસ્ત્રીઓને ભેળાં મળીને વારંવાર જોતાં માણસોની ઉપર, કામદેવ, લક્ષ્યને બહુ મેદાન છે તેથી ન ચુકાય એવાં બાણો વડે વર્ષે છે. ૧૭.

હીંચકાની મજા વડે વિલાસવાળી સ્ત્રીઓ ઘણે દૂર જઇને વળી પાછી વળે છે તેથી આકાશરૂપી આંગણામાં હોવાથી અર્ધી મજા (હીંચકાખાઇને) દેવતાની સ્ત્રીઓની ભોગવે છે. ૧૮.

વિલાસના હીંચકાનું પાટીયું નિતંબ વિસ્તારને લીધે બધું ભરાઈ જાય છે તેથી સ્ત્રીની ચારે તરફ ધનુષ સંકોડીને કામદેવ પેશી શકે છે. ૧૯.

હીંચકા ઝુલતા હોય તે વખતે જે સ્ત્રીઓની સુંદરતા ખીલી રહે છે તેનું વર્ણન તો જો કામદેવ મેહેરબાનીથી કવિત્વ જાણતો હોય તો તે કરી શકે. ૨૦.

હીંચકામાં સ્ત્રીઓનું જે હિંચકવું, જે મોગરાનાં ફુલ અને જે લવિંગનો વાયુ એ (બધી) જગત્‌ને મોહ પમાડવા માટે દીક્ષા લીધેલા કામદેવના શરીરની મુખ્ય સંપત્તિ છે. ૨૧.

પગ લાંબા કરીને હીંચકામાં હીંચકતી અને જેનાં વસ્ત્રના છેડા ઉડી રહ્યા છે એવી સ્ત્રીઓનું જે જોવાનું મનોરથમાં પણ ન આવી શકે તે તરૂણ પુરૂષો જોઈ શકે છે. (આ વર્ણન ગુહ્ય ભાગોને માટે હશે.) ૨૩.

દૂર સુધી ઉંચે ચ્હડીને ફરી પાછી હેઠે આવતી સ્ત્રીઓ નિતંબ ભાગની જડતા દૂર થયે હીંચકાની મજા વડે શ્રમને જે જીતી શકી છે તેથી પુરૂષપણું પામવામાં ઉત્કર્ષ મેળવ્યો. ૨૩.

સ્ત્રીઓના કુચ સ્થળથી દબાઇ જાય છે અને પાછો શ્વાસના વાયુથી જીવતો થાય છે એવો મલય વાયુ વધુ કલેશ ભોગવે છે તેથી કામદેવના નોકરોમાં માન્ય થઈ પડયો છે. ૨૪.

વાગતાં લંગરવાળી સ્ત્રીઓ વડે વિલાસના હીંચકા જે પુરાઇ જાય છે તેણે જાણે ઉજડ હતી એવી કામદેવની રાજધાનીને વસંતઋતુ વસ્તીવાળી કરી મુકે છે. ૨૫.

સ્ત્રીઓની હીંચકાની ગમ્મતમાં કેરલ દેશનો વાયુ મુખ ચુંબે છે, વસ્ત્ર ખેંચે છે, અને ઘણીવાર સુધી નિતંબ રૂપી બિંબમાં વિસામો લે છે એમ તે નિરંકુશ થયો છે. ૨૬.

હીંચકાની મજા મ્હાલતી સ્ત્રીઓના ગીતમાં વનમાં વસનારી કોયલો શું શિષ્યભાવ પામી છે કે જે અવ્યક્ત પંચમ રાગની ચતુરાઇ પામી તે. ૨૭.

નિત્ય વનદેવીના સંગથી નજરબાગમાં રહેનારાં પક્ષીઓ વિલાસવાળી સ્ત્રીઓના હીંચકા ઉપર બેશીને તેણી સાથે બેધડક હીંચે છે. ૨૮.

બે હાથવડે મજબુત હીંચકાનાં દોરડાં જેણે પકડયાં છે એવી સ્ત્રીઓનાં ખુલ્લાં થઈ જતાં અને બંધ છુટી જતાં એવાં રેશમી વસ્ત્રની અંદર રહેલ્રા પેઢુના ભાગ ઉપર કાંઈક કામદેવ ખીલી નીકળે છે. ૨૯.

ઉતાવળા આવેલા પ્રિયોના બાહુ રૂપી પાશે વિયોગિનીનાં કંઠ રૂંધાઇ ગયાં છે તેથી યમની પાશને વૃથા બોલાવનારો વસંત લતાઓથી હાસ્ય પામ્યો.[1] ૩૦.

પાંદડાં અથવા પાલવથી પવન નાંખવાનું બંધ રાખવું અને પવન વગરના મકાનમાં રાખવું (એ બંને) વિયોગિનીની મૂર્છાના પ્રબંધમાં તે ઉતારવાનો એક નવો રસ્તો છે. ૩૧.

ક્રીડાના પોપટો અતિ હર્ષથી કોયલના શબ્દનું અનુકરણ કરે છે તેથી તેને વિયોગિનીયો છોડી મુકે છે. વખતે ગુણીના ગુણ [2]ગુણને માટે (ગુણ કરાવનારા) થાય છે. ૩૨.

હિમનો અવસર ગયો એમ બ્હાર રહેલા ભ્રમરોના શબ્દથી સાંભળીને જાણે એ વર્ષની કન્યાના મુખના સરખી કોમળ કાંતિવાળું કમળ ગારાના ઉદરમાંથી પ્રગટ થયું. ૩૩.

નવા દાંત ફુટી નીકળવા તેના જેવું સુંદર ડોલરનાં ફુલની કળીનું નિકળવું તે વડે વનસ્થળીના ખોળામાં બેઠેલો બાળ વસંત કોઈ પ્રકારની શોભા ધરે છે. ૩૪.

સુગંધિ શ્વાસ જેમાં બ્હાર નીકળે તેની પેઠે વારંવાર અતિશય વાતા દક્ષિણના પવનવડે ફુલરૂપી હાસ્ય અને દંતુડીવાળું ગભરૂ વસંતનું મુખ એ વનશ્રી જાણે ચુંબતી હોય. ૩૫.

પૃથ્વીરૂપ પાટી ઉપર (પડેલી) ફુલની રજ તેમાં ભ્રમરીના પગની પંક્તિની છાપ પડેલી છે તેથી તે ક્રમથી લીપી જ્ઞાન માટે જેણે અવસર લીધો છે એવા વસંતની જાણે અક્ષરમાળા વડે શોભતી હોય તેમ શોભે છે. ૩૬.

ઝાડની ઉપર ચ્હડે છે, ફુલના ઉકરડાની રજના પુંજમાં લોટે છે, લતાનાં ફુલરૂપી લુગડાં ખેંચે છે (એ રીતે) વનની સાથે ક્રીડા કરતો વસંત શું નથી કરતો. ૩૭.

---

૧ એટલે પ્રિયના હાથથીજ કંઠ રૂંધાણો એટલે યમના પાશની જરૂર પડી નહિ; તે બોલાવનાર વસંતને લતાઓ હસે છે.

૨ બંધનમાંથી છુટવું તે.

કળીરૂપી સ્તનવાળી લતારૂપી વહુને કુંપળાંરૂપી હોઠ આપવામાં (ચુંબન કરવામાં) ડાહ્યો, અને ઉન્મત્ત ભ્રમરરૂપ બંદી જનોએ ગાયેલી કીર્તિવાળો વસંત તરૂણાવસ્થામાં ચ્હડ્યો. ૩૮.

લીલા સહિત કામદેવના સામ્રાજ્યનો ભાર જ્યારે અંગીકાર કર્યો ત્યારે વસંતનો એક અવિચ્છિન્ન હાથ લવિંગનો વાયુ છે અને બીજો કોયલનો પંચમરાગ થયો. ૩૯.

દક્ષિણ વાયુએ પગલે પગલે ફુલની રજના જથ્થાના ઢગલા જે કર્યા છે તે તેના વસંતરૂપી હાથીને સુવાને માટે ધૂળની પથારી કરવાને માટે જાણે તેમ કરતો હોય. ૪૦.

વળગેલા ભ્રમરના શબ્દથી ભરાઈ રહેલું ડોલરનું નવું ફુલ તે વસંત માસના જન્મોત્સવમાં મંગળના શંખની લીલા ધારણ કરે છે. ૪૧.

હિમઋતુ ગયા પછી ઉનાશથી ખેદ પામેલો મલયાચળ ખરેખર શીતોપચાર સેવે છે કે જેથી વીંજણાની ઉપમાને પામેલાં ચંદનપત્રોનો પવન વાય છે. ૪૨.

કોમળ હૃદયવાળી સ્ત્રીઓના મનમાંથી ઉત્પન્ન થઇને ગાનના વેગે ભાગેલા કામદેવને જાણે જીવતો પકડવા માટે વાયુ તેની પછવાડે દિશાના મુખોમાં ભટકે છે. ૪૩.

લીલાનો અસ્પષ્ટાક્ષરવાળો **પંચમરાગ** જે વિયોગિનીઓના કંઠમાં પરવશ થયો થકો લોટે છે તેણેજ **કામદેવનું કામ** કર્યું. કોયલના પંચમનાદને તો પુણ્યવડે યશ (પ્રાપ્ત) થયો. એટલે કામિનીના કંઠના નાદેજ કામદેવનું કાર્ય સિદ્ધ થયું. ૪૪.

પ્યાદાઓને ચાલવા સારૂ (સંવર્ગણ ?) ચંપાના ફુલના ઢગલાની રચના વડે સ્મર રાજાનો સામંત વસંત જાણે હેમ પાથરતો હોય. ૪૫.

આંબાના ઝાડની મંજરી (મ્હોર) માં ફરે છે, નાના પ્રકારની કળિનાં મુખ ચુંબે છે જાણે સ્ત્રીયારાજ્યના મધ્યમાં રહ્યો હોય એવો ભ્રમર ક્ષણ [1]માત્ર પણ સ્થિર થઇ શકતો નથી. ૪૬.

---

૧. મૂળમાં **क्षणमेवमेव** છે ત્યાં **क्षणमात्रमेव** હોય તો સારૂં.

જેનો હાથ પરસ્પર ક્રીડા સમયે ભુજબંધ કરવામાં ત્રૈલોકયમાં વિલાસિઓનો આદિગુરૂ અને આસુપાલાના પાંદડારૂપ હાથને હલકો પાડી નાંખનાર એવા કામદેવને કોઇ સામો લડવૈયો મળતો નથી. ૪૭.

આસુપાલો, પુરસ્ત્રીના કોગળાની સુરાનો બોલશ્રીના વૃક્ષનો અભિલાષ જોતો થકો, પ્રિયાના પાદ તળનો પ્રહાર જેને પ્રિય છે એવા પોતાને અલ્પ વ્યસનવાળો જાણે છે. ૪૮.

કોયલના મનોહર નાદનો પ્રથમથીજ અભિલાષવાળો વસંત, રણકાટ કરતા ભ્રમરની પંક્તિરૂપ જેનાં કંકણ છે એવા આંબાના વૃક્ષની પંક્તિરૂપ ભુજાના પાંજરા વડે (પોતાના) મિત્ર કામને આલિંગે છે. ૪૯.

ઉઘડેલાં અને હારદોર ગોઠવાએલાં ચંપાનાં ફુલ વડે વિલાસના બગીચા જાણે વિયોગિની સ્ત્રીઓના કોળીયા કરી ગયા હોય તેથી જાણે તેના સોનાના કંદોરા પ્રકાશી રહ્યા હોય એવા શોભે છે. ૫૦.

વિયોગિની સ્ત્રીઓએ મર્મસ્થાનની પીડાથી આશ્ચર્ય વડે ઘુમરી ખાતા માથા ઉપર ઉછળતાં કુંડળની ભ્રાંતિથી જાણે શબ્દ[૧]ની સરખાઇને લીધે જાણે કોયલના કંઠમાં પાશ નાંખી હોય. ૫૧.

ઉગતા કેસુડાનાં ફુલ (કળી) રૂપ જેમાં આર (મ્હોટી સોઇ) છે એવો અને લીલા સહિત હલાવેલી ડાળરૂપ જેને પરોણો છે એવો દક્ષિણ દિશાનો વાયુ વિયોગિ જનોને નિયમ[૨]માં રાખવા સારૂ કામદેવની આજ્ઞાથી તૈયાર થયો. ૫૨.

વૃક્ષોરૂપી યોદ્ધાઓ પુષ્પોરૂપી બાણો ઉપરાઉપર વરસાવે છે તેવે વખતે વસંતરૂપી મદોન્મત્ત હાથી ઉપર બેઠેલો કામદેવરૂપી રાજા પ્રૌઢ[૩] થયો. ૫૩.

સોંપાતાં (અર્પણ કરાતાં) એવાં અદ્દ્ભુત ફુલનાં (ફુલરૂપી) અસ્ત્રો વડે વનને ચિત્રવિચિત્ર કરી નાંખનાર વસંત વડે દોરી ચડાવેલા ધનુષવાળો કામદેવ છે છતાં પણ તેણે ભાથાના ભાર તરફ મ્હો ફેરવ્યું. ૫૪.

---

૧. પોતાના અને કોયલના શબ્દ સરખા છે માટે.

૨. ગાડીવાન જેમ પરોણા તથા આરથી બળદને નિયમમાં રાખે છે તેમ.

૩. ઉત્કંઠિત.

શૃંગારવાળી સ્ત્રીઓએ ધોએલા દાંતની પંક્તિની ઉચ્છૃંખલપણે ઉછળતી કાંતિએ જાણે ચંદ્રમા ધોવાણો હોય તેથીજ જાણે તેનાં કિરણો નિંદા ન થાય એવી રીતનું સ્વચ્છપણું હળવે હળવે પામ્યાં હોય શું? ૫૫.

હે વસંત! તું જો કામદેવનો મિત્ર છે તો તે અંગ વગરનો છે અને તું કેમ અવિચ્છિન્ન અંગવાળો છે? પણ ત્હારા અંતરમાં રહેલું જાણ્યું (કે તું) બ્હાનો કાહાડીને વિયોગિનીના નાશ સારૂ આવ્યો છે. ૫૬.

હે વસંત? પ્રિયથી જે ખંડિતા* થયેલી છે તેનાં અખંડ પાપો વડે તથા વિયોગી વર્ગનો ક્ષય કરવામાં જે તેં દીક્ષા લીધેલી છે તેથી નક્કી તું મહા પાતકી છે એમ તર્ક કરીને શિવજીના નેત્રનો અગ્નિ તારો સ્પર્શ કરતો નથી. ૫૭.

શિવજીની સાથેની લડાઇમાં કામદેવને છોડીને ક્ષત્રીઓને ન છાજે એમ તું અવળું મ્હો કરીને ભાગી ગયો. હે ચંડાળ વસંત! હવે તું એ છિન્નાંગ થએલાની આગળ આંહી શું ઉભો છે? ૫૮.

મહાપાતકિ કોયલોને ત્હારો સંગ આંહી (નો આંહી) જ ફળવાન થયો, કે જે અર્ધ બળેલ ઉંબાડીયાના જેવા કાળા દેહવાળી થઇને લોકની બ્હાર× ફરે છે. ૫૯.

હે વસંત! તું દીઠેલા દોષવાળો છતાં પણ જે પાછો (તુંને) કામદેવે સંઘર્યો તેનું કારણ સાંભળ. સ્ત્રી વધનું પાપ સ્વીકારીને કોઇએ એ ભાર (ઉપાડવો) કબુલ કર્યો નહીં. ૬૦.

એ રીતના વિયોગના જ્વરથી જર્જર થએલી, અને વસંત માસની સમૃદ્ધિથી ઉદ્વેગ પામેલી સ્ત્રીઓનાં વસંત ઋતુ ઉપર વિચિત્ર પ્રકારની ઉક્તિનાં ચરિત્રો વારંવાર થાય છે. ૬૧.

જેણે માન છોડી દીધું છે એવી સ્ત્રીઓએ ડહાપણથી વિમુખપણાને ગંભીરતા અને અન્ય સ્ત્રીના દાંતના ડાઘને સૌભાગ્ય એમ જુવાનોના દોષને ગુણજ માન્યો. ૬૨.

---

* તે નામની એક નાયકા જે પોતાનો નાયક બીજી યુવતી સાથે લાગુ પડેલો જોઈ ઇર્ષ્યા કરે છે. (શ. ચિં.).

× કોયલ જે ગ્રામ્ય પક્ષી નથી તે.

માનની ગાંઠ્ય છોડવા સારૂ બધે ઠેકાણે કોયલોને કહી દીધું, અને ક્રીડા કરવામાં દક્ષિણના પવનોને ઉપરી ઠરાવ્યા, ત્રણ જગત્માં વિરહરૂપ વિઘ્નને મટાડવામાં ઉત્સુક એવા કામદેવના ચક્રવર્તીપણાનો કારભારી× વસંત ઋતુ અસાધ્ય કર્મ સાધવામાં તૈયાર થયો છે. ૬૩.

ભ્રમરોને ક્રીડાનું સ્નાન કરવા લાયક પુષ્પમાં મધુ ઉત્પન્ન થયું, કોયલના કંઠરૂપી કોતરમાં પંચમરાગ સ્થિરપણું ભોગવે છે. એક છત્રે જગત્નો જય મેળવવાની ઇચ્છાવાળા કામદેવનો ત્રૈલોકયને જીતી શકે એવો વસંત આશ્ચર્યકારક રીતે અકસ્માત્ યોદ્ધો થયો. ૬૪.

જગત્ના વિયોગિ વર્ગને દળી નાંખવામાં પ્રતિષ્ઠિત થયેલા ભ્રમરરૂપી ભાટોએ શૃંગાર રસના મિત્ર એવા વસંત ઋતુનાં જાણે બિરૂદ (વખાણ) બોલવા માંડ્યાં. ત્રૈલોકયના માનનો આગ્રહ ચોરી લેનારો કોયલનો નાદ (થવા માંડ્યો). હવે વધારેમાં જો કામદેવ પોતાનું ફુલનું ધનુષ કંપાવે તો. ૬૫.

બોલતી[1] કોયલથી કોપાયમાન થઈને (તે અટકાવવા સારૂ) ગલોલ મારવાનું શીખે છે, ચંદનના પવનના વાયુથી ખેદ પામીને મલયમાં દાવાનળની આકાંક્ષા રાખે છે અને વળી દુષ્ટ મનવાળી થઇને કામની સાથેની વસંતની મિત્રાઇ ત્રોડવાનું ખોળે છે. તું જ્યારે દુર્લભ થઇ પડ્યો છે ત્યારે સખી કયી કયી વાયડાઇ કરવાને નથી દોડતી. ૬૬.

વસંત જ્યારે કામદેવનો મિત્ર (પ્રગટ) થયો ત્યારે ભ્રમરસ્ત્રીને ક્રીડામાં કોગળો કરવાને યોગ્ય ડોલરનું મધુ તૈયાર થયું, દક્ષિણના પવનો શ્રમવડે કયાંઇ ક્ષણ પણ વિસામો લેતા નથી, પ્રત્યેક ક્ષણે ફુલની રજના ઢગલા ભ્રમરની ક્રીડાના પર્વત રૂપ થાય છે. તો આંહી વિરહિઓને જીવવાની શી આશા. ૬૭.

અગણિત પુષ્પોવડે ચળકતી એવી ભાડચની[2] કરણીને કયાં વૃક્ષો નથી પામ્યાં, ભ્રમરની પંક્તિવડે જગત્ ચળકી રહેલી તરવારની ધારમય

× મૂળમાં **મૈત્રી** છે ત્યાં **મંત્રી** જોઇયે.

૧ નાયક પ્રતિ દુતીનાં વચન છે.

૨ ભાડભુંજા (ધાણી દાળીયા વિગેરે બનાવનાર) ની ભાડય.

થઈ રહ્યું છે. ત્રૈલોક્યને અકસ્માત્ તીવ્ર ઘા કરવામાં ઘાટા ઉત્સાહવાળી જેની ભુજા ખાજવે છે એવો, કામદેવને જીતવાનાં શસ્ત્ર બનાવવાના કામમાં વસંત ઠીક તૈયાર થયો. ૬૮.

ચંદનના[1] પવનથી શૂન્ય એવી મલયની પછવાડેની પૃથ્વીની ઈચ્છા રાખે છે, નજરબાગમાંથી કોયલને હાંકી કહાડવાને સખીઓનો કલબલાટ કરાવે છે અને નજરબાગની પંક્તિના સુગંધનું આચમન કરી જવાને ભ્રમરોને સ્તવે છે. સુંદર ભ્રમરોવાળી સ્ત્રી ત્હારા વિયોગમાં જીવની રક્ષા માટે કયો ઉપાય નથી કરતી. ૬૯.

સિંહલદ્વીપની સ્ત્રીઓના મુખના પરિચયને લીધે મ્હોટા કર્પૂરની વાસવાળા મલયગિરિના પવન, દ્રવિડ દેશની સ્ત્રીઓની હીંચકાની રમતમાં ફરતા જે નિતંબ ભાગ, તેના સ્થળ પાસે જેનો વેગ શિથિલ થઇ જાય છે એવા થયા થકા સેવવાના યોગ્યપણાને પામે છે. ૭૦.

નાળીયેરીના ફળના કોતરમાં ખડખડતા પાણીને હાલક લોલક કરનારા, કાવેરી કાંઠાના તાડના ઝાડમાં ભરેલી સુરાવાળાં ઠામને ભટકાવવામાં ઉગ્ર, ખીલતી નીલી કેળના પરિચયથી ઠંડા બનેલા, અને દ્રાવિડ સ્ત્રીઓનાં કપૂરનાં જેવાં પીંગળાં લમણામાં લોટવાથી જેના વેગ ચોરાઇ ગયા છે એવા આ દક્ષિણ દિશાના વાયુ વાય છે. ૭૧.

(વૃક્ષની) ડાળ્યો ભ્રમરની પંક્તિરૂપ પ્રત્યંચા ચઢાવેલા કામદેવના ધનુષની લીલા ધારણ કરે છે અને પુષ્પ શું પુષ્પ ધનુષવાળા કામદેવના ત્રૈલોક્યને જીતનારાં એવાં અસ્ત્રપણું નથી ધારણ કરતું. હીંચકામાં હીંચકા ખાવાની રમતમાં હાલતી સ્ત્રીમાં અસ્ત્ર ચલાવતો કામદેવ હાલમાં ડોલતા નીશાન પાડવાનો ગર્વ ધારણ કરે છે. ૭૨.

ઉદમાદ કરતા ભ્રમરે પુષ્પના મધુવડે ક્રીડા સ્થળી ગારાવાળી કરી મુકી, વૃક્ષ બધાં ફુલના અતિશય ભારથી ભાંગી પડવાનો ભય બતાવવા લાગ્યાં, અને વસંતે ઉપરા ઉપર અસ્ત્રનો ખરચ કરવામાં કંજુસાઇ તજાવી

---

[1] નાયક પ્રત્યે દૂતીનાં વચન છે.

દીધી તેવે સમયે હાલમાં કામદેવ લક્ષ્ય અને અલક્ષ્ય બધે ઉપર બાણ ફેંકવામાં રસિયો બની ગયો છે. ૭૩.

નવા યૌવનમાં પ્રીતિવાળા વસંતે વિચિત્ર લિપિ લખી કાહાડી. કયી વનભૂમિ કટાક્ષની પેઠે હર્ષથી પુષ્પો નથી વરસાવતી. હીંચકામાં બેઠેલી સ્ત્રીની જાડી સાથળને અતિશય હલબલાવતા લંકાના વાયુને આ વખતે માનરૂપી વૃક્ષને ભાંગી નાંખવામાં શી વસમાણ નડે એમ છે. ૭૪.

રાવણના બગીચામાં ક્રીડા વૃક્ષોની તળેનાં સીતાજીના પગનાં એધાણમાં મળી જતા, કર્પૂર દ્વીપમાં વેલાથકી હાલતાં ઝાડની તળેની રજમાં ક્રીડા કરવામાં રસિયા, અને કરેલ દેશની સ્ત્રીઓના ક્રીડામાં પાન ચાવતાં શ્રમિત થએલા મુખનો શ્રમ હરનારા અને કામદેવરૂપી સુભટના જયની આકાંક્ષા રાખનારા, એવા દક્ષિણના વાયુ મોજ કરે છે. ૭૫.

જે આંબાના અંકુરના ગુચ્છાને ખાવા થકી કાનને અમૃત જેવા લાગવામાં શ્રેષ્ટ, અને જેની છાયા માત્ર સ્વીકારાય છે છતાં કામદેવના જય કરનાર બાણપણાને પામે છે, એવો એ પંચમ રાગ, સુકાતા તાળવારૂપી ગોખની સાંકડી તટીમાં ફરવાથી, કોયલના ગળાના બીલમાંથી પ્રગટ થાય છે. ૭૬.

એ રીતે બંદીજનો વિરહથી વિખુટી પડેલી હજારો સ્ત્રીઓએ મોકલેલા કામદેવના લેખનાં સારાં વાકયોથી મિશ્ર એવાં વસંત ઋતુનાં વર્ણનો વડે રાજાઓને પ્રસન્ન કરતા હવા. ૭૭.

ઇતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ બિલ્હણના કરેલા
વિક્રમાંકદેવચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા
ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં સાતમો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૮ મો.

કામદેવના મિત્રરૂપ એવા (વસંતના) સમયમાં ઉત્પન્ન થએલા નવા આશ્ચર્યવાળી વાત **વિક્રમરાજા**ના કાનની મિત્રાઇને પામી. (કાને પડી) ૧.

કે કામદેવના વિજયસ્થંભની પ્રશસ્તિ સરખી અને ત્રણ જગતની આંખને કામણ કરનારી **કરહાટ** રાજાની દીકરી છે. ૨.

તે વિદ્યાધરની કુમારી છે અને શિવજીની આજ્ઞાથી કોઇને માટે પણ સ્વયંવરનો મહોત્સવ કરે છે. ૩.

ચંદ્રની રેખા જેવી કાંતિવાળી એ (કુમારી)નું **ચંદ્રલેખા** નામ છે. (એ) કામદેવના મૃત્યુંજય મહામંત્રની મિત્રાઇને પામે છે (એટલે એ મંત્ર જેવી છે). ૪.

એ સૂક્ષ્મ અંગવાળી અંદરમાં રહેલા કામદેવના શૃંગારની કુળદેવતા છે (અને) વિલાસને લાયક વય ધારણ કરે છે. ૫.

તે સુંદર ભ્રમરોવાળીના પગના નખની પંકિત લાવણ્યના સમુદ્રમાંથી નીકળેલી રત્નની પંકિત હોય એવી શોભે છે. ૬.

(એના) સ્તનનો ભાર મને[1] મુખરૂપી ચંદ્રની કિરણને આડે આવે છે એમ જાણીને જાણે આંગણાની કમળવેલ તેના પગમાં ભરાણી હોય. ૭.

એ મૃગાક્ષીનું પાદદ્વય અમે અમૂલ્ય છઇએ તેની આગળ સોનાનાં એ નેપુર (તથા એ ક્રોડ તુલા સોનું) પણ કોણ માત્ર એવા રોષથી જાણે ચોતરફથી રાતું થયું હોય. ૮.

તેના પગના નખરૂપી રત્નોને જે અળતો ભૂંસવો તે સુખડનું ટીલું ભુંસીને ચંદ્રમાને ધોળો કરવા બરાબર છે. ૯.

(એ કુંવરીનાં) ચરણદ્વયનાં મત્તહાથિની ગતિ ચોરી લે છે એમાં શું વખાણ કરવાં (પણ) ઉઘડતા કમળમાંથી લક્ષ્મી (શોભા)ને હરિ લે છે એજ આશ્ચર્ય છે. ૧૦.

તેના પાદયુગલની અતિ નવાઈ જેવી રતાશને માટે આગલ્યા ભાગનાં પલ્લવો (કુમળાં પાંદડાં) અને આખા પગને માટે સામાં ઉદાહરણ કમળો છે. ૧૧.

---

૧ પદ્મવેલને.

માન સરોવરના મુકુટસમાન રાજહંસો ક્યાંહી જોવામાં આવે તો તેના (કુમારીના) પગની ગતિનું અંતર જોઇ શકાય. ૧૨.

નિતંબ (ના ભાર) વડે પીડા પામેલા તે સ્ત્રીના પાદયુગલે લીલા લંગરની હાર વડે જાણે ભૃકુટી ભાંગી હોય (વાંકી કરી હોય). ૧૩.

તે કુમારીની લાંબી એવી સોનાના લંગરની માળા વડે જાણે કેસરના ક્યારા જેના કર્યા હોય એવી સાથળરૂપી એ વેલ શોભે છે. ૧૪.

તેની એ સાથળે કેળના થાંભલાઓને પરાભવ પમાડ્યા છે. અત્યંત કોમળની સાથે જડે ક્યાં જયનું નગારૂં મેળવ્યું છે ? (જય પામ્યા છે ?) ૧૫.

સૂંઢનું સર્વસ્વ હરિ લેનારી તેની એ સાથળોનો વિચાર કરીને હાથી અસ્પૃશ્યતાને લીધે માતંગપણું (એક જાતના ચાંડાળપણું) ધારણ કરે છે એમ હું માનું છું. ૧૬.

એ ધોલાંના જેવા હોઠવાળી (કુમારી) ચંદ્રકાંતમણિની શિલા જેવું ધાટું અને કામદેવની એ ભુજાનાં વખાણ લખવાની પાટી જેવું નિતંબ મંડળ ધારણ કરે છે. ૧૭.

એ કુમારીના વધતા જતા નિતંબ મંડળે પીડા પમાડેલી છે માટેજ ત્રુટી ત્રુટી એમ વારંવાર મેખળા જાણે પોકાર કરે છે. ૧૮.

ભુજનો કબજો પૂર્ણ થતો નથી (ભુજના કબજામાં (બાથમાં) નથી આવી શકતાં, તેથી ખેદ સહિત તેની સખીઓ નિતંબને (કબજામાં લેવા સારૂ) મેખળારૂપી દોરડું બાંધે છે. ૧૯.

એના પેડુનું સ્થળ કામદેવની રંગભૂમિની બેઠક, શૃંગારનું સોનાનું આસનીયું અને લાવણ્યના સારનો ઢગલો છે. ૨૦.

તેના નિતંબની વૃદ્ધિ તેની દાસીઓ નીંદે છે કેમકે (તે) મેખળાની નવી નવી ગાંઠો બાંધીને અકળાઈ ગઈ છે. ૨૧.

નિતંબના ભારે એ ગોરાદે પણ બહુજ ખીજાય છે કેમકે રમતમાં ઠણુકા કરવા વગર દડો (કોક પાસે) ફેંકાવે છે. ૨૨.

તેના પેડુના ભાગનો બોજો વિસ્મયસ્થાન થઈ પડ્યો કેમકે જેને લીધે એ સ્ત્રી કામદેવનું દૂર પહોંચનારૂં બાણ થઇ પડી. (?) ૨૩.

મેખળાનાં મણિની કાંતિથી બીનેલી અંધારાની રેખા હોય શું એમ એની કાળી રોમાવળી નાભિના ખાડામાં પેઠી છે. ૨૪.

સ્તનના ભારની ઊંચાઇમાં તેની રોમાવળી નિતંબ રૂપી નીલમની પૃથ્વીમાંથી નીકળેલી રત્નની સળી હોય એવી શોભે છે. ૨૫.

નાભિના સંગે કરીને એ ગોરાંદેની રોમમંજરી કામદેવના સોનાના કડામાંથી નીકળેલી લાખની ધાર હોય એવી શોભે છે. ૨૬.

નાભિના કુંડાળા સાથે જોડાએલી એ સ્ત્રીની રોમાવળી જાણે કામદેવરૂપી હાથીની બ્હેડી સાથે સાંકળ કેમ હોય એવી શોભે છે. ૨૭.

એ વિલાસિનીની રોમાવળી જે નાભિ મંડળમાં પેઠી છે તેઓની કેટલી ઉંડાઇ છે તેનું તાત્પર્ય જાણે કેમ જાણતી હોય ? ૨૮.

કામદેવ જ્યારે ધનુષ ઉપર ભાર દઇ ઊંચાં સ્તન ઉપર ચ્હડયો ત્યારે તે ધનુષની અણી બેશી જવાથી તેનું એંધાણ તે સ્ત્રીની નાભિ થઇ. ૨૯.

હું માનું છું કે (એ) સ્ત્રીને ઘડવામાં જ્યારે લાવણ્યસાર પૂરો થઇ રહ્યો (ખૂટયો) ત્યારે બ્રહ્મા જાણે નાભિનો ખાડો પૂર્યા વિના (ભરવો અધુરો રાખીને) જતા રહ્યા. ૩૦.

રોમાવલિ જાણે યૌવનની શ્રી કામના ચક્રવર્તિપણાનો હુકમ લખતી હતી ત્યાં તેની નાભિના ખાડામાંથી શાહી ઢોળાણી તેનો રેલો ચાલ્યો હોય? ૩૧.

જાણે કામદેવ રાતમાં ઉંડા નાભિના ખાડામાં પડી જવાની બ્હીકથી તેની રોમાવલી ઉપર હળવે હળવે પગ મુકતો હોય ? ૩૨.

મૃગના બચ્ચાના જેવી આંખવાળી (એ કુંવરી)નો મ્હોટા મોતીનો હાર નાભિમાં (ભરેલા) લાવણ્યના પાણીના રેંટના નાડા જેવો શોભે છે. ૩૩.

સ્તનના ભાર માટે ભાંગી પડવાની શંકાવાળા કટિ ભાગે ત્રણ વાટાને બ્હાને જાણે કટાક્ષની પંક્તિ કરી હોય. ૩૪.

તેના ત્રણ વાટાના માર્ગની પગથી ચ્હડવાનો શ્રમ, કામદેવ અંગ વગરનો છે તેથી એક રતિનાજ કળ્યામાં આવ્યો. ૩૫.

દુઃખે ચ્હડી શકાય એવા તેના સ્તન તટને પડતો મુકીને કામદેવના રથને ચાલવા સારૂ તેની ત્રિવલી રૂપી માર્ગની પંક્તિ કરી હોય શું ? (જેમ ડુંગર ઉપર ચ્હડવાને આડી સડક (આબુની ઉપર જેમ બાંધે છે તેમ) ૩૬.

દરિદ્ર (પાતળું) પેટને જોઇને રૂપ સમૃદ્ધિથી પરિપૂર્ણ એવાં બે સ્તનનો માર્ગ ત્રણ વાટા (આડા) મૂકીને બ્રહ્માએ વિષમ કરી મુકયો. ૩૭.

તેની ત્રિવલી (વાટા) સ્તનની ઉંચાઇને ક્રમે ઉપરા ઉપર જાણે હારના દણ પડ્યા હોય શું એવી શોભે છે. ૩૮.

સ્રીને મધ્યમાં (કટિભાગમાં) પાતળી કરી છે એ ઠીક છે કેમકે કામદેવ ધનુષ કરવા માટે (અહીંઆંજ) મુઠીથી પકડીને (સહુને) પીડે છે. ૩૯.

સ્તન ભાર મુકવામાં વ્યગ્ર દીસે છે અને મેખળા કલકલ કરી રહી છે તો તેના મધ્યનું કૃશત્વ (દુબળા થઈ જવું) કહી દીશામાં સકારણ નથી. ૪૦.

આશ્ચર્ય છે કે તે (કુમારી) ના મારગ વગર એ સ્તનના મધ્ય ભાગમાં ક્રીડાએ કરીને કુંડલાકાર કરેલું અતિ તીવ્ર એવું કામદેવનું ધનુષ શોભે છે. ૪૧.

એ ચકોરાક્ષી (પોતાનું) કુચદ્વય હરફટીના ભાગને ચુંબન કરતાં રહે છે તેથી કોઇ મશ્કરી કરે તે ટાંણે લાજને લીધે નીચું મ્હોં કરીને ઉભી શકતી નથી. ૪૨.

હું શંકા કરૂં છું કે તે (કુમારી) નું મન કામદેવ વગર મ્હેનત વશ કરી શકે એમ છે કેમકે તેની કઠણાઇ તો બ્હારજ છે અને તે બે સ્તને ધારી છે. ૪૩.

તે (કુમારી) સ્તનરૂપી બે હાથ જોડીને પ્રથમજ આવેલો કામદેવ જે યૌવનશ્રીનો બંધુ છે તેને પોતાની સામો કરતી હોય શું ? ૪૪.

બે સ્તનનો દોષ માફ ન થઈ શકે એવો છે કેમકે તે કંચુકીના આવરણમાં (ઢંકાવામાં) આવતાં નથી. ૪૫.

એનાં બે કુચ પાસે હાથીનાં કુંભસ્થળ માત્ર દંભજ કરવાવાળાં છે અને કલશનું કૌશલ (ચતુરાઇ) મંદ પડી ગઇ છે તેમજ ચક્રવાક દરિદ્રી જણાયાં છે. ૪૬.

તેનાં સ્તન મુખરૂપી ચંદ્રની કાંતિના પૂરથી વારંવાર ભીંજાતાં રહે છે તેથી જાણે ટાહાડથી બ્હીતાં હોય એમ એક બીજાને ભરાઇને રહ્યાં છે. ૪૭.

તેનાં સ્તન ખરેખર કાંઇક કામદેવનું વ્રત કરતાં જણાય છે કેમકે જે નિત્ય માથાના મણિરૂપી સૂર્યની સામું જોઇ રહે છે. ૪૮.

તે અધિરાક્ષી ન ઉપાડી શકાય એવું પણ સ્તન મંડળ ધરી રહી છે. કામદેવ ગર્વના પર્વત ઉપર ચ્હડી બેઠો છે એ આશ્ચર્ય છે. ૪૯.

તેના ઉંચા સ્તનની છાયા ત્રિવલીના ભાગ ઉપર પડે છે તે જાણે મુખચંદ્ર ન દેખી શકે એમ અંધારાની રેખા છુપીને રહી હોય ? ૫૦.

એના કંઠ રૂપી સુવર્ણ ઉપર જે ત્રણ રેખા છે તે જાણે આ (કંઠ) મધુર ધ્વનિવાળું હોઇને ત્રણ ગ્રામનો ભંડાર છે એમ જણાવવા જાણે ત્રણ સૂત્ર બાંધ્યાં હોય. ૫૧.

એ (એ કુમારીનો કંઠ) મ્હોટા મોજાવાળા લાવણ્યના સમુદ્રમાંથી કામદેવને જગત્ જીતવામાં મંગળનો શંખ છે. ૫૨.

કાનને માટે અમૃતના ઘુંટડા રૂપ જે અસ્ફુટ અને મધુર એવાં (તેનાં) ગાયન વડે સારંગીના પંચમ સ્વરનો કંઠ કુંઠિત ચતુરાઇવાળો થઈ ગયો. ૫૩.

એ વિસ્તીર્ણ નેત્રવાળીના હાથ કામદેવના ધનુષમાં અશોકના પલ્લવ રૂપી અસ્ત્રના પ્રતિનિધિપણાને પામ્યા. ૫૪.

હે અધિરાક્ષિ ! તારે હુંને મુખચંદ્રમાંની સામું ધરવું નહિ એમ જાણે કરીને ક્રીડાના પદ્મે તેના હાથમાં કાંતિ સોંપી. ૫૫.

એના હાથમાં આયુષ્યની રેખા અને કામદેવના ડહાપણના ગર્વનો નિર્વાહ કરવાની આશાએ બંને બ્રહ્માએ ઘણાં લાંબાં કર્યાં છે. ૫૬.

એ ગોરાદેનું સોનાનું કાંકણ એના હાથની શોભામાં મળી ગયું તે સખીઓએ ગળેબંધ લેતાં કઠીન લાગ્યું તેથી (છે એમ) અનુમાન કર્યું. ૫૭.

એ બિંબોષ્ઠીની કળાઇમાં જે સોનાનું કાંકણ છે તે બલોયા જેવું નહીં પણ સોનાના કમળ જેવું શોભે છે. ૫૮.

સોનાનાં કાંકણની હાર વડે તેના બાહુરૂપી કેળ એવી શોભે છે કે જાણે કામદેવે ભાથા ઉપર ચંપાની પણછ કેમ વીંટી હોય. ૫૯.

એ હરિણાક્ષીની આંગળી વડે વીંટીની પંકિત તે જાણે કામદેવના બાણે ઉપરા ઉપર નાની નીશાનની હારડી પરોવી હોય એવી શોભે છે. ૬૦.

દરિદ્ર (પાતળું) પેટને જોઇને રૂપ સમૃદ્ધિથી પરિપૂર્ણ એવાં બે સ્તનનો માર્ગ ત્રણ વાટા (આડા) મૂકીને બ્રહ્માએ વિષમ કરી મુકયો. ૩૭.

તેની ત્રિવલી (વાટા) સ્તનની ઉંચાઇને ક્રમે ઉપરા ઉપર જાણે હારના દણ પડ્યા હોય શું એવી શોભે છે. ૩૮.

સ્ત્રીને મધ્યમાં (કટિભાગમાં) પાતળી કરી છે એ ઠીક છે કેમકે કામદેવ ધનુષ કરવા માટે (અહીંઆંજ) મુઠીથી પકડીને (સહુને) પીડે છે. ૩૯.

સ્તન ભાર મુકવામાં વ્યગ્ર દીસે છે અને મેખળા કલકલ કરી રહી છે તો તેના મધ્યનું કૃશત્વ (દુબળા થઈ જવું) કહી દીશામાં સકારણ નથી. ૪૦.

આશ્ચર્ય છે કે તે (કુમારી) ના મારગ વગર બે સ્તનના મધ્ય ભાગમાં ક્રીડાએ કરીને કુંડલાકાર કરેલું અતિ તીવ્ર એવું કામદેવનું ધનુષ શોભે છે. ૪૧.

એ ચકોરાક્ષી (પોતાનું) કુચદ્વય હરફટીના ભાગને ચુંબન કરતાં રહે છે તેથી કોઇ મશ્કરી કરે તે ટાંણે લાજને લીધે નીચું મ્હોં કરીને ઉભી શકતી નથી. ૪૨.

હું શંકા કરૂં છું કે તે (કુમારી) નું મન કામદેવ વગર મ્હેનત વશ કરી શકે એમ છે કેમકે તેની કઠણાઇ તો બ્હારજ છે અને તે બે સ્તને ધારી છે. ૪૩.

તે (કુમારી) સ્તનરૂપી બે હાથ જોડીને પ્રથમજ આવેલો કામદેવ જે યૌવનશ્રીનો બંધુ છે તેને પોતાની સામો કરતી હોય શું ? ૪૪.

બે સ્તનનો દોષ માફ ન થઈ શકે એવો છે કેમકે તે કંચુકીના આવરણમાં (ઢંકાવામાં) આવતાં નથી. ૪૫.

એનાં બે કુચ પાસે હાથીનાં કુંભસ્થળ માત્ર દંભજ કરવાવાળાં છે અને કલશનું કૌશલ (ચતુરાઇ) મંદ પડી ગઇ છે તેમજ ચક્રવાક દરિદ્રી જણાયાં છે. ૪૬.

તેનાં સ્તન મુખરૂપી ચંદ્રની કાંતિના પૂરથી વારંવાર ભીંજાતાં રહે છે તેથી જાણે ટાહાડથી બ્હીતાં હોય એમ એક બીજાને ભરાઇને રહ્યાં છે. ૪૭.

તેનાં સ્તન ખરેખર કાંઇક કામદેવનું વ્રત કરતાં જણાય છે કેમકે જે નિત્ય માથાના મણિરૂપી સૂર્યની સામું જોઇ રહે છે. ૪૮.

તે અધિરાક્ષી ન ઉપાડી શકાય એવું પણ સ્તન મંડળ ધરી રહી છે. કામદેવ ગર્વના પર્વત ઉપર ચ્હડી બેઠો છે એ આશ્ચર્ય છે. ૪૯.

તેના ઉંચા સ્તનની છાયા ત્રિવલીના ભાગ ઉપર પડે છે તે જાણે મુખચંદ્ર ન દેખી શકે એમ અંધારાની રેખા છુપીને રહી હોય ? ૫૦.

એના કંઠ રૂપી સુવર્ણ ઉપર જે ત્રણ રેખા છે તે જાણે આ (કંઠ) મધુર ધ્વનિવાળું હોઇને ત્રણ ગ્રામનો ભંડાર છે એમ જણાવવા જાણે ત્રણ સૂત્ર બાંધ્યાં હોય. ૫૧.

એ (એ કુમારીનો કંઠ) મ્હોટા મોજાવાળા લાવણ્યના સમુદ્રમાંથી કામદેવને જગત્ જીતવામાં મંગળનો શંખ છે. ૫૨.

કાનને માટે અમૃતના ઘુંટડા રૂપ જે અસ્ફુટ અને મધુર એવાં (તેનાં) ગાયન વડે સારંગીના પંચમ સ્વરનો કંઠ કુંઠિત ચતુરાઇવાળો થઈ ગયો. ૫૩.

એ વિસ્તીર્ણ નેત્રવાળીના હાથ કામદેવના ધનુષમાં અશોકના પલ્લવ રૂપી અસ્ત્રના પ્રતિનિધિપણાને પામ્યા. ૫૪.

હે અધિરાક્ષિ ! તારે હુંને મુખચંદ્રમાંની સામું ધરવું નહિ એમ જાણે કરીને ક્રીડાના પદ્મે તેના હાથમાં કાંતિ સોંપી. ૫૫.

એના હાથમાં આયુષ્યની રેખા અને કામદેવના ડહાપણના ગર્વનો નિર્વાહ કરવાની આશાએ બંને બ્રહ્માએ ઘણાં લાંબાં કર્યાં છે. ૫૬.

એ ગોરાદેનું સોનાનું કાંકણ એના હાથની શોભામાં મળી ગયું તે સખીઓએ ગળેબંધ લેતાં કઠીન લાગ્યું તેથી (છે એમ) અનુમાન કર્યું. ૫૭.

એ બિંબોષ્ટીની કળાઇમાં જે સોનાનું કાંકણ છે તે બલોયા જેવું નહીં પણ સોનાના કમળ જેવું શોભે છે. ૫૮.

સોનાનાં કાંકણની હાર વડે તેના બાહુરૂપી કેળ એવી શોભે છે કે જાણે કામદેવે ભાથા ઉપર ચંપાની પણછ કેમ વીંટી હોય. ૫૯.

એ હરિણાક્ષીની આંગળી વડે વીંટીની પંકિત તે જાણે કામદેવના બાણે ઉપરા ઉપર નાની નીશાનની હારડી પરોવી હોય એવી શોભે છે. ૬૦.

તે સોનાના કડા સહિત પદ્મનો ચોર એવો હાથ ધારણ કરે છે તે જાણે પદ્મિનીના પતિ (સૂર્ય) નાં કિરણોએ મૂળમાંથી વીંટી કેમ લીધો હોય. ૬૧.

તે બાળાના હાથમાં કાંકણની હાર શોભે છે તે જાણે મનરૂપી હરિણને બાંધવા સારૂ કામદેવની પાશની ગુંચ્છળીઓ કેમ હોય. ૬૨.

એ કૃશાંગીના (બે) ભુજ કુચ ભારે આઘા ખસેડી નાંખ્યા છે તે જાણે બોલકી બલોયાંની પંક્તિને ધારણ કરે છે તેથી તેની સાથેના કજીયા સારૂ હોય શું. ૬૩.

જ્યારે એ ચંચળ નેત્રવાળીના બે બાહુની રેખા સરળ (પાંશરી અને સાલસવાળી) છે ત્યારે અણસમજુ નહિ એવી કમલિનીમાંની શોભા કેમ ચોરી લીધી હોય. ૬૪.

જ્યારે તેના બે બાહુનું કુચના દઢાવથી અન્યોઅન્ય જોઈ શકવું તો બંધ છે ત્યારે તેઓએ કમલિનીની કીર્તિ ચોરવાની ગોઠવણ કેમ કરી? ૬૫.

એ સુતનુનો હોઠ મુખારવિંદે શોભા આપી તેથી રાતો થએલો થકો હારમાંના માણેકની અને દીવાની કાંતિને ઝાંખી પાડી નાખે છે. ૬૬.

તેના હોઠની મુદ્રા (મ્હોર) બન્યા રહેતા ઊદયવાળી મુખરૂપી ચંદ્રમાની સંધ્યા છે અને જાણે લાવણ્યના સમુદ્રનું પરવાળું હોય (એવી છે.) ૬૭.

તે બપોરીયા સરખા સુંદર હોઠવાળું મુખ ધારણ કરે છે તે જાણે સુંદરપણાથી ખોળામાં કૌસ્તુભ રમાડતો પૂર્ણચંદ્ર કેમ હોય? ૬૮.

હરિણાક્ષીનો એ અધર નાકની નીચે શોભે છે તે જાણે સોનાની નળીમાંથી માણેક કેમ નીકળી પડયું હોય? ૬૯.

તેનું નાક નવાં શસ્ત્રના કુતૂહળથી જાણે જુનાં બાણ કાહાડી નાંખવા સારૂં કામદેવે ભાતો કેમ ઉંધો વાળ્યો હોય એવું શોભે છે. ૭૦.

એની (કમળની) શોભા નેત્ર ચોરી લીધી એમાં કાંઇ નવું નથી (ત્યારે) એના (કુમારીના) કાને લાગેલું કમળ શું કેહેશે એ હું જાણી શકતો નથી. ૭૧.

જો એ સુભ્રુની દૃષ્ટિ મૃગીની ન હોય તો એ કાનના ઘરેણારૂપ લીલામાં મુકેલી દૂર્વા પ્રત્યે કેમ દોડે? ૭૨.

તેનાં લોચન જો કાનને માર્ગે ચાલ્યાં હોય તો તે આપે ધોળાં કૃષ્ણાનુરાગી (કાળામાં અને કાજળમાં પ્રીતિવાળાં) કેમ થયાં? ૭૩.

સાંભળો કૌતુક. શૃંગારવાળાંનો ગુરૂ કામદેવ તે પણ શ્રવણ તરફ ઢળવાવાળા તેના નેત્રના શિષ્યભાવને પામ્યો છે. ૭૪.

સુંદરતાના પાત્રરૂપી મુખચંદ્રમાં હરિણ પેશી જાય એવી બ્હીકથી એ હરિણ નેત્રીએ કાનરૂપી પાશવડે જાણે બે પાશ કેમ ગંઠ્યા હોય. ૭૫.

કાંઇક આશ્ચર્ય સાથે ઉંચી ચઢેલી ભ્રમેવાળી તે શોભે છે તે જાણે બાળક્રિડાના સામાવળીયા યૌવનને તડછોડતી હોય? ૭૬.

ચળકતા કુંડળના માણેકની કાંતિયે હઠાડી હોય તેથી જાણે તે નતાંગીની બે આંખ કાનના ખોળામાં જઇને બેઠી. ૭૭.

એ ચંચળ નેત્રવાળીની બે ભ્રમરોની રેખા શોભે છે તે જાણે નાકરૂપી વાંસની દાંડીનાં બે લીલાં પાંદડાં નીકળ્યાં હોય. ૭૮.

નાકરૂપી વાંસની દાંડીમાંથી નીકળી પડેલા મોતી સરખા કપાળમાં રહેલા નાનકડા ચંદનના બિંદુવડે તે શોભે છે. ૭૯.

તેના અંબોડાને બ્હાને પુત્રના સ્નેહથી લડાવ્યો એવો કાર્તિક સ્વામીનો મોર જાણે પાર્વતી જાણીને માથે ચ્હડી બેઠો હોય. ૮૦.

ડહાપણના ગર્વ થકી એ (કુમારી) પોતાની મેળે લમણાં ઉપર ઘરેણાં સૃજે છે તેમાં સોનાનાં ઘરેણાં મુકીને તાડી (વૃક્ષ તથા એક જાતનું ઘરેણું) ના પાંદડા ઉપર વધારે આગ્રહ કરે છે, દડાયે રમવામાં મંદ છે તેથી સોગઠાં ઉપર શિક્ષાનો રસ લે છે, આશ્ચર્ય છે કે એ નાજુક સ્ત્રીના સૌંદર્યના અભાવમાં અકસ્માત ભાર બંધાણો. ૮૧.

સૈકડો કમળ છરી હોય શું એમ (પોતાના) પેટ ઉપર ભ્રમરની હાર મુકે છે. ચંદ્રમા આકાશના આંગણામાં લાંઘવા સારૂ વારંવાર પાછો આવે છે, એ હરિણાક્ષીના મુખે ત્રૈલોકયના રૂપનો સમૂહ હરી લીધો છે ત્યારે વારંવાર પાછા આવવાની ઇચ્છાવડે કેટલા કલેશ નથી ભોગવતા. ૮૨.

કામદેવનું ધનુષ્ય (તેના) ભ્રૂવિલાસની વારસદારી કરે છે. બે નેત્રો કમળોનો યોગક્ષેમ ચલાવે છે. જગતનો જય કરનારાં તેના રૂપ લાવણ્યવાળાં અંગની આગળ મૂળ વર્ણવાળું સુવર્ણ પણ બધુંએ મેલું લાગે છે. ૮૩.

ક્ષણ ક્ષણ પ્રત્યે આંખને કાનની સાથે સીમાડાનો ટંટો ઉભો થયો છે. બે સ્તને રોંધી નાંખેલી છાતી ઉપર કામદેવ જોર કરીને વસે છે. નિતંબ રાડય પાડતા મેખલાની દોરડીને દૂર ફેંકી દે છે. નાજુક અંગવાળીના શરીરમાં યૌવનનો પ્રવેશ વિજય પામે છે. ૮૪.

એ ચપળનયનવાળી હીંચકામાં પેડુ હાલે છે તેથી શરમાય છે. મરકતે મુખે કબૂતરના શબ્દવડે દિશાઓમાં જોયે છે, કુટિલ એવી તે લીલાવનમાં કાંટાની અણીવડે સ્પર્શ ઇચ્છતી નથી. સારા શરીરવાળી એના શરીરમાં મુગ્ધતા મટાડવા સારૂ શૃંગારનું મિત્ર એવું વય પ્રાપ્ત થયું. ૮૫.

નૃત્યના અભ્યાસને બ્હાને એણે શરીર સોંપી દેવાનું શીખી લીધું છે. લીલામાં પંચમ રાગના લ્હેકાટથી કંઠની કુંઠિત થએલી ગતિ દળી નાંખેલી છે. ઝાઝું વર્ણન કરવાથી શું એ રમણી ચતુર સ્ત્રીના ગુરૂ એવા તમને થોડી મ્હેનતેજ તમામ સુંદરતાના ઘરેણા રૂપ થઈ પડશે. ૮૬.

મુખ નિર્મળ, કુચમંડળ ઉપડતું, મધ્ય ભાગ કૃશ અને નિતંબ મંડળ સ્ત્રીના કુળ ગુરૂ જે આપ (અથવા કામ ?) તેનું સિંહાસન છે. એ ચાર વાનાં સુંદર નેત્રવાળી સ્ત્રીનાં સરજીને બ્રહ્મા હર્ષથી ગદ્દગદ્દ થયેલાં, ગદ્ય અને પદ્ય રચના જેમાં રહી છે એવાં ચાર મુખથી વખાણ કરે છે એમ હું માનું છું. ૮૭.

એ રીતે કાનને રસભર્યું લાગે એવું (વર્ણન) સાંભળતો અને કૌતુક વડે ખેંચાયેલો અને તેથી ફરીથી તેની વાત સાંભળવાને ઇચ્છતો એવો જે કર્ણાટ રાજા તેને તેજ વાતને ફરીથી પલ્લવિત કરવા સારૂ ભૂષણના શબ્દને ચલાવવામાં ચંચળ અને કાનમાંથી નીકળી જતા અકોટા રૂપ વાહને ચ્હડીને કામદેવ તેની પાસે આવ્યો. ૮૮.

ઇતિ શ્રી ત્રિભુવનં મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટશ્રી બિલ્હણના કરેલા વિક્રમાંકદેવચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં આઠમો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૯ મો.

એ પછી કામદેવનું ધનુષ્ય ઘરેણાંના શબ્દ, અને મેઘની ગર્જના ચાલી રહી છે તેવા સમયમાં વિલાસવાળી એ સ્ત્રી માનસરોવરમાં જેમ હંસી પેસે તેમ રાજાના મનમાં પેઠી. ૧.

(એ) સુંદર નેત્રવાળી એ પેસતાંવેત નાનાં પ્રવાળાંની સામું થાય એવી કાંતિવાળું પદ (તેના) સ્ફટિકના જેવા સ્વચ્છ (ચિત્તમાં) મૂકયું અને તેથી ઉપાધિને લીધે જેમ (સ્ફટિક) રાતું થઇ જાય તેમ રાજાનું ચિત્ત રક્ત (રાતું અને આસક્ત) થઈ ગયું. ૨.

વસંતના વાયુએ બ્હીવરાવ્યો, ચંદ્રના કિરણરૂપી દંડાએ પાડી નાંખ્યો એમ એ (રાજા) કામદેવના કયા રોષભર્યા ભયનું પાત્ર નથી થયો. ૩.

દિવસે રાતના ગુણને ગ્રહણ કરે, અને રાતમાં દિવસનાં વખાણ કરે એમ ક્રમે કરીને તેણે એવી પૃથ્વીને ચાહી કે જ્યાં રાત અને દિવસ બંને નથી. ૪.

ત્રૈલોકયને મોહ પમાડનારી વિદ્યાવડે જેમ તેમ તે (કુમારી) વડે જયની મ્હોટી આસ્થા રાખીને તે ધનુર્ધરમાં મુખી છે તેને પણ મારવાને માટે વિલાસરૂપી ધનુષવાળા તે કામદેવે ધનુષ ખેંચ્યું. ૫.

ફેલાતી પ્રભાતની કાંતિ જેમ તેમ પોતાની કાંતિવડે ચંદ્રની કાંતિને ઢાંકી દેનારી તે (કુમારી) તેણે ચાલુકય રાજાના કુળના દીવાને પ્રકાશ પમાડી દીધો. ૬.

એ તરૂણીએ શૃંગારના સમુદ્રની વેળાની પેઠે તેના મનમાં પ્રવેશ કરવાથી રત્નના સમૂહની પેઠે નવા અનુરાગવડે તેનું મન ધણીયાતું થયું ૭.

એ ત્રૈલોકયની ચિંતા હરણ કરવાને સમર્થ છે છતાં એ નમેલી ભ્રમરોવાળી સુભગા (પત્ની) થશે ? કામદેવ કૃપા કરશે ? એવી ચિંતાએ તેને ડોલતો કર્યો. ૮.

જેમ જેમ રાજા નિશાસા મુકે છે અને કૃશપણું દેખાડે છે તેમ તેમ ભગવાન કામદેવ ધનુષની પ્રત્યંચાને જાગૃતિ કરતો જયની આસ્થા ધરે છે. ૯.

પૃથ્વીનું તિલક (એ રાજા) ઘણી વાર સુધી કામદેવના કોપનું પાત્ર થયો ત્યારે પતિવ્રતાપણું પ્રકાશ કરતી હોય તેમ રતિ (કામદેવની સ્ત્રી અને ક્રીડા) તેનાથી વિમુખ થઇ. ૧૦.

પુનમના ચંદ્ર સરખા મુખવાળી (એ કુમારી) રાજાના હૃદયમાં વાસ કરતી થઈ ત્યારે તેણે કમલિનીની જેમ તેમ બીજી સ્ત્રીઓના પ્રકાશવાની દીક્ષા હરી લીધી. ૧૧.

એ રાજાના હૃદયમાં એ નિતંબિનીના યથેચ્છ વિસ્તાર પામેલા નિતંબ મંડળને લીધે કોઇ (બીજી) ઉત્તમ નાયિકા પણ સમાસ પામી શકતી નથી. ૧૨.

નિરંતર અંતઃપુરની (બીજી) સ્ત્રીઓમાં એકાંતમાં રહેવાને લીધે (ઉત્પન્ન થએલા) દ્વેષને લીધે (એ વાત) ઢાંકવા સારૂ તદબીર કરે છે તોપણ રાજાએ ડિમડિમ (નગારૂં) વગડાવ્યું (દિગ્વિજય સારૂં જાઉં છું. એવું જણાવવા). ૧૩.

અકોટી કાનમાંથી નિશરી ગઇ છે તોપણ કંદર્પનો લેખ હશે એમ ભ્રાંતિ પામ્યો. મુગટ ઉપર ભ્રમર આવે છે તોપણ સામી આશાને લીધે દેવે કાન દીધો. ૧૪.

આકાશમાં રહેલી વાણીની ઇચ્છા રાખે છે, વિશ્વાસની ભીંત તરફ જુએ છે તેની વાર્તા સાંભળવાના અભિલાષથી રાજા કયાં કયાં અર્થીપણું નથી પામ્યો. ૧૫.

તે કેવી છે એ કૌતુકવડે અતિ ચપળ કરી મુકેલા રાજાને કામદેવે તેના ચિત્રની પાટી ઉપર બાણની કુંચી (ચિત્ર કાઢવાની) વડે ચિત્રી દેખાડી. ૧૬.

કેળના જેવી સુંદર સાથળની કાંતિવાળી એવી એ પ્રિયાનું મુખ ભેટ કરીને દિશારૂપી સ્ત્રીઓએ ઉત્સુક રાજાની સેવા કરવા માંડી. ૧૭.

જ્યારે તેણે મૌન ગ્રહણ કર્યું ત્યારે તેના સેવક જનો જાણે ચિત્રમાં આલેખાણા હોય એમ ભયવડે સ્થિત થયા. શંકામાં પડેલા ક્રીડાના પોપટનાં પણ કંઠમાંથી વચન ન નીકળી શકયાં. ૧૮.

નાયિકાઓના મધ્યમાં રસવાળું બોલવામાં ડાહી એવી દૂતીને જોતો એવો એ (રાજા) મેખલામાં કલબલાટ કરવાની રીતને પણ મ્હોટા દોષ રૂપ ગણે છે. ૧૯.

હીમના રસના ખ્યાલમાં પણ ન આવે* અને શ્રીખંડની વાવ્યના જળને પણ અસાધ્ય એવો ઇરાનીક તેલનો ઉત્કૃષ્ટ અગ્નિ કામદેવે (પોતાના) બાણમાં એ (રાજા) ને માટે યોજ્યો (?) ૨૦.

થાકી ગએલા ઉપર, નિદ્રાના આળસથી ભરેલી આંખવાળા ઉપર, અને એકલા રહેલા ઉપર, કામદેવ બાણ છોડે છે તેમાં કાંઇ આશ્ચર્ય નથી પરંતુ એ એકવીર (માત્ર) ક્ષત્ર વ્રતની ક્ષતિ (થાય છે તે) ની ગણના કરે છે. (કેમકે ક્ષત્રીઓ એવા ઉપર બાણ ફેંકે નહિ). ૨૧.

સુભગા (સ્ત્રીઓ) માં એ એક (કુમારી) પતાકા (જયધ્વજ) ને પામી કે જેણે કુંતલદેશના કામદેવને હરિ લીધો પણ (ખરો) પ્રતાપી (તો) કામદેવ કે જે તેને પણ તાપ પમાડનરો (પીડનારો) થયો. ૨૨.

અંગમાં જાણે વળગી હોય, આગળ જાણે આળખી હોય, ચક્રના ભ્રમવડે જાણે ચારે કોર ભમતી હોય એવી એ કમળમુખી (કુમારી) ને (રાજા) રાતમાં ક્ષણમાત્ર નિદ્રા પામે છે (તેટલામાં પણ) તેનેજ દેખે છે. ૨૩.

ચંદ્રના અજવાળીયામાંથી, ચંદનના પંકવાળી વાવ્યમાં અને ત્યાંથી તે (ચંદ્રના અજવાળીયાં) માં અને ત્યાંથી વળી તે વાવ્યમાં ગઈ એમ તે સ્મરતાપિતની, આવવું અને જવું એમ થતાં થતાંજ (ઘણી) રાત્રિઓ ચાલી ગઇ. ૨૪.

એ પછી કાનમાં અમૃત (રેડવા સારૂ) સ્ફાટિકની પરનાળી (જેવી), અને કામદેવ રૂપી બપૈયાને દેવતાઈ પાણીની ધારા (જેવી), એવી (એ) હરિણાક્ષીની વાર્તા લઇને રાજાનો ચાર આવ્યો. ૨૫.

દાંતની કિરણની રચનાવડે જાણે મુખમાં રહેલા વાર્તાના રસની ધારા ઝરતી હોય શું એમ હર્ષથી જેના મુખની કાંતિ ફેલાઈ રહી છે એવો (એ ચાર) કુંતળ રાજા પ્રત્યે બોલ્યો. ૨૬.

ચંદ્રથી થયા વગરની નેત્રરૂપી ચકોરની આજીવિકા પુષ્પથી ઘડ્યા વગરનું કામદેવનું શસ્ત્ર (એવી) ત્રણ લોકને રંજન કરવા સારૂ જાણે રાગની વિદ્યા હોય એવી વિદ્યાધર રાજકન્યા છે. ૨૭.

---

* અગ્નિનું વિશેષણ છે.

સ્વાભાવિક ગુણના પક્ષપાતથી કે વિધિએ યોજેલા કૌતુકથી (પણ) હે દેવ એ તમને સાંભળવા માત્રથીજ તમમય (આપમય) જગતને દેખે છે. ૨૮.

અપાર બાણોથી કામદેવે, સૂક્ષ્મતામાં બુડી ગયેલું એ કમલાક્ષીનું શરીર અપાર પૂરી દેતાં વાળના અગ્ર જેવા નીશાનમાં અતિ ઉત્કૃષ્ટતા મેળવી છે (એટલે ધણાં સૂક્ષ્મ નિશાનબાજને સ્ત્રીના સૂક્ષ્મ શરીરને વીંધવું એમાં શી વાર ?) ૨૯.

એ કૃશાંગીની ચંપાની દોરડી જેવી ઉજળી શરીરની લાકડી એવી કૃશપણાને પામી કે જેને લીધે કામદેવનો ધનુષનો મનોરથ ગળી ગયો (અને) મૌર્વી લતા (પણછ) માં આસ્થા રાખે છે (તેના શરીરને ધનુષ કરવા ઇચ્છતો હતો). ૩૦.

જરૂર કામદેવે એને બૌદ્ધ દર્શનનું રહસ્ય જણાવ્યું છે કેમકે તું વિના વ્યર્થ મનોરથવાળી (એ) પોતામાં (આત્મમાં અને આત્મામાં) નિંદાને જણાવે છે.[૧] ૩૧.

ધનુષ કરવાની વાત તો દૂર રહી પણ તંતુના જેવું કૃશ શરીર ધારતી એ હરિણાક્ષી અતિશય અપ્રાણપણાને લીધે કામદેવની ધનુષની દોરી પણ ન થઇ (શકી). ૩૨.

તમારા વિયોગથી એ હરિણાક્ષીનું શરીર એટલી કૃશતા ધારણ કરે કે જેમ સ્થંભ કાહાડી નાંખ્યાથી પવન વડે ઘર ડોલે તેમ આ શ્વાસના પવનવડે કંપે છે. ૩૩.

એ હરિણાક્ષીના સ્તનતટમાં ચંદ્રબિંબના પ્રતિબિંબની રચનાવડે કામદેવરૂપી અગ્નિએ પીંગળાવી દીધેલા હારની શરનાં મોતીનો પીંડો હોય (એવું દેખાય છે). ૩૪.

ગોખમાંથી ચિત્રશાળામાં જાય છે ત્યાંથી બગીચામાં[૨] ત્યાંથી પણ

---

૧. હું અભાગિણી છું ઇત્યાદિ પોતામાં અવજ્ઞા કરે છે. સૌગત દર્શન બૌદ્ધ શાસ્ત્રવાળા અનાત્મવાદી છે તેથી તે પણ આત્માની અવજ્ઞા કરનારા છે.

૨ અહીં મૂળમાં '**वनांत**' છે તે '**वनांतं**' જોયે. હશે એમજ પણ છાપતાં ભૂલ રહી ગઈ છે કેમકે ત્યાં પાઠ ફેરમાં **वनांतवलभीं** લખ્યું છે. શુદ્ધિપત્રકમાં રહી ગયું લાગે છે.

છાપરીમાં (જાય છે) (એમ) તે કામદેવે શોષણ કરવા માંડયું તેથી બ્હીની હોય શું ? એમ કયાંઇ એક ઠેકાણે પદ (સ્થાન) કરતી નથી. ૩૫.

શિવજીએ સ્વપ્નમાં આજ્ઞા કરી કે તું એનો સ્વયંવર કર્ય. તેનો પિતા કોઇ પણ રાજાની માગણી સફળ કરશે નહિ. ૩૬.

તેનો પિતા તારે વિષે ધાડી પ્રીતિવાળો છે પરંતુ માગણીનો ભંગ થાય તો એવા ભયથી બોલતો નથી. તારા જેવાનો વિવાહ પામીને કન્યાઓ કુળભુષણપણાને પામે છે. ૩૭.

સ્વયંવરનો સમય પણ થયો છે (માટે) હે રાજા તું પ્રસન્ન થા અને કુચ કર્ય. એ (સ્ત્રી) તારી બીજી જયસ્ત્રીની પેઠે બધાને પડતા મુકીને તારી વધૂપણું પામો. ૩૮.

એવું સાંભળીને તે રાજી થયો અને વેગમાં ચ્હડીયાતા ઘોડાવડેજ ત્યાં ગયો કે જ્યાં સ્વયંવરને માટે રાજાઓનાં ટોળાં આવેલાં છે અને જે કામદેવની રાજધાની છે. ૩૯.

વધી પડેલા આનંદને લીધે રાજા જાણે અંગમાં માતો ન હોય એટલે અંગ ફુલી ગયું હોય એવી રીતે કુમારીનો બાપ સામો આવ્યો. ઉપાય જાણવાવાળાઓએ સારૂ કર્યું છે (બંદોબસ્ત વગેરે) માણસનો÷ સાથ ચાલતો કર્યો છે (?) ૪૦.

એ રાજા કુંતલ દેશના ચંદ્રમાની પ્રીતિથી જેમ ભંડાર મળ્યો હોય એમ હર્ષ પામ્યો. કન્યા છે તે પિત્રીઓના (અથવા પિતાઓના) ઉત્સવનું સ્થાન છે (પણ) વખાણવા લાયક જમાઇની બરોબર કાંઈ નથી. ૪૧.

પછી તેણે (કુમારીના બાપે) પ્રણામ કરીને માર્ગ બતાવ્યો તે પ્રમાણે ઉચિત (કાર્ય) બધું (કુંતલ રાજાએ) કીધું. (તે પછી) કુંતલરાજાએ સ્વયંવર માટે ઉત્કંઠિત થએલા રાજાઓનું મંડળ જ્યાં (ભેળું થયું) છે એ જગોમાં પ્રવેશ કર્યો. ૪૨.

÷ મૂળમાં **अर्थसार्थ** છે ત્યાં **आर्थिसार्थ** હોવું જોઈયે. જુઓ આગળ શ્લોક ૧૨૪ માં.

તે (રાજા) તૂરી સહિત દુંદુભિઓના નાદવડે પ્રકાશ થતા નવા ઉત્સવવાળી તે જગોમાં પ્રવેશ કરીને કાંતાને શોધવામાં તત્પર થયો. ૪૩.

તે રાજહંસ ત્યાં તરંગની પંક્તિ જેવાં પગથીયાં ચ્હડી જઈ ને સોનાના પદ્મ જેવા સોનાના સિંહાસન ઉપર કામદેવના હુકમથી ચ્હડી બેઠો. ૪૪.

ઉજ્વળ ઘરમાં બેઠેલો કુંતલેંદ્ર રાજાઓથી વીંટાએલો તે કેવો શોભે છે કે જાણે હાથીના બચ્ચાંના જૂથમાં પેઠેલો ક્ષીરસાગરમાં રહેલો ઐરાવત હાથી હોય નહિ? ૪૫.

તે રાજાઓમાં સિંહ સરખો કૈલાસ જેવાં સ્વચ્છ ઘરના આંગણામાં પેઠો ત્યારે તે ચંદ્રમુખી, મૃગલાંઓને સિંહણની પેઠે બીજા રાજાઓને મળવી દુર્લભ છે એમ (સૌએ) માન્યું. ૪૬.

ચંદરવાનાં રત્નોમાં અને રત્ન જડીત ભીંતોમાં રાજાઓનાં બિંબ પ્રતિબિંબિત થયાં છે તેથી એ સ્વયંવરના ઉત્સાહવાળી સભા જાણે ત્રણે લોકના કામી ભેળા થયા હોય એવી શોભે છે. ૪૭.

રત્નની સડ્યોરૂપ જાણે દાંત હોય એવી મંચ (ખુરશીઓ) માં અને ઘરેણાના મણિના સમૂહોમાં સૈકડો રાજા રૂપની સરસાઇની ઇચ્છાને લીધે (પોતાનાં) મુખ જોવા લાગ્યા. ૪૮.

મોતીના ચંદરવામાં રાજાઓની પ્રતિબિંબની પંક્તિ ઉંચે રહી છે તે જાણે કોકની પણ સૌભાગ્યની સીમાને (ઉદ્દેશીને) તૈયાર રાખેલી પુષ્પની વૃષ્ટિવાળી દેવતાઓની વિભ્રમ પંક્તિ કેમ હોય? ૪૯.

એ પતિંવરા (ઇચ્છાવર વરવાવાળી) સ્ત્રી, સ્ત્રીઓની એક જાતની શૃંગાર ચેષ્ટાની વેદી (એક જાતની પડથલી (બેસવાનું સ્થાન) છે) મોતીની માળાઓવડે શોભી રહી છે તે જાણે, ચંદ્રને ઘણી સ્ત્રી છે એમ કહેવાને માટે બ્હીકથી તારાઓએ સેવા કરાતી હોય. ૫૦.

જે રાજાઓ વધુ ઉત્કૃષ્ટ તેજને લીધે સભામાં ઉદ્યોત (મશાલ?) સરખા થયા છે (પણ) તે **વિક્રમ** રાજાની આગળ સવારના દીવાની ઉપમાને પામ્યા. (એટલે ઝાંખા પડી ગયા). ૫૧.

સુવર્ણ રેખાવડે મનોહર દેહવાળી એ ચતુર સ્ત્રી અનેક રાજાઓના ભાગ્યરૂપી સુવર્ણની પરીક્ષા માટે જાણે કામદેવની કસોટી કેમ હોય? ૫૨.

લાજનો ભાવ દેખાડવામાં ચતુર એવી એ સ્ત્રી લીલાવડે જરાતરા હેઠે નાંખી દીધી છે ડોક જેમાં એવા મુખવડે આકાશમાં સ્ફુરી રહેલા અનેક દોષથી (અનેક રાત્રિથી) ભ્રષ્ટ ચંદ્રને જાણે રદ કરતી હોય. ૫૩.

વિભ્રમની રાજધાની એવી અને અર્ધ ઉંચી રહેલી એવી એક ભ્રમ્મેને ધારણ કરેલી છે તે જાણે બધા રાજાઓને ઠગનારા કામદેવને તરછોડી નાંખવા સારૂ હોય શું ? ૫૪.

પ્રાણપતિના કંઠ સાથે પ્રીતિ કરવાને તત્પર થઇ રહેલી એવી હાથમાં રહેલી ફુલની માળા તરફ પણ જાણે ઇર્ષ્યા હોય એમ અભિપ્રાય જણાવનારા વાંકાં નેત્રવાળું મુખચંદ્ર ધારણ કરતી એવી— ૫.

માણકની ભીંતમાં (પડેલી) પ્રતિમાની તુલ્યતાને લીધે જાણે સૌભાગ્ય (રહેવા) સારૂ દિશાઓએ ધારણ કરી હોય ? અને કામદેવ પણ જાણે પોતાની સ્ત્રી સાથે વૈરાગ્ય ભોગવતો હોય એમ (આને) સેવી રહ્યો છે. ૫૬.

શોભી રહેલી પોતાની કાંતિવડે ઘરેણાંમાંની રત્નની માળાને મેલી કરી દઇને પ્રતિબિંબની યુક્તિવડે જાણે અંગમાં સામાન્ય રાજાઓનો સંગ નિવારતી હોય ? ૫૭.

ખભાના ભાગનીયાં હારની સરના છેડા ઉપર રહેલી ચપળ નેત્રની છટા તે જાણે ત્રૈલોકયની સ્ત્રીઓના ગર્વનો ભંગ કરવાથી ઉત્પન્ન થએલી કીર્તિની ધ્વજાવડે સનાથ (ધણીયાતી) થયેલી (હોય એવી)— ૫૮.

જગતનાં મન જાણે ભેળાં આવ્યાં હોય એમ તેઓની ડહાપણના યોગવડે પ્રતિપાલના કરતી કામદેવરૂપી મત્ત હાથીની ચતુરાઇ વડે કાંઇક રોકાઈ (રોકાઈ) ને પગલાં મુકતી (ડગલાં ભરતી). ૫૯.

કપુરની વેલનાં પાંદડાંની બીડી (બનાવવા) માં રોકેલો છે તેથી જેનો ડાબો હાથ વ્યાકુળ છે અને લમણા ઉપર ઉછળતી વાળની લટ તેની શોભાવાળી, કાંઇક હસીને વિચાર કરતી. ૬૦.

આનંદને લીધે આળસુ એવી રાજહંસણીની ચાલ તેને ક્રમે રાજાઓના ચિત્તની પેઠે જેમાં રાગ (પ્રીતિ અને રંગ) પ્રતિબિંબિત થયો છે એવી રત્નમય ભૂમિમાં પગ મુકતી. ૬૧.

કામદેવની પ્રત્યંચાના કુંડાળા સરખાં એ કાનમાં વાસ કરી રહેલાં એવાં નેત્રરૂપી બાણવાળી અને જાણે કામદેવની ધમણ હોય એવી ખીલતાં પુષ્પોમાં (રહેલા) ભ્રમરે યુક્ત વેણી (ચોટલો) ધારણ કરતી. ૬૨.

લટકતી વાળની ગુચ્છલીઓનાં માજરના સંગવડે કળિની નકલ કરતી કપાળમાં ચંદનની રેખા અને ભ્રમરરૂપી ધનુષમાં કામદેવનું કેતકીનું હથીયાર ધારણ કરતી. ૬૩.

એ ઇચ્છાવર વરવાવાળી, રેશમી વસ્ત્રની ફરકતી ચુંદડીવાળી, મૃગ નયની (ત્યાં) પ્રગટ થઈ; તે જાણે ક્ષીર સાગરના સુંદર મોજાની પછવાડે પ્રગટ થતી લક્ષ્મી હોય શું. ૬૪.

હેમાચળને વલોવીને તેનાં ફેલાતાં ઇંદ્રિયોવડે જાણે બ્રહ્માએ રચી હોય એવી એ (કન્યા) નમેલા અંગવાળી અને સારા ભાગ્યવાળી રંગ મંડપમાં દાખલ થઇ તેથી તેણે સૌનો લોભ વિસ્તારી દીધો (સૌને લોભ પમાડ્યા). ૬૫.

એ જરાક મીંચેલી આંખવાળી ક્રીડાના કમળ તરફ જોઇ રહી છે તે જાણે દિગ્પાળોને માટે દૂતકર્મ કરનારી દિશારૂપી સ્ત્રીઓને ધિક્કારતી હોય. ૬૬.

તે કુંતલ દેશના ચક્રવર્તિ કામદેવે બેધડક ખેંચેલા ધનુષવડે છાતીમાં પ્રહાર કર્યો તેથી તે લટકા કરવામાં ધ્વજારૂપ એ કન્યાને જોઇને વિચાર કરવા લાગ્યો. ૬૭.

અમૂલ્ય ખુબસુરતી ભરી રાખવાની ભૂમિ એવી આ સુંદર (સ્ત્રી) કેને લોભ ન ફેલાવી દે. જાણું છું કે કામદેવરૂપી પહેરેગીર આનામાં અવિશ્વાસુ રહી ક્ષણ (પણ) નીંદર કરતો નથી. ૬૮.

આ (કુમારી) ગમ્મતરૂપી વૃક્ષને ફળ પ્રાપ્ત કરવાની શોભા, યૌવનરૂપી ક્ષીર સમુદ્રનું અમૃત, ખુબસુરતીરૂપી માણિક્યની કાંતિની છટા અને મનને કામણ કરવાની ભૂકીની મુઠી છે. ૬૯.

સંપૂર્ણ ચંદ્રોદયની હમેશની પૂર્ણિમા, ગમ્મતના રસના પાકની પૃથ્વી અને કામદેવરૂપી રાજાને ત્રૈલોક્યનું ચક્રવર્તિપણું દેવાના ફળરૂપ તપની સમૃદ્ધિ છે. ૭૦.

અટકયા વગર ફેલાતી કામદેવની ગર્જના, આ એની પયોધરની (સ્તન અને મેઘ) શોભા તે ગમ્મતરૂપી લીલમમણીના કાંટા નિત્ય ફુટતા રહેવામાં કારણરૂપ થઇ છે. ૭૧.

કાંતિવડે ચંદ્ર દરિદ્રી બની જાય છે, ઉઘડેલાં કમળોમાં તત્ત્વજ શું છે? વિશ્વાસ રાખીને હું જાણી શકતો નથી કે એ મૃગાક્ષીએ બ્રહ્માની સૌંદર્યસૃષ્ટિ કેમ ચોરી લીધી? ૭૨.

આ (કન્યા) મ્હારા વિષે વારંવાર (પોતાનાં) નેત્રની પંકિત, સખી પ્રત્યે કાંઇક બોલતી બોલતી મુકે છે; એ ખરેખરી પ્રીતિની વાત છે અને બહુ વખતથી ભગવાન કામદેવ પ્રસન્ન થયો છે. ૭૩.

સખીને રમતમાં પગ મારે છે, વારંવાર હારને ખેંચીને મુકે છે. તેને કામદેવે **કુંતલ** રાજાના દર્શનમાં શું ન કરતી કરી (તેણે શું ન કર્યું). ૭૪.

તેનો મુખરૂપી ચંદ્રમા જોવાથી ગાઢો ઉછળતો પ્રેમરૂપી સમુદ્ર જેનામાં છે એવા ત્યાં આવેલા રાજાઓની વિચિત્ર પ્રકારની ચેષ્ટાઓ થવા લાગી. ૭૫.

કોક રાજા બધાં રાજ વિભુષણમાંથી પોતાના મોતીના હારનું દોરડું બાહાર ખેંચી કાહાડીને છાતી વધુ બાહાર કાઢીને દેખાડવા લાગ્યો. ૭૬.

એકે (રાજાએ) દેહની કાંતિને ઢાંકી દેનારો સોનાનો દોરો નિંદા સહિત ઉતારી નાંખીને મોતીનો ગુચ્છો અને પતિંવરાને પામવાનો મનોરથ છાતીએ બાંધ્યો. ૭૭.

વળી કોઈ છુટી ગએલા માથાના મણિને તેને ઠેકાણે રાખવાની ઇચ્છાથી મુકુટમાં લીલા કરવાનું કમળ પુરની સ્ત્રીઓના હાસ્યનું પાત્ર થતો થકો બાંધવો લાગ્યો (એ બાંધ્યું તેથી સ્ત્રીઓ હસી.) ૭૮.

એક રાજા ખુરશી ઉપર ગર્વ સહિત પગ લાંબો કરી રાખે છે, અને જમૈયાનો શ્રમ બતાવવા સારૂ બે હાથ લડાવે છે. ૭૯.

કોક રાજા પરસેવો નથી વળ્યો તોપણ કપૂરનો ભૂકો શરીરે લગાવીને બે કાનનાં કુંડળનો નકામો ફેરફાર કરે છે. ૮૦.

કોક કડાં ખડખડે એ રીતે પાનદાન રાખનારને હાથ મારીને, કામદેવે ઠગેલો નખ વડે પાન ઉપર લખે છે. ૮૧.

બીજો વાત કરવાને બ્હાને પોતાની મેળેજ વાણીમાં ડહાપણ બતાવતો પાનદાનમાંથી ખેંચી લઇને ઘણાઓને કર્પૂર આપે છે. ૮૨.

કોક સોનાનું આસન (ઉપર) વસ્ત્ર મુકીને ઉંચું કરીને નવયૌવન બતાવવા સારૂ મૂછ વગરના મુખવડે વ્યર્થ કુદી રહ્યો છે. (ડોકીયાં કરે છે) ૮૩.

એક મિજાજ સહિત પાનદાનવાળાની પીઠ ઉપર શરીર નાંખી દઇને કારણ વગર ઉભી કરેલી ભ્રમરોની લતારૂપી પતાકાવાળું મ્હો કરે છે. ૮૪.

કોક બગાસાને લીધે હાથ બે ખોડવાથી જેની આંગળીના ટાચકા ફુટે છે (એવી રીતે) આસન ઉપર પડીને માંડ ખસેડી શકાય એવા કામરૂપી ઝૂડમાં ફસી પડ્યો છે. ૮૫.

કોક કંઠમાં પંચમ (રાગ) ની ધૂન સ્ફુરી રહી છે અને વ્યર્થ મ્હો મલકાવે છે. કોક કેટલાંક પદ ગુંથીને ગાથાના કવિપણું પ્રકાશે છે. ૮૬.

તે પછી બંદીજનોનો કલબલાટ અટકાવીને કોમળ કંઠવાળી દ્વારપાળી ક્રમે કરીને એ કુમારીને બધા રાજમંડળને ઓળખાવવા લાગી. ૮૭.

જેણે (પોતાનાં) અર્ધાં માથાં કાપ્યાં ત્યાં કઠણ (માથા) માં ભટકાયાથી જેની ધાર બુઠી થઈ ગઈ હતી એવા ખડ્ગને શિવજીના બાજુબંધ તરીકે (બાંધેલા) શેષનાગની ફણ (ઉપર) ના મણીમાં ઘસવાની ઇચ્છા રાખી હતી. ૮૮.

અને જે ખાજવતા બાહુ મંડળ વડે દુર્મદ બનેલો છે એવા જેણે હઠથી ડાબા હાથમાં કૈલાસ પર્વતને ઉપાડીને હિમાલયને ઉખેડવાના કૌતુક માટે જમણો હાથ ઓતરંગ ઉપર મુકયો હતો. ૮૯.

એવા રાવણનાં મુખકમળ જેના બાણના ભોગનું સ્થાન થયાં હતાં તે રામના કુળમાં આ કુમાર (છે.) તે હે કુમારી ! ત્હારા નેત્રને પ્રીતિ આપનારો થાઓ. ૯૦.

આ (રાજા) ની સાથે ટૌકા કરતી મયૂરીથી ગાજી રહેલા સર્યૂના (કાંઠાના) વનમાં વિહાર કરીને (તેમજ) વિલાસના ગોખમાં બીરાજીને અયોધ્યાને વખાણાય એવી કર. ૯૧.

તેણે કરેલા તે ઉપદેશ તે કુમારીને વિષે નીચ ઉપર કરેલા ઉપકારની પેઠે વ્યર્થ ગયા કેમકે જન્માંતરની સંચિત થએલી પ્રીતિ એમજ ક્યાંક પ્રગટ થાય છે. ૯૨.

તે પછી એ દ્વારપાળીએ આંબામાં લ્હે લાગી રહેલી ભ્રમરીને વસંત ઋતુની શોભા જેમ નાના કર્ણિકાર (કરેણના ઝાડ) ને બતાવે તેમ બીજા રાજાને બતાવ્યો. ૯૩.

જેની લડાઇમાં સાહસની છાપ પડી છે તેની પ્રત્યંચાનો શબ્દ ભોંયની અંદર જઇને ક્ષણમાં પાતાળના તળમાં રહેલાંને જેના પરાક્રમની વાતો કરે છે. ૯૪.

તે એ રણમાં રૂંઢીયાંને* નચાવતો મદે અંધ થઈ ગયેલા હજારો રાજાઓએ સેવા કરવા યોગ્ય તે **ચેદી** રાજ છે. હે સુંદરી! તેને તું જો. એ તારી આંખને કામદેવની પતાકા રૂપ હો. ૯૫.

તેણે એમ કહ્યું તોપણ તે રાજકુમારી એ તે વિલાસીની સામું ન જોયું એમ નહીં, પરંતુ મુખ કમળમાં રહેલું પાન થુંકી નાંખીને તિરસ્કારને માર્ગે તિરસ્કૃત કર્યો. ૯૬.

પછી એ બ્હીનેલા મૃગના સરખી ચપળદૃષ્ટિવાળી દ્વારપાળીએ અન્ય રાજપુત્રને ઉદ્દેશીને એ માનિનીને ઉદાર વાક્યો વડે સન્મુખ આણી. ૯૭.

હે કન્યા જેની કુબડી કીર્તિ નથી એવા **કાન્યકુબ્જ** રાજાને જો, જેના દિગ્વિજયમાં પૃથ્વીની ધુળવડે સમુદ્રો સ્થળ બની જાય છે. ૯૮.

તેના તરફથી તે નીચે મુખ કરેલીએ નજર ખેંચી લઇને (પોતાના) કુચ રૂપી કુંભસ્થળમાં દૃષ્ટિ કરીને એ રાજાનું ઘરેણામાં જેમ તેમ અંગમાં સ્થૂલત્વ જણાવ્યું. ૯૯.

એ ઝાંઝરના ઝણકારવાળી ગતિથી સમસ્ત રાજહંસોને લોભ પમાડતી થકી કાંઇક આગળ ચાલવાને પ્રવૃત્ત થએલીને તેણે મ્હો મલકાવીને ફરી કહ્યું. ૧૦૦.

સુહરને વિતે દૃઢ બેસારી દીધેલા જેના બાણની ઉત્કર્ષ રેખાની શંકા

---

* માથા વગરનાં ધડ.

કરનારા લીલા માત્ર સારૂ ભીલનું રૂપ ધારણ કરનારા શિવજીએ સુહરના દેહના છિદ્રથી તરત બાણ ખેંચી [1]કાહાડયું. ૧૦૧.

જે શિવજી સાથે મલ્લયુદ્ધ કરવામાં શંકા ન રાખનારો એવો તેણે પરસેવાની ધારાનું પાણી રોકવા સારૂ વિસ્મય થકી ચકરી ખાતા એ (શિવજી) ની કાખમાંથી ભસ્મનો ઢગલો ખેંચી લીધો. ૧૦૨.

તે અર્જુનના કુળમાં ઉત્પન્ન થયેલ મ્હોટા પરાક્રમવાળો આ પ્રતાપી રાજા છે; ચર્મણ્વતી નદીના કાંઠાના વનમાં ક્રીડા કરવાની કામવાળી તું તેને જો. ૧૦૩.

તેના માથા ઉપર જાણે પગ મુકવો હોય એમ આગળ વધવાને માટે (પગ) મુકતી એવી એ કન્યા પ્રત્યે ડાહી એવી એ (દ્વારપાળી) બીજા રાજાને ઉદ્દેશીને વળી પાછી બોલી. ૧૦૪.

ખરેખર જેનાં શિખર સ્વર્ગની પોળના કાંગરામાં મળી ગયાં છે, નહિતર તે વિના એને વિષે વસનારાઓને સ્વર્ગ, રમવાના ઘરના આંગણાનું ડહાપણ કેમ પામે (આંગણું થાય). ૧૦૫.

તે એ **કાલિંજર** (બુંદેલખંડમાંનો એ નામનો એક) પર્વત જે શિવજીને વિલાસ કરવાનું સ્થળ[2] છે. એનો આ રાજા છે જેણે ભુજવડે રાજાઓનાં મંડળને હાલક[3]લોલક કરી નાંખ્યું છે તે તારા કટાક્ષ મંડળનો પ્રેમી થાઓ. ૧૦૬.

કામદેવે ન વીંધેલા, એના ચિત્તમાં ન વીંધેલા મોતીમાં દોરાની પઠે એ રાજા પ્રવેશ કરી શકયો નહીં તેથી એ ચતુર દ્વારપાળીએ બીજાને પ્રગટ કર્યો. ૧૦૭.

---

૧. એટલે અર્જુને સુહરના દેહમાં બાણ માર્યું તેની મ્હોટાઈની રેખા પડી જશે એવી શંકા લાવીને શિવજીએ તે બાણ તરત ખેંચી કહાડયું.

૨. મૂળમાં **दाम्नः** છે, તેને બદલે **धाम्नः** પાઠ હોય તો સારૂં. શાસ્ત્રીજી હાથીભાઇ પણ **धाम्नः** કહે છે.

૩. આંહી **भुजावर्तित** છે તેને બદલે **वर्जित** જોઇયે એમ પણ શાસ્ત્રીજી હાથીભાઇ કહે છે, તો તે પક્ષમાં ભુજ વગરનું કરી નાંખ્યું છે એમ અર્થ થાય, પણ **वर्तित**વાળો પાઠ પણ ખરાબ નથી.

શૌર્ય જેને પ્રિય છે એવા જે રાજાએ લડવાને નિસ્પૃહ એવા શત્રુ રાજાઓનાં નિવાસ સ્થાન લીલા માત્રમાં થપ્પટ મારીને નાશ કરેલા હાથીનાં (સ્થાન) સિંહની પેઠે જેણે પગલે પગલે મેળવ્યાં છે. ૧૦૮.

એ (પૃથ્વીમાં) એકવીર અને પૃથ્વીમાં ઉજ્વળ કીર્તિવાળો **ગોપાચળ**નો રાજા છે. સ્વયંવરની માળા મુકવામાં દૂતી જેવી તારા નયનકમળની માળા થાઓ. ૧૦૯.

તે કામદેવનાં બાણે અન્ય સારૂ પ્રાર્થેલી છે તે તેને મટાડનાર કોઈને પણ મેળવી શકતી નથી તેથી તેણે ઝાંઝર ખડખડાવેલા પગવડે તે જાણે બહુ બોલ્યો હોય એમ તેનો દોષ જણાવતી હતી. ૧૧૦.

કામે વશ કરેલા એવા જે રાજાઓની વચમાં થઇને તે ચાલે છે તેઓની આંખમાં જાણે સ્વયંવરની માળાની રજ પડી હોય એમ તેઓની આંખ આંસુથી ભરાઈ ગઇ. ૧૧૧.

જેના શત્રુ રાજાની સ્ત્રીઓનાં ફીકાં પડી ગએલાં લમણાં ઉપર પડેલાં લાંબા વાળનાં ગુચળાંવડે આંખનાં પાણી જાણે સેવાળવાળાં હોય એવાં થાય છે. ૧૧૨.

જેનો પ્રતાપાગ્નિ અપૂર્વ છે તે રાજાઓની સેનાના સ્થળમાં પેસે છે કે તેવાંજ શત્રુ રાજાઓના ઘરના આંગણામાં ખડ ઉગી નીકળે છે.[1] ૧૧૩.

હે લીલાવતિ! એ **માલવ** દેશનો રાજા છે તેને વિષે કામદેવ તારો મંત્રી થાઓ. એની કુલ રાજધાની **ધારા** (પોતાના) લીલા વન વડે તુંને સંતોષ કરો. ૧૧૪.

નાસાગ્ર તરફ સંકોચાવેલી દષ્ટિવડે જેમ તેમ તેને તેમાં નિરાદરવાળી માનીને તે આગળ કેટલાંક પગલાં ચાલીને સ્મરણ થવાથી હસતી એવી કુમારીને તે કહેવા લાગી. ૧૧૫.

ઘોડાની ખરીવડે ખોદાઇ જવાથી પૃથ્વી પાતળી થઇ ગઇ છે તેથી જાણે જે રાજાની કીર્તિ સાંભળીને નાગ કન્યાઓ ભેળી થઈને તે ગાય છે. ૧૧૬.

---

૧ એટલે ઘર ઉજડ થઇ જાય છે જેથી તેમાં ખડ ઉગે છે. એજ અપૂર્વતા.

હે ગુણને ગ્રહણ કરનારી! એ ગુર્જર દેશનો રાજા છે જેણે પોતાના બાહુના પરાક્રમવડે રાજાઓને મેળવી (સ્વાધીન કરી) લીધા છે. હે કમળાક્ષિ! તારી દૃષ્ટિ તેના ઉપર પ્રસન્ન થએલા કામદેવની પુષ્પ વૃષ્ટિ જેવી થાઓ. ૧૧૭.

લીલા કમળવડે ભ્રમરો ઉરાડતી તેણે તેનો તિરસ્કાર કર્યો અને દ્વારપાળી આગળ જઇને કાંઇક ગર્વ સહિત તેના પ્રતિ બોલી. ૧૧૮.

ચંદન ચર્ચવાથી ચારે કોરથી જે પીંગળો થએલો છે (એ) યથેચ્છ ઉંચા મનોહર દેહવાળો **પાં**ડ્ય રાજા છે જે ક્ષીરસમુદ્રના ક્ષીરથી ખરડાએલા મંદરાચળ પર્વતની ચતુરાઇને પીજાય છે. ૧૧૯.

હે કમળાક્ષિ! આની સાથે તારી મિત્રતાઇ કરવાને કામદેવ માનતો હોય તો ચંદન વૃક્ષના લીલા વનમાં મલયના વાયુ તારી નિરંતર સેવા કરે. ૧૨૦.

તે ગુણીને વિષે પણ ભાગ્યહીનમાં લક્ષ્મીની પડે તે પરાઙ્મુખ થઈ. (ત્યારે) વળી ડાહ્યું ડાહ્યું બોલવાવાળી તે પરવાળાંથી અધિક રાતા હોઠવાળી પ્રત્યે ફરીને બોલી. ૧૨૧.

સમુદ્રમાં ક્રીડાર્થે નાહીને કાંઠાના વનમાં વિહાર કરતા દિગ્ગજોના જેઓ, હાથણીઓની સોબતથી અવતાર પામેલા છે— ૧૨૨.

તે હાથીઓ જે મહાવીરની વિજય યાત્રાઓમાં ફુટી નીકળેલા મદજળવાળા થઇ જાણે દિગ્ગજને જોવાની ઇચ્છા હોય તેમ બધી દિશાઓના મધ્યમાં ફરે છે. ૧૨૩.

રત્નના ઢગલાઓવડે માગણના સાથને જે ભરી દે છે તેને નગારાના ભાવને પામેલા જળહાથીના ગંભીર નાદવડે સમુદ્ર જાણે વારતો હોય. ૧૨૪.

જે સેનાના ભારવડે નમતી જતી પૃથ્વીમાં ઉછળતી લેહેરની હારવાળા સમુદ્રની કાંઠે ઉભા એવા સમુદ્ર જેવા હાથીઓવડે જાણે (આડી) પાળ બાંધતો હોય. ૧૨૫.

જેના હાથીઓ ઉછળતા છાંટાને બાહાને પગ વાગવાથી ત્રુટતી ભરેલી છીપોમાંના મોતીનાં પાણી સમુદ્રના પાણી સાથે પીધેલાં તે જાણે ઓકી કાહાડતા હોય શું? ૧૨૬.

દિશાઓને ભરી દેનારી હાથણીઓ સાથે વિલાસવાળી સ્ત્રીઓ જેના બારમાં આવે છે તેથી દિગ્પાલની પુરીના ગોખ ચંદ્રમાના અજવાળાથી દિવસે પણ પખાળાય છે. (ઉજ્વળ થાય છે) ૧૨૭.

હે ચપલાક્ષિ! તે આ ચોલ રાજા (છે) જેના જયના ઉત્સવે ફેલાતા યશના ઢગલાથી ભરાઈ ગયેલાં દિશાનાં મુખ તે જાણે મંગળના શંખ વગાડતાં હોય શું? ૧૨૮.

(હે કુમારિ) એ વિલાસના વિદ્યાધરરૂપી રાજહંસને ત્હારી ભુજાના પાંજરામાં બાંધી લે. ક્રીડાના વિમાન સરખા ગોખમાં તારી કટિ મેખલા (એના) નેત્રના ઉત્સવ માટે થાઓ. ૧૨૯.

એવી રીતે અન્ય સ્થળે કરેલા આગ્રહવાળી એ (કુમારી) તેને વટોળીને ચાલુક્ય રાજાની સન્મુખ થઈ. ઉંચા મોજાએ ફેરવી નાંખી હોય તો-પણ નદી પ્હેલાંનો માર્ગ મૂકે નહીં. ૧૩૦.

અતિ લાંબો તેનો નેત્રાંત ભાગ (આંખનો ખુણો=કટાક્ષ મારવાનું સ્થળ) ચાલુક્ય રાજા તરફ ખેંચાયો ત્યારે વધરાઇ ગએલી આશાવાળા અન્ય (રાજાઓ) જાડી દીવાની વાટના ધૂમાડા વડે જેમ તેમ કાળા પડી ગયા. ૧૩૧.

તે ક્ષણે કોઇ એ કુમારીથી વિમુખ હશે તે બોલી ઉઠ્યો કે હું (તો) મ્હારી પ્રિયાનો પતિ છું. કોઈ રમુજ માટે વ્યભિચારી રાજાઓ ત્યાં આવ્યા હતા તેને જોવા સારૂ (પોતાનું) આવવાનું બતાવ્યું. ૧૩૨.

તેં હુંને આંહી તેડી આવીને નાહક હેરાન કર્યો એમ કોઈ પોતાના મંત્રીને નિંદે છે. વજ્રથી જાણે હણાયા હોય એમ બીજા રાજાઓનાં મુખ નીચાં થઇ ગયાં. ૧૩૩.

એ મૃગાક્ષિની દૃષ્ટિએ બધા રાજમંડળમાંથી તારવીને એ ચૌલુક્ય ભૂષણને રાજહંસિણી જેમ પાણીમાંથી દુધ ગ્રહણ કરી લે તેમ ગ્રહણ કરી લીધો. ૧૩૪.

એ પછી દ્વારપાળીમાં મુખ્ય એવી એ દાંતની કાંતિના પ્રવાહવડે એ (કન્યા) પ્રત્યે બીજા રાજાઓ તરફ જોવાથી ઉત્પન્ન થયેલું એ કુમારીનું કલંક ધોતી હોય શું એમ બોલી. ૧૩૫.

હે કમળમુખિ ! ત્હારી દષ્ટિ સુંદર પદાર્થને ગ્રહણ કરવાનું જાણે છે (ખરી) કે જેમ સેવાળને મૂકીને ભ્રમરી (કમળમાં લાગે) તેમ બધાને પડતા મૂકી આના મુખ કમળમાં લાગી રહી છે. ૧૩૬.

આવું રૂપ અન્યના જેવું સામાન્ય નથી. હું શું કહું ? તેં પણ (તે) જોયું (છે) એના સૌભાગ્ય ગુણ હું શું કહું જેમાં શ્રી અને સરસ્વતી બંને રહ્યાં છે.

૧૩૭.

મદ ઝરતા હાથીઓની સોબતથી જેણે તિરસ્કાર સહિત દિગ્ગજ તરફ જોયું છે એવા જે એ જીતવાની ઇચ્છાવાળાના ઘોડા ક્ષણ માત્રમાં દિશાઓની અંદરના ભાગમાં ફરી વળે છે. ૧૩૮.

એક ઠેકાણે ભાર (થવા) થી પૃથ્વી નમી જતી શેષ નાગના માથા ઉપર બરાબર રહી શકતી નથી એમ ધારીને જાણે જેણે બધીએ દિશામાં (પોતાની) સેનાના હાથીનું ટોળું ફેલાવી દીધું. ૧૩૯.

શેષનાગના મસ્તક ઉપર રહેલા પૃથ્વી રૂપી પાટીયાને મજબુત કરવા સારૂ જયસ્તંભને બ્હાને એ રાજાએ બધી બાજુએ ખીલાની હાર ગોઠવી છે. ૧૪૦.

એ રાજાની તરવાર જેમાં બંને બાજુએ રાજાઓના મસ્તકનાં મણિની માળાઓ પરોવાઇ ગઇ છે એવી તે બાકીના રાજાઓના ગળાનાં હાડકાંઓ સાથે ભટકાવાથી બુઠી ધારવાળી થઇ ગઇ છે. ૧૪૧.

સોમેશ્વર અને ચોલ દેશનો રાજા જ્યોત્સવના દ્વારમાં બળ થકી પેસતા હતા ત્યાં અદ્દભુત સાહસવાળાએ બળીયા રાજાએ બે હાથે એ બંનેને ધક્કેલી કહાડયા.

૧૪૨.

અદ્દભુત દાનના ભંડારરૂપ એ રાજાની આગળ કલ્પ વૃક્ષ આદિ પરમાણુ સરખા છે. ત્યારે ત્રણ જગતના ગૌરવ (ઓજ અને મ્હોટાઇ) ના પાત્ર એ રાજાની સરખાઇ તો કયાંથીજ પામે ? ૧૪૩.

મુંજની તો એક રતીભાર પણ તુલ્યતા નથી ત્યારે ભોજરાજાની યોગ્યતાની તો વાત પણ શી (કરવી)? કવિનો બાંધવ (એવો) આ (રાજા) મળ્યો (છે) ત્યારે લક્ષ્મીને તો પગ નીચેની દાસી કરી (રાખી) છે.

૧૪૪.

વિભ્રમવાળી બે ભમરો જેમાં નાચી રહી છે એવાં મૃગાક્ષીઓનાં મુખ સિવાય સાહસની છાપવાળા એ રાજાનું મન બીજે કયાંયથી પણ ભયની સીલથી કાંઈકિ ઉઘડેલું થતું નથી (સ્ત્રીના મુખ સિવાય તેને બીજે કયાંયથી ભય થતો નથી). ૧૪૫.

હે કિન્નરકંઠિ (ગાનારી) ભુજ બંધની દૂતી એવી માળા એના કંઠમાં મુકય કે સમાન સંબંધ થવાથી વિધિની કીર્તિ થાઓ અને કામદેવનો પ્રયાસ સફળ થાઓ. ૧૪૬.

તે દ્વારપાળીના સરખાઇવાળા વાકય માત્રથીજ લાજ મટી જતાં એ પતિંવરા કન્યાએ તે વરમાળા વિક્રમાંકદેવના ગળામાં આરોપી. ૧૪૭.

કંઠમાં રહેવા પામેલી તે વરમાળા મત્ત ભ્રમરની હારના અસ્પષ્ટ ઝંકાર વડે જાણે સમગ્ર રાજાઓની સૌભાગ્ય લીલાના જયનું નગારૂં વગાડતી હોય શું? ૧૪૮.

તેની ભુજાની શોભા ફુલની માળાથી પણ (વધારે) સૌભાગ્યની શોભા ધારણ કરે છે તેથી તે (માળા) કંઠમાં રહી છે તોપણ તેને આલિંગન કરવાને રાજા ઉતાવળો થયો. ૧૪૯.

કામદેવની ધનુર્વિદ્યાનું રહસ્ય જય પામે છે. હાલમાં (તો) ઘટિત (ઘટના) કરવાવાળો વિધિ વંદન કરવા યોગ્ય છે એવી પુરસ્ત્રીઓની વાણી ત્યાં ફેલાઇ રહી છે. આ જગત્‌માં સરખા સરખો યોગ કેને પ્રીતિનું કારણ નથી (થતો). ૧૫૦.

એ પછી જેમાં કોમળ (મંદ મંદ) મૃદંગ (પખવાજ) નો શબ્દ છાહી રહ્યા છે એવા પરણવાને યોગ્ય મંડપમાં તમામ રાજાઓની લક્ષ્મી જાણે પ્રતિબિંબિત થઈ હોય નહીં એવી વધૂ સહિત ધોળી કીર્તિવાળો એ કુંતલેંદુ રાજા પ્રવેશ કરીને વધારે ઊંચી શોભા ધારણ કરતો હતો. ૧૫૧.

ઇતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ શ્રી બિલ્હણના કરેલા શ્રી વિક્રમાંકદેવચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્ત વિરચિત ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં નવમો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૧૦ મો.

એ પછી એ સાહસના ચિન્હવાળા રાજાના વિવાહનો ઉત્સવ ઉત્પન્ન થયો ત્યારે કૃતાર્થ થયેલી રાજકન્યાએ જેમ તેમ કીર્તિએ પણ બધા રાજાઓનો ત્યાગ કર્યો. ૧.

રાજાઓ અશેષ સૌભાગ્યના ગુણનો ક્ષય થવાથી આશાના દીવા શાંતિ પામ્યા (વધરાઈ ગયા) ત્યારે જાણે તે દીવાના ધુંવાડાએ કરીને ધૂસરા શરીરવાળા (ઝાંખા) થઇ જતાં કાળપને પામ્યા. ૨.

કયો અક્રમ (ક્રમમાં ફેરફાર=વિરૂદ્ધતા) કરવાને વીલા પડી ગએલા રાજાઓની ઇચ્છા ન થઈ, પરંતુ વિક્રમાંકદેવનાં બાણ સંગ્રામાંગણમાં સહન થઈ શકે એવાં નથી (એટલે એના બાણથી બ્હીને કાંઇ કરી શક્યા નહિ.) ૩.

કરમાઈ ગયેલા મનોરથવાળા રાજાઓ જે રસ્તેથી આવ્યા હતા તે રસ્તે ચાલ્યા ગયા પછી દૈત્યોને દળી નાંખીને પ્રાપ્ત થયેલી લક્ષ્મીની સાથે વિષ્ણુની પેઠે એ રાજા તે રાજકુમારી સાથે રમણ કરવા લાગ્યો. ૪.

તે નમેલા અંગવાળી હળવે હળવે ગુણોવડે પ્રિયના મન ઉપર એ સ્ત્રી બધી આરૂઢ થઇ ગઈ કે કામદેવના હુકમવડે એકનેજ વશ થએલું આ રાજાનું મન બીજી સ્ત્રીઓથી હરી (ફેરવી) શકાણું નહિ. ૫.

તે (કન્યા) નું મુખકમલ કુંતલરાજાના હૃદયમાં પેઠું તેથી બીજી સ્ત્રીઓનાં મુખ કમળો સાંકડયની બીકથી બ્હાર નીકળી ગયાં. ૬.

તેણે વિવિધ ઉપચારમાં પરિપકવ થએલા એ (રાજા) ને વિષે નવોઢાનું વ્રત છોડી દીધું. એ એટલું પતિનું અકૌશલ કહેવાય કે જે નવી વધૂ બહુવારે વિશ્વાસ પામે. ૭.

કામદેવનો શસ્ત્રાધિકારી, કોયલના કંઠમાં (ના) સૌભાગ્યનો ગુરૂ, ચંદ્રકિરણની સફેતીનું જીવન, રસ રૂપી રાજાના ચક્રવર્તીપણાનો મંત્રી- ૮.

ઝાડને ઉત્તમ રીતે ચીતરવામાં ચિતારો, અને માનરૂપી વૃક્ષને ઉખેડી નાખવામાં મત્ત હાથી, એવો વસંતઋતુ તે વખ્તે આ પતિના પ્રભાવથી ફરી પાછો નવીનપણાને પામ્યો. ૯.

કામદેવે જગતનો જય કરવા સારૂ વસંતઋતુને સેનાપતિ ઠરાવ્યો. વાયે કરીને ઉછળતા ચંપાના સમૂહને બ્હાને દાનેશ્વરીની પેઠે સોનાનો ઢગલો વરસાવે છે. ૧૦.

પુષ્પના સમૂહના ફેલાવાથી ઉત્પન્ન થએલી તેની રજવડે પીંગળી થઇ ગયેલી દિશાઓમાં સોનાનાં ધરેણાં પેહેરેલી સ્ત્રીઓનું દિવસે પણ અભિસરણ (જારને ત્યાં જવું) થાય છે. ૧૧.

ગારા જેવા મધના ઝરામાં ભરાઇ ગયેલો પગ કાહાડી ન શકી તેથી ભ્રમરી રાડયના જેવા શબ્દોવડે ભ્રમરને બોલાવે છે. ૧૨.

ભ્રમર મધે ભરેલા પુષ્પનું કાણું લોભથી પુરી દઇને રહ્યો છે (ત્યારે) બીજા ભ્રમરો (પડખેથી) બીજે માર્ગે કરીને તે (મધ) પીયે છે. મળેલું મેળવવાનો એજ માર્ગ છે.[1] (મળેલું ડપટી મુકવાની એજ ગતિ છે). ૧૩.

મલયાગિરિ, ચંદન વૃક્ષના સંગી સર્પોના ઝેરની ઉનાશને લીધે અકળામણ જાણે પામ્યો હોય એમ મ્હોટાં ગુફાનાં મુખવડે ક્રમથકી નિશાસા મુકવા લાગ્યો (ગુફામાંથી પવન નિકળવા લાગ્યો). ૧૪.

વિયોગિનો સમૂહ આખો દહાડો ભોયરામાં ભરાઇ રહીને બહેરાપણાનો યોગ વારંવાર ઇચ્છે છે. કોયલના પંચમ સ્વરથી પીડા પામતો તે શું શું નથી કરતો. ૧૫.

અહો કામદેવનો પ્રિયમિત્ર વસંત પ્રિયથી વિખુટી પડેલી (સ્ત્રી) ઓની મતિનો નાશ કરી દે છે જે તેના ઉપરાઉપર થતા આક્રંદથી કોયલના શબ્દમાં વૃદ્ધિ કરે છે (જેમ જેમ વિયોગિણી સ્ત્રીઓ વધુ વધુ આક્રંદ કરે છે તેમ તેમ કોયલો વધુ વધુ બોલે છે). ૧૬.

કોઈ ચતુર, કામદેવનાં અન્ય બાણોને માંડમાંડ કદિ ઉલ્લંઘી જાય છે (તો તે) કોયલના કંઠ યંત્રમાંથી નીકળતા પંચમ સ્વરરૂપી અસ્ત્રવડે વશ થઇ જાય છે. ૧૭.

---

૧. આંહી **લબ્ધ**ને બદલે **લુબ્ધ** લઇએ તો અર્થ વધારે સારો નીકળી શકે.

હવે સ્નેહ ભરેલા નિરીક્ષણથી વસંતના શ્રમને અફળ કરતો રાજા રાણીનો હાથ પકડીને વિચિત્ર એવી ક્રીડા કરવાની નજરબાગની સ્થળીમાં પેઠો. ૧૮.

આમતેમ ચાહપૂર્વક જોતો થકો કુંતળ રાજા પછી તે મૃગાક્ષી ભણી કામદેવના ધનુષના પડછંદાની ભ્રાંતિ કરનારા સ્વરવડે બોલ્યો. ૧૯.

હે સુંદરાંગી! રતિના જન્મસ્થાન જેવો વસંત શું તારા નેત્રની મિત્રાઇ ઉત્પન્ન કરે છે ? કેમકે જેની શોભાવડે અને ત્હારા શરીરની સમૃદ્ધિવડે મદ પામતો કામદેવ (બીજા) કશાને ગણકારતો નથી. ૨૦.

હે બાલે ! આ નજરબાગની સ્થળીમાં વસંતની સેનાના સમૂહને હર્ષવડે જોવાને કામદેવે પડાવ કર્યો છે તો તે સ્થળીને તું જોઇને કૃતાર્થ કર. ૨૧.

હે કામદેવની લીલાના જયની રાજધાની (રૂપ બાલે) સન્મુખ આવેલી તુંને આગળથી જણાવનારો (છડીદાર, નેકી પોકારનાર) જાણે હોય શું એમ વસંતઋતુ ભ્રમરના મધુર શબ્દોવડે બોલાવી રહ્યો છે. ૨૨.

હે મૃગાક્ષિ ! ક્રીડાના બગીચાની રંગ ભૂમિમાં નૃત્ય જોવા સારૂ તું આવવાથી વેલરૂપી પુરસ્ત્રીઓ ખરતાં ફુલવડે જાણે ફુલના પસલા ઉંચા ફેંકતી હોય શું એમ કરે છે. ૨૩.

બધાં વૃક્ષોમાં અશોક (આસુપાલા) નું વૃક્ષ નશીબદાર છે કે જેને તેં પગને તળીયે હણેલો છે.* અને જેની સાથે મૃગનયનીઓ દાસની સાથે જેમ તેમ ક્રીડા કરે છે તેનેજ કામદેવ પ્રસન્ન છે. ૨૪.

---

૧. શૃંગારમાં વર્ણવાય છે કે અશોક વૃક્ષને કન્યા પગના તળા વડે લાત મારે ત્યારે તેમાં ફુલ આવે. એને માટે કુવલયાનંદમાં ઉપમેય ન્યુનત્વાભિધાયી વ્યતિરેક અલંકારના ઉદાહરણમાં શ્લોક છે કે—**रक्तस्त्वं नवपल्लवैरहमपि श्लाघ्यैः प्रियाया गुणैस्त्वा मायांति शीलीमुखाः स्मरधनुर्मुक्तास्तथामामपि ॥ कांतापादतलाहति स्तवमुदेतद्वन्ममाप्यावयोः सर्वं तुल्य मशोक केवलमहं धात्रा सशोकः कृतः ॥ कामिनी पादघाते ना शोकस्य पुष्पोद्गम इति कवि प्रसिद्धिः (चंद्रिका).**

વૃક્ષની જાતિમાં હું જાણું છું કે આ બકુલ વૃક્ષ (બોલશ્રી) પક્કો અરૂચિકર છે (કેમકે) જે વસંતમાં પણ હે મૃગાક્ષિ ત્હારા કોગળા[1]ની અપેક્ષા રાખે છે. ૨૫.

એક તરફ મહાદેવજીએ કોપ સહિત કામદેવને બાળી નાંખ્યો (ત્યાં) બીજી તરફ આ વસંત લક્ષ્મી તારી પઠે ઉત્તમ ખીલાવટ કરીને વારંવાર હજારો કામદેવોને ઉત્પન્ન કરે છે. ૨૬.

ત્હારા અંગરૂપી વેલનાં વિલાસરૂપી પુષ્પોવડે જરૂર કામદેવ હરાઇ જાતી આંખવાળો (આંધળો) થઇ ગયો છે એમ હું જાણું છું (કેમકે) વસંતઋતુએ નવાં અસ્ત્રો અર્પિત કર્યાં છે તે ચ્હડાવવાની ઇચ્છા કરે છે પણ ચ્હડાવતો નથી. ૨૭.

મનસ્વી (પુરૂષો) નાં (પણ) મનને ભેદવામાં ડાહ્યો કામદેવ (મધુ=મધ અને વસંત તેણે) અર્પાતો ગુણ (ગુણ અને પ્રત્યંચા) ધારણ કરે છે ત્યાંતો શીલીમુખ (ભ્રમર અને બાણ) ની પંક્તિ પુષ્પમાં અને કામના ધનુષમાં દાખલ થાય છે. ૨૮.

વસંતની શોભાવડે ગંધર્વોના સર્વસ્વમાં (ગાયન કળામાં) ડાહી એવી તું તેના શિષ્યની પેઠે આ નરકોયલ પ્રકાશ કરેલો પંચમ સ્વર વારંવાર લલકારે છે તે તું જો. ૨૯.

હે ચંદ્રમુખિ ! વસંતશ્રીવડે અને તુંવડે કામદેવનું ધનુષ ધણીયાસું થાય છે. પણ કામદેવ તો એની આગળ અનંગ (અંગવોણો) થયો છે પણ તેને પૂર્ણ અંગવાળો તું બનાવે છે. ૩૦.

એમ રસવાળાં સારાં વચનોવડે ફરીથી કહ્યા જેવું પ્રિયાના કાનનું ઘરેણું કરીને એ ચપળ નેત્રવાળીને કુંતળ રાજાએ ક્રીડાના હીંડોળામાં બેસારી. ૩૧.

હીંડોળાને લીધે ઝૂલતા વાળવાળું ગમ્મતને લીધે ઉંચી રહેતી ભ્રમે વાળું અને ભમેલા નેત્રકમળવાળું એ સ્ત્રીનું મુખ કામદેવે બાણરૂપી ટાંકણાંવડે ઉખેડીને એ (રાજા) ના હૃદયમાં પેસારી દીધું. ૩૨.

---

૧. દારૂના.

પ્રસરી રહેલા પંચમસ્વરવાળું ગીત, નમતી ભ્રમરવાળું જોવું, અને ઝાંઝરનો ઝણકાર એ રાણીનાં ત્રણ (વાનાં) ત્રૈલોકયના રાજ્યમાં કામદેવનાં હથીયાર છે. ૩૩.

નિતંબ મંડળના ભારને લીધે હીંડોળો જેમ જેમ ચડેડાટ કરે છે તેમ તેમ પ્રત્યંચાનો શબ્દ વરતાણા વગર કામદેવ એ રાજાને ભેદે છે. ૩૪.

એ રાજાએ પ્રિયાનો વિલાસનો હીંચકો હીંચકાવવા માંડ્યો (ત્યારે) સૌભાગ્ય ગુણના પ્રપંચે બધી સ્ત્રીઓને ભગાડવાનું આરંભ્યું (?) (એટલે એની નશીબદારી જોઇ બીજી બધી રાણીઓ આઘી ખસી ગઇ). ૩૫.

એ વિસ્તૃત નેત્રવાળીના હીંચકામાં હીંચકા ખાતા મુખની મિત્રાઈ કરનારી (તેના સરખી થતી) રાજાની બંને આંખને જાવું અને આવવું એમ થતાં ૪ ગાઉનું ચક્કર (ભમવું) પડે છે. ૩૬.

એ પછી તે રાણી (હીંડોળામાંથી) ઉતરીને ક્ષણમાત્ર પ્રિયના ખોળામાં વિસામો લઇને ગતશ્રમ થઈ ત્યારે વસંતની શોભાએ લોભાવી તેથી ફુલ વીણવાને ચાલી. ૩૭.

કુંતળ ભૂપાળના આંખના સનકારાથી બધો જનાનો ક્રમે ક્રમે ફુલ વીણવાના બંધાએલા હર્ષ સહિત ફરવા લાગ્યો. પતિની મ્હેરબાની એ ઉત્સાહની પરિસીમા છે. ૩૮.

આ (વસંત) ઘણાં પુષ્પવાળો છે છતાં કામદેવને પાંચજ બાણનો અર્થ સારે છે. એમ એનું કંજુશપણું જાણે ધારીને હોય એમ સ્ત્રીઓએ તેનું સર્વસ્વ હરી લીધું. (બધાં ફુલ ત્રોડી લીધાં) ૩૯.

માથે રહેલાં પુષ્પના કૌતુકવડે રાજાની સ્ત્રીઓ ઉપર ચ્હડે છે ત્યારે નિતંબના ભારે ભાંગી પડીશતો એ બ્હીકથી લીલા બકુલ[૧] વૃક્ષ કંપે છે. ૪૦.

નમતી નમતી વેલ્ય ફુલની રજવડે રાણીની આંખ ભરી મુકે છે. ત્યાં બીજી રાજાને આલિંગન લે છે. ભાગ્ય (ની બાબત) માં નિષેધનો માર્ગજ નથી. ૪૧.

૧. ક્રીડા કરવાનું બોલશ્રીનું વૃક્ષ.

અશોકે ફુલ વીણતાં એક રાણીને પલ્લવરૂપી હાથ (તમાચો) લગાવ્યો (ત્યારે) તે (પલ્લવ રૂપી હાથ) કાપી નાંખવા સારૂ કામદેવે જાણે ભ્રમરની પંક્તિને બ્હાને તરવાર ખેંચી. ૪૨.

કોઇ અણુસમજુને પતિયે, નિતંબ ભારે પોતે નહોતી ચ્હડી શકતી તેને ઝાડ ઉપર ચ્હડાવવા માંડી પણ ઉલટી બંને પગે ખેદ પામીને ડાળ ઉપરથી ઝાડના મૂળમાં ઉતરી આવી શકી. ૪૩.

સ્ત્રીઓ ઉપર ચ્હડીને હલાવવા માંડી તેથી નિતંબ ભાર વડે ભાંગી જવાનો વિચાર લાવી વૃક્ષો પોતે હલકાં થઇ જવા પોતાના માથા ઉપરથી ફુલના ભાર ફેંકી દે છે. ૪૪.

પુષ્પો લઇને સ્ત્રીઓ હેઠે ઉતરી ગઈ ત્યારે ક્રીડાનાં વૃક્ષો (સ્ત્રીઓના) ભારથી પોતે ભાગ્યાં નહિ એવો જાણે ગર્વ થયો હોય તેમ (પાછાં) તેઓએ ઉંચાં માથાં કર્યાં. ૪૫.

સ્ત્રીઓના પરસેવાના પાણીથી અને પુષ્પની રજથી બધે ઠેકાણે ગારો બની ગયો ત્યારે કામદેવે તેઓનાં કઠણ અને ઉંચાં સ્તન મંડળમાં નિવાસ કર્યો. ૪૬.

વેલમાંથી ખરેલા પુષ્પની રજના ઢગલા વડે નાભિ રૂપી દ્યુના સ્થળપણાને પામ્યા તેથી સ્ત્રીઓનો મધ્ય ભાગ કામદેવને લીલાની ગતિ માટે આંગણા રૂપ થયો. ૪૭.

રાજાની તે સ્ત્રીઓ ત્યાં ફુલ વીણવાને પ્રવર્તમાન થઈ ત્યારે તેનું મધ એજ જેને જીવન છે એવી ભ્રમરની પંક્તિઓએ કલબલાટ કરી મુકયો. ૪૮.

કોક સ્ત્રી ક્રીડાને બાહાને શોક્યની આંખ ફુલની રજથી ભરી મુકીને પ્રિયના ચુંબનનું પાત્ર થઇ. ડહાપણવાળાંને શું અસાધ્ય છે? ૪૯.

માન જેને પ્રિય છે એવી નૃપની કોઈ સ્ત્રી તેને ફળ વીણવાની ઇચ્છાએ સ્પર્શ કર્યો નહિ (ફુલ વીણવાની તેને ઇચ્છાએ ન થઇ) (અને) અનેક સ્ત્રીઓના બાહુના મૂળનીયાંના (આલિંગન લેતા પડેલા) નખક્ષત (નખના ઘા) તેઓ ફુલ તોડવા ઉંચો હાથ કરે છે તેથી (દેખાતા એવા તે) જોવામાં તત્પર થઈ. ૫૦.

કોઈ (સ્ત્રી) ને ઉંચી લેવા સારૂ જે ડાળને ખેંચીને રાજા તેને સોંપે છે તે તેના નિતંબના ભારથી શોખ્ય સ્ત્રીઓના મનની સાથે ભાંગી પડી. ૫૧.

કોઈ (સ્ત્રી) ને રાજાએ કાનમાં ઘરેણાં કરી આપ્યાં (તેથી તેણે) બીજી કોઈ સ્ત્રીને તૃણને ઠેકાણે પણ ગણકારી નહીં. સ્ત્રીઓને સૌભાગ્ય મદ ઉત્પન્ન કરનાર પ્રિયની મેહેરબાની હજાર મદિરા જેવી છે. ૫૨.

બધાંની આંખ બધે ઠેકાણેથી બંધ કરવાના કારણરૂપ ફુલની રજ ઉછળી ત્યારે આશ્ચર્ય છે કે કામદેવ રાણીઓના અંગમાં બાણ મારવાને ફાવ્યો. ૫૩.

રાજાની કોઈ સ્ત્રીનું લુગડું લતાગૃહમાંથી કોપ કરેલા વાંદરાએ ખેંચ્યું તેથી એ ધૂતારી દોડીને રાજાને વળગી પડી અને શોખ્ય સ્ત્રીના કોપનું પાત્ર ન થઈ. ૫૪.

કોઈ મૃગાક્ષી નિતંબના અતિશય ભારે ડાળ ભાંગીને રાજા ઉપર પડી (તેથી) શોકય સ્ત્રીઓ પીડા પામી. ૫૫.

રાજા અધીરાક્ષીના ઓળેલા વાળ ચંપાના ફુલની શરોથી બાંધવા લાગ્યો (કે જેથી) શોકય સ્ત્રીઓનો ક્રોધ ચિત્તમાં સ્થિર ગયો. ૫૬.

કુંતલ રાજાની સ્ત્રીઓ ફુલની રજના ઢગલા રૂપી ખડીથી શોભે છે તે જાણે કામદેવે પોતાના બાહુના પરાક્રમ રૂપી નાટકમાં નાચનારી બનાવી હોય? (નાચનારી જેમ શરીરે રંગ લગાવે છે તેમ) ૫૭.

તે ચાલુકય રાજાની સુંદર સ્ત્રીઓ ઝાઝાં ફુલનાં ઘરેણાંવાળી તે જાણે ફુલરૂપી બાણોની બ્હોતાતને લીધે તેઓની ઉપર કામદેવે શસ્ત્રોનો વરસાદ જાણે કેમ વરસાવ્યો હોય એવી શોભે છે. ૫૮.

રાજાની સ્ત્રીઓની પછવાડે લાગેલા ભ્રમરો ગુંજારવ કરતા જાણે શૃંગારીણી સ્ત્રીઓના કુળ ગુરૂ કામદેવનાં ફુલો ચોરી જઇ તેનો અપરાધ કર્યો છે એમ જાણે કેમ જણાવતા હોય? ૫૯.

ફુલોમાંથી નીકળેલી રજ વળગી જવાથી પરસેવાથી ભીનું થઈ ગયેલું વિલાસિની સ્ત્રીઓનું સુવર્ણમય શરીર જાણે કામદેવની આંચથી જરાક પીંગળી ગયું હોય એવું શોભે છે. ૬૦.

કોઇ મૃગાક્ષી સ્ત્રી પેશી જતા ભ્રમરને હાથ રૂપી કમળવડે આણી-કોર તેણીકોર ફેંકી કહાડતી બાળપણમાં કરેલો દડો મારવાનો શ્રમ (અભ્યાસ) બહુ (ઠીક) માને છે. ૬૧.

તરૂણ સ્ત્રીએ મુખ ઉપરથી ફેંકેલો ભ્રમર તેના હસ્તકમળના પોટામાં પેશી જાય છે. ત્યાંથી કાહાડી મુકેલો (પાછો) મ્હો ઉપર આવે છે. સ્વાર્થ પરાયણને લાજ કયાંથી (હોય) ? ૬૨.

હંસના નાદે જાણે બોલાવાતી હોય ? કૌતુકે જાણે ખેંચાવાતી હોય ? એમ અરાલ[1] નેત્રવાળી સ્ત્રીઓ કલેશ ટાળવા[2] સારૂં ત્યાંથી લીલા સરોવરના તીર ઉપર ગઇ. ૬૩.

સ્તને કરેલો ભાર જો જાણતી હોય તો કટિભાગે કરેલી હલકાઈ શું નથી જાણતી ? એમ જાણે તેઓનાં ચરણ કમળ ઝાંઝરના નાદવડે પૃથ્વીને કહેતાં હોય. ૬૪.

અધિક ઉંચાં થએલાં સ્તનદ્વયને લીધે રાજાની સ્ત્રીઓથી પૃથ્વી જોઇ શકાતી નથી. ઝાંઝરના શબ્દોવડે ખેંચાએલા હંસો પુણ્યોવડે પગ મુકવાનું સ્થાન પામ્યા નહીં (?) (કચરાઇ ગયા નહીં). ૬૫.

તેની સાથળના ભાગે એ વનસ્થળમાં લુગડાના છેડાવડે જે પવન નાંખવા માંડ્યો તે જાણે સ્ત્રીઓના પગમાં પીડા કરનારો માર્ગનો તડકો ઓછો કરવા સારૂ કેમ હોય. ૬૬.

નિરંતર ક્રીડાના વીંજણાનું અનુકરણ કરનારાં કાન ઉપર ઘરેણાં તરીકે જેણે પાંદડાં ખોસ્યાં છે એવી રાજાની સ્ત્રીઓના ઉપર પરસેવાનું જળ ટકી શકતું નથી. (પાંદડારૂપી વીંજણાના પવનથી પરસેવો સુકાઈ જાય છે). ૬૭.

મુખની આગળના ભાગને ચુંબન કરનારાં એ સ્ત્રીઓનાં કુચ મંડળ જાણે શ્રમજળ શાંત થવા સારૂ બરફ જેવા ટહાડા નિશ્વાસના વાયુને સેવવાને એમ કરતાં હોય શું એવાં શોભે છે. ૬૮.

---

૧. વાંકાં અથવા મત્ત હાથીના જેવાં નેત્રવાળી.

૨. મૂળમાં—**निर्वाहणाय** છે તે ખોટું છે. **निबर्हणाय** જોઇયે.

ચુલુક્ય રાજાની સ્ત્રીઓની ગતિની ચોરી કરનારા હંસ આકાશમાં ઉડીને ગયા, તે જાણે ભયથી આદિ પુરૂષ શ્રી બ્રહ્માજીના વિમાનના હંસોનો આશ્રય લેવા સારૂ ગયા હોય ? ६९.

રાજા, હાથણીઓની સાથે હાથીની પેઠે, અતિ અનાદર સહિત વખણાએલી રીતે પગ મુકતો તે સ્ત્રીઓની સાથે કમળોના મુકુટવાળા ક્રીડા સરોવરમાં પેઠો. ७०.

એ તળાવોની જાણે આંખ ખેંચી લેતાં હોય એમ તેનાં જે કમળો રાજાની સ્ત્રીઓ ખેંચી લે છે તે સ્ત્રીઓનાં મુખનાં ચોર એવાં કમળના સંગનું ફળ તે તળાવોને દીધું. ७१.

ત્યાં સ્ત્રીઓના ધોલાં જેવા હોઠથી રતાશના અને આંજણના પુંજના સંગથી ફેરફાર થઈ ગયો. (કે જેથી) ઉત્પલ જાતનાં (કાળાં) કમળ રક્ત કમળપણાને પામ્યાં. (કમળનો રંગ બદલાઈ ગયો.) ७२.

સ્ત્રીઓના ક્રીડા યુદ્ધને લીધે કમળ બધાં ભાગી ગયાં. લક્ષ્મીએ પ્રથમથીજ રાજામાં જઇને ઘણા વખતથી વાસ કર્યો છે તેથી બુદ્ધિવાળી ખરી. ७३.

તળાવડી લેહેરરૂપી હાથવડે રાજાની સ્ત્રીઓના પાદનું પ્રક્ષાલન કરીને ઉછળતા પાણીના છાંટાને બ્હાને તેના ચરણામૃતનું વંદન કરતી હોય શું? ७४.

તે તળાવ કોઈ પ્રકારે પણ કમળનો તિરસ્કાર કરનારાં તે (સ્ત્રી) ઓના ચરણરૂપી કોમળ પત્ર ઉપરથી સ્વાભાવિક કાંતિની જાણે પરીક્ષા કરવી હોય તે સારૂ લેહેરવડે અળતો ખેસવી નાંખે છે (ધોઇ નાંખે છે) ७५.

તળાવમાં પ્રવેશ કરતી વખતે કોપેલા ભ્રમરો જેમાં (વળગ્યા) છે એવા રાણીઓના પગ થયા છે તેથી શ્રમના થોડા જળવડે આગળથીજ વીખાઇ ગયેલા અળતાએ પગનાં તળીયાંને છોડી દીધાં છે (ધોવાઇ ગયો છે). ७६.

તળાવે બરફના એકલા સ્થાન એવા હિમાલયથી આ આવી છે (એમ માનીને) તે (રાણી) ઓના શરીર ઉપરથી કેસર (લેપ) ને તિરસ્કાર સહિત જાણે ફેંકી દીધી. (કેસર ધોઇ નાંખી). ७७.

અજાણુથી ઉંડા પાણીમાં પેશતી કોઇ (સ્ત્રી) ને રાજાએ તાણી લેવા માંડી તે બીજી શોક્યોએ સંભ્રમ (ઉતાવળ) થી જોઇ અને ઈર્ષ્યા કરી. ७८.

તેઓનાં મુખોએ કમળોની શોભા ખેંચી લઈને તેઓને દઢ રસ હીનતાને પમાડ્યાં જેથી જાણે તે ધૂળવાળા થએલા વટેમાર્ગુ ભ્રમરોના નિવાસપણાને પામ્યાં હોય. ૭૯.

દીપી નીકળતી કાંતિવાળી તે રાણીઓની આગળ ભ્રમરના પરબના મંડપ જેવાં કમળોમાં લક્ષ્મી પરબ પાનારી જેવી શોભે છે. ૮૦.

શિલા જેવાં ધાટાં તે સ્ત્રીઓનાં નિતંબ મંડળ જ્યારે તળાવમાં પેઠાં ત્યારે તેઓનાં લાવણ્ય રસના પ્રવાહના સંગથી જાણે તળાવ ઊંચા મોજાં વાળું થઈ ગયું. ૮૧.

ભ્રમરોએ ચાલુક્ય રૂપી વિદ્યાધરની સ્ત્રીઓના મુખરૂપી ચંદ્રમાની હારની હાર જોઇ ત્યારે બીડાઈ જવાના ભયથી નિદ્રામાં દરિદ્ર એવાં કમળમાં પણ તેઓ પેઠા નહીં. ૮૨.

કમળની રજનો સમૂહ રાજાની સ્ત્રી વર્ગના સ્વાભાવિક સૌંદર્યથી તિરસ્કાર પામેલી (કમલ) લક્ષ્મીના નિશ્વાસા વડે જાણે કમળના ઉદર-માંથી બહાર ઉડી નીકળ્યો હોય શું એવો શોભે છે. ૮૩.

હાથીના કુંભ સ્થળને જીતનારાં સુંદર ભ્રકુટીવાળી સ્ત્રીનાં બે સ્તન ઉપર રાજાએ છોડેલી કરયંત્ર[1]ની ધારા કામદેવનાં મુકેલાં સજેલાં બાણની સમાનતાને પામે છે. ૮૪.

વાંકી ડોક કરી ઉભાડેલી સ્ત્રી ઉપર રાજાએ છોડેલી પાણીની ધારા કુંડળના રત્નની અણી ઉપર પડવાથી (વીખાઇ જઇ) ભૂકો થઇ ગએલી તે ત્યાં મોતીની શોભાને પામી. ૮૫.

આશ્ચર્ય છે કે રાજાના કરયંત્ર (થી છુટેલું) જળ રાણીના કુચકુંભ સ્થળમાં આળોટે છે (પણ) શોક્ય સ્ત્રીઓની ક્રોધની વેલ પલ્લવિત થઈ ગઈ. ૮૬.

રાજાએ એ રીતનો ઉત્સવ અનુભવીને જળ ક્રીડાના ન્હાવાનો આ-ગ્રહ છોડી દીધો. સ્વભાવથી સારી રમત હોય તેમાં પણ વધુ પડતો પ્ર-

---

૧. પચરકીયું અથવા હથેળીમાં પાણી લઈ ઉરાડેલી શડચ.

સંગ લેવાથી તે રસને ભંગ કરવાનો હેતુ થઇ પડે છે. (અતિ પ્રસંગ રસ ભંગનો હેતુ થાય છે.) ૮૭.

આંજ્યા વગર કાળાં નેત્રવાળી અને કેસરના લેપ વિના પણ પીંગળા રંગવાળી કૃશોદરી સ્ત્રીઓ તેને નાહી રહ્યા પછી સ્વાભાવિક ઘરેણું પ્રગટી નીકળ્યું. ૮૮.

સ્તનના લેપવાળા ચંદનવડે ધણીયાસું થયેલું જળ ધારણ કરનારૂં તળાવ તે જાણે સ્ત્રીઓના વિયોગથી એકદમ ફીકાશ ધારણ કરનારૂં થઇ ગયું હોય ? ૮૯.

એ પછી લુગડાં બદલવાથી તથા ઘરેણાં પહેરવાની ક્રિયાથી તેનું શરીર અટકાયત વગરનું છે એમ કામદેવે માની રાજા ઉપર ફરીથી ધ- નુષ ખેંચ્યું. ૮૦.

રાજાની સ્ત્રી વર્ગના ક્રીડાનાવાળની લતાઓ ફુલના જેવા પાણીના છાંટાવડે શોભે છે, ન્હાવાથી શીતળ બની ગએલું સ્તન મંડળ કામદેવના ફુવારાના ગૃહ જેવું થયું છે. વળી (એઓની) સ્વાભાવિક શોભાને ખંડન કરનારાં ઘરેણાં ખસી જવાથી વિચિત્ર પ્રકારની લિપિ તેના શરીરોમાં થઈ રહી છે. ૯૧.

ઇતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક શ્રી **બિલ્હણદેવના** કરેલા **વિક્રમાંકદેવચરિત** મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્ત કૃત ગુજરાતી ગદ્યમય ભાષાંતરમાં દશમો સર્ગ સમાપ્ત થયો.



સર્ગ ૧૧ મો.

ન્હાતાં બાકી રહી ગયેલી કેસરની રાતિ કાંતિવાળી રાજાની સ્ત્રીઓના (શરીર સાથે) ભટકાતાં સૂર્યનાં કિરણોનાં પટલ જાણે તેના સ્પર્શથી રતાશવાળાં થયાં હોય. ૧.

પદ્મિનીના જાણીતા કાંટાએ જાણે પગ વીંધી નાંખ્યા હોય (એમ થવાથી) સમુદ્ર કાંઠે આવવા સારૂ સૂર્ય જાણે પશ્ચિમ પર્વતની કાંધ ઉપર ચ્હડી બેઠો. ૨.

સ્નેહી એવા આકાશના તળને આલિંગન કરીને પશ્ચિમ સમુદ્રના જળમાં ડુબતા એવા સૂર્યનું તેજ ફોતરા વગરના મસૂરના ભુકા સરખું રાતું જણાવા લાગ્યું. ૩.

ગયેલી કાંતિવાળો સૂર્ય જાણે રત્નની કાંતિ માગવા સારૂ (જતો હોય) એમ સમુદ્રમાં પેઠો. નક્કી ઉંચા સ્થાનથી પડેલા મ્હોટાઓની પણ સત્તા રેહેતી નથી. ૪.

ચક્રવાક પક્ષી સ્ત્રીનો વિયોગ (થવા) ના ભયથી ચાંચમાં પકડેલા કમળના તંતુરૂપી ગાંઠ પાડવાના દોરાવડે જાણે કંઠને પાશલો બાંધવાને ઇચ્છતો હોય. ૫.

બરાડા પાડે છે, ચાંચના બેવનમાં રહેલી મૃણાલી (કમળતંતુ) ને ઓળખતો નથી, આળોટે છે, એ રીતે પોતાની સ્ત્રીના વિયોગરૂપી ઝેર (ચ્હડવાથી) વ્યાકુળ થએલો ચક્રવાક (શું) શું નથી કરતો ? ૬.

પર્વતના મસ્તક ઉપર લાંબી લાંબી ઝાડની ડાળોમાં અને ઘરની ટોંચો ઉપર બળેલા કાળના વશથી સૂર્યના તેજના સૈકડો કટકા થઇ ગયા. ૭.

ઇંદ્ર આમાંથી રત્નરૂપી ઘોડો પામ્યો છે તો કદાચિત્ હુંને પણ દેશે એવી આશાથી ઘોડા બદલવાની બુદ્ધિથી સૂર્ય સમુદ્રમાં પેઠો. ૮.

સૂર્ય ઉઠેલા રાગ (રતાશ અને પ્રીતિ) વાળો પશ્ચિમ દિશારૂપી સ્ત્રીનું મુખ ચુંબે છે. પદ્મિની બિચારી શું કરી શકે ? કમળરૂપી નેત્રપુટ બીડી ગઇ ૯.

ઘોડાઓનો આકાશમાં ઠેકવાનો શ્રમ મટાડવા સારૂ જાણે દારૂ પાવા સારૂ જતો હોય એમ સૂર્ય મદિરાના ઉત્પત્તિ સ્થાન સમુદ્રમાં પેઠો. ૧૦.

સૂર્યનું ચોલા જેવું રાતું પ્રતિબિંબ સમુદ્રમાં (પડીને) શેષનાગ રૂપી ક્રીડા શય્યા ઉપર રહેલા નારાયણના ઘરેણા કૌસ્તુભ (મણિ) ની લીલા ધારણ કરે છે. ૧૧.

જળ હાથીના ભયથી સમુદ્રમાં પ્રવેશ ન કરતા ઘોડાઓની આંખ ઉપર જાણે પડદો દેવો હોય એમ સૂર્યે પોતાનો તડકારૂપી પડદો ખેંચી લીધો. ૧૨.

ત્રૈલોક્યના આંગણાના દીવારૂપ સૂર્યને વાયુએ જેમ, તેમ બ્રહ્માએ વધારી નાંખ્યો ત્યારે તેના વધરાવાથી નીકળેલી ધૂમાડાની શડ્યની પેઠે કાળી અંધારાની હારની હાર દેખાણી. ૧૩.

રત્નની પંક્તિના સમૂહની મદદવડે દીવાની શંકા થઈ હોય એમ આકાશમાંથી તેલના ઠામ જેવા સમુદ્રમાં પતંગ (સૂર્ય અને પતંગીયો) પડ્યો. ૧૪.

સૂર્યના વાહન (ઘોડા) ની ખરીથી ભંગાઇ ગએલી સમુદ્રના કાંઠાની છીપનાં સાંપડમાંથી (ઉડેલાં) કેટલાંક મોતીઓવડે જાણે (ભરાઇ રહ્યું હોય) એમ તારાઓ વડે આકાશ તિલકવાળું થયેલું શોભે છે. ૧૫.

પદ્મની કોટડીની પોલમાં રહેલા કબંધ (ધડ અને પાણી) થી ભયથી ભાગી છુટેલા ભ્રમરોવડે કાળું થયેલું અંકુશ વગરનું અંધારૂં આકાશની સીમમાં નેત્રની ગતિનો ભંગ કરતું હવું. ૧૬.

કાળાં રત્નોવડે જાણે જડી લીધી હોય, ધાટા આંજણના ઢગલાવડે જાણે ચારે કોરથી રગડી દીધી હોય અને સમુદ્રના તરંગોવડે જાણે ધોઇ કહાડી હોય એવી ત્રૈલોકયની શોભા અંધકારવડે થઇ રહી છે. ૧૭.

અંધારૂં વીખરાઈ ગએલા વાળની લટની રચનાવડે જાણે કપાળમાં વીખરાઈ ગયું હોય, અને અંબોડાની સમૃદ્ધિવડે જાણે સૌંદર્યનો પીડો થઈ ગયું હોય. ૧૮.

લોચનને વિફળ કરીને બધું ઢાંકી દેવાની બુદ્ધિ કરનારા અંધકારનું અવારિત શક્તિવાળું સ્પર્શેન્દ્રિય પ્રતિકુળપણું કરે છે. (અંધારૂં જોવાનું કામ અટકાવી વસ્તુનું ભાન અટકાવે છે ત્યારે સ્પર્શેંદ્રિય સ્પર્શવડે વસ્તુનું ભાન કરાવીને તેને હરવે છે). ૧૯,

ઉંચી ફેલાઇ રહેલી અંધારાની પંક્તિએ કેની આંખ બંધ કરી દીધી નથી; પણ કેવળ કામદેવે ઉશ્કેરી મુકેલી જાર પ્રત્યે જનારી સ્ત્રીઓની નહીં. ૨૦.

ધૂળની પથારીમાં સંગમના કાર્ય માટે તત્પર થએલી વ્યભિચારીણી-ઓને માટે જગતનાં નેત્ર બંધ રાખવામાં અંધારાનું મંડળ કયાં કયાં કનાતનું કામ નથી કરતું. ૨૧.

અસ્તાચળ રૂપી માળો પડી જવાથી જાણે સૂર્યનાં કીરણો વીંખાઈ ગયાં હોય તેવાં દીપાયમાન દીવાનાં કિરણોએ અંધકારરૂપી હાથીના અંકુશની રચના આરંભી. ૨૨.

અભિસરણ (વ્યભિચારાર્થે ગમન) સારૂ ગંઠાએલી અને ફુંક મારીને માર્ગના દીવા વધારી નાખનારી પ્રેમી સ્ત્રીઓ વગર વિઘ્ને પ્રિયનો સંગમ મેળવી શકી, એ કામદેવની ચપળાઇ જય પામે છે. ૨૩.

કોઇ સ્ત્રી ગધેડા સહિત ધોબણનું રૂપ ધારવાવાળું શરીર બનાવીને માણસોની હરકતને છેતરે છે. કામદેવ કેને નકલ કરવાવાળો નથી બનાવતો. ૨૪.

કોઈ સ્ત્રી પોતાની સખીને મુખ્ય પદવીએ ઠરાવીને પોતે હાથમાં દીવો લઇને પ્રાણનાથના રતિ સ્થાનમાં ગઈ. કામદેવનો ઉપદેશ પણ અદ્દભુત છે. ૨૫.

ઇંદ્રે સેવવા યોગ્ય (પૂર્વ) દિશારૂપી સ્ત્રી પાકી જવાથી પીંગળા થએલા બરૂના સાંઠાની નકલ કરનારૂં મુખ ધારણ કરતી બોલી કે ગર્ભમાં ચંદ્રમાનું પરિણામ છે (પાક થયો છે). ૨૬.

પાકી ગએલા કેવડાની રજના જેવું પીંગળું અને ઇંદ્રના ઘરની ચકોરીએ પીતાં બાકી રહેલું તેજ ઉદયાચળ (ની તલાટી) ના વનભાગમાં ભ્રમણ કરે છે. ૨૭.

ઉદયાચળના શિખરમાંથી કાંઇક નીકળેલા ચંદ્રવડે સારા ચંદનના લેપથી પીગળી એવી ભ્રમરોરૂપી પતાકા જેમાં છે એવું પૂર્વ દિશાનું મુખ શોભે છે. ૨૮.

બાળક ચંદ્રમા પૂર્વાચળની પૃથ્વીમાં કાંઇક રતાશવાળા ધોળા રંગવાળા અંધકારના સમૂહવડે ધાતુવાળા શિખરની જાડા સ્થળની ધડમાં રમવાથી ધડ ધડ શરીરવાળો થઈ ગયો હોય એવો થયો. ૨૯.

રતુંબડા કિરણવાળો સૂર્ય ગયો એમ (ગણીને) સૂર્યવિકાસી કમલિનીને છેતરવા સારૂ ચંદ્ર પણ તેવોજ પાસે આવ્યો પણ તે તેને છેતરી શકયો નહિ.
૩૦.

ચંદ્રના કિરણે હાંકી કહાડેલું અંધારૂં પર્વતમાં ન પેસી શકાય એવાં ધાડાં અરણ્યમાં પેશી ગયાં (પણ) આશ્ચર્ય છે કે માનિતી સ્ત્રીઓનાં મન આંજણની મેંશ જેવાં કાળાં થઈ ગયાં.
૩૧.

બધું અંધારાનું મંડળ ચારે કોરથી ફેલાતાં ચંદ્ર કિરણો વડે જાણે બાકી રહેલો કિલ્લો હોય એમ વશમાણવાળા પર્વતના બગીચાના છેવટના ભાગમાં એકઠું થયું.
૩૨.

કાળાં તાડનાં ફળની પંક્તિવાળી પૂર્વાચળની વનભૂમિ ચંદ્ર કિરણોએ આલિંગન કરેલી અને નીચી નમેલી અંધારાના મસ્તકની જાણે હારની હાર હોય એવી શોભે છે.
૩૩.

પારણું કરવાને તત્પર થએલી ચકોરની માદાએ નાંખેલા આંખની કિરણોના ઢગલાવડે જેમ તેમ રતુંબડું ચંદ્ર કિરણનું મંડળ રાતા ધાબળાની નકલ કરનારૂં થયું. (રાતા ધાબળા જેવું થયું).
૩૪.

માનવાળી સ્ત્રીઓનાં આંસુનાં જળનાં ઝરણાંથી જાણે ધોવાઈ જાતો હોય એમ પૂર્વ દિશાના ચાંદલાના ટપકા જેવો ચંદ્ર ઉદય વખતની બધી રતાશ ત્યાગ કરતો હવો.
૩૫.

જગતને વ્હાલા એવા પોતાના પ્રકાશવડે જાણે ગર્વ થયો હોય એમ ચંદ્રમાએ પાદ (પગ અને કિરણ) મુકવારૂપ મશ્કરી કરીને કમલિનીને નિદ્રા વગરની કરી.
૩૬.

પર્વતના શિખર ઉપર સ્થિતિ પામેલા રૂપાના અરીસા જેવા ચંદ્ર બિંબમાં આકાશના પ્રતિબિંબની કાંતિ શોભે છે.
૩૭.

પક્ષિઓનાં પીગળાવેલાં સ્ફાટિકનાં ગ્રહમાંથી (નીકળેલી) ફેલાતી જતી ઝરણાની હારની હાર હોય શું એવી ચંદ્રમાની કિરણ વડે પૂરાઇ ગએલી જગતની શોભાએ માનવંતીઓના માનના ગારાને ધોઇ નાંખ્યો. ૩૮

અતિશય ધાટા થઈ ગયેલા, ઠરી ગયેલા દુધ જેવા, પોતાના પ્રકાશમાં જાણે મેળવવા સારૂ હોય એમ ચંદ્રમા સમુદ્રનું જળ ઉંચું ખેંચી લે છે.
૩૯.

દિશાનો તટ (તડ) ત્રોડી નાંખવાની શંકા કરાવનાર ચંદ્રમાની કિરણ રૂપી અમૃતનું પૂર મંથાચળવડે ભેદાઈ જતા શરીરવાળા ક્ષીર સમુદ્રની શોભા પામ્યો. ૪૦.

કેવડાના દ્રવ્ય (રસ) જેવું અને પ્રકૃતિથીજ શીતળ એવું ચંદ્રમાનું તે તેજ કાંતિથી અને ગુણથી જગત્‌માં કેના શરીરમાં ચંદન લેપ નથી થતું? ૪૧.

ચંદનના જેવો પીંગળો અજવાળીયાના રસનો જથ્થો ગાગરો ભરીને ક્યાંક ફેંકી આવો એમ પ્રિય વગરની અબળા (સ્ત્રી)ઓ સખીઓને કહે છે અને તેના પગમાં પણ પડે છે. ૪૨.

કોઈ માનિની (માનવાળી સ્ત્રી) તરત માનને તરછોડી કાઢીને પ્રિયના ઘર ભણી ચાલી (ત્યાં) વાયુ આગળથી આવ્યો તે ન હલકાપણું ઠરાવી નિરાકરણ (મનનું સમાધાન) કર્યું. (પોતે બહુ ઉતાવળી ચાલી છતાં પવન આગળથી આવ્યો તે હલકો છે તેથી એમ થયું માન્યું). ૪૩.

એમ કામદેવનો મિત્ર અને તારાનો પતિ (ચંદ્ર) વૃદ્ધપણું પામ્યો તે વખતે રાજાએ શણગારેલી સ્ત્રીને પાનકેલી બનાવવા આજ્ઞા કરી. ૪૪.

એ પછી કામદેવનો અદ્‌ભુત એવો અસ્ત્ર વિદ્યાનો અભ્યાસ અને લટકાં મટકાંરૂપી હાથીને બાંધવાનું સ્થળ, એવો **કુંતલ** રાજાની સ્ત્રીઓનો પાનકેલીનો વેગ વધી પડ્યો. ૪૫.

ક્યારારૂપી કુંડાળાની સ્થિતિ ધારણ કરનારી એવી જે સરસ રાગરૂપી લતાની બંધુ અને સોનાના પાત્રોમાં પડતી મધની રાતી ધારાઓ શોભે છે. ૪૬.

રત્નજડિત કેલી પાનપાત્રમાં રહેલું કામદેવના બંધુરૂપ નવું મદ્ય રાણીઓને ચુંબન કરવાની ક્રીડાથી જાણે ભય પામ્યું હોય તેમ કંપે છે. (હાલે છે). ૪૭.

જગતને વશીકરણ કરવાના ચૂર્ણ સરખી કપૂરની રજવડે **કુંતલ** રાજાની સ્ત્રીઓનું મદ્ય સ્ત્રીઓના કુલગુરૂ એવા કામદેવની મિત્રાઇ પામ્યું. ૪૮.

સ્વચ્છ મદ્યવડે ભરેલા પાનપાત્રોમાં ચંદ્રમાનું પ્રતિબિંબ (પડે છે તે) અંદર રહેલા સ્ફાટિક મણિના ઢાંકણા જેવું લાગે છે. ૪૯.

પુષ્પના સુગંધવડે કરીને ચલાયમાન બનેલી અને મદ્યની ગાગરો-માં(થી) નીકળતા ધૂપના ધૂમાડા રૂપી વેલ્ય વડે શોભા પામેલી એવી ભ્રમરાની પંક્તિએ શોભે છે. ૫૦.

હાથમાં રહેલા પાનપાત્રમાંથી જાણે પ્રણામ કરતી હોય એમ સામી આળોટતી આવતી મદિરાએ મદિરાક્ષી (સ્ત્રી)ઓના રાતા હોઠની મિત્રાઇ કરી. ૫૧.

રાજાની સ્ત્રીઓના મુખમાં પેસતી મદિરા દાંતની કાંતિનો સંગ કરતી કામદેવની કીર્તિને જાણે પુષ્ટ કરતી હોય એવી શોભે છે. ૫૨.

છેવટના ભાગમાં જેમાં રાતાં લમણાં થયેલાં છે એવાં અને ભાંગી ત્રુટી ભાષાના વિપર્યાસવાળાં એવાં શ્યામ કમળના જેવાં નેત્રવાળી સ્ત્રીઓનાં મુખ રાજાને કામદેવનાં હથીયાર થઇ પડ્યાં. ૫૩.

કામદેવ સુરામાં પેઠો તે (સુરા) સ્ત્રીઓના મુખમાં પેઠી અને તે (સ્ત્રીઓનાં મુખ) રાજાના ચિત્તમાં પેઠાં અને તે (રાજાનું ચિત્ત) પ્રીતિના દરિયામાં પેઠું. ૫૪.

હે ચંદ્ર! મ્હારા મદિરાના ઠામમાં કેમ પડે છે? કુંતલેશ્વરને નથી જોતો શું? તે તારી પ્રિયા રોહિણીને કેશના શણગાર વગરની કરશે. ૫૫.

હે ચંદ્ર! હું કમલિની નથી. મદિરાના ઠામમાં આગળ (આવી) કેમ ઉભો છે? રોહિણીના આંખના કાજળથી થએલો કલંક તુંને લજ્જા નથી પમાડતો? ૫૬.

હે ચંદ્ર! મદ્યપાત્રમાં રહેલા તુંને મદિરાના રસના જથ્થા સાથે પીને આજ માનવાળી સ્ત્રીઓના કાંટાનો નાશ કરૂં છું. ૫૭.

હે દ્વિજરાજ (બ્રાહ્મણોનો રાજા તથા ચંદ્ર.) મ્હારા મદિરાના પ્યાલાને અડીશ તો તુંને એ દોષ છે. આંહી આ રાજા તુંને નહી મળી શકે અને ત્યાં રોહિણી રોષ કરશે. ૫૮.

હે ચંદ્ર! તું કોઇ પણ દુર્લભ્ય સ્ત્રીની ઇચ્છા કરે છે તેથી નક્કી દોરા જેવી હલકાઇ પામીશ. હે માનહીન ત્હારો ઉત્કૃષ્ટ લાભ તો જાણ્યો. ૫૯.

હે ચંદ્ર! જે તું આ આકાશના છેડાથી ખારા સમુદ્રના જળમાં ફેંકાય છે તે ખરેખર તારી ચપળાઇનું ફળ છે. નહીંતર ધોળી કાંતિવાળાને ત્હારે બીજો શો ખેદ હોય? ૬૦.

અરે, હે ચંદ્ર ! તુંને તારી સ્ત્રીઓ સ્ત્રીઓમાં પક્કો લંપટ અને ચપળ જાણે છે જે આંહી તું પાનપાત્રમાં પેઠો છે ત્યાં પણ તારાઓ મૂર્તિવડે તારી પછવાડે આવે છે. (તારાનાં પણ પ્રતિબિંબ મદિરામાં પડે છે તેથી) ૬૧.

હે કૌમુદીરમણ (ચંદ્ર) જરૂર તુંને આંહી કોઇ પણ સ્ત્રીએ દુરાશા દીધી છે કે જેથી હમેશ રાત્રિએ આકાશ ઉલ્લંઘીને વરૂણની દિશા (પશ્ચિમ) તરફ ગમન કરે છે. ૬૨.

હે રજનીશ (ચંદ્ર) હૃદયમાં નિર્મળ એવા મ્હારા પ્રિયતમને મલિન શા માટે કરે છે ? રત્નના પાનપાત્રમાંની મ્હારી મદિરાને મુકી દે, તારા ખોળાના કલંકને નથી જાણતો શું ? ૬૩.

હે દીપ વાયુએ હલાવેલો તું જે દર્શનની ઉત્કંઠાથી જેમ તેમ ઉંચો નીચો થાય છે તે કોઈ સ્ત્રીએ સમય આપેલો જણાય છે. ૬૪.

ઘણા પતિપણું પામવામાં શું (માલ છે ?) કે જેથી આ દ્યો (આકાશ) બીચારી પ્રિયતમથી ઠગાએલી તે તારાઓ જેને ન મળતા રહેતા હોય એમ નિત્ય આખી રાત રહે છે. ૬૫.

લમણાંમાં રતાશ અને આંખમાં કોઈ પણ જાતનો ભ્રકુટીને ફેરવી નાંખવાનો હેતુ, એવો સ્ત્રીઓને પ્રિયોએ સાંત્વન કર્યા વગરનો માનકાર્ય કરનારો મદ પેદા થયો. ૬૬.

એવી રીતે વિલાસરસ જેનામાં પ્રગટ થયો છે, અને જેનાં નેત્ર યુગલ અર્ધ મીંચાએલાં છે એવી સ્ત્રીઓનાં રસયુક્ત બડબડાટનાં વચન સાંભળતાં રાજાને કોઈ જાતનો મદ પેદા થયો. ૬૭.

એ પછી પાન ક્રીડાનો અનુભવ લઈને સ્ત્રીઓની મદથી ઉભી થએલી સમૃદ્ધિ જોઇને **કુંતળ** રાજા **ચંદલ** દેવીની સાથે શય્યાગૃહમાં ગયો. ૬૮.

જે (કૃત્ય) કામદેવના આયુષ્યને માટે છે, જે વડે યૌવન વૃક્ષ ફળદાયી થાય છે. અને જે પ્રીતિના સમુદ્રનું અમૃત છે તે (કૃત્ય) ત્યાં રાજાયે ચલાવ્યું. ૬૯.

ક્રીડાગૃહમાં એ એના મુખના વિભ્રમની શોભા માઈ શકતી નથી પણ પ્રીતિ તો દેવના ધનુષની તુલાથી તોળેલી જાણે હોય એમ બરાબર પ્રગટી નીકળી. ૭૦.

તે બંને પરસ્પર જોવાની લીલાથી ઘાટા કૌતુકરસયુક્ત થયાં થકાં મુહૂર્ત માત્ર વિચાર કરીને કુતુહળવાળી નિદ્રા (પણ હોય જાણે તેથી તે) વડે મીંચેલી બે આંખવાળાં ક્ષણ પણ (ન થયાં) (ક્ષણ માત્ર પણ નીંદર ન કરી). ૭૧.

એ ક્રીડા ગૃહમાં અદ્દ્ભુત વિલાસનું સ્થાન અને વધી પડેલા પ્રેમવાળા તેઓના મનમાં સામ્ય જાણે જાણવા સારૂ હોય એમ કામદેવ સો વાર માન ફેંકતો હવો. ૭૨.

એ અરસામાં રસયુક્ત અને વધતા જતા તથા જુદા પડતા ષડ્જ સુરવાળું તેમજ ભાષા વિશેષથી પુષ્ટ થતી વિચિત્ર પ્રકારની ચતુરાઈવાળું અને અમૃત જેવું સુંદર એવું પ્રભાત મંગળ (ગીત) સુભાષિત ભાષણ બોલવાવાળી મગધ સ્ત્રીઓએ ગાવા માંડ્યું. ૭૩.

આ રાત્રિ ચાલી જાય છે, રાજા! નિદ્રારસ ત્યાગ કરો, દરિદ્રી થતા આકાશરૂપી વૃક્ષમાં ફુલના જેવી શોભાવાળા તારા (દેખાય છે) અને આ કામદેવનો પ્રિય મિત્ર શશી પાંચ છ ક્ષણમાં સમુદ્ર કાંઠાનો રાજહંસ થઈ જશે. ૭૪.

જુદા પડતા ષડ્જ સુરવાળી ક્રીડાના પોપટોની વાણી પ્રકાશી રહી છે. દાંતના કરંડીયાના સરખી પીંગળા ચંદ્રમાની કાંતિ ઝાડની પોલ્યમાં પેશી ગઇ. થોડી વારમાં પૂર્વ દિશાના મુખના ઘરેણાપણું સૂર્ય પામશે (માટે) હે દેવિ! કમળની પાંખડીની શોભાવડે વખણાતાં નેત્ર તરત ઉઘાડો. ૭૫.

જે (દીવા) કામદેવનો લેખ લખવામાં સ્ત્રીઓની પ્રીતિપણાને પામ્યા છે, અને જેને કામદેવે અગ્નિ સરખાં બાણની પદવીને વટાવી* દીધા છે, તે દીવાના અંકુરો આજ હદ વગરના કાંતિના ફરી જવાથી ધૂળમાં રો૰ ળાએલા કુકડીના માથા જેવા બધી બાજુથી પીંગળા બની ગયા. ૭૬.

કામદેવની સેનામાં વિરહિ (જનો) ના શત્રુઓમાં જે અગ્રણી (છે) અને જે જગતના તાપ શમન કરનારૂં કિરણોનું ઝરણું છોડી મુકે છે તે

*અહીં મૂળમાં **लंघिताः** છે પણ શ્લોક ૮૦ મામાં **लंभिताः** છે એવો પાઠ અહીં પણ હોય તો પમાડ્યા એવો અર્થ થાય જે સારો છે.

ચંદ્રમા વધારે શું (કહેવું) (જે) શૃંગાર (રસ) નું જીવન હોઇને પછવાડે રજ વળગવાથી પીંગળા થયેલા જુના પતકાળાના પીંડા જેવો થઇ ગયો. ૭૭.

હે કૃશાંગિ ! કેટલીક રાત્રિઓમાં ફાડ (છતાં) પણ જે (ચંદ્રમા) કામદેવની ફરશી સરખી કુટિલતા ધારણ કરે છે તે જગતના નેત્રને વ્હાલો લાગનારો અને સ્ત્રી મુખના ચંદનના બિંદુ સરખો ચંદ્ર બુડી જાય છે. ૭૮.

તરતમાં સેવા કરનારી સ્ત્રીઓએ જણાવવાથી અતિશય લાજથી ક્રમે કરીને જેનાં મુખ નમિત થયાં છે અને ઘણાં સુવાળાં ઘરેણાં વીખાઇ જવાથી શોભાયમાન ગંડસ્થળ ઉપર આંસુ ફેલાઈ રહ્યાં છે તેથી જેને અતિ પીડા થઇ છે (એવી દશામાં) ખંડિતા (ઇર્ષ્યાળુ) સ્ત્રીઓ ખેદ પામે છે. ૭૯.

જે (ચંદ્રની કીરણો) માનરૂપી હાથીની અંકુશ, રાગી પુરૂષોના કંઠમાં (રહેવામાં) કુશળ કામદેવે અતિશય પ્રેમવડે વિલાસ પાશની પદવીને પમાડેલાં, ભેળાં થયેલાં ચક્રવાક નર માદાની ક્રીડાના છાના સાક્ષી અને રાજાની મૃણાલ તંતુની પથારીરૂપ એવાં ચંદ્રનાં કિરણો તવાઇ જાય છે. ૮૦.

નિરૂપમ એવો અર્થ સ્ફુરી આવે છે, કવિઓનાં વચન અનાયાસ પરિપકવપણાનું ચિહ્ન: ધારણ કરે છે તો હે કવિ તિલક આ કોઇ તરેહની સરસ્વતીની વેળા છે માટે ક્ષણ માત્ર સ્થિર ચિત્ત થઇને કાવ્યનો વિચાર કર્ય. ૮૧.

જે (હાથી) ના ગંડસ્થળના મદના ઝરવાથી થએલા ચોમાસાના જળના ગારામાં ઘુશી ગએલી શ્રી, રાજાઓના ક્રીડા સ્થાનના આંગણાની જમીનમાં ક્રીડા કરી શકતી નથી એવા હે રાજા તમારા મુખ્ય મુખ્ય હાથીઓ ક્રમેક્રમે ઉપડતી સાંકળના ખડખડાટ સહિત હીચકા ખાવાના ખેલવાળાં પગલાંવડે કમળની રજના ઢગલાની પથારીમાંથી ઉઠે છે. ૮૨.

મૃગનયનીના માનના આગ્રહની ગાંઠ્ય કે જેણે કામદેવના હથીયારથી પ્રિયતમની પ્રણતિને બુંઠી કરી નાંખી છે અને જે ચંદ્રના કર (હાથ અને કિરણ) થી પોચી પડવાના માર્ગે પણ નથી ચ્હડી તે (માન ગ્રંથીઓ) તાળવાના મૂળરૂપી પાંજરામાં વ્યાપી રહેલા અને પ્લુત સ્વરને ધોઇ નાખે એવા કુકડાના શબ્દથી છુટી ગઈ. ૮૩.

કમળોને ભયાનક લાગતો ઉદયાચળનો ક્રીડાનો મુગટ આ સૂર્ય અંધકારના સમૂહને ફેંકી દે છે. અને ભયભીત થએલી ચકોરીએ પીતાં બાકી રહેલા તેજવડે ચંદ્રમા અકસ્માત્ ચોખાના ચૂર્ણ જેવો ધોળો ફક પડી જાય છે.

૮૪.

મળશકાના વાયુ કામદેવના હુકમમાં સારી રીતે રહેનારાઓને ઉત્સાહ આપવામાં તત્પર થએલા, રીસાએલી સ્ત્રીઓના મનમાં ધાડો ભય પ્રવર્તાવનારા, જુવાન પુરૂષોનું જોવું અને ન જોવું એ કામ માટે કામદેવે જાણે યોજેલા હોય એવા અને ઉઘડેલાં કમળની સુગંધીને ચોરી લેનારા એવા થયા થકા ભ્રમણ કરી રહ્યા છે.

૮૫.

જે (ચંદ્રિકા) ચંદ્રની કાંતિ આકાશમાં આકાશ નદીની પેઠે બંને કાંઠા ઉપરવટ થઇ ગએલી હોય એવી શોભી રહી છે અને જે હિમાલયની શિલા ઉપર ચંદન પંક્તિ ઉપમાને પામી છે તેજ ચંદ્રિકા આંધ્ર દેશની સ્ત્રીના નેત્રમાં વાસ કરી રહેલા રાજાને ત્રણ લોકની કામનાની ક્રીડારૂપી કામણના ચૂર્ણ સરખી થઇને નિદ્રા કરે છે.

૮૬.

ખંડિતા સ્ત્રીઓના કપોળરૂપી મેજ ઉપર પોતાની કાંતિ મુકી દઈને દીવા પીંગળાશને ગ્રહણ કરે છે. અને ચંદ્રકાંત મણિઓ પોતાનું આર્દ્રપણું મનસ્વિની (માનતંગી) સ્ત્રીઓના નેત્ર રૂપી પડીયામાં મુકીને પોતે સુકાઈ જાય છે.

૮૭.

ઈંદ્રના હાથીએ માવતથી બ્હીતાં બ્હીતાં માંડ છોડ્યા, વનના હાથીઓના ખળભળાટથી અરૂણે વ્યોમાં ગણમાં ભેળા કર્યા, અને કાંઇક ગર્જના કરતા વનના પાડાઓનો માનરૂપી જ્વર ઉતારનારા એવા સૂર્યના ઘોડા મહા મ્હેનતે ઉદ્યાચળ છોડી જાય છે.

૮૮.

અંધકારને ગુહામાં રાખીને તેનું (સૂર્યનું) અપ્રિય કર્યું તેથી ગિરિઓ સૂર્યના પાદ (પગ અને કિરણ) પોતાને માથે ઉપાડે છે. અને સૂર્ય કાંઇક પણ અભયદાન દેવાના હેતુથી જાણે હોય તેમ તેના માથા ઉપર હાથ મુકે છે એવો શોભે છે.

૮૯.

કામદેવે (પોતાનાં) પાંચે બાણ કે જે ચંદ્રરૂપ શરાણના પથ્થર ઉપર ઘસેલાં છે; તે ન્યાય છોડી દેનારી જે સ્ત્રીઓ ઉપર ફેંકયાં થકાં બુંઠાં

થઈ ગયાં પણ મુગટના કમળની પાંખડી દૈવ ઇચ્છાથી પગ આગળ પડવાથી તે સ્ત્રીઓ કામી પુરૂષોને ગળે વળગી પડવાના કઠોર કૌતુકના રસમાં મગ્ન થઈને ઉભી રહે છે. ૯૦.

જે ઘોડાઓ વિષે આકાશમાં સૂર્યના ગમનાગમનથી સૂર્યના રથના છુટા થએલા ઘોડાઓની લોકોની ભ્રાંતિ સંકુચિત થાય છે, એવા એ ઘોડારના ઘોડા લક્ષ્મીના મંગળનાં નગારાં સરખા હણહણવાના શબ્દોવડે નિદ્રા ઉડી ગઈ છે એવું જાહેર કરે છે. ૯૧.

જે (સૂર્યે) રાક્ષસનો નાશ કરનાર વંશ (સૂર્ય વંશ) ઉત્પન્ન કરવાથી બંધ (?) કર્યો (સમુદ્રને બંધાવ્યો રામચંદ્રજી પાસે) અને જે યમુનાં અને તાપીની ઉત્પત્તિવડે સમુદ્રના સસરા થયા છે. એ સૂર્ય આખા જગત્‌ની છાડલીના રત્નના દીવા સરખો હોઈને તરત ઉત્પન્ન થએલા બાળકની આંખથી સુખે ગ્રાહ્ય કરી શકાય એવા તેજવાળો (થયો છે). ૯૨.

નારીઓએ કુકડાના કંઠનો નાદ કાન ઉપર પડતાં ક્રોધ વશ થઈને ઉઠીને ચાલવા માંડ્યું, અને કાંઈક છીંક આદિ સરખું માત્ર બતાવીને પાછી પ્રિયની ક્રીડા પથારીમાં પડે છે. ૯૩.

જે (ચંદ્રમા) શિવજીના લલાટના નેત્રના અગ્નિથી બળી ગએલા કામના ચંદનના રગડ જેવા ધોળા તેજવડે *ધારાગૃહપણાને પામેલો થકો અસ્તાચળના મસ્તક ઉપર તે ચંદ્રમા મધ ભેળવેલા છણેલા ભેંશના દહીંના જેવી ધોળી કાંતિવાળો શોભે છે. ૯૪.

રાજાઓ જેના સાશનનું ઉલ્લંઘન કરતા નથી. એવો એ રાજા કામદેવનું શાસન માથે ઉઠાવનારો તે માગધી (મગધ સ્ત્રી) નાં એવાં વચનો સાંભળીને અસીસાને સ્થાનેથી ભુજ ખેંચી લે છે. ૯૫.

ઇતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટશ્રી બિલ્હણનાકરેલા શ્રી વિક્રમાંકદેવ ચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા ગુજરાતી ગદ્યાત્મક ભાષાંતરમાં અગ્યારમો સર્ગ સમાપ્ત થયો.

---

* ફુવારાની ઓરડી.

સર્ગ ૧૨ મો.

એ પછી ત્યાં કામદેવના મિત્ર એવા વિલાસો વડે તે પાંપણવાળા નેત્રવાળી દેવીની સાથે ઘણા દિવસો ક્ષણની પેઠે રહીને ગ્રીષ્મ ઋતુનો પ્રવેશ થતાં રાજા કલ્યાણની પાસે આવ્યો. ૧.

એજ ક્ષણમાં **કુંતલ** રાજાનો પ્રવેશ સાંભળીને વિલાસવ્રતની દીક્ષા લીધેલી પરસ્ત્રીઓનાં કામદેવે ઉપદેશેલાં ચેષ્ટિત થવા લાગ્યાં. ૨.

કોઈ સ્ત્રીએ છૂટી પડેલાં રત્નની અણી જેમાં વાગવાથી ડાબા પગ ઉંચા ઉપાડી લેતાં નરના ઇશ્વર (રાજા)ની આરાધના કરવા સારૂ જાણે એકપદ વ્રત ધારણ કર્યું હોય ? ૩.

કોઇ સ્ત્રી એક નેત્ર કાનના કમળની રજવડે આંસુવાળું અને બીજું હાસ્યવાળું ધારણ કરતી થકી [1]સંકીર્ણ ભાવવાળી નાટ્યકળામાં ડાહી એવી તે જાણે કામદેવની [2]નર્તકી કેમ હોય એવી શોભે છે. ૪.

કોઇક સ્ત્રી કામદેવે બરોબર બાણ લગાવેલી તે ગોખના જાળીયામાંથી જોતી થકી કોઇ જાતની કામદેવના સંતત તીવ્ર ધનુષની પંડિતાઇ બતાવી આપે છે. ૫.

કોઇ ઉત્તમ સ્ત્રી કેશર ચોપડેથી રાતા અંગવાળી તેણે લટકાથી બાહુ રૂપી વેલને ઉંચે થંભાવેલ છે તે અતિ ઉંડા રાગના પ્રવાહમાં બુડેલી છે તે જાણે હાથ પકડાવાનું માગતી હોય ? ૬.

વીરમાં શ્રેષ્ટ એવો આ રાજા આગળ ઉભો છે. શૂર હોયતો એના ઉપર શૌર્ય કરી દેખાડ. સ્ત્રીઓમાં બડાકા મારવા એ લાજવા જેવું એમ કોઇક સ્ત્રી કામદેવને વાણીવડે હેરાન કરે છે. ૭.

અન્ય સ્ત્રી રાજાને ક્રીડા નિમિત્ત થએલી ગરમી મટાડવા સારૂ નેત્રાંચલ (નેત્રની પાંપણ તથા વસ્ત્ર)થી નીકળતા પવન વડે શ્રમના જળકણ મટાડતી એવી તે પોતાને કૃતકૃત્ય માને છે. ૮.

---

૧ બે ત્રણ ભાવ ભેળા બતાવનારી. ૨ નાચ કરનારી

કોઇ મૃગનયની હાથી ઉપર બેઠેલા રાજાને ખુલ્લા ભાવવડે જોતી થકી હું માનું છું કે સરખી મ્હોટાઇ થવા સારૂ (પોતે પણ) કામદેવ રૂપી મત્ત હાથી ઉપર ચ્હડી. ૯.

રાજાને નિરાદર જોઈને કોઈ સ્ત્રી જેણે લટકાથી ડોક નમાવી છે તે જાણે હૃદયમાં રહેલા કામદેવને ધનુષ્ય ખેંચવા સારૂ આગ્રહપૂર્વક યાચના કરતી હોય. ૧૦.

કોઈ સ્ત્રીને મેખલાની મણીની ઘુઘરી વાગી રહી છે, અને કંકણ ઝણઝણાટ કરે છે એવી રીતે ચાલી જાય છે. તેના તરફ રાજાએ જોયું તેથી તેણે ડહાપણ અને ગર્વથી ઉંચી ડોક રાખી. ૧૧.

તાડપત્ર * (પનડો) નામનું જેનું ઘરેણું કાનમાંથી હેઠું પડીને શ્વાસના પવનવડે ઘણું છેટું ઉડી ગયું. એવી કોઈ ઉત્તમ સ્ત્રીને ચતુરાઈના વિવાદ સારૂ જાણે કોઈ સ્ત્રીએ પત્ર (લાવીને) આપ્યું હોય ? (સ્ત્રીઓની ચતુરાઇનો ઈન્સાફ કરવા જાણે ફરીયાદનામું આપ્યું હોય). ૧૨.

ચાલવામાં આ મંદપણું કરનારો છે એમ રોષથી મ્હારો નિતંબ બ્રહ્માએ દૃઢ બાંધ્યો હતો. એમ માનીને જાણે કોઈ સ્ત્રી કંદોરો છોડી નાંખીને ઉતાવળી આગળ ચાલી. ૧૩.

કોઈ નિતંબ ઉપર ડાબો હાથ મુકીને (અને બીજો) હાથ સંકોચવાળો રાખીને નમાવેલા અંગવાળી રહીને જાણે રાજા ઉપર બાણ મુકવામાં હુશીયાર એવા કામદેવના ધનુષની કલ્પના કરતી હોય ? ૧૪.

કોઈ વિલાસિની સ્ત્રી ઉત્કંઠાથી વેગથી જતી હતી, ત્યાં રમવાના હંસ પછવાડે જાય છે, જાણે તેણે અન્યાયની બ્હીકથી રાજાને જોઈને હંસની ગતિ છોડી દીધી. ૧૫.

કામદેવના ઉત્સવની પતાકારૂપ રાણી પાસે ઉભી છે તેની સાથે રાજા વાત કરે છે. તે વખતે કોપાયમાન થયેલી કોઈ સ્ત્રીએ સ્પર્ધા સહિત મુકેલો અર્ધ કટાક્ષ પાછો ખેંચી લીધો. ૧૬.

રાજાને પાસે લાવવા રૂપ ઉપકાર કરનારા માર્ગમાં ફેલાવી મુકેલાં

---

* કોશકાર ટોટી, તાટંક, એવા પર્યાય મુકે છે તે અકોટાનું નામ છે પણ પનડો, પાંદડી, ઠીક બંધ બેશે, કેમકે તે વિના ઉડવાનો સંભવ નહીંજ.

પગના અળતાનાં ચિહ્નોવડે કોઇ સ્ત્રીએ ક્ષણે ક્ષણે જાણે કમળપત્રવડે પૂજા કેમ કરી હોય ? ૧૭.

લટકેથી કંઠ વાંકું રાખ્યું છે જેણે એવી પૂર્ણ ભાવવાળી કોઈ સ્ત્રીને રાજાએ જોઈ તેથી કામદેવરૂપી ભીલના બાણથી વીંધાએલી મૃગલી જેમ તેમ તે મૃગનયની મૂર્છા પામી. ૧૮.

વારંવાર ભ્રૂવલ્લીથી લટકો બતાવતી અને અપાર લાવણ્યના રસમાં ઉંચી ચ્હડી ગએલી કોઈ ઉત્તમ સ્ત્રી કટાક્ષરૂપી રંગભૂમિ ઉપર ચ્હડેલા કામદેવને નચાવે છે. ૧૯.

બગાસા વખતે કોમળ હાથવડે ટચકારી વગાડતાં વગાડતાં કોકસ્ત્રીએ રાજાને પ્રીતિ ઉત્પન્ન થયા વગરનો જોયો તેથી તે અતિ કોપવડે જાણે કામદેવનો તિરસ્કાર કરતી હોય. ૨૦.

કોઈ શરદ્ ઋતુના ચંદ્રના અજવાળીયા જેવી ગોરી સ્ત્રી રાતા પથ્થરના ગોખની કોર પાસે ઉભેલી તે પોતાને પ્રગટેલી ઝાળવાળા કામાગ્નિમાં ચરની ચાહુતી થયેલી જેવી જણાવે છે. ૨૧.

કુંતળ રાજા અભ્યાગત (મેમાન અને પાસે આવેલા) થયાથી તેનું આતિથ્ય કરવાને જાણે ઉઠેલો હોય એવા કામદેવે યોજેલી કોઈ સ્ત્રી લાંબી કટાક્ષની માળા તૈયાર કરતી હતી. ૨૨.

હાર ત્રુટ્યો એ પણ તું ગણકાર્યા વિના ચાલી જાય છે. ઉપલ્યું લૂગડું પડી ગયા છતાં પણ તું ઉભી રહેતી નથી, અને હેઠલું લુગડું નીકળી ગયું છે તેની સંભાળ વગર પણ તું દોડી જાય છે. ૨૩.

તું જે વેગે કરીને રાજાની સામી ગઇ છે તેથી ભૂષણ વગરની છતાં પણ તે દૂષણ નથી; પરંતુ આશ્ચર્ય તો એ છે કે ઉંચા સ્તનના ભારના ગર્વથી લીધી છે તોપણ કાંચળી પડી મુકી દે છે. ૨૪.

સીધા માર્ગમાં પણ પડી જવાને બ્હાને ત્હારૂં મુખ ઉછળતા મુખના શબ્દવાળું કેમ થઇ ગયું છે ? હે મુગ્ધે ! આ ઠેકાણે કુમારીઓ પણ કળાઓ વડે કામદેવની સ્ત્રી રતિને જીતી જાય છે. ૨૫.

જરૂર હે કમલાક્ષિ તારા ઉપર કામ ચ્હડયો છે કેમકે જે તું ચાબકો લગાવેલી ઉતાવળી ઘોડીની પેઠે ઉતાવળે પગે ચાલી જાય છે તે. ૨૬.

ઉછળેલાં અંગવાળી તું અમને (રાજાને) જોવામાં વિઘ્ન પાડવા આગળ જઇને ઉભી છે. પણ ગોખમાં બેઠેલી બીજી સ્ત્રીઓને તું ખારીલી શું કરીશ ? ૨૭.

હે આકળી ! તું કેટલાક નખના ઘા દેખાડતી તીવ્ર મદ શા સારૂ ધરી બેઠી છે, કામદેવના જયનાં અસ્ત્ર જેવાં અર્ધ ચંદ્રથી કેનાં અંગ ચિત્રેલાં નથી ? ૨૮.

તારામાં ડહાપણનું અભિમાન હમેશ રહ્યું છે તો તું કોઇ રીતે પણ રાજાની આરાધના કર, અને કામદેવના નામથી ચિહ્નિત થએલી એવી વર્ણમાળા સોનાના પત્રામાં અર્પણ કર. ૨૯.

સંભ્રમ સહિત બે ભ્રમરોને નચાવી રહી છે એવી પુરની સ્ત્રીઓનાં વિલાસનું ધનુષ આગળ કરીને આનંદ સહિત (બોલાતાં) એવાં વચનો રાજાએ સાંભળ્યાં. ૩૦.

એક સ્ત્રી કાનને કઠોર લાગે એવી વાણીવાળી સાસુને પછવાડેથી વારંવાર મનાઇ કરતી જોઇને કરેલા પુણ્યવાળું વેશ્યાપણું ગણતી હવી. (વેશ્યા થવું સારૂં માન્યું). ૩૧.

પગ લડથડ્યા વગર રમત કરતી જનાનખાનાની હાથિણી ચાલી જાય છે ત્યારે કોઈ સ્ત્રી નિતંબ ભાગમાં બોજો લાગે છે તેથી રાણીઓની નિંદા કરે છે. ૩૨.

જોવાને કૌતુકવાળી કોઇ સ્ત્રીને દૃઢ રીતે કામે વશ કરી લીધેલી દૃષ્ટિને કાનના ઘરેણામાં અને પોતાના લુગડાના છેડામાં જવું અને આવવું તે એક યોજન માત્ર થઇ પડયું (એટલે ઘડી ઘડીએ એ બે ચીજમાં દષ્ટિ કરે છે તેથી). ૩૩.

એ પછી પુર સ્ત્રીઓના અવલોકનરૂપી જાળના રાજહંસ (એ રાજા) બજાર વટાવીને ઘરના આંગણામાંની ક્રીડા કરવાની વાવ્યના હંસો જેમાં ઘરેણાંરૂપ છે એવી પોતાની રાજધાનીમાં પેઠા. ૩૪.

તે ત્યાં સમસ્ત લોકને મેહેરબાનીની બક્ષીસવડે અને સજળ નેત્રવડે સંતોષીને અદ્દ્ભુત યૌવનની ગરમીવાળા રાજાએ ગ્રીષ્મ સરખી ઉપભોગ લક્ષ્મીનો અનુગ્રહ કર્યો (એટલે ગ્રીષ્મને લાયક ઉપભોગ ભોગવવા લાગ્યો.) ૩૫.

લાવણ્યની લીલાના વૃક્ષની કળી જેવાં મોતીનાં ઘરેણાંવાળો રાજા, ત્રૈલોક્યને નેત્રના અમૃતના ઝરાનો છાંટા અને ઝડી સહિત પ્રવાહ હોય એવો શોભે છે. ૩૬.

મોતીના જેવા સ્વચ્છ એવા શ્રમજળના બિંદુથી શોભતો લાવણ્ય રસના પ્રવાહ જેવો એ રાજા ×તામ્રપર્ણીને પ્રીતિવાળી કરનારા સમુદ્રનું સાદૃશ્ય ધારણ કરે છે. ૩૭.

ચંદનને લીધે પીંગળાં સ્તનવાળી સ્ત્રીઓએ વારંવાર આલિંગન કર્યો એવો એ રાજા કેવળ ગ્રીષ્મની મ્હોટી ધગશને નહિ પણ કામદેવના તીવ્ર, આતપને પણ જીતતો હવો. ૩૮.

વિચિત્ર છે; ચંદનના લેપવડે શીતળ થએલા શરીરવડે એ રાજા મૃગનયનીઓના ચિત્તમાં પેશીને તેઓમાં તેણે કામદેવના તાપનો જ્વર ફેલાવી મુકયો. ૩૯.

(આ) નૃપ શ્રેષ્ટનાં અંગ લેપ કરવાથી વિશેષ પાંડુર જણાય છે તે જાણે ઉછળતી લાવણ્ય સમુદ્રની વેળાએ પ્રીતિવાળાં કર્યાં હોય. ૪૦.

પૃથ્વી મંડળના ઘરેણારૂપ એ રાજાએ બે અંગ (ભુજા) ઉપર ચંદનના ક્રીડાના ચાંડલા કીધા છે તે જયરૂપી અમૃત ચાખવાને તત્પર થએલી ચક્રવર્તિપણાની લક્ષ્મીનાં જાણે રૂપાનાં બે પાત્ર કેમ હોય ? ૪૧.

પૃથ્વીને ભાગ પાડીને બે ભુજામાં ધારણ કરનારા તે રાજાના બે ખભા ઉપર ચંદનના તિલક વડે થોડા હીમવાળા અને સ્ફાટિકના પર્વતનાં બે શિખર જાણે કેમ પ્રકટી નીકળ્યાં હોય ? ૪૨.

ભુજારૂપી મંદરાચલવડે મંથન કરેલા યુદ્ધરૂપી સમુદ્રમાંના અમૃતના બે પિંડ સરખા જાણે ધોળા હોય એવા અને ચંદનના મર્દનથી સુંદર એવા બે ખભાવડે તે લક્ષ્મીને ધારણ કરે છે. ૪૩.

રાજાએ ચંદનની સુંદર રેખ લલાટરૂપી પટ્ટમાં ધારણ કરી છે તે મુખ કમળમાં રહેલી સારી વાણીરૂપી દેવીને દેવાર્ચન કરવા સારૂ સ્ફાટિક લિંગની રચના જેવી લાગે છે. ૪૪.

× તામ્રપર્ણી નદી રત્નથી ભરેલી છે માટે.

એનું શરીર ચંદનના લેપવડે હિમાચળના જેવું ઊંચું લાગે છે. તે જાણે જગતમાં પેઠેલા સૂર્યના કિરણના તાપની શાંતિ સારૂ ચંદ્રની કાંતિએ આલિંગન કેમ કર્યું હોય ? ૪૫.

શૃંગાર રસના સમુદ્રના તરંગ સરખી અને કામદેવરૂપી વિદ્યાધરની તરવાર જેવી સ્ત્રીની વેણી (ચોટલો) તે વિલાસી રાજા ન્હાયા પછી સમારે છે. ૪૬.

કુંતલ રાજાની છાતી ઉપર ચંદનના ઘરેણાનું ટીલું શોભે છે તે લક્ષ્મીના ઝાંઝરના શબ્દવડે મુખરૂપી ચંદ્રમાંથી સરસ્વતીનો હંસ જાણે કેમ અવતર્યો હોય ? ૪૭.

એ રાજા ઠંડક થવા સારૂ હસ્તકમળમાં ચક્ર સરખું કમળનું પાંદડું અને બીજા હાથમાં વિભ્રમનું કમળ ધારણ કરે છે તે જાણે શ્રીકૃષ્ણનો પાંચજન્ય શંખ કેમ હોય ? ૪૮.

એ કમળનયન રાજાના વક્ષઃસ્થળમાં રહેલી ચંદનના પંકની લેખા શોભે છે તે જાણે મુખમાં રહેલી સારી વાણીરૂપ દેવીના હંસના મુખમાંથી પડી ગયેલ કમળતંતુ કેમ હોય ? ૪૯.

ફેલાતા એવા પાણીના છાંટાને બ્હાને જાણે હિમનો વરસાદ દેખાડતાં હોય અને સ્ફાટિકની જમીનવડે ચારે કોર ઠરી ગયેલું હિમ જાણે ઉરાડતાં હોય-(" એવાં ધારાગૃહમાં વાસ કરે છે " એમ ૫૪ મા શ્લોક સાથે સંબંધ છે.) ૫૦.

શોભાયમાન એવાં કેવડાનાં પાંદડાંની રચનાવડે અને હજારો ઘંટા વડે જાણે લાંબા દાંતવાળાં હોય ? અને વાદળાં સરખાં કાંણા વગરનાં કેળનાં પાંદડાં બાંધ્યાં છે તેથી જેમાં સૂર્ય દેખાતો નથી એવાં— ૫૧.

ગોખના જાળીયામાંથી નીકળતી સ્વચ્છ અને છેદ વગરની સમૂહને બ્હાને તપાટ ન આવવા દેવાને સીકલી લેવા માટે છાંટાની હારને ચલાવતાં હોય— ૫૨.

અત્યંત ઠંડકને લીધે જાણે સંકોચાઈ ગયાં હોય એવાં સૂર્યનાં કિરણોએ જેનો પૂર્વે સ્પર્શ નથી કર્યો એવાં અને ઉનાળામાં પણ જેમાં પેશી ન શકાય એવાં અને હેમંત ઋતુનો જીવ બચાવવામાં સમર્થ એવાં જાણે બ્રહ્માએ બનાવ્યાં હોય. ૫૩.

થાક ઉતારી દેવાથી કામદેવને ધનુષનો શ્રમ બતાવનારાં ધારાગૃહમાં મૃગનયનીઓ સાથે મધ્યાન્હ સમયે મધ્યમ લોકના રાજાએ વાસ કર્યો. ૫૪.

ચોલદેશનો નાશ કરનારો (રાજા) ચંદન (લેપ)થી ધોળાં થયેલાં સ્ત્રીઓનાં સ્તનમંડળમાં જેને ત્રણે જગત્ નમી રહ્યું છે એવા કામદેવ રાજાનું ચક્રવર્તીપણું માને છે. ૫૫.

હિમાચળના શૃંગથી અધિક શીતળ એવાં ઉત્તમ સ્ત્રીઓનાં કુંભ સ્થળ જે વિલેપને કરીને ચોતરફથી ધોળાં થએલાં છે તેના ઉપર પોતાનો ઘોર એવો દાહ તેને મટાડવાને પંડિત થયો. ૫૬.

સ્ત્રીઓનું લેપ વગર (પણ) શીતળ અંગ વાયુ પાટલ વૃક્ષ વડે વિપાટલ (સુગંધ રહિત) અને કામદેવનું વીરવ્રત પાળવા સારૂ તેનામાં ઉઘડેલી મલ્લિકા સામેલ થઈ. ૫૭.

સ્ત્રીઓના કાંતિજળે છેતરેલા એવા હંસો તે જે (વાવ્ય) ના દૂધ સરખા સુંદર જળમાં પડીને પછી બીજે ઠેકાણે દૂધ પાણીના ભાગ કરવા સારૂ ઉત્સાહ ધરાવતા નથી. ૫૮.

જ્યાં ભ્રમરો જેમાં ગુંજાર કરે છે એવાં કમળોમાં હંસ બેઠા છે તે શોભે છે તે જાણે સ્ત્રીઓ પાસેથી ઝાંઝરના નાદ ગ્રહણ કરીને પોતાનું લીલાગમન સમર્પણ કરીને કેમ બેઠા હોય ? ૫૯.

સ્નાન ક્રીડા કરનારી રાજાની સ્ત્રીઓને જ્યાંનાં કમળોએ મુખરૂપી ચંદ્રબિંબ સાથે વિરોધ ન આવવા દેવા જાણે લક્ષ્મીને પગ તળે કેમ સોંપી હોય ? ૬૦.

નિતંબભાગને લીધે પ્રગટતા તરંગમાં હીંચકા ખાતા અને બોલતા સારસ પક્ષીઓ જેમાં છે એવી એ લીલા વનની લાંબી વાવ્યમાં એ રાજા એ સ્ત્રીઓ સહિત રમણ કરે છે. ૬૧

વીસામો ખાધેલી સ્ત્રીઓના હાથમાં રહેલો ધારાયંત્ર તથા રાજાના હાથમાં રહેલું કમળ પલ્લવનું પાંદડું તે કામદેવના બાણની મિત્ર એવી કાળી ઢાલની શોભા ધરે છે. ૬૨.

રાજા રૂપી ચંદ્રના શરીરના લાવણ્યના જળમાં રહેલું જે કામદેવના

વાહનનું માછલું તેને (પકડવાના) કાંટાની શંકા સ્ત્રીના કરયંત્રની લાંબી ધારા ઉત્પન્ન કરે છે. ૬૩.

તે રાજહંસ (સ્ત્રીઓના) હાથમાં યંત્રથી મૂકેલી ધારાઓ રૂપી લતાના પાંજરામાં આવી ગએલો તેને જાણે ભેટરૂપ ગણીને સ્ત્રીઓએ કામદેવરૂપી રાજાના હાથમાં મુકી દીધો હોય શું ? ૬૪.

તે વીરમાં એક્કો કરયંત્રના જળની ધારાઓવડે સ્ત્રીઓએ આકુળ વ્યાકુળ કરી નાખેલો તેને કામદેવે ધનુષ ચ્હડાવીને બે ધડક શીખવાનું નિશાન બનાવ્યું. ૬૫.

રાજાની ધારાના જળથી સુંદર સ્ત્રીઓના સ્તન ઉપરનો લેપ ધોવાઇ ગયેલો હોવાથી કામદેવે હૃદયમાંનો રાગ નીકળી જશે તો એવી શંકા લાવીને મજીઠના રંગ જેવો રાગ (પ્રીતિ) કર્યો. ૬૬.

રાજા પોતાના હસ્ત કમળની યંત્ર ધારા સ્ત્રીના કપોળ ઉપર નાંખતાં ચંદ્રમા ઉપર કિરણનો દંડ નાખતો સૂર્ય હોય એવો શોભે છે. ૬૭.

સોનાના શંખ જેવા કંઠવાળી સ્ત્રી વાંકી વળીને અને રમતમાં લોચી ખાઇને કામદેવની તરવાર હોય શું એવી રાજાએ મુકેલી અને કંઠ તરફ આવતી પાણીની ધારાને વટોળી જાય છે. ૬૮.

ક્રીડા તળાવડીનાં પાણીને સ્ત્રીઓના સ્તન ભાગ ઉપરની પત્ર રચનાની કસ્તુરીના ગારાવડે ચિન્હવાળાં અને વરસાદના જળની ભ્રાંતિને લીધે ચળાયમાન થએલા હંસોના હાસ્યવાળાં કર્યાં. ૬૯.

રાજાની રાણીના સ્તનના કેસરવડે વાવ્યનું પાણી રતાશ પામ્યું તે ક્રીડા કરવાને બુડેલા કામદેવના હાથીના માથાના સિંદુર સરખું શોભે છે. ૭૦.

ક્રીડા કરવાની આંગણામાંની વાવ્યના (પાણીના) તરંગોની સાથે ભેળાઇ ગયેલી કપુરની રજ, શિવજીના ક્રોધરૂપી અગ્નિને શાંત કરવા સારૂ પાણીમાં પેઠેલા કામદેવની ભસ્મ હોય એવી શોભે છે. ૭૧.

આશ્ચર્ય છે કે કૃષ્ણાગુરૂના ધૂપના ધુમાડાથી કમળનયનીઓના વાળે તો આર્દ્રતા મુકી દીધી (સુકાઈ ગયા) પણ કામદેવ ચાલું આર્દ્રપણું પામ્યો. ૭૨.

ફુલનો બગીચો પાસે નથી તેથી કામદેવના ભાથાનો ભાર ઓછો થયો તેથી તેણે સ્ત્રીઓના ઉઘડેલા મોગરાના ફુલવાળા ચોટલાના બંધમાં ધૈર્ય બાંધી રાખ્યું. ૭૩.

મોજાવડે જેમાંથી કાજળ ધોવાઇ ગયું છે એવાં રાજાની સ્ત્રીનાં નેત્રો શરાણે સજેલાં કલંક (ડાઘ) વગરનાં કામદેવના હથીયારની મિત્રાઇ પ્રગટ કરે છે (તેના જેવાં છે.) ૭૪.

જળ ક્રીડામાં ધોવાઇ ગયેલા કેસરને લીધે તે સ્ત્રીઓના અંગમાં થએલા નખક્ષત ખુલ્લા દેખાઈ આવે છે તે શૃંગાર સમુદ્રના કાંઠા ઉપરનાં પરવાળાંના વૃક્ષની છટા ધારણ કરી રહ્યાં છે. ૭૫.

તે પછી **કુંતલ** રાજા રાણીના લમણા ઉપર પાંદડાં તથા વેલની રચના કરે છે (તે વખતે રાજાને) શોકયોએ પીંગળ લમણાના ભાગ ઉપર ફેલાએલાં આંસુવડે જણાએલા કટાક્ષવડે અર્ધું તાડન કર્યું. ૭૬.

રાજા પોતે જ્યારે કૌતુકથી ઉંચી કરેલી ડોકવાળી પ્રિયાનો ચોટલો ચણે છે ત્યારે પરસ્ત્રીઓ વધી પડેલી ચિંતાના તાપવડે તપી જતા કપોળને હસ્તકમળના સાથરામાં મુકીને બેઠી છે. ૭૭.

રાજા વસંત ઋતુમાં વિરામથી ગળી ગએલા પરાક્રમવાળા કામદેવનું શૌર્ય એવાં અનેક ચરિત્રો વડે ગુંથતો થકો જાણે ઠંડક ચોકી કાહાડતાં સ્ત્રીના અંગના સંગ વડે વૃદ્ધ એવા ગ્રીષ્મના ગર્વને પણ જીતી લેતો હવો. ૭૮.

ઇતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ શ્રી **બિલ્હણ**ના
કરેલા શ્રી **વિક્રમાંકદેવચરિત** મહાકાવ્યના ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં
બારમો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૧૩ મો.

જગતને તપાવનારો (ગ્રીષ્મ) પ્રતાપને ઉંચાઇએ ચ્હડાવીને દાહની ભસ્મવડે જાણે કૃત કૃત્યતા દેખાડતો હોય એમ યશ દાખવીને પોતાનું પરાક્રમ બતાવવાથી પાછો હઠ્યો (બંધ કર્યું.) ૧.

તીક્ષ્ણપણું કરીને, દિવસો ગણ્યા, અને તેણે (હવે) પ્રતાપની હાનિ થવાથી પ્રેમાળપણું ધારણ કર્યું. પરને તાપ કરવાનેજ પરાયણ થએલા (પુરૂષો) અભ્યુદયનું સ્થાન ક્યાંથી થાય. ૨.

દાવાનળથી બાળેલા વનની ભસ્મથી પર્વતો પીંગળી કાંતિવાળા શોભે છે, તે જાણે ખોળામાં રહેલાં બાળક વૃક્ષોના ક્ષય થવાથી વૈરાગ્ય વશ થઈને તપસ્વિપણાને પામ્યા હોય ? ૩.

તપાટ થકી પ્રાપ્ત થએલી [1] કૃશતાની સંપત્તિવડે નદીઓના નિતંબ ભાગમાંથી નીકળી પડેલી જાણે મેખળા કેમ હોય એમ અસ્પષ્ટ ઉચ્ચાર કરતી નાનકડા હંસની પંક્તિઓ શોભે છે. ૪.

આખી પૃથ્વીમાંનો રસ પીને અતિ ધીંગાપણું જાણે ધારણ કર્યું હોય તેથી તેવા સૂર્યના ભારે જાણે ઘોડા હળવે હળવે ચાલતા હોય તેથી અનુક્રમે દિવસો લાંબા થયા છે. ૫.

અતિ લાંબુ થઈ પડેલું કૃશત્વ પામેલી બીજી (નદીયો) ચાલવાને એક પગલું ભરી શકતી નથી. માત્ર સમુદ્રના આલિંગનનો ઉત્સવ હેમાચળમાંથી નીકળેલી નદીઓજ મેળવી શકે છે. ૬.

ઉત્તર ભૂમિની નદીઓ હિમાલયમાંથી ઝરતાં ઝરણાંનું પાણી પોતાની સાથે લેતી ચાલે છે. તે જાણે અનેક નદીઓના વિયોગથી તપેલા સમુદ્રને શીતોપચાર કરવા સારૂ લઈ જતી હોય. ૭.

નદીઓ જેની કૃશતા સ્પષ્ટ જણાય છે અને પરિતાપે કરીને સંકોચાઈ જતી પંક સહિત કમલિનીનાં પાંદડાંના ચિહ્નથી વર્તાતી એવી થઈ છે. તે જાણે સમુદ્રના સમાગમનો લાભ મળતો નથી તેથી તે વિયોગને યોગ્ય એવી દશા ભોગવે છે. ૮.

---

૧ દુબળાપણું.

પાંથ પરબ પાનારીએ ઘડાની બુદ્ધિથી ખુલ્લાં કરેલાં સ્તન દ્વય ઉપર દૃષ્ટિ જોડે છે. (તેથી) કુંભમાંથી પડતી અને મ્હોંમાં જાય છે તોપણ જળધારાને જાણતો નથી. ૯.

પાંથો તેના (પરબ પાનારીના) અધરપાનના લાલચુ છે. તેથી તેણે રેડેલું અને લોધ્ર વૃક્ષની સુગંધીવાળું પણ પાણી અનાદરથી માંડમાંડ પીયે છે. ૧૦.

નિરંતર પાટલ[1] વૃક્ષરૂપી અધરમાં ભટકાએલા અને ઉઠેલા દાવાનળના ભાઈ સરખા વાયુઓ તે ઘાટી ઉનાશના સંગી એવા ઉનાળાના વાયુ હોય એમ ક્રમ થકી રમણ કરી રહ્યા છે. ૧૧.

ગ્રીષ્મઋતુની મ્હોટી ગરમીનો અહંકાર આયુષ્ય વગરનો થયો ત્યારે ઉભાં થએલાં રૂવાટાંવાળાં વિલાસીજનો, સ્તન મંડળમાં ચોપડેલા ચંદનના લેપથી લિપ્ત થએલી પ્રિયાના આલિંગનનું સુખ દિવસે પણ અનુભવવા લાગ્યા.૧૨.

પરસ્પરના શ્વાસના વાયુ ભટકાવાથી કપોળમાં રહેલાં જેનાં પરસેવાનાં ટીપાં ત્રુટી (સુકાઈ) જાય છે. એવા વિલાસિઓ મિશ્રિત થએલા અન્યોન્યના ભુજવડે પ્રદોષ સમયે પણ સુવે છે. ૧૩.

કમળ વગરની, ચંદન વિનાની, વિલાસથી ચુંથાએલી એવી પથારીનો સારી પેઠે આશ્રય કરતી મૃગનયણીઓ ધીરે ધીરે ઉનાળાના પ્રતાપની ઘાટી હાનિ દેખાડવા લાગી. ૧૪.

એ સમયમાં રાજાએ વાદળાનો કટકો સૂર્ય મંડળને મળી ગએલો દીઠો. તે જાણે કુંડળવાળું અને કયાંકથી અર્ધ નીકળી આવેલું વર્ષાકાળનું માથું હોય નહીં ? ૧૫.

ઉનાળાએ જેની જળની સંપત્તિને ખતમ કરી નાખી છે એવી આકાશગંગાનો દેવતાઓએ પાણી જોવાની ઈચ્છાથી જાણે અંદરથી બ્હાર કહાડેલો ગારો (ગાળ) હોય એવો બાળક મેઘને રાજાએ દીઠો. ૧૬.

હળવે હળવે વૃદ્ધિ પામેલા મેઘને જોઈને કૌતુહળવાળા ચપળ નેત્રવાળી અને ખોળા રૂપી ખાટલામાં સ્થાન કરેલી (બેઠેલી) પ્રિયા પ્રત્યે રાજા બોલ્યો. ૧૭.

---

૧ પાટલ નામની વનસ્પતિ.

હે સુભ્રુ ! આકાશ રૂપી અરણ્યની તમાલ વૃક્ષની પંક્તિરૂપ પર્વતોના મસ્તક ઉપર વાળની હાર જેવી અને વીજળીરૂપી દીવાની મશ સરખી નવી વાદળની મંડળીને જો (તો ખરી). ૧૮.

હે ચપળ નેત્રવાળી ! વાદળાં આડાં આવી જવાથી સૂર્યનું મંડળ મલિન દેખાય છે. તે વીજળીના દીવામાંથી પેદા થતી મશ લેવા સારૂ વ્યગ્ર થએલી વર્ષાઋતુએ મુકેલી તાવડી જેવું લાગે છે. ૧૯.

હે મૃગાક્ષિ ! વિદ્યાધરની સ્ત્રીઓના આગ્રહથી થએલા ગમ્મતના કૃષ્ણા ગુરૂના ધૂપના મંડળવડે જાણે ભ્રમરાઓની કાળપ સાથે એકમેક થઈ ગયો હોય એવો મેઘ બહુપણાને પામ્યો છે તે તું જો. ૨૦.

આ મેઘે ખરેખર સમુદ્રમાંથી વિચિત્ર રત્નના કોંટાથી દાંતવાળું થએલું પાણી ભેળું કરેલ છે. કેમકે તે વિના તેણે અનેક રંગથી ગુંથેલું ઇંદ્ર ધનુષ ક્યાંથી ઉત્પન્ન કર્યું. ૨૧.

નક્કીજ (મોરે) કોળીયો કરવાને પકડેલા સર્પની ફ્ણ ઉપર પ્રકાશી રહેલાં રત્નો જે કે મેઘની સામાં ઉંચાં મુખ કરેલા મયૂરોના મ્હોમાંથી ઉડેલાં છે તે વડે ઇંદ્ર ધનુષ રચ્યું છે. ૨૨.

મેઘ પર્વતોના નિતંબ ભાગ ઉપર શોભી રહેલાં લીલાં કપડાંની ભ્રાંતિવડે ભીલના ઘરની હાર્યોમાં પડીને લઈ લીધેલાં સ્વચ્છ ભાલાંની બરોબરી કરનારા થયા છે. ૨૩.

હે કૃશોદરિ ! કુદરતી કનાતરૂપ આ મેઘ વીજળી રૂપી વહુના નૃત્ય રૂપી એકાંત સ્થળમાં તપાટથી તપેલા આકાશમાં ટપકતા જળવડે આર્દ્ર થએલા છેડાવાળા (આમતેમ) ફરે છે. ૨૪.

હે મનોહર શરીરવાળી મ્હોટા મેઘરૂપી પથ્થરની પાટચ ઉપર કામદેવ જે બાણ સજે છે તે શરાણમાંથી નીકળતા અગ્નિના તણખાની રચનાને વીજળી સેવે છે. (ધારણ કરે છે.) ૨૫.

આ મેઘ સમુદ્રની મધ્યમાં વસતા પર્વતોના કુશળ ખબર લઈને જાણે આવ્યા હોય એથી મયૂરનો નાચ શરૂ કરાવતા થકા પર્વતોના શિખર ઉપર ગર્જના પ્રગટ કરે છે. ૨૬.

હે કમલમુખી ! ત્હારા વાળે ઝીતી લીધેલા મોર ખરેખર પોતાના જીવિતને પણ અકારૂં કરે છે; જેથી તે બાણ મળવાની (પડવાની) આશાથી જાણે ઇંદ્રધનુષની સામા થવાને ઉત્સાહિત થાય છે. ૨૭.

વર્ષાઋતુએ મુકેલાં ધનુષો જીતવાની ઇચ્છા રાખે છે ત્યાં તે ઇંદ્ર ધનુષ ક્યાં બ્હાદુરી બતાવી શકે. હું જાણું છું કે હાલમાં હે માનિનિ ! કામદેવનું ધનુષજ અનુલ્લંઘ્ય શાસન છે. (જય પામે છે) ૨૮.

આ (સૂર્ય) સમસ્ત પૃથ્વીનો રસ અતિ ઉત્કૃષ્ટતાથી ખેંચીને ઉનાળાની હુશીયારી ફેલાવે છે એમ જાણે માનીને મેઘ ચળકતા અને અતિ આકરા વીજળી રૂપી હાથ વડે સૂર્યને તરછોડતો હોય શું ? ૨૯.

હે મૃગાક્ષિ ! ઉનાળાના મિત્ર સૂર્યની પણ કાંતિ જે મંડળના મધ્ય ભાગમાં પેઠેલી છે તેને ઠારી નાંખવા સારૂ મેઘ ચંદ્રમાને ગોંધી રાખે છે એમ હું જાણું છું. ૩૦.

ત્રણ જગતને સુંઘી કાહાડનાર ઉનાળાને ક્રોધ થકી રમતનો કોળીયો કરીને આ મેઘ આણીકાર બગલાંની હારવડે મુખમાં રહેલી તેના (ઉના-ળાના) હાડકાંની માળા હોય એમ દરસાવે છે. ૩૧.

હે સુભ્રુ ! તારી પાસેથી ત્રણે જગતમાં દુર્લભ જેની રચના છે એવી ગતિનું શિક્ષણ મેળવીને દેવતાઈ હંસોની મંડળીમાં મ્હોટાઈ મેળવવાના લોભથી જાણે હંસ માન સરોવર તરફ જાય છે. ૩૨.

ઇંદ્ર ધનુષનું ચુંબન કરનારા મેઘના સમૂહથી બિંદુઓ પડે છે ત્યારે હંસોજ ભાગે છે તે જાણે ચાલતી આંગળીવાળા ધનુષના મુખથી ગોળીઓ (પડવાની) શંકા રાખીને ભાગતા હોયશું ? ૩૩.

મોરની ચાંચના પડીયામાં છુપાવેલા અને કોમળ એવા ટૈકારથી પ્રકાશ થઈ ગયા એવા પાંથની સ્ત્રીના ઉનાશવાળા નીશાસાએ દૂષિત કરેલા એવા કણ (જળકણ) માંડ માંડ પૃથ્વી ઉપર પડે છે. ૩૪.

હે સુભ્રુ ! નવાં મેઘનાં ટીપાં પૃથ્વી ઉપર પડયાં છે તે મોરનાં બચ્ચાં પોતાની ચાંચની અણિથી લેવાની ઇચ્છાથી ઉતાવળ કરે છે પણ અભ્યાસ ન હોવાને લીધે તે લઈ શકયાં નહિ તેથી તેઓએ તેને અપમાન્યાં. ૩૫.

[1]પર્વતના મધ્ય ભાગમાં ખડ વેરણતો થકો અને જળ વગરનાં (વાદળાં વડે) સ્ફુરણાયમાન થતા ધીર એવા મૃદંગના નાદ કરતો થકો એવો વર્ષા ઋતુનો આગમ ખોળાની લીલાથી ચળાયમાન થયેલી વીજળી રૂપી દીવાવડે ઉનાળાને શોધે છે. ૩૬.

મેઘ લોઢા સરખા કાળા ખડના ખંડમાં રહેલા ઇંદ્રગોપ[2] નામના જીવડા જેમાં હરફર કરી રહ્યા છે એવી પર્વતની જમીનમાં જાણે ઇંદ્ર ધનુષ પડી ગયું હોય એવી ભ્રાંતિથી વ્હેમાએલી વીજળી રૂપી આંખવડે જોતો થકો નમે છે. ૩૭.

આ વરસાદની ધારાનો ઢગલો આકાશનાં કમળના સમૂહની લાંબી દાંડલીના સમોવડીયાનો ડોળ કરનારો અને ઉપરાઉપર પડતા કામદેવના લોઢાના બાણો સરખો પડે છે. ૩૮.

હે નતાંગિ ! આ વરસાદના આગમન રૂપી લુહાર કામદેવનાં શસ્ત્રોને પાણી ચ્હડાવે છે, અને તે માટે કાળા અંગારની શોભા ધરનારા વરસાદના મધ્યમાં વીજળી રૂપી અગ્નિ સળગાવ્યો છે. ૩૯.

ત્હારા પ્રિય અને ઉનાળાના મિત્ર સૂર્યે તમામ જળ સીકલી દીધું છે એમ ક્રોધે કરીને મેઘ ધારા રૂપી ધોકા વડે જાણે કમલિનીને વીજળી ઉપર તાડન કરતો હોય. ૪૦.

હાલમાં હલકી નદીના સમાગમમાં જેણે પકડ કરી છે એવા સમુદ્રને જોઇ મ્હોટી નદીઓ એકદમ માર્ગ છોડીને નીચ એવા બીજા નદમાં પડે છે. ૪૧.

હું માનું છું કે જળ ભરેલા આકાશમાંથી નમતી (પડતી) થકી અને નીલકમલની રચના જેવી નિર્મળ એવી મેઘમાળા બધે ઠેકાણે ગારો જોઇને પર્વતની ઉપલિ ભૂમિ ઉપર સ્થાન કરે છે. ૪૨.

નકીજ ગર્જતાં વાદળાંવડે સમુદ્રની કોઈ વાતથી કોપાયમાન થએલી નદીયો તરતજ મલિન થઇને વ્હેવા લાગી, તેમ સમુદ્રમાં પણ ગોકીરો અને જાડી જાડી લેહેરો ઉઠવા લાગી. ૪૩.

---

૧ જેમ કોઈ ખોવાએલા ઢોરને શોધવા સારૂ ખડ વેરણે, ઢોલ પીટાવે, અને દીવા કરે તેમ.

૨. સ્થળ અને માણસના ઓળખાણમાં એ શબ્દ જુઓ.

નદી પતિ (સમુદ્ર) ના સમાગમ માટે ઉતાવળી દોડેલી નદીઓને પર્વતની નદીઓ વચમાં માર્ગ રોકી રાખવાથી મ્હોટા શબ્દોવડે જાણે સમુદ્ર જેવી બની જાતી હોય ? ૪૪.

હે અધરલોચને મ્હારા મુકેલા જળ વડે કેટલી પૃથ્વી ખોદાણી એ પરીક્ષા કરવા સારૂ મેઘ પૃથ્વી ઉપર જળની ધારાઓની સાથે જાણે સળી (માપવાની) ફેંકે છે. ૪૫.

નદ, મદવાળી લેહેરોવડે આણીકોર તેણીકોર પાણીના છાંટારૂપ મોતીઓ ફેંકતા થકા સમુદ્ર પત્ની (નદી) ઓને છેતરવા સારૂ માર્ગોમાં સમુદ્રને વેષે ફરે છે. ૪૬.

હમણાં રાતમાં અભિસારિકા સ્ત્રીઓ ગારાથી ચીકણા થએલા માર્ગમાં પગ લપસવા વખતે વીજળીની સડને સોનાની લાકડીની શંકા વડે પકડવા જાય છે. ૪૭.

હે નતાંગિ ! ત્હારૂં ક્રીડા કરવાનું તળાવ, (પોતામાં) પ્રતિબિંબ થએલો અને (પોતાની) તમામ જળરૂપી સમૃદ્ધિ ખૂટી જવાથી યાચકપણું જાણે ધારણ કરતો હોય એવા મેઘને તરંગરૂપી દંડોવડે મારે છે. ૪૮.

વાદળાંઓએ કાળાંતરે સમુદ્રનું જળ નક્કી લઇ લીધું છે તે સારૂ તેવું જળ સમુદ્રની સ્ત્રી (નદી) ઓ કલબલાટ કરીને લઇ લે છે. ૪૯.

સમુદ્રે કોઇ પણ વ્યાજને ઠરાવે મેઘને જળ સોંપ્યું છે તે પાણી મહા પર્વતોના હજારો પથ્થરોવડે શોધીને સમુદ્રની સ્ત્રી (નદી) ઓ લે છે. ૫૦.

હે બાલ મૃગાક્ષિ ! છિદ્ર વગરનો રસ વધારીને આ (મેઘ) નદીઓને મ્હારા અંગના સંગવાળી કરે છે એમ નક્કી (માનીને) સમુદ્ર ખાલી આવેલા મેઘને ફુલાવે છે. ૫૧.

હે મૃગાક્ષિ! વીજળીની ગરમીથી કાળો પડી ગએલો મેઘ છુપાઇ જઇને શું પૃથ્વીના કપાળનો રંગ બની ગયો છે ? અને જે ઉગેલા કાળા રંગના ઝીણા ખડવડે તજી દીધેલા ધડપણવાળી થઈ છે શું ? ૫૨.

હું નથી જાણતો કે તેવી અપકીર્તિ (અગસ્ત્ય ઋષી પી ગયા એ) નદીના પતિ (સમુદ્ર)ની કયે સમયે ઉભી થઈ હશે ? કુંભસંભવ (અગસ્ત્ય)

જો આજ તેની સ્ત્રીઓ (નદીઓ)ની પણ સામે આવીને ઉભો રહે તો હું તેને નમસ્કાર કરૂં. ૫૩.

વરસાદનું મંડળ, આકાશમાં રહેલી વીજળીના ગર્ભ સમયની ઈચ્છા (દોહદ) ના ગારા સરખી કાંતિવાળું શોભે છે તે જાણે તેમાં કલંકનું પ્રતિબિંબ પડ્યું છે એવાં આકાશમાંથી ઉતરેલાં પાણીનું જાણે ગરણું હોય? ૫૪.

સૂર્યનો સારથિ હમણાં નક્કી ઘોડાઓને ખેંચી રાખે છે કેમકે જ્યારે નીલી એવી મેઘની પંક્તિમાં થઇને તે જાય છે ત્યારે સ્વાભાવિક લીલા છે. એમ આંહી કેમ જાણવામાં આવશે એવો ભય રાખે છે તેથી. ૫૫.

હે મેઘ! જરૂર (તું તારી પ્રિયા વીજળીને નથી દેખતો તેથી આ તારો પગલે પગલે રોવાનો શબ્દ (થાય છે) તો વિયોગિ વર્ગ ઉપર ત્હારી દયા પણ ઉત્પન્ન થતી નથી એ અહો મહા આશ્ચર્ય છે. ૫૬.

હે મેઘ! જરૂર ત્હારા ખોળામાં લાડ પામેલી વીજળી પારકાની પીડા જાણતી નથી, નહીંતર પાંથની સ્ત્રીને અતિશય કનડતાં તુંને કેમ નથી વારતી? ૫૭.

હે નવા મેઘ! કોઈ રીતે (ત્હારો) પ્રિય આવે છે (એમ તું જણાવે છે) પણ અમે નક્કી તારા ઉપર ભરોસો રાખતાં નથી કેમકે તું વારંવાર વિષ્ણુપદ (આકાશ તથા સોગન ખાવા સારૂ વિષ્ણુના પગ) નો સ્પર્શ કરીને પણ તું ત્હારા કાર્યનું તાત્પર્ય કરવા મુકતો નથી (પુરૂં કર્યા વગર રહેતો નથી) ૫૮.

હે ઘન! કેવળ ત્હારી બાહારથીજ કાળાશ નથી પણ ત્હારૂં અંતર પણ મેલું છે કેમકે પાંથની સ્ત્રીઓના વધનું પાપ કરવામાં તું કામદેવનું કામદારૂં કરે છે. ૫૯.

તું ડાહ્યો નથી પણ પતિને વ્હાલી સ્ત્રીઓ વિશે તું આ એક કૌતુક કરે છે કે જે વિયોગિનીઓને નિર્મૂળ કરવાનું મૂળ કાંટારૂપ ચંદ્રમાનું બિંબ તેનો કોળીયો કરે છે. ૬૦.

તું મગરના ઢગલામાંથી પણ અવિચ્છિન્ન ઝાઝું જળ લઇને જે આવ્યો છે તે પાંથની સ્ત્રીઓના ભાગ્યની અવળાઈની ચેષ્ટા છે એમ શું કહીએ? ૬૧.

જે તું સૂર્યના રથના ઘોડાની લગામ રૂપી સર્પે ખાધા વગરનો થઇને (તેનો) માર્ગ રોકી રાખે છે તે તું પર્વતના મસ્તકનો સંગ કરનારો હોઇને જે વિષને હરનારી ઔષધિની સોબત થાય છે તેનું ફળ છે. ૬૨

હે મેઘ! તું જરૂર સમુદ્ર સંબંધિની કોઈ પણ વાતથી ઇંદ્રના હાથીની દોસ્તી પામ્યો છે કે જેથી આકાશમાં ફરતા તુંને ઉચરડી નાંખવાને ઐરાવત હાથી આગ્રહ કરતો નથી. ૬૩.

હે મેઘ! ઝાઝું બકવું બસ (કરવું જોઇએ) ફોતરાના ધૂવાડા જેવો રાખોડા રંગનો તું જે સૈકડો મૃત્યુને ફેંકી દઇને જે ગર્જના કરે છે તે પ્રવાસી જનની સ્ત્રીઓનું કોઈ ઉત્કટ પાપ ત્હારો ઉપકાર કરનારૂં થાય છે. ૬૪.

હે કલાવતિ! કામદેવ રૂપી જ્વરથી પીડાતી પ્રોષિત ભર્તૃકા સ્ત્રીઓમાં ઉદ્ધત ધ્વનિવાળા મેઘને વગર અટકવે કંઠમાં આંસુ આવી ગયાં છે એવી રીતે ગળગળે શબ્દે આ રીતે કહે છે. ૬૫.

હે મેઘ! તારી વીજળી ક્ષણમાત્ર હો અથવા ચાહો, અને નિત્ય ખોળા રૂપી પલંગમાં પડી રહો (પણ) ત્હારી ગર્જનારૂપી નગારા વિના વટેમાર્ગુની સ્ત્રીઓ કેમ પતિને પામે. ૬૭.

કામદેવનો મિત્ર વસંત છે તે તો માત્ર પ્રસિદ્ધિ પણ તારી સોળમી કળા પણ પામતો નથી. કેમકે કામદેવનું શાસન માથે ચ્હડાવ્યા વિના તાહારૂં કાળું મુખ કોણ ખમી શકે. * (અર્થાત્ કામદેવનું સાશન માથે ચ્હડાવે તોજ તારૂં કાળું મુખ પણ ખમી શકે). ૬૭.

હે ધન! આવેલા પતિવાળી કઈ પાંથની સ્ત્રી ત્હારી પૂજા કરતી. પછે તેનો પતિ. એથી વધારે હવે શું કહેવું. આગળ તુંજ શીઘ્ર કવિ થા. ૬૮.

વિયોગિને મેળવવામાં હે મેઘ ત્હારા જેવો દૂતપણું કરવામાં બીજો નથી. જે કુલ સ્ત્રીઓ બીજાની સાથે બોલે નહીં તે સારૂં તું નક્કી તારી સાથે વીજળી રાખે છે. (સ્ત્રી સાથે સ્ત્રી બોલે તે સારૂ). ૬૯.

હે મેઘ! પુરસ્ત્રીઓ ચોટલા છુટા મુકી ચુડીઓ ઓછી કરી પ્રિયના ખોળામાં બેઠાથી શીતળ થએલી તે કામદેવના ચક્રવર્તિપણાનો તું મંત્રી છે. એમ ત્હારો પ્રભાવ જણાવે છે. ૭૦.

* આંહી મૂળમાં **वा** છે ત્યાં **क** હોય તો ઠીક.

હે મેઘ! તું, કામદેવે આતુર બનેલી મૃગનયનીઓને પ્રિય પ્રત્યે જવામાં ઘોરંભો કરે છે. અને રતોત્સવ વખતે તંબુપણું ધારણ કરે છે (માટે) પરોપકારીઓમાં તું અગ્રણી છે. ૭૧.

હે મેઘ! પ્રકાશકના ટોળામાં તું અગ્રણી છે. ચંદ્રનું અજવાળીયું પણ તારી કાંતિ ધરાવતું નથી. એના પ્રકાશને તું શું કરશે. કસ્તુરીથી ચંદન સારૂં નથી. ૭૨.

ચંદનના પવન, ચંદ્રમા અને કોયલના પંચમ સ્વર વડે વસંત શું કરી શકે. બીજું શું ? (કહેવું ?) કામદેવ જેવા જીતનારાનો તું સમો (બીજો) ભટ નથી. ૭૩.

હે મેઘ! તારા દર્શનથી પણ જે મૃગાક્ષીઓને પ્રિય મળતો નથી તે દુર્ભગાઓને તું ગણત્રીમાં પણ નથી લાવતો. ન થએલી ભીત ઉપર કોણ ચિત્ર કરે ? ૭૪.

કેટલીક સ્ત્રીઓ પ્રિય આવ્યા ત્યારે મીઠું મીઠું બોલવું, માન વગર હસવું, તે વડે રાતા હોઠ ધોવા (ઇત્યાદિ) કરતી વિલાસમાં મીંચેલી આંખ-વાળી તે નિર્મળ અંતઃકરણ વડે મેઘની સેવા કરે છે. ૭૫.

હે સખિ! (નદી!) (તુને) સમુદ્રના સમાગમ રૂપી અમૃત મળ્યું નથી તેમ ગ્રીષ્મઋતુમાં તવાઈ ગઈ છે (છતાં) જાણે દુઃખ નજ દીઠું હોય તેવી થઈને મને પ્રિયના આલિંગનનો ભંગ કરવામાં કારણભૂત કેમ થાય છે. ૭૬.

મુહૂર્ત માત્ર આકાશમાં બીડાએલી (સંકુચિત) (મૂર્તિ) શરીર રાખીને છલંગ મારીને ઉલ્લંઘી જવાપણું ધારણ કરે છે (તો) પાંસુલા (વ્યભિચારિણી) સ્ત્રી પાણીને ઉતરીને શોભતી અને વધી પડેલી પતિની ક્રીડાવાળી થાય છે. ૭૭.

બીજી (સ્ત્રી) ઓ ઘડા ઉપર બેશીને છુટી પાડેલી લહેરો જેણે એવી રીતે વાર્યા વગરની ત્હારો પાર પામે છે. (તુંને ઉતરે છે.) અને મ્હારી અપુણ્યવાનની તો વહાણ વડે ગતિ પણ આ નિતંબનો ડ્હારો અળસાવે છે. ૭૮.

લહેરોવડે વ્યર્થ કલબલાટ કરીને આમ શું વગર સાંભળે ચાલી જાય છે. સ્ત્રી વધના પાપની સંપત્તિ ભેળી કરનારી નો ત્હારો સંગ સમુદ્ર કેમ કરશે? ૭૯.

હું ને આંહીથી બે પારને પ્હોંચી વળતી (ત્હારી) લહેરો રૂપી ડોળીમાં બેસારીને કાંઠે ઉતાર. જ્યાં લગી રાત ન વીખરાઈ જાય ત્યાં લગીમાં મ્હારી ઉપર મહેરબાની કર. વ્યભિચારિણી સ્ત્રીઓ તારો યશ ગાઓ (ગાશે.) ૮૦.

હજારો કાળી (અંધારી) રાતમાં હું ત્હારા માથા ઉપર વગરવારી પગ મુકીને ગઇ છું. સમૃદ્ધિના ગર્વવડે ઠાલી અંધતા શીદ ધારણ કરે છે? વરસાદનો નાશ તો નક્કી છેજ. ૮૧.

સરકી જતી લેહેરો રૂપી સાડીના પાલવવાળી થઇને હઠથી સમુદ્રની સામીદોડે છે અને બીજાઓને અટકાવ કરે છે. એથી અહો તું પોતે મૂર્ખ છે (અને) બીજીઓ આગળ ડાહી (થાય છે). ૮૨.

હે કુટિલા! નિતંબ સુધી સરકી જતા જળરૂપી વસ્ત્રવાળી (તું) ઉલ્લટવાળી થઇને શું દોડે છે? કુલ નદીઓના અંતઃપુરમાં મુખ ચુંબન કરનારા સમુદ્રનું દાસીપણું પણ તું પામીશ નહીં. ૮૩.

હું કુમારીપણામાં પણ એકલી સુતી નથી અને જાર પુરૂષને મુકીને (મેં) પુરૂષને જોયો નથી. એવી રીતની કુલની સ્થિતિ પાળ છે તેને લીધે તું પ્રસન્નતા પામીને ઉપકાર કરનારી થા. ૮૪.

એમ કામદેવથી પીડાએલી સ્ત્રી હાલમાં રાતમાં પ્રિયો પ્રત્યે જવાને તૈયાર થઈ છે તે કોપથી કામદેવરૂપી શૃંગારના રસ રૂપી સમુદ્રને વહનારી કઈ નદીને એમ નથી કહેતી. ૮૫.

અવિચ્છિન્ન (પડતી) જળધારાથી ધોયેલાં વસ્ત્રોવાળી, તરતજ કામદેવના હાથમાં હાથ મુકેલી સ્ત્રીઓ, પ્રાણનાથને આલિંગન કરવાની ઉતાવળથી રૂવાડાં ઉભાં થએલી ગારાવાળી સ્થળીઓમાં કાંઈ પણ ગણકારતી નથી (અને ચાલી જાય છે) ૮૬.

જે (મેઘ ધ્વનિ) વીજળીના નૃત્યમાં મૃતંદના શબ્દનો ખાર[1] કરે છે, જે ઇંદ્ર ધનુષને ટંકારની શંકાવાળું કરે છે. અને જે ઇંદ્રના હાથીના

---

૧ આંહી મૂળમાં **યઃ સ્પર્ઘામદથાન્** છે ત્યાં **થા**ને બદલે **ઘા** જોઈયે.

કંઠના મધ્યમાંથી નીકળતી ગર્જના જેવો ધાટો છે તે જો મેઘનો ધ્વનિ વિરહિણી સ્ત્રીઓનો ઘાત કરવા સારૂ આકાશમાં ઘુમરી ખાય છે. ૮૭.

વીજળી રૂપી કમળના તકતાના ગારાએ ભરેલી આકાશ સ્થળીના ઝીણા ખડ રૂપી કલમ નામની શાળના કોંટાને જામાનરૂપ, ધારા લતાનો ક્યારો, પર્વતના મસ્તક ઉપરની નદીઓના શેવાળની હાર, સૂર્ય અને ચંદ્રની જેલ, એવો આ મેઘ હે કામદેવના ઉત્સવની ધ્વજા! (પ્રિયે) તારી પ્રીતિ સારૂ થાઓ. ૮૮.

તમામ મોરના ગળાની પોલનાંના ટોકારૂપી કોંટાની વૃદ્ધિ રાખવાનું કારણ, ધારા રૂપી વેલના વનના ભ્રમરના ટોળાથી કાળો થએલો કોમળ પાંદડાંનો જથ્થો, ફાટતાં લીલમ મણી સરખાં નિર્મળ આકાશ તળ રૂપી અરીસાવાળું લીલાનું વસ્ત્ર, એવો કાળો મેઘ રતિમાં વ્યાકુળ એવા **ચોળ** દેશની સ્ત્રીઓના જે ચોટલા તે સાથે ફરે છે. ૮૯.

એ પ્રમાણે આખા જગતની લક્ષ્મીનો પ્રિય, પ્રિયાનાં સ્વાભાવિક સૌભાગ્યની પરિપકવતાની વૃદ્ધિથી ભરેલાં વચનો વડે કામદેવનો હુકમ માથે ચ્હડાવતો રાજા વરસાદના સમયની શોભા વર્ણવતો હવો. ૯૦.

ઈતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ શ્રી **બિલ્હણના**
કરેલા શ્રી **વિક્રમાંકદેવ** ચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી
હરિદત્તના કરેલા ગદ્ય ભાષાંતરમાં તેરમો સર્ગ સમાપ્ત થયો.



સર્ગ ૧૪ મો.

વર્ષાકાળે, ધોળાં વાદળાં રૂપી વાળ વડે, ઘડપણ ધારણ કર્યું ત્યારે એકાંતમાં કોઇ આપ્ત પુરૂષ **વિક્રમાંકદેવ** પાસે આવીને વિનંતિ કરવા લાગ્યો. ૧.

હે **કુંતલપતિ!** હું કાંઇક કઠણ વચન કહું છું તે બાબતમાં ક્ષમા કરજો. કેમકે પોતાના કાર્યને તિરસ્કારીને પોતાની ઈચ્છાથીજ ધણીઓ સંતોષ ગ્રહણ કરે છે. ૨.

વત્સલપણું ધારણ કરીને નીતિએ વર્તનારીને કેવળ કેમ ઉલ્લંઘન કરે છે, જ્યાં વિચાર શક્તિની ગતિ વાંકી થાય છે ત્યાં ઝેરથી પણ વિશેષ થાય છે. ૩.

સંગ્રામમાં ભાઈનો ઉદય વખાણનારાએ તે **વેંગિનાથને** જીતીને વનવાસ મંડળમાં મોકલ્યો છે ત્યાં મોટો અન્યાય વર્તે છે. ૪.

ન્યાય માર્ગ છોડી દઇને તેણે નિશંક ચિત્તથી ભંડાર ભેળો કરવા માંડ્યો છે; તેમ કરતાં તેણે બધી બાજુ સકળ લોકને પીડા કરવાથી હરિણના પ્રચાર વગરની પૃથ્વીને કરી છે. ૫.

જે (હાથી) ઓ ધણી લડાઈના પરિશ્રમથી મેળવેલી અને સ્વામીને વ્હાલી એવી લક્ષ્મીને ધારણ કરે છે. તે તેઓ દાંતની ઉપર કુંડાળું કરી રાખેલી શુંઢ ઉપર જાણે આસન કરી તે ઉપર ધારણ કરી રાખતા હોય. ૬.

વારંવાર મદની નીંદરે જેનું ચુંબન કર્યું છે. એવાં નેત્રો જે (હાથી) ઓ ચાલતા કાનના પડીયાના પવનથી ટાઢા થએલા એવા ઉછળતા મદના છાંટાવડે ઉઘાડાં રાખે છે. ૭.

મનોહર એવા દાંતરૂપી કમળના નાળ નીકળવાને ઠેકાણે (થએલા) મદના ગારાના જમાવમાં પ્રતિબિંબત થએલું સૂર્યનું મંડળ જાણે લક્ષ્મીને રહેવાનું કમળ કેમ હોય એમ જે (હાથી) ઓ ધારણ કરે છે. ૮.

અને જે મદોન્મત્ત એવા (હાથી) ઓ પર્વતની તળાટીમાં શિલાની સપાટીને દાંતવડે કોતરે છે. તે જાણે શત્રુની સેનાના યોદ્ધાઓને વીંધી નાખવામાં શ્રેષ્ટ એવા દાંતને સજવા સારૂ કેમ તૈયાર થયા હોય. ૯.

એવા, પ્રિય એવા આપે આપેલા (જેની પાસે) કેટલા ગંધ હાથીઓ નથી (કે) જેના બળ વડે તે જે કાંઈ વિચાર ધરાવે છે તેની વાત કરતાં પાપ લાગે. ૧૦.

સઘળા જંગલીઓના ટોળાને તેણે ક્રમ વગર તૈયાર થઈ પોતાના તાબામાં રાતના અંધારામાં રાક્ષસોની પઠે લીધું છે. પાપીઓમાં પાપીઓ મળી જાય છે. ૧૧.

તે નિત્ય ભેટ (આપીને તે) વડે દ્રાવિડ રાજાની સહાયતા મેળવે છે અને તે કયા ઉપાય વડે આ આપની સેનાને ભેદ પાડીને ખોખરી કરવાને નથી ઇચ્છતો. ૧૨.

અથવા ઝાઝી કથાની કુથલી વડે શું? હે રાજા! તમે તેની મતલબજ ગ્રહણ કરો, કેટલેક દિવસે તે કૃષ્ણવેણિની પાસે સામો થશે. ૧૩.

એમ કહીને એ ડાહ્યો માણસ બંધ થયો ત્યારે શરદ્‌ઋતુના ચંદ્ર જેવો નિર્મળ (વિક્રમાંકદેવ) એ બાબતમાં એકાએક કાંઇ પણ બોલ્યો નહિ. ધીર ચિત્તવાળા (પુરૂષો) ઉતાવળ ધારણ કરતા નથી. ૧૪.

હે વત્સ! ચપળ એવી લક્ષ્મી વડે તું મને ઠગે છે. તારી અતિ ઉલટી (વાત) છે, એમ પોતાના સ્વભાવ વડે વિમળ અંતઃકરણવાળો એ રાજા ક્ષણે ક્ષણે પ્રતિપાદન કરે છે. ૧૫.

અધર્મ વડે પોતાથી ભ્રષ્ટ થએલા મ્હોટા ભાઈને હું મ્હારા મનમાં શૂળ જેવા ધારૂં છું. આ એક બીજી મ્હોટી આફત ખડી થઇ. મને ધિક્કાર છે, હુંથી એ કેમ સહન થશે. ૧૬.

એ રીતે કોઇ તરેહની પાર વગરની ચિંતા વડે રાજા ઘણીવાર સુધી તપ્યો. ભાગ્યની ભુંડાઇએ ભાળેલા (એવા પ્રસંગો) પસ્તાવા માટે છે, ક્રોધ સારૂ નથી. ૧૭.

તે પછી વિચારશક્તિ વાળા રાજાએ ચાર રૂપી નેત્ર વડે એ એમ જ છે એમ બહુ રીતે નિશ્ચય કરીને હવે શું કરવું એ ચિંતાયુક્ત થઇને પોતાના મનમાં આમ વિચાર કરવા લાગ્યો. ૧૮.

હે વત્સ ! દુષ્ટ ભાવ રૂપી ધ્વજાવાળી લક્ષ્મી વડે આવું અકાર્ય કેમ કરાવે છે. શું તું નથી જાણતો કે એ (લક્ષ્મી) કજીયામાં જે રમુજ માને છે, એવા નારદને (પણ) ભુલાવી દઇને વર્તે છે તે. ૧૯.

તને કેટલાંક મંડળ મ્હેં નથી આપ્યાં અને મદવાળા હાથીઓ તને વધારે આપ્યા છે. રાજ શબ્દને મુકીને (સિવાય) તારે શી ન્યૂનતા છે. કે જે અન્યાય કરે છે તે. ૨૦.

અરે આ ઘોર (કર્મ) કયાંથી આવી પડયું, શું કરૂં ? શી કારી ચલાવું. હે ચુલુકયના કુળ દેવતાઓ (તમો) પોતાથીજ (આ) અનુચિત (કર્મ) થી મ્હારા નાનેરા ભાઇને વારો. ૨૧.

ઈત્યાદિ સૈકડો સમાધાન (ના રસ્તા) ત્યાં રાજાએ સીકલ્યા (પણ) એ ક્રમ વિનાના (કૃત્ય) થી તેને અટકાવી શકયો નહિ. ભવિતવ્યતા કેમ નાશ પામે ? ૨૨.

એ અવસરમાં ચંદ્રમાની શોભા સમારવામાં શાણી એવી શરદ્ ઋતુ પ્રાપ્ત થઈ. ક્રમથી નીલકમળના કલંકવાળું જગત્ જાણે દુધે ધોએલું બનાવતી હોય ? ૨૩.

પાંથની સ્ત્રીઓને તાપ કરનારો વીજળીનો અગ્નિ ક્ષય પામ્યો, રીસાળુ સ્ત્રીઓનાં ટોળાંનાં આંસુ પાડીને મેઘરૂપી ધુમાડાનો સમૂહ શાંત થયો. ૨૪.

શાંત થએલા વીજળીના અગ્નિથી ઉત્પન્ન થયેલી રાખ હોય શું એવાં રજવાળાં ધોળાં વાદળાં આકાશના કોઇ કોઈ ભાગમાં મિત્રાઈ ધારી રહ્યાં છે. ૨૫.

ઇંદ્ર નીલમણિના રસ (વાળી) કુંચીઓ વડે ભુશી કાહાડેલું જાણે કાળપનું સ્થાન કરી કહાડયું હોય એવું આકાશ તે મેઘનું પાણી છાંટેલું તેથી જાણે નાના નાના ખડવાળું થયું હોય એવું શોભે છે. ૨૬.

ખેદનું કારણ જે પેટા નદીઓનો સમુદ્ર સાથે સંગમ તે ગયું એમ સમજીને મહા નદીઓનો સમૂહ જાણે હર્ષથી પ્રસન્નતાને પામ્યો હોય. ૨૭.

---

૧ આંહી મૂળમાં **पतदाः** પદ છે. તેનો **पतद्** અને **आः** એમ છેદ થાય છે.

વરસાદે રૂંધી રાખીને વીજળીની આકરી હુતાશવડે તપાવેલો સૂર્ય પણ અતિ આકરા કિરણોવડે તાપ દેખાડે છે. ૨૮.

પાકી શાળના વનમાંથી પીંગળા હાથવડે કલમ નામની શાળની રક્ષા કરનારી (સ્ત્રી) નવા કમળની સાથે મળી ગએલા એવા પોપટને વારવાને અસમર્થ થાય છે. ૨૯.

વીજળીના દીવાથી નીકળેલી ધાડા કાજળની રજવડે ભરાઈ ગયેલું ગોળ તાવડી જેવું આકાશ અતિ ઘણી કાળાશને પામ્યું. ૩૦.

જાણે સમુદ્રમાંથી પાણીની સાથે આવેલાં મોતીયો વરસાદમાંથી ખરીને રાતમાં આકાશમાં છાહી રહેલાં હોય એવા કમળનાથી અધિક શોભાવાળા તારા શોભે છે. ૩૧.

શરદ્ રૂપી સ્ત્રી મેઘની છાતીના બખતરે છોડી દીધેલા આકાશ રૂપી દર્પણમાં તરતજ ઉઘડેલાં કમળરૂપી આંખવડે ચંદ્ર રૂપી મ્હો જાણે જોતી હોય ? ૩૨.

દિવસે તડકો શ્રમ આપે છે અને રાત્રે ચાંદરડું માણસને આનંદ આપે છે. જાણે ચડસા ચડસીથી સૂર્ય અને ચંદ્ર પોતાના ગુણ પ્રકાશે છે. ૩૩.

ઘરના આંગણામાં પ્રદોષ સમયે રહેલાં માણસ ક્લેશને હરનારાં ચંદ્રનાં કિરણમાં ધાટા ચંદનના લેપથી પણ તૃપ્તિ પામતાં નથી. ૩૪.

સ્ફટિકની લાકડી જેવી ધોળી શેરડીની લાકડીઓ, અમૃત ભરેલાં ચંદ્રમાનાં કિરણો જાણે લંબાયાં હોય, એવી ખેતરની જમીનમાં આંખને આનંદ આપનારી શોભે છે. ૩૫.

જરૂર ઈંદ્ર ધનુષ જોવાથી ભયને લીધે મોર જે બરાડા પાડતા તેઓ તે ઈંદ્ર ધનુષ જવાથી જ્યાં ક્ષણ માત્રમાં મૌન ધારી મુખ નમાવીને રહ્યા છે. ૩૬.

ખાંડેલા મોતીની રજ જેવો ધોળો આકાશમાં અજવાળીયાનો સમૂહ શોભે છે. મેઘના બંધનમાંથી છુટેલા ચંદ્રમાને જોવાને જાણે ક્ષીર સમુદ્ર આવ્યો હોય ? ૩૭.

ઘણીવાર પાણીમાં બૂડી રહેવાથી ટંડકે જે કમલિનીમાં સ્થાન કર્યું છે તે જાણે મટાડવાના કારણથી સૂર્ય અધિક તાપ કરે છે. ૩૮.

હંસની પંક્તિ માનસરોવરનો તિરસ્કાર કરીને ક્રૌંચ પર્વતની ગુફાના દ્વારવડે નીકળેલી તે દૃઢ નિશાન પાડનારા પરશુરામના યશની પંક્તિ હોય એવી દેખાય છે. ૩૯.

પતિઓ પ્રતિક્ષણ વ્યાકુળ છતાં પ્રિયના સમાગમનો ઉત્સવ પામેલી વ્યભિચારિણીઓ ત્યાં કુંકાના પ્રકાશ સરખા દિવસોને સુખમય માને છે. ૪૦.

હે ચંદ્ર તું ! મૃગ ધારણ કરે છે તથાપિ ઇંદ્ર ધનુષની પ્રત્યંચાના સપાટામાં આવ્યો નથી. (નીશાન થયો નથી) અને હીમનો ઢગલો છતાં વીજળીની ગરમીથી ગળી ગયો નથી એ મ્હોટું કૌતુક છે. ૪૧.

વરસાદના ગારામાં પડવાથી ગારાવાળી થયેલી ચંદ્રિકાને કોણે ધોઈ છે ? કહે. કયો કઠોર હૃદયવાળો વિયોગીના વધના પાપથી પણ નથી બ્હીતો. ૪૨.

(હે ચંદ્ર) શા માટે ભુલ ખાય છે, કોઇને નિરંતર સુખ નથી, સમૃદ્ધિઓ સ્વભાવથીજ નાશ થનારી છે. તને રાહુ આંબળાની પેઠે કેટલેક દિવસે મ્હોમાં કરી લેશે. ૪૩.

તારૂં હૃદય નિરંતરજ મેલું છે. ક્ષણ માત્ર સ્વચ્છતાને ગ્રહણ કરતું નથી. તે તારૂં ખળપણું છે કેમકે તું સર્વને તાપ કરનારા કામદેવ રૂપી રાજાનો વ્હાલો છે. ૪૪.

એવી રીતે કામદેવના બાણના સંગથી સળગી ઉઠેલા પ્રિયના વિરહવાળી હરિણાક્ષીઓ, રાત્રિના આરંભમાં ચંદ્રિકાવડે જગતને નવરાવનારા ચંદ્રમા પ્રત્યે બોલે છે. ૪૫.

એવી રીતે કામદેવના હાથની મશાલ જાણે હોય એવી શરદ્ ઋતુની ચંદ્રમાની કિરણો છતાં એ રાજા નાનેરા ભાઈનું દુશ્ચરિત્ર વિચારતો થકો સ્વચ્છતા પામતો નથી. ૪૬.

તેની નિરંતર અપકીર્તિની વાર્તા વડે મનમાં અસ્વચ્છતા ધારણ કરતા થકાને સ્વચ્છ ચંદ્રમાવાળી શરદ્ પણ તેને પ્રસન્નતા આપી શકતી નથી. ૪૭.

કુંતળ રાજા કૃપાવશ થયાને લીધે તેને રાજ આપવાને પણ ઉત્સુક થયો. યશની ઇચ્છાવાળા પ્રસન્ન મનવાળા પુરૂષોને સમૃદ્ધિ સોંપી દેવામાં શો શ્રમ પડવાનો હતો ? ૪૮.

રાજા તેના તરફ નિત્ય સમજાવવાના ઉપાયો કેટલા નથી મોકલી ચુકયો (પણ) તે કુલકંટકને અન્યાયનો વાયુ ઉપરવટ થઈ ગયેલો છે તેથી તેણે એકે (ઉપાય) સ્વીકાર્યો નહિ. ૪૯.

આ અડચણ કેમ ટાળી શકાય એમ તે જ્યાં હજી કૃપાવડે બેશી રહ્યો છે તેટલામાં તો તે ભુજાની ઉદ્ધતાથી કૃષ્ણવેણિને કાંઠે આવ્યો. ૫૦.

આ રાજાને મુકીને કેટલા મંડલેશ્વરો તેની સેનાને આવીને નથી મળ્યા. આફત આવવાની હોય ત્યારે માણસોની બુદ્ધિમાં ફરક પડી જાય છે. ૫૧.

ગંડ સ્થળમાં ફેલાતા ઘણા મદના ઝરણાંવાળાં હાથીનાં ટાળાં અને તરવરાટીવાળા ઘોડા જોઇને તેણે મોટેરા ભાઈની સાથે લડવાની બાબતમાં અટકાવ જોયો નહિ. ૬૨.

તેની સેનાની સામગ્રીએ પીડેલી કૃષ્ણવેણિ કૃષ્ણતા પામીને સમુદ્ર પાસે જવાને જાણે અશક્ત થઈ હોય તેથી તેણે ડોળાએલીપણું દેખાડયું. ૫૩.

તે નાનેરા ભાઇએ કયાંક દાહ, બીજે લૂટ, અને કયાંક માણસોને બંધન દીધું. પડવાના ચિહ્નની પેઠે તેની ઘણી દુષ્ટ ચેષ્ટા ઉપરા ઉપર થઈ. ૫૪.

તેમની ઉપરા ઉપર થતી અનીતિ ઘણા વખત સુધી રાજાએ ક્ષમા કરી. નિર્મળ સત્વ ગુણના સમૂહવાળા એવા (પુરૂષો) સાથે ખાર કરવાને સમુદ્રો પણ સમર્થ નથી થતા. ૫૫.

રાજાની પાસે એ અંકુશ વગરનો નિરંતર દુર્વચનો તોડે છે. અલક્ષ્મિ-એ કટાક્ષમાં લીધેલા જડબુદ્ધિના (પુરૂષો) એવું શું છે કે જે તેઓ નથી આચરતા? ૫૬.

શું વધારે કહીએ કે તેની ચાંપલાઇ વારંવાર એવી વખાણપાત્ર થઈપડી કે જેને લીધે રાજા વિસ્મિત થઇને ઉતાવળો તેના તરફ ચાલ્યો. ૫૭.

તે પછી દિગ્ગજોના કાનના શંખની પોલમાં ફરી વળનારા પડછંદાથી પુરાએલો અને મંગળનાદથી ભરપૂર એવો તેનો દુંદુભિના નાદ આમ થયો. ૫૮.

રાજાના ઢોલનો સ્વર દિગ્ગજના કાન ફાડવામાં ડાહ્યો ન થયો, કે જે ઘણા લાંબા શૂંઢના છિદ્રના પૂરવાથી પ્રથમથીજ અલ્પપણાને પામ્યો છે. ૫૯.

જરૂર રાજાના હાથીના સરખા ભારથી ભૂમિમંડળ ઘણું નીચું નમી ગયાથી મેઘના નાદથી આર્દ્ર થઈ ગયેલો દુંદુભિનો નાદ બહુ મોડો આકાશમાં પહોંચ્યો. ૬૦.

તેના લશ્કર વડે સર્વ તરફથી ખોદાએલી રજની પથારી સરખી થએલી પણ પૃથ્વી હાથીના મદના જળવડે ભીંજાએલી છે એને લીધે શેષનાગની ફણો ઉપર વધારે બોજદાર થઇ પડી. ૬૧.

નક્કી એના ઘોડાઓએ સમુદ્રોને સ્થળના માર્ગ રૂપે કરી મુકવાથી તે આપણા દોડવાના પ્રકારમાં આશ્ચર્યનો વધારો કરશે એમ માનીને દિશાના અંત સુધી ફેલાઇ જાય એવી પૃથ્વીની રજને કરી. ૬૨.

તેના હાથીઓ પીઠ ઉપર પૃથ્વીની રજ ચોટી ગઇ છે તેથી જાણે કયાંક પણ પૃથ્વીને ઉતારીને ભેળા થઇને આવેલા દિગ્ગજો હોય એવા શોભે છે. ૬૩.

ઘોડા, સૂર્યના ઘોડાનો જાણે ખાર કરતા હોય એમ પૃથ્વીનો સ્પર્શ કરતા નથી (તેથી) શેષનાગને હાથીઓની સ્થિતિમાંજ શ્રમ પડે છે. ૬૪.

તેના ઉન્મત્ત હાથીની સુંઢના છાંટાની પંક્તિથી આકાશમાં રજ વડે લીલા માર્ગ વાળા સૂર્યના રથવડે ભુકો કરી નાખેલા તારા હોય એવા દેખાયા. ૬૫.

ઉંચી હાથીની ઘટા પાસેમાં ભગવાન સૂર્ય દેખાય છે તે જાણે ઉન્મત્ત હાથીના સંગથી થએલી બ્હીક પોતાના ઘોડાને મુકાવતા હોય શું? ૬૬.

હાથીની પીઠ ઉપર સોના અને રત્ન ભરેલી ઝુલની સંપત્તિ શોભે છે તે જાણે ભૂમિના રજના ભારથી આકાશમાંથી વિમાનની પંક્તિઓ નીચી ઉતરી આવી હોય શું? ૬૭.

સૂર્યના ઘોડાઓએ હાથીનો ભય લાગવાથી જાણે અરૂણ (સૂર્યના સારથિ) ને પાડી નાખ્યો હોય એમ હાથીના કુંભ સ્થળમાં (રહેલાં)ના સિંદુરથી ખરેલી રજ પૃથ્વી ઉપર પડેલી શોભે છે. ૬૮.

કોપથી ચઢેલો પણ રાજા **સમજણ** કરવાને હૃદયમાં ઉતાવળો થયો.
જે (રાજા) સમૃદ્ધિ માટે અકૃત્ય કરે છે તે કુલદૂષક રાજા બીજાજ. ૬૯

નદીનો કાંઠો પાસે આવ્યો ત્યારે શત્રુના યોદ્ધાઓ તે તે ઠેકાણે યુદ્ધ કરવાને માટે માર્ગમાં આવીને **કુંતળ** રાજાનો ક્રોધ જગવતા હવા. ૭૦.

એ પછી **ચાલુક્ય** રાજાએ લોહીની નદીમાં ક્રીડા કરવાની ઈચ્છા રાખતા હાથી ઉપર બેશીને તે દેશ દબાવ્યો (કે) જ્યાં એ (રાજા) દરેક રસ્તે વરસતા મેઘથી, વીર પુરૂષની ખોપરીથી સાંકડા કાંઠાવાળી કૃષ્ણ વેણી નદીને કરશે. ૭૧.

રાજા તે નદીને કાંઠે પડાવ કરીને એને સામ (**સમજણ**) કરીનેજ મેળવી લેવા સારૂ ઉપાયમાં તત્પર થયો પરંતુ એ કુટિલ હૃદયવાળો હોઇને તેણે તેની સાથે **સમજણ** કરી નહીં. જ્યારે ભાગ્યની પડતી આવે છે ત્યારે બુદ્ધિ અંકુશ વગરની થઈ જાય છે. ૭૨.

ઇતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટ શ્રી **બિલ્હણના**
કરેલા શ્રી **વિક્રમાંકદેવચરિત** મહા કાવ્યના આચાર્ય
વલ્લભજી હરિદત્તના કરેલા ગદ્યમય ભાષાંતરમાં
ચૌદમો સર્ગ સમાપ્ત થયો.



સર્ગ ૧૫ મો.

એ પછી ભુજના પરાક્રમરૂપી હાથીનું નગારૂં અને લડાઈના ઉત્સાહરૂપી મોરનો મેઘ એવું **કુંતળ** રાજાના વિજયના ઉદ્યોગના હર્ષનું નગારૂં વાગ્યું. ૧.

વિજયની ઉત્કંઠાવાળા વીરપુરૂષોની સ્ત્રીઓએ વગર ડરે રચેલા છે ચોક (સાથીયા) જેને એવા યોદ્ધાઓ રાજાની વાટ જોવાથી અધિકપણું પામ્યા. ૨.

રણનાં દુંદુભિરૂપી મેઘનાદવડે યોદ્ધાઓની લેનવાળી ઘણે છેટે સુધીની પૃથ્વી, કહાડેલી તરવારરૂપી વેલનાં નવાં રત્નોરૂપી કાંટાની અણીરૂપી દાંતવાળી થઈ ગઈ. ૩.

રણના વેગને લીધે ચપળ રચનાવાળા સ્ત્રીઓના અંબોડા ઉપર અને તરવાર ઉપર અદ્દભુત રસથી ભરેલી વીરપુરૂષોની દૃષ્ટિઓ પડી. ૪.

મેનાના પાંજરાની સ્થિતિની પેઠે જેણે ગર્વે કરીને ઉદ્ધત યોદ્ધાઓનાં ટોળાંને ઉપર ચડાવ્યાં છે, એવા અને મણિનાં બખ્તર પહેરાવ્યાથી શોભતા એવા હાથીઓ બહાર ઉભા છે. ૫.

સુભટ, સ્ત્રીના હાથથી અપાયેલી પાનની બીડી ચાવતાં શત્રુના હાથીની ઘટામાં જે કાપાકાપી ચલાવવી તે ઉત્સાહને લીધે તૃણ સમાન માને છે. ૬.

શત્રુ રાજાઓના મસ્તકો ઉપર રહેલા મુગટમાં રત્નના કાંટાના કાંટાની પંક્તિમાં ભમવાની શક્તિ લોઢે મ્હડેલી ઘોડાની ખરીઓ ધરાવે છે. ૭.

રણમાં મોહ પામી ગએલા મત્ત હાથીઓ જેમાં છે, હરકત કરતા હજારો ઘોડાઓથી ખદબદ થઈ રહેલું છે, અને અનેક યોદ્ધાઓથી ઉભરાઈ ગયેલું છે, એવું એ સૈન્ય વ્યાકુળ થએલા સમુદ્રની લીપિ સમાન થઈ પડ્યું. ૮.

રાજાના ઘરના અંદરના ભાગમાં હાથીઓ નાખેલા સુંઢના છાંટાના સમૂહવડે રાજાના મનમાં રહેલી વિજયની આશાને ફુલની પંક્તિઓથી વધાવી લેતા હોય ? ૯.

રાજા, વિજયશ્રીને આલિંગવાની સૂચના કરતા ફરકતા બાહુ ઉપર કમળની માળાની પેઠે બહુ માનથી દૃષ્ટિ સમર્પતો હવો. ૧૦.

ઉભાં થએલાં રૂંવાટાંના કાંટાના સમૂહને અતિ પ્રીતિને લીધે જાણે ન ગણકારતી હોય એવી વીરલક્ષ્મીને માર્ગ ન રહે એવી રીતે આ-લિંગનના દૃઢ કૌતુક સાથે શરીરવડે ધારણ કરતો થકો. ૧૧.

નીકળતા મુખમાં રહેલા કપુરની રજ સરખા ધોળા હાસ્યવડે શત્રુ રાજારૂપી કમળને મુંઝવી મારવા સારૂ જાણે હીમનો જથ્થો રચતો હોય. ૧૨.

કડાની અંદર રહેલા રત્નરૂપી અરીસામાં પોતાની આકૃતિનું પ્રતિ-બિંબ પડવાને બ્હાને શત્રુનો ક્ષય કરવાને વ્રત ધારણ કરેલા હરિ જાણે પોતાના નાનેરા ભાઇઓમાં મળી ગયા હોય ? ૧૩.

ધાડા ચંદનના લેપવડે ધોળા થએલા શરીરવડે નયનને ઉત્સવ આપનારો તે ફરતો સ્ફાટિકનો પર્વત ધારણ કર્યો હોય અને તે જાણે બખ્તર કેમ પહેર્યું હોય ? ૧૪.

પેહેરેલા મંગળરૂપી મોતીના રૂદ્રાક્ષથી ચંદ્રના સરખો નિર્મળ કાંતિવાળો (તે રાજા) મદોન્મત્ત હાથીના જેવાં મંદ પગલાંવડે ચોકમાંથી બહાર નીકળ્યો.૧૫.

તે પૂજા કરેલા હાથીની પીઠ ઉપર મંગળતૂરીના નાદ સાથે સૂર્ય જેમ ઉદયાચળના શૃંગ ઉપર ચ્હડે તેમ આદરથી ચઢયો. ૧૬.

સ્ત્રીઓનાં હજારો નેત્રના સંગવાળાએ રાજાવડે શોભી રહેલો હાથી ઈંદ્રે સવારી કરેલા ઐરાવત હાથીની શોભાને હસી કાઢે છે. ૧૭.

મ્હોટો સંગ્રામ પાસે આવ્યો છે તેથી રાજાને થતા ખરાબ વિક-લ્પોથી દોલાયમાન થએલી સ્થિતિને જય હાથી જાણે સુંઢ પસારીને સ્થિર કરતો હોય ? ૧૮.

કમળનાં પાંદડાના જેવી સુંદર કાંતિવાળાં પગલાં (પગના ખાડા)માં મદનું જળ ભરી દઈને જાણે રાજલક્ષ્મીનો તાપ શાંત કરવા તળાવડી કરતો હોય ? ૧૯.

મદ પીવાથી બહુ બોલી રહેલા ભમરોને સુંઢ ફેરવીને રિપુના હાથીનાં નગારાંનો શબ્દ સાંભળવા સારૂ જાણે મનાઈ કરતો હોય ? ૨૦

એ પછી વીરરસના ઉતરી આવવાથી વેગથી પ્રફુલ્લિત થએલા ચિતવડે અદ્દભુત લાગે એવા અતિ સાહસવાળો એ રાખ જગતને હસતો થતો આગળ ચાલ્યો. ૨૧.

રણાંગણનો સંગ કરતો થકો અને વિજયલક્ષ્મીને આલિંગવામાં ઉત્સુક એવો એ રાજા તે જાણે પ્રિય સ્ત્રીના વિલાસ મંદીરમાં પેસતો હોય એવો ઉત્સવ ધારણ કરતો હવો. ૨૨.

તે પછી તીવ્ર પરાક્રમવાળા એ રાજાએ કેટલીક પૃથ્વી આગળ વધીને જેમાં તુરીના શબ્દો ફેલાઈ રહ્યા છે એવું શત્રુનું સૈન્ય નીહાળ્યું. ૨૩.

જે હાથીઓ મદના જળથી થએલા સેવાળના જેવી કાંતિવાળા ભ્રમરોથી થએલું અંધારૂં મટાડવા સારૂ જાણે દાંતની કાંતિરૂપી ચાંદની અર્પતા હોય? ૨૪.

જે પોતાના મદના જળથી ઉત્પન્ન થએલા ગારામાં પડી જવાની બ્હીકથી જાણે માર્ગમાં મદની નીંદરથી અર્ધ ઉઘડેલી આંખવાળા (હોઇને) ક્રમથી પગલાં ભરે છે. ૨૫.

જે પોતાની વિહાર કરવાની ક્રીડામાં તળાવડીના પાણીમાં ઉતરવાની ઈચ્છા કરતા એવા તેઓ કચરી નાંખેલા કમળના મંડળમાંથી માથે ચ્હડી બેઠેલી લક્ષ્મીને ધારણ કરે છે. ૨૬.

જેઓ પર્વતને ફાડવામાં માથે જાણે ઝરણાં પડ્યાં હોય તેવી રીતે જખમની ધારાના જળવડે મેઘનો સમય દર્શાવતા અને અતિ વધી પડેલા જણાતા એવા મદને ધારણ કરે છે. ૨૭.

જેઓ ચંદ્રનો વ્હેમ પડે એવી કાનનાં ઘરેણાંની શંખની છીપવડે જાણે નાની હંસડીઓ સેવતી હોય એવી મદના ઝરણની નદીના કાંઠાની સ્થળીને ધારણ કરે છે. ૨૮.

વારૂ આ મ્હોટા હાથવાળા કયા રાજાના મસ્તક ઉપર મુકું એમ ધારીને જેઓ (પોતે) ત્રિપદીને આકારે થઇને એક પગ ઉંચો ધારી રાખે છે. ૨૯.

એવા બખ્તર બીડેલા હજારો હાથીઓ જ્યાં ઉભા છે, તેઓ જાણે મદ પીવામાં લોભાએલા ભ્રમરના શબ્દો વડે લક્ષ્મીના પહેરેગીરપણાને કેમ પામ્યા હોય? ૩૦.

સમુદ્રના હોવાથી સાંકડી થઇ ગએલી પૃથ્વી વેગને અટકાવનારી થઇ છે એમ માનીને જેઓ (ઘોડાઓ) કોપવડે જાણે વારંવાર દાંતથી ચોકડાં કરડતા હોય? ૩૧.

આપણે પૃથ્વીનું અવલંબન કરીયે છિયે તેથી પૃથ્વીને અને આપણને હાય હાય સૂર્યના ઘોડા હસે છે એવા ખારથી જાણે કાવ ફરીને પૃથ્વીને ખોદે છે. ૩૨.

નવા લીલમ જેવા આકાશમાં સૂર્યના ઘોડાને જોઇને જેઓ લીલી ખડવાળી જમીનમાં આકાશની ભ્રાંતિ જાણે થઇ હોય એમ વિહાર કરે છે. ૩૩.

મ્હોમાં રહેલા ફીણના મંડળને બ્હાને સમુદ્રે પોતાના પુત્ર ઘોડાની શંકાથી સંતોષ પામી પાસે આવીને જાણે ચુંબન કર્યું હોય? ૩૪.

ખરીથી કુટાતી વૈરિની મણિમય ભૂમિમાંના સ્ફાટિકથી નીકળતા અગ્નિના તણખાઓએ અકળાવી દીધેલા તેથી જાણે રસ્તામાં ક્યાંઇ પણ ચંચળ પગવડે ઘસારો થવા દેતા નથી. ૩૫.

પાસે રહેલા મેઘના ભભકાથી ઇંદ્રધનુષ જેવા તે ઘોડાઓને વજ્રની પેઠે પડવામાં કઠણ તેથી જગતને ભય પમાડે છે. ૩૬.

જેઓએ છાતી ઉપર લટકતા રત્નના ઘરેણામાં પડેલા પ્રતિબિંબને બ્હાને મરણમાં ધાડા હોય એવા થએલાઓએ પોતાનાં માથાં છાતીમાં જાણે પેસારી દીધાં હોય? ૩૭.

સ્વાભાવિક હુનાશથી શોષાઇને જર્જર થએલું એવું ચંદન જેના હૃદય ઉધર શોભે છે તે જાણે લડાઇમાં સૈકડો પ્રહારથી ખરેલી હાડકાની ઘોળી રજ હોય? ૩૮.

બળવાન એ ભુજાવડે જેઓ ઘણે ભાગે સંગ્રામરૂપી સાગરને તરી ગયા છે તેઓ જાડા ફીણના સમૂહ જેવા યશમાં પ્રીતિવાળા થયા. ૩૯.

મદવાળા શત્રુઓને રગડવાથી ઘણાં શસ્ત્રોના ઘાના ખાડા જેમાં પડ્યા છે એવાં જેઓનાં તમામ અંગમાં વીરરસ આશ્રય કરીને રહ્યો છે. ૪૦.

જાણે અંધારાં ધાડાં થઇ ગયાં હોય, જાણે હુનાળાના દિવસો દાહમાં [1]બળી ગયા હોય એમ ઘણા યોદ્ધાઓ દુઃખનો આગમજ ભૂલી ગયા હોય એવા દેખાય છે. ૪૧.

---

૧ અહીં મૂળમાં **दव दंभैः** છે પણ બીજી બુકમાં **दव दग्धै** પાઠ બીજો છે તે ઠીક લાગે છે.

અત્યંત ભયાનક એવું એ સૈન્ય દિશાંતરને ઉલ્લંઘીને ગએલું જાણીને કોણ ભય ન પામે? પરંતુ કુંતલ રાજા તો રાજી થયો. ૪૨.

તે પછી એ વીરરસના દરિયામાંથી વિજયરૂપી અમૃત ખેંચવામાં ઉદ્યત થએલા સુભટોએ બંને દિશામાં પ્રલયતા જેવું ઉદ્ધત યુદ્ધ પ્રવર્તાવ્યું. ૪૩.

બંને સૈન્યો ચ્હડી જઈને બળ થકી અદ્દ્ભુત એવા દંડવડે હીચકા ખાવાને તત્પર થયાં ત્યારે સંગ્રામરૂપી વૃક્ષ ઉપરથી માથાના સમૂહવડે જાણે ફળો પડતાં હોય નહીં? ૪૪.

સામાવળીયા વીર તરફથી મારીને વળગતા યોદ્ધાને સાથેજ આંખમાં લોહીની ટસર અને સામી છાતીમાં તરવાર પેસે છે. ૪૫.

તરવારથી પાડીને ભંગના જોરથી માથું જ્યારે બાણના ખીલામાં ભરાએલું દડવા માંડ્યું ત્યારે જયરૂપી અમૃતની આશાવડે યોદ્ધો રાજી થયો. ૪૬.

પક્ષીઓ જેની ચાંચ રત્નમય મુકુટમાં કુટાવાથી લોહી લોવાણ થઈ ગઈ છે, તેથી તેઓ સાચા માંસના પીંડા ઉપર પણ હર્ષ સહિત લાલચ કરતા નથી. ૪૭.

માર્ગને અટકાવનારૂં લોહીનું વ્હેન ધીરે ધીરે ઉંડું થતું જઈને સુભટોને પરસ્પર જોઈ શકવામાં પણ ક્ષણ માત્ર સંગ્રામનો ઉત્સવ રહ્યો નહિ. ૪૮.

વાણી ગુણવાદમાં તત્પર થઇ અને જોવ, હાસ્યને લીધે, સંદેહવાળા વિરોધવાળું થયું. કઠણાઈ માત્ર ભુજાની હુનાશવાળા પુરૂષોની તરવારમાં રહી. ૪૯.

માની પુરૂષોનાં માથાં પડે છે તેમાં આ એક અપમાનનું ઠેકાણું થાય છે કે જે એઓની ઉપર રોષથી પગ મૂકતા પ્યાદલો ફરે છે. ૫૦.

બાણથી કપાએલા સુભટના મસ્તકે મ્હોટું કૌતુહલ દેખાડ્યું કે જે પૃથ્વી ઉપર પડ્યું છે છતાં શત્રુ ઉપર મુકેલાં નેત્ર ખેંચે છે. ૫૧.

તરવારો પરસ્પર ભટકાઇને રણાંગણમાં જે અગ્નિના કણ પડ્યા છે તે પિશાચની સ્ત્રીઓને માંસ રાંધવાના કાર્યમાં પ્રિય થઈ પડ્યા. ૫૨.

ખરેલાં હાથીનાં મોતીને બ્હાને આકાશમાં વિશેષે બીડાઈ ગએલા તારાવાળી પ્રકાશક મંડળી વિજયરૂપી સૂર્ય ઉદય થવાનો હોય એમ બતાવે છે. ૫૩.

હૃદયમાં વાગેલાં બાણવડે (થએલી) મૂર્છામાં હાથીના કુંભસ્થળ ઉપર
પડેલા યોદ્ધાઓને ચાલતા કાનરૂપી વીજણાના વાયુની લહેરો ઉપકારનો
હેતુ થઇ પડે છે. ૫૪.

ભટની છાતીને ફાડવામાં આતુર થયેલો નમતો મ્હોટો હાથી નમીને
જાણે રણાંગણમાં રહેલી જયલક્ષ્મીને પોતાને માથે ચડાવતો હોય શું?
એવો શોભે છે. ૫૫.

એટલા અંતરમાં **કુંતળ** ચક્રવર્તિનું બધું લશ્કર શત્રુ રાજાના હાથી-
ઓએ દોડીને ખળભળાવી દીધેલું તે ધડા વગરનું વીંખાઈ ગયું. ૫૬.

શત્રુના પ્રલયના વાયુએ હણાએલો મ્હોટો મુખ્ય હાથી કે ઘોડો કે
ડાહ્યો પ્યાદલ એવો કોઈ નથી કે જે પાછો ફરીને નથી ભાગ્યો. ૫૭.

એ પછી **ચાલુક્ય** રાજા (પોતાનાં) લમણાં ઉપર રૂંવાટાંનો દેખાવ
પ્રકાશ કરતો થકો અપાર પૌરૂષવાળો એવો અતિ મદવાળા હાથીવડે ઉપડ્યો. ૫૮.

શત્રુની કીર્તિનું મૂળ એવી રણરૂપી ક્રીડાની તળાવડીમાંની કમળની
વેલને દળતો એવો અને હાથીરૂપી મેઘ ઘટાને ફાડતા એવા રાજાએ અદ્‌ભુત
એવું રાજહંસપણું દેખાડ્યું. ૫૯.

કપાએલા હાથીના કુંભસ્થળનાં પડતાં ફુલની કળીના જેવાં જણાતાં
મોતીઓવડે, શત્રુવીરના યશના વૃક્ષને બે ભુજાવડે હલમલાવી નાંખેલું
જાહેર કર્યું. ૬૦.

શત્રુના હાથીના માથાના સમૂહ સંકોચ વગર રાજા કાપતો થકો સ્ત્રીના
ધાડા અને જાડા સ્તનનું સ્મરણ થયે મરકતા મુખવાળો થયો. ૬૧.

હાથીના માથા ઉપર પડતું શત્રુનું બાણ નિવારતો થકો પીઠથી પાટુ
મારીને દેવતાઈ પુરૂષોના સમૂહથી ભરાઈ રહ્યો. ૬૨.

સામાવળીયા વીરપુરૂષે મુકેલી અને હાથીના ધ્વજદંડને વળગી બેઠેલી
બાણની પંક્તિને, જયના ખીલાઓની માળા હોય એમ રાજા વિલાસ
સહિત જોતો હવો. ૬૩.

તરવાર, બાણ અને ભાલાવડે તેમજ એકદમ હાથીના દોડવાવડે તે
હજારો હાથ જાણે ધારણ કરતો હોય એમ શત્રુનો ક્ષય કરવામાં દીક્ષા
લીધેલો હોય એવો થયો. ૬૪.

તેને, ઘોડાની ફોજને હઠાત્કારથી હઠાવવામાં બંધાએલા આશ્ચર્યવાળો જોઇને સૂર્યના ઘોડાની પંક્તિ દૂરત્વને ગુણ માટે માને છે.[૧] ૬૫.

એ રાજા છરીવડે કાપેલાં ગળાંવાળા મદોન્મત્ત માવતના માથાવડે પૃથ્વીને અને ઉંચા યશવડે આકાશને (બંનેને) સાથે ભરી મુકે છે. ૬૬.

પર્વતની ગુફાઓને પણ ફાડી નાખે એવાં તેનાં બાણવડે પેશી ગએલી પીડાવાળા શત્રુના હાથીઓ ભાગ્યા તે જાણે દિગ્ગજને શરણે ગયા હોય શું? ૬૭.

સામેના વીરે મુકેલા બાણનો જથ્થો બખ્તરમાં ભટકાવાથી ઉઠેલા અગ્નિવડે જાણે તેણે સંગ્રામરૂપી સમુદ્રમાં ઘણા વડવાનળ ઉત્પન્ન કરી દીધા હોય? ૬૮.

રણની સીમમાં તેણે શત્રુઓને વિજયલક્ષ્મીના વિયોગથી જાણે જડ થઈ ગયા હોય એવાઓને હાથીના મોતીની રજવડે ભૂખરા થઈ ગએલા તે જાણે તપસ્વીપણું લેવરાવ્યું હોય શું? ૬૯.

હાથીના પગવડે, (જેના) ઉદ્ધત શત્રુ રાજાના કપાલની ખોપરીઓ ફાટી ગએલી છે (તેથી) તે ત્રણ જગતરૂપી ઠામને ભરી દેવામાં સમર્થ કીર્તિવાળો થઇને સેનામાં ફરે છે. ૭૦.

શત્રુ રાજાની ફોજમાં એવો કોઈ સખ્ત ડહાપણવાળો પુરૂષ નથી કે જે બાણની વૃષ્ટિરૂપી ભાષણ કરતો આની સામો ક્ષણમાત્ર પણ આવીને ઉભો રહે. ૭૧.

જેણે ક્ષણમાત્રમાં તમામ શત્રુઓને સીકલી લીધા છે. એવા **ચુલુકય** રાજાના શરીર ઉપર દેવતાઓનાં પુષ્પો સહિત બાણો પડ્યાં. ૭૨.

જે અનેક સેનાના યોદ્ધાઓનો એકલો રણ મસ્તકમાં ક્ષય કરે છે તે **ચુલુકય** રાજા કેને વર્ણનનું સ્થાન ન થઈ પડે? ૭૩.

રણાંગણની રંગભૂમિમાં ધડના નાચથી જાણે ચકિત થઈ ગઈ હોય એવી વિજય લક્ષ્મીએ જેનું પરાક્રમ જોયું છે એવા રાજાના ભુજનો આશ્રય કર્યો. ૭૪.

---

૧ એટલે પોતે ત્યાંથી દૂર છે એમ ગુણ માને છે કેમકે નહીંતર તે પણ રગડાઈ જાત.

તે રાજા બખ્તરમાં ચારે કોર ચોટી બેઠેલાં અને બંને ભુજામાં વ્યાપ્ત થવાને અટકાયત પામેલાં એવાં બાણને કમળ સરખા હાથવડે હસતે મુખે ઉચરડે છે. ૭૫.

તે ટોપ ઉપર રહેલાં હજારો બાણના ભારવડે ક્ષણમાત્ર ઉંચું અને નમેલી ડોકવાળું માથું રાખીને સમર લક્ષ્મીને જાણે નમતો હોય શું? ૭૬.

એ મહાભુજ શત્રુના રૂધિરના છાંટાવડે ચિહ્નવાળા થએલા એ ભુજને ધારણ કરે છે, તે કાપેલા શત્રુના મુગટમાંથી ખરેલા કેસરના અંકુરવડે દાંતવાળા કેમ થયા હોય? ૭૭.

રણની સીમમાં તે તે સ્થળે રાજાના બાણવડે તે (માવતો) એવા સજડ [૧]ખીલાઈ ગયા છે કે દોડતા પણ હાથીના કુંભસ્થળરૂપી છત્ર ઉપરથી પડી જતા નથી. ૭૮.

અરે સ્વામિ! કપટ વગર શું મૂર્છાને મ્હાને આંખો મીંચી ગયા છો. તમારે સુભટ સ્વામીની સેનાના પરાભવને ન ગણકારવાનો આ ક્ષણ નથી. ૭૯.

સ્વર્ગમાં પુરૂષો દુર્લભ છે તે સારૂ દેવતાઓની વ્યભિચારિણી સ્ત્રીઓ અહીં આવે છે. હે કામિ! આ ઉપાધિવડે તમારે મ્હારો તિરસ્કાર કરવા માટે બસ કરવું જોઇયે. ૮૦.

હે સુભટ! આજે તમે શ્વાસનો વાયુ રોકી રાખો છો તેનું કારણ જાણ્યું; કે દેવતાઓની વેશ્યાઓએ ચુંબન કરવાથી તમારા મ્હોમાં નવી જાતની સુગંધી છે. ૮૧.

મ્હારા ભાગ્યની અવળાઇથી તમે આવી બેહદ અધીરજ ધારી રહ્યા છો. ઓહોહો! સ્વામીના ઘરમાંથી અંકુશ વગરની થઇને ચપળ એવી સંપદો ચાલી નીશરે છે. ૮૨.

જો તમે મ્હારાં સૌભાગ્ય ફરી જવાથી દેવાંગનાને ઘેર ચાલતા થયા છો, પણ, હે, કામાતુર ધણીનું સન્માન કરવું એ બીજાંને દુર્લભ છે. એ કેમ ભુલી જાઓ છો? ૮૩.

૧ એટલે બાણ વાગ્યાં છે તે તેના શરીરમાંજ વાગીને હાથીના કુંભસ્થળમાં પણ ઉતરી ગયાં છે.

એ રીતે વીરપુરૂષોની સ્ત્રીઓના સ્ફુરી રહેલા હજારો બરાડાવડે છાહી રહેલ રણભૂમિને જોતો થકો તે શત્રુની પીઠ પકડવાથી વિમુખ થયો. ૮૪.

તે પછી રાજા સંગ્રામ સમુદ્રના પરમ પારને પામ્યો એવો સરલ ધનુષ-વાળો તે આકુળ એવું શત્રુનું ભાગી જવું સાંભળીને ઓહોહો! એ કૃપણને કીર્તિએ પણ તજી દીધો એમ ખેદ કરવા લાગ્યો. સ્વભાવિક મહત્તાવાળા-ઓને દુષ્ટો તરફ પણ ક્ષણિક ક્રોધ હોય છે. ૮૫.

તે પછી હાથી, ઘોડા, વડે સમૃદ્ધિવાળી અંતઃપુરે સહિત, સર્વ શત્રુની લક્ષ્મીને ગ્રહણ કરીને એ રાજા મનોહર ગતિવાળી હાથણી ઉપર બીછાવેલા સુવર્ણના આસન ઉપર બેઠેલો એવો તે ઉત્તમ જયપતાકાવાળી રાજ-ધાનીમાં પેઠો. ૮૬.

તે વનસ્થળીમાંથી કુળના કાંટારૂપ તેને પકડીને બાંધવા લાયક નહીં એવા ભટોએ સહિત અને કરૂણાથકી અતિ આંસુવડે ગદ્દગદ્દ વાણીવડે બોલાવીને અને સંતોષ પમાડીને ચાલુક્યકુળ શિરોમણિએ શિખર ઉપર ઝુલતા મોતીની લાંબિ કાંતિના સમૂહવડે દેખાડ્યો છે, યશનો ગુચ્છો જેમાં એવી પુરી પ્રત્યે જતો હવો. ૮૭.

ઇતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીર ભટ્ટશ્રી બિલ્હણના કરેલા
વિક્રમાંકદેવચરિત મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા
ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં પંદરમો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૧૬ મો.

કેસરની ખીલવણીને સંકોચી નાંખનાર, કુંઝડીના કામદેવનો ગુરૂ (?)
ઉત્તરના વાયુનો મિત્ર, આકાશની સુંદરતાનો ચોર— ૧.
શરદ્ઋતુના તડકાથી ગભરાઈ ગએલા મુખરૂપી ચંદ્રનો પ્રિય, અને
કામદેવનો સેનાપતિ એવો હેમંત ઋતુ તે પછી પ્રાપ્ત થયો. ૨.
શરદ્ઋતુએ બક્ષેલા સૌભાગ્યનો ભંગ કરવામાં ડાહ્યો એવો હેમંત
રાજાની સ્ત્રીનાં મુખોનું સેવકપણું પામ્યો. ૩.
સૂર્ય જયારે મંદ તેજવાળો થયો ત્યારે રાત્રિઓ, દિવસે ગળી લીધેલો
પોતાનો વિસ્તાર ખેંચી લેવાની તક જોવા લાગી. ૪.
કૈલાસના વાયુ કસ્તુરીની આડવાળાં લમણાં ઉપર અલકા (કુબેરની
પુરીની કે આઠથી દસ વર્ષ સુધીની) સ્ત્રીઓના વાળને હલાવતા વાય છે. ૫.
રતિના કોપમાં અને પ્રસન્નતામાં પરિપૂર્ણતા ધારણ કરનારી પરિશ્રમ•
વાળી રાત્રીઓ કામી પુરૂષોને આનંદ દેનારી થઈ. ૬.
પોતે પ્રૌઢત્વ આચરતી રાત્રીઓએ દિવસને સંકોચપાત્ર કરીને સ્ત્રીજીત
જેવા કરી મુકયા. ૭.
આકાશના ક્ષેત્રમાં ચપળ કાંતિવાળા તારા નવા કોંટા સરખા હિમના
બીજની શોભાને પામ્યા. ૮.
કામદેવના ગર્વવાળી ઉનાશનો વિચાર લાવીને જાણે શંકા રહેતી હોય
એમ ઠંડક, સ્ત્રીઓના કુચ સ્થળનો સ્પર્શ કરતી નથી. ૯.
આખું જગત જ્યારે શીતથી વ્યાપ્ત થઈ રહ્યું છે, ત્યારે કામદેવના
તેજનું સ્થાન એવી સ્ત્રીઓના મધ્ય ભાગ અદ્ભુત ઉનાશવાળા થયા છે. ૧૦.
રાત્રીઓએ કામી સ્ત્રીઓને કામદેવના સંગવાળાં અંગોવડે અવિચ્છિન્ન
દૃઢ આલિંગનના કૌતુકવાળી કરી. ૧૧.
હિમાચલના વાયુ ફુટી નીકળે એવી શંકાથી સ્ત્રીઓ કેસરી વસ્ત્રોમાં
મુખચંદ્રને ઢાંકી દે છે. ૧૨.
ધોળી શેરડીના પાકથી પવિત્ર થએલાં ખેતર, જાડું દહીં અને કેસરનું
ચર્ચવું એ હેમંતનું જીવન થઈ પડયું છે. ૧૩.

આ મ્હારા શત્રુ સૂર્યની પ્રીતિપાત્ર છે એવા રોષથી જાણે હિમ પદ્મની વેલને બાળી નાખે છે. ૧૪.

પદ્મની વેલ સૂર્યની સમક્ષમાંયે પરાભવ પામે છે, તેજસ્વીઓ પણ કાળને વશ થએલા શું કરી શકે ? ૧૫.

સામાન્ય સ્ત્રી (વેશ્યા) ના પણ અંગના સ્પર્શનું સૌભાગ્ય કામદેવનું પોષણ કરનારા હેમંતે વિસારી મેલ્યું. ૧૬.

વિહાર કરવાને યોગ્ય એવા એ દિવસોમાં ચુલુકયનો ચક્રવર્તિ રાજા સિંહના જેવું ગમન કરનારો અને પોતાના ભુજવડે ભેળી કરેલી સમૃદ્ધિવાળો તે મૃગયા કરવા નીકળ્યો. ૧૭.

રણમાં એકવીર એવો તે મેઘના જેવા કાળા બખતરવડે નીલકમળની ગુફાને છોડી દેનારા કામદેવની શોભાને ધારણ કરતો હવો. ૧૮.

એ રાજા કાળા બખ્તરની ઉપર રહેલા હારવડે શોભે છે તે મેઘ અને નક્ષત્ર ગણે સહિત આકાશના આગલા ભાગથી જાણે કોઈ વિદ્યાધર કેમ ઉતરી આવ્યો હોય ? ૧૯.

ભેળી આવેલી રાણીઓ જેઓ ઉદાર એવા હારમાં પ્રતિબિંબિત થઇ છે તેઓ વડે જાણે તેના હૃદય ઉપર આદ્યસ્ત્રી લક્ષ્મી જાણે પોતાના પરિવાર ગણુ સહિત શોભતી હોય ? ૨૦.

તે હારાવળીનાં મોતીઓ સ્ફાટિક જેવા ઉજળા વક્ષઃસ્થળવડે ધારણ કરે છે તે જાણે ઉંચે રહેલા યશરૂપી વૃક્ષની કળીઓ કેમ પ્રતિબિંબિત થઇ હોય ? ૨૧.

આંખને ગમે એવો વિસ્તાર ધારણ કરનારા નીલા છત્રવડે તે શોભે છે તે લક્ષ્મીના કુળના ઘર એવા નીલ કમળના તક્તાવડે જાણે રાજહંસ શોભતો હોય ? ૨૨.

તે પૃથ્વીતળનો ધણી બે દિશામાં ફીણના જેવા ઉજળા ચામરવડે શોભે છે તે જાણે તમામ દિગંતર તાબે કરી લેનારા તેના બે ભુજાના યશ હોય ? ૨૩.

તેનો ઘોડો છલંગ મારતો આકાશના આંગણામાં શોભે છે તે જાણે ક્રોધથી આગલી બે ખરીવડે સૂર્યના ઘોડાઓને માથામાં તાડન કરવાને તૈયાર કેમ થયો હોય ? ૨૪.

તેજના નિધિ એવા તે રાજાનો તે ઘોડો ફીણના જેવા ધોળા દેહવડે, ગરમીથી બળીને જાણે નીલા દેહવાળા થઈ ગયા હોય એવા સૂર્યના ઘોડાને હસે છે. ૨૫.

કોઇ જાતના વિશેષ તેજથી રાજી કરેલાં એવાં મન પાસેથી જાણે વેગ મેળવ્યો હોય એવો તે કમળ સરખા મુખવાળો ઘોડો તે વાયુનું પણ પાંગળપણું જાણે છે. ૨૬.

પલાણનાં માણેકની કાંતિના સમૂહવડે એ હાર સરખા રાજાનો ઘોડો શોભે છે. તે ખરીવડે ખાંડેલી શત્રુ રાજાઓની રત્નના આંગણાની રજવડે જાણે શરીર બધું ભરાઇ ગયું હોય ? ૨૭.

ચિત્રમાં આળખેલા ઘોડાના સવારના દૃઢ આસન ઉપર માણસની દૃષ્ટિ પડીને ઘોડાના ભમવામાં પીઠ ઉપર લાગેલી તેથી ભમાઈ ગએલી હોય તે જાણે શ્રમ પડયો હોય તેથી બીજે જવાને ઇચ્છતી નથી. ૨૮.

ચાલતી કામદેવની રાજધાની, વિભ્રમરૂપી પાંદડાંનું લીલા વન અને રસનો નાયક જે શૃંગારરસ તેની પુરી કીર્તિ એવો જનાનો તેની પાછળ ચાલ્યો. ૨૯.

તેના ઘોડાઓ ઉપર ભ્રમરરૂપી ધનુષ ઉપર ચ્હડાવેલાં બાણરૂપી કટાક્ષો જેણે મુકયાં છે એવી નાયકાઓ દિગ્વિજયને માટે તત્પર થએલા કામદેવની સેના જાણે હોય એવી શોભે છે. ૩૦.

પાપની સમૃદ્ધિની લીલા કરવાની તળાવડીના હંસ જેવા, મૃગ બાળકોના યમરાજાના દૂત, અને જાણે હિંસાના કટાક્ષ હોય એવા તરેહ તરેહના વર્ણવાળા કુતરા તેની આગળ દોડ્યા જાય છે. ૩૧.

ત્રૈલોકયને તપી જવાના કૌતુહલવાળા ઘોડાવડે રાજા કેટલોક માર્ગ વટાવીને કાન સુધી જેની આંખ જોડાએલી છે એવા તે રાજાએ હરતાં ફરતાં પશુઓવાળા વનના મધ્ય ભાગ જોયા. ૩૨.

સ્વચ્છ કીર્તિના મુગટવાળો એ રાજા કેટલીક પ્રિય સ્ત્રીઓ સહિત માર્ગ વગરનાં કાળાં નેતર (કે હિજળ વૃક્ષ)ના સમુદાયના પાંદડાંની હાર્યોથી સૂર્યની કીરણો જેમાં ઢંકાઈ ગઈ છે એવી ગિરિની [1]સ્થળીઓમાં પેઠો. ૩૩.

તે પછી પરાક્રમના ભંડાર એવા રાજાને પર્વત સરખા સુહરનું ટોળું, સ્નેહ બતાવતી ભુંડડીઓએ ચુંબન કરાતા મોથની[2] સુગંધીવાળા મુખના વાળ જેના છે એવું નજરે પડયું. ૩૪.

આગળ કેટલાંક પગલાં ચાલીને રાજા ત્યાં ગર્વ સહિત પછવાડે રહેલાંને વારંવાર સંભાળતા એવા એક હાથીના જેવા દેહવાળા સુહરને છાતી નજીકમાં બાણવડે ભેદતો હવો. ૩૫.

કેટલાંક સુહર બાણ સાથેજ પૃથ્વી ઉપર પડયાં. કેટલાંક બાણ સહિત કેટલોક માર્ગ ચાલ્યાં અને બીજાં કઠણ બાણની પરંપરા પડવાની બ્હીકથી કરડી એવી પર્વતની સ્થળીમાં ફરવા લાગ્યાં. ૩૬.

ચાલુકય રાજાના બાણે આગલી કથાના ચમત્કારને ફેરવી નાંખ્યો કેમકે તે બાણે જેની ધીરજ હરી લીધી છે એવો વરાહ પડયો, અને બ્હેબાકળા અંગવાળાએ સુહર (વરાહ)ને પૃથ્વીએ ધારણ કર્યો.[3] ૩૭.

આ રાજાએ સુહરને રમત કરતાં ઝાડમાં બાણવડે ખીલી દીધો તેથી તે સ્તંભે બાંધેલા અને મુંઝાઈ ગએલા હાથીની લીલા ધારણ કરે છે. ૩૮.

કુતરો સુહરને વનમાં ભરાઈ જતા જોઈને ક્રોધથી સોનાની સાંકળ સહિત નીકળી પડયો અને સાંકળ ઝાડના કાંટાના ખીલામાં ભરાઇ જતાં તેણે તેને રોકયો તેથી ભસવા યુક્ત જેના કંઠનો ભાગ થયો છે એવો થતો થકો ખુબ ઠેકડા મારે છે. ૩૯.

---

૧ અહીં મૂળમાં **गिरिच्छलीषु** છે તે ભૂલ છે.

૨ મોથ, વરાહ (સુહર ભુંડ)ને વધુ પ્રિય હોય છે તેથીજ તેના નામના નિર્વચનમાં **वराय मुस्तादि लाभाय आहंति** લખ્યું છે અને **वराह** અને **वराही** એ નામ મોથનાં પણ છે (શ. ચિ.)

૩ પૂર્વકથામાં પૃથ્વીને વરાહે ધારણ કરેલી છે અને અહીં પૃથ્વીએ વરાહ ધારણ કર્યો એ વિપર્યય થયો.

રોધેલા હરણને જોઈને હરણી (ત્યાં) ગઈ પણ પાછી વળીને (ઉલટી) રાજાના બાણના માર્ગમાં ફરવા લાગી. ઘણું કરીને દેહના વિયોગ કરતાં સર્વ અંગમાં તાવ ચ્હડાવનારો પ્રિયનો વિયોગ દુઃસહ થઇ પડે છે. ૪૦.

ચાલુક્ય રાજાએ (પોતાનો) ચાપદંડ દૃઢ કર્યો ત્યારે કેટલાંક હરણીયાં ઉડીને આકાશમાં ગયાં તે જાણે સપ્ત ઋષિના મંડળની પાસે જઇને પીડા વગરના આશ્રમમાં મૃગપણું પામવાને ઇચ્છતાં હોય ? ૪૧.

આ રાજાના બાણની પરંપરામાં વરસાદની ધારાની ભ્રાંતિ લાવીને મોર પોતે દેવતાઈ જળ લેવાના દુરાગ્રહથી છેતરાયો તેથી બાણના સપાટામાં આવી ગયો. ૪૨.

તે રાજાએ મોરના ટોળા માટે ત્યાં એવું કર્યું કે જેથી વટેમાર્ગુની સ્ત્રીઓમાં કોમળ આશાવાળો એવો અને મનોહર ટૌકાથી વ્યાપ્ત થઇ રહેલો એવો વર્ષાકાળ થઈ ગયો. ૪૩.

પોતાની ઇચ્છામાં આવે એમ વનસ્થળીમાં વિહાર કરવામાં રસિક એવા એ રાજાને રામચંદ્રથી કાંઇક ઓછપ હતી કે જેથી રામચંદ્ર દશાનન (દસ મ્હોવાળા રાવણ)ને જીતવાવાળા હતા અને ચાલુક્ય રાજાએ પંચાનન[1] (પાંચમુખવાળા=સિંહ)ને હણ્યો. ૪૪.

ભાથામાંથી ખેંચી કાઢેલાં બાણે પાસે આવેલી પણ ગર્ભવાળી હરણીના સમૂહને તે વીંધતો નથી કેમકે ગર્ભના ભારથી આળસવાળી અબળાઓની ચેષ્ટા બળવડે રાજાના સ્મરણમાં આવી. ૪૫.

અથવા ઝાઝો બકબકાટ કરવાનું શું કામ ? સુહરના યૂથ વગરનું, સમૂળ નાશ કરાએલા સિંહવાળું, અને કનડેલા હરણવાળું અરણ્યને કરતા થકા કુંતળપતિને પાસે આવીને શિશિરઋતુની શોભાએ પણ સેવવા માંડયો. ૪૬.

જે સ્ત્રીઓનું કેસરના લેપવાળું નમાયું ઉન્હું અંગ અને જે જુવાનીની ઉનાશથી મધુર કુચસ્થળ તે બધું સઘળા કામી જનના પેહરેગીર કામદેવનું (કરેલું તે) શિશિર ઋતુની રાતોમાં સ્ત્રીઓમાં જીવન રૂપ થઇ પડયું. ૪૭.

---

૧ **पंचविस्तीर्णं आननं यस्य** એવા વિગ્રહથી સિંહનું નામ પંચાનન છે.

શુદ્ધ [1]રાંકવ વસ્ત્રોમાં લીલાવડે હસતા મલયના લાકડાના અગ્નિવાળી સઘડીઓમાં અને કાળા અગરના દેવતાના ધૂપની ટસરોમાં ત્રૈલોકયના કામી જનોને જીતનારો એ બધો કામદેવનો પ્રતાપ છે. ૪૮.

જેમાં અંગાર હસી રહ્યા છે એવા વિલાસ ગૃહમાં, વિસ્તારવાળાં રૂપેદાર ઓઢવાનાં વસ્ત્રોમાં અને ઉનાં પ્રિયાઓનાં કુચ મંડળમાં શિશિર ઋતુનો હીમનો ગર્વ શાંતિ પામી ગયો. ૪૯.

સરખાઇ કરી દેનારા મૃગયાના શ્રમવડે લખાઇ રહેલા કામદેવના વિસ્તારવાળી સ્ત્રીઓ વડે ખુશી થયેલા એ (રાજા) સર્વે ઋતુકુળના તિલક સરખો શિશિરને માને છે. ૫૦.

ગૌરીએ લટકેથી કરેલા ધૂપના ધૂમાડાના સમૂહથી કાળા પેટવાળા થયેલા, ગળાનો ભુકો થઇ જવાના ભયથી, જેને મહાદેવજીના ગળાના હારના સર્પોએ કોળીયો કર્યો નથી અને જે સારી પેઠે ઉઘડેલાં ધોળાં કમળનાં મ્હોટાં બારમાંથી હર્ષે નીકળેલા એવા કૈલાસના આકરા પવન તે કુંતલ રાજા કનેથી વખાણને પામ્યા, ૫૧.

વિતસ્તા (નદી)ના કાંઠાના હીમના કણોએ જરાક સ્પર્શાએલા, પયોષ્ણી (નદી)ને પીડા કરતા, ચંદ્ર ભાગા (નદી)ની લેહેરોમાં તરવરાટી કરતા, જમુનાની લેહેરની મિત્રાઈથી પવિત્ર થએલા, સિદ્ધ સિંધુના એ કાંઠામાં રહેલી દેવ દારૂ વૃક્ષની હારને કંપાવતા અને હિમાચળની તળેટીમાં ક્રીડા કરનારા પવન તે (રાજા)ને પ્રીતિ કરનારા થયા. ૫૨.

એ રીતે ઉદાર ચરિત્રવાળો રાજા સ્ત્રીઓએ સહિત શિશિર ઋતુના સમયનાં વખાણવા યોગ્ય ક્રીડાનાં સુખ અનુભવીને લીલા ગૃહનો આનંદ ભોગવવા સારૂ નગરમાં આવ્યો, એવા પુરૂષોને ક્ષણ પણ વિલાસમાં દરિદ્રતા શા માટે હોય? ૫૩.

ઈતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટશ્રી બિલ્હણના કરેલા શ્રી વિક્રમાંકદેવચરિત મહા કાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં સોળમો સર્ગ સમાપ્ત થયો.

[1] 'રંકુ' નામના પશુના વાળનાં વસ્ત્ર.

સર્ગ ૧૭ મો.

પૃથ્વી તળને (શત્રુરૂપી) કાંટા વગરનું કરીને, તેણે યાચકોમાં હર્ષ
સહિત હેમનો વરસાદ વરસાવ્યો. સર્વ જનની પીડાનું ખંડન કર્યા વગર ૧.
વીજળીના ચળકાટ જેવી ચપળ એવી સમૃદ્ધિ વ્યર્થ છે.

એ મહાભુજ રાજા ચુલુક્ય વંશમાં મ્હોટા રાજાઓમાં મુગટરૂપ થઇ
પડયો, તેણે પ્રજામાં માનવીનોજ નિસ્તાર કર્યો એમ નહિ પણ દૈવી પીડા ૨.
પણ હરી.

જે આપણને જળવડે ભરી મુકે છે તે સમુદ્રો તેને વશ થઇ રહ્યા
છે એમ જાણીને જાણે તેની સેવા કરવાની ઇચ્છાથી મેઘ ઉપયોગ પ્રમાણે ૩.
જળ મુક્તા હોય ?

કયાંય પણ અકાળ મૃત્યુ ફેરી દઇ શકતું નથી અને પૃથ્વીમાં કયાંય
પણ દુકાળ જોવામાં આવતો નથી. બીજું શું (કહેવું ?) અન્યાયનો નાશ ૪.
કરનાર એ રાજાએ રામના જેવું રાજ્ય દેખાડી દીધું.

સૂર્ય માણસને અતિ તાપ કરતો નથી. વાયુ શ્રમ માત્રને હરનારા
વાય છે, ફળ અતિભારથી ઝાડને ભાંગીને ભયથી જાણે પાકીને ધોળાં ૫.
પડી જતાં હોય ?

માણસો બાર (કમાડ) દેવાનો તિરસ્કાર કરીને રક્ષાથી આડા
થઇને સુવે છે. ચંદ્રનાં કિરણો જાળીયાને માર્ગે પેસે છે પણ છિદ્ર માર્ગે ૬.
ચોર નથી પેસતા.

દિશાઓને નિરંતર તુરીના નાદવડે દિગ્ગજના કંઠની ગર્જના ન સંભ-
ળાય એવી કરી છે. પુરેપુરમાં હમેશના ઉત્સવવડે ધ્વજાનાં લુગડાંથી ૭.
ઢંકાઇ ગયેલા સૂર્યવાળું આકાશ થઇ ગયું છે.

ઉદાર અને શૌર્યના એક રસવાળો રાજા તે લડવાના ઉત્સવ વિના
વિનોદ વગરનો રહે છે. તમામ રાજાઓને જેણે સમાપ્ત કર્યા છે એવા ૮.
પોતાના ભુજનું અસેવકત્વ માને છે.

ક્રમે કરીને એ રાજાને પોતાની આકૃતિ સરખા અને કુળની પ્રતિ-
ષ્ઠાના ભંડાર એવા પુત્રો થયા. અનન્ય સાધારણ પુણ્યશાળીઓને યત્ન વગર ૯.
મનોરથનાં વૃક્ષ ફળે છે.

સોનાના ગોખની ઉંચી પૃથ્વીમાં રહેલા એના પુત્રો આનંદ આપે છે. પોતાના વિમાનની શંકાવડે જાણે આવીને રહ્યા હોય એવા વિદ્યાધરના બાળકો જાણે હોય? ૧૦.

હું નિત્ય રાજાઓને પ્રાણ સમાન છું અને આ રાજા તો મને તૃણ સમાન જાણે છે એમ જાણે ખેદ સહિત કહેવાને સારૂં યાચકોના કાન ઉપર સુવર્ણે સ્થાન કર્યું છે. ૧૧.

રાજાના સુવર્ણના સુંદર આભૂષણની કાંતિની પંક્તિના સંગને લીધે પીંગળી કાંતિવાળા થઈ ગએલા યાચકોને તે જાણે બળતા હોય એવું ધારીને પોતે આણી કોર તેણી કોરથી બળી જવાની બ્હીકથી દરિદ્રાવસ્થાએ (તેઓનો સંગ મુકી દીધો). ૧૨.

આ રાજા જ્યારે દાન આપતો ત્યારે, માથે રહેલાં દેવળ પડી જવાની બ્હીકથી, આ મને ખંડિત કરવાને ઉદ્ધતાઇ નહિ કરે એમ નક્કી (માની) મેરૂ પર્વત ત્યાં નિર્ભય (થઇને) રહ્યો. ૧૩.

અહીં આવ્યો (તો) ખંડનજ પામીશ એ સારૂ મેરૂ પર્વતને ભાગી જવાનું કહી દ્યો એટલા સારૂ જાણે દેશાંતરમાં ગએલા યાચકોને કાને રાજાનું સોનું લાગ્યું છે. ૧૪.

એ રાજાએ વિષ્ણુનું મંદિર નિરંતરને માટે ઉંચું કરાવ્યું. તે જાણે પૃથ્વી મંડળના પેટાળમાંથી કળિયુગને કાપવા સારૂ ધર્મનો ભુજ બાહાર નીકળ્યો હોય એમ શોભે છે. ૧૫.

જે મંદિરને મુકીને આકાશમાં જનારા સૂર્યનો બે ગુણ જોવામાં આવે છે. એક વિષ્ણુનું ઉલ્લંઘન કર્યું ન ગણાય અને બીજું તેના ઘોડાની પંક્તિ અટકી પડે નહીં. ૧૬.

આ દાનવોની છાતી ફાડવા સારૂ સિંહપણું પામ્યો છે એ રીતે જાણે વિષ્ણુથી બ્હીતો થકો જ્યાં કલિકાળરૂપી હાથી સ્થિતિ ધરી શકતો નથી. ૧૭.

જાણું છું કે જ્યાં નારાયણના નાભિ કમળને ભ્રમરના સમૂહો પામી શકતા નથી પણ કાળા અગરના ધૂપની સમૃદ્ધિ સરખા જે (મંદિર) વડે રાત્રિ દિવસ તેઓ (ભ્રમરો) નીકળે છે. ૧૮.

જેના શિખર ઉપર મોતીની કાંતિના સમૂહવડે સુવર્ણના કળશોની મંડળી શોભે છે તે જાણે સૂર્યના ઘોડાઓએ તરશને લીધે અંદર મ્હો નાંખીને ફીણવાળી કરી હોય! ૧૯.

જ્યાં પુરસ્ત્રીઓના નૃત્યમાં, પુતળીઓમાંથી નીકળતી કીરણોવડે ફેલાતા આનંદના જળવાળાં જાણે નેત્રો થયાં હોય તેથી જાણે રત્નના સમૂહની પૂતળીઓ જીવવાળી હોય એવી રીતની શોભા ધારણ કરે છે. ૨૦.

ચંદરવાનાં રત્નમાં પ્રતિબિંબ પડવાના બનાવને લીધે આંગણાની હદમાં નૃત્ય કરનારીઓ શોભે છે તે જાણે વિદ્યાધર રાજની સ્ત્રીઓનું પદ પામી હોય અને પછી તે આકાશમાં વિહાર કરવાને તત્પર થઈ હોય? ૨૧.

એ મંદિરની આગળ એ કારણરૂપ માણસે (રાજાએ) દિશાનાં મુખને રૂંધી દેનારૂં એવું તળાવ કરાવ્યું. જેની અનુપમ શોભાવડે કરીને શ્રી (શોભા અને લક્ષ્મી) વગરનો સમુદ્ર કેમ તુલના પામી શકે.? ૨૨.

વિષ્ણુના ચરણકમળમાંથી ધડેલાં જાણે આકાશ ગંગાનાં બાકી રહેલાં જળ હોય એવાં વિશેષે પીંગળાં જળ દેવાલયના નિજ મંદિરમાં પેઠાં હોય એવું (એ તળાવ) શોભે છે. ૨૩.

આ રાજાના દાનના લોભથી કદી અહીં અગસ્ત્ય ઋષિ આવી ચ્હડે તો તેનો ગર્વ ઉતારૂં એમ માનીને જાણે કાંઠાની ત્રુટતી બખોલેમાંના મોજાના શબ્દવડે જે તળાવ ગાજે છે. ૨૪.

ખારા સમુદ્રનો હે ગંગા! તું શું સંગમ પામી તેથી દુર્ભગાનું વ્રત ધારણ કરે છે? એમ માનીને જાણે હર્ષથી ગદ્‌ગદ્ થયેલું તરંગરૂપી હાથવડે આકાશમાંથી ગંગાને ખેચતું હોય? ૨૫.

ઈંદ્રનો હાથી બંધ પામેલા સમુદ્ર પિતાવડે પોતે ઉત્પન્ન થયો છે એવો તર્ક મનમાં લાવીને અનિંદિતરૂપ એવી અભ્રમુ[1] પાસે જે તળાવથી પોતાનું લઘુપણું નક્કી વર્ણવે છે. ૨૬.

જેનું પાણી પીને જરૂર મેઘ છીપમાં મોતીની શોભા પામ્યો તેથી જુનાં મોતીરૂપી મણી સ્ત્રીઓના કુચસ્થળ ઉપર ચ્હડી બેસવું પામતાં નથી. ૨૭.

૧. ઐરાવત હાથીની હાથણી.

અસંખ્ય નદીઓના મુખમાંથી આપેલા ઉચ્છિષ્ટથી જાણે ન રૂચતો હોય એમ સમુદ્રને તજી દઇને ઉનાળો ગયા પછી પાસેના પર્વતમાંથી નીકળેલી નદીઓ જેનું ગર્વ સહિત કુમારપણું હરી લે છે.

નિરંતર બ્રહ્મપુરીઓએ વીંટાએલું એવું ત્યાંજ એક પુર રાજાએ કર્યું કે જેને બ્રહ્મલોકમાંથી અને સુરલોકમાંથી ભાગ લાવીને શણગારી જેણે આશ્ચર્યરૂપ કર્યું હોય ? ૨૯.

રાત્રિઓમાં જ્યાં એક જાળીયું મુકીને બીજા જાળીયામાં સ્ત્રીનું મુખ ચુંબે છે (હેરે છે) તે સામા ઘરના ગોખને ટપીને જવામાં શંકા લાવીને વચમાં પેસીનેજ જાણે ચંદ્રમા જોતો હોય ? ૩૦.

જેનાં પગથીયાંને માર્ગે ઉપર ચ્હડવાને માટે સ્ત્રીઓ પડી જશે તો એવી બ્હીકથી સુવર્ણની કરેલી ભીંતો કીરણરૂપ દંડોવડે જાણે હાથે ટેકો દેતી હોય શું ? ૩૧.

જેના આગલ્યા ગોખ અને ટોચવાળા ઘરની અતિશય ઉંચાઈ દૂષણપાત્ર થઇ પડી છે કે જે એમાં ચિત્રેલા હાથીના ક્રોધથી ઇંદ્રના હાથીની દોડી આવવાની શંકા કરાય છે. ૩૨.

જ્યાં ઉપરના ભાગની જડિત્રભૂમિ માર્ગ (ત્રડ) વિનાની ઉંચી રહેલી છે તેમાં સૂર્યના ઘોડા અધર ચાલવાનો શ્રમ માર્ગમાં થોડોઘણો પણ મુકે છે. ૩૩.

જ્યાં રાત્રિઓમાં સ્ત્રીઓના પ્રતિબિંબદ્વારા આવેલો ચંદ્ર વિલાસમાં ઝુલતાં કુંડળોએ બોલાવેલો તે લમણાનાં લાવણ્યરૂપી જળમાં બુડી જાય છે. ૩૪.

પિતા હરિ અને લક્ષ્મી માતા તે એનું આ શેહેર છે તે મ્હારૂંજ છે એમ વિચારીને જાણે નિરંતર હજારો અન્યાય કરનાર કામદેવને જ્યાં કાંઇ અંકુશ નથી. ૩૫.

પ્રતાપવાળો એ રાજા પ્રત્યેક પર્વે સોળ મહા દાન દે છે (તેથી) દાનના જળથી થએલા ગારાવાળા, તેની પાસેથી જાણે પડી જવાની બ્હીક લાગતી હોય એમ માનીને કળિયુગ પલાયન કરી ગયો. ૩૬.

એ રાજા દાન આપવાવાળો હોઇને ઉંચા સોનાના ઢગલા ઉપર તૃણની બુદ્ધિજ રાખે છે પરંતુ એ રાજાને ચંદનના પીંડા જેવો ધોળો યશ લોભનું સ્થાન થઈ પડયો. ૩૭.

એ રાજા સુવર્ણ દાન આપવાને ફર્યો તેથી બ્હીતો એવો મેરૂ પર્વત ધોળો થઇ જવા સારૂ પારાના પીંડાની શંકાથી, ઉંચાં શિખરો વડે જાણે ચંદ્રનો સ્પર્શ કરતો હોય ? (એટલે સોનાને પારાનો સ્પર્શ થાય તે ધોળું થઇ જાય) ૩૮.

શત્રુને જીતીને બ્રાહ્મણોના કલ્પવૃક્ષ જેવો એ રાજા જ્યારે સુવર્ણનું તુલાદાન કરવા ત્રાજવા ઉપર ચ્હડ્યો ત્યારે કદિ અગસ્ત્ય ઋષિ આવશે તો એવી શંકાથી (સામા ત્રાજવામાં કરેલા સોનાના) પર્વતની ઉંચાઈ વધારવાનો મનોરથ થયો. ૩૯.

જે અતિ સ્વચ્છ સુવર્ણ આપે છે તેથી જે એ રાજાનાથી શંકા રાખીને પોતાના હેમમાં આકાશની લક્ષ્મીના પ્રતિબિંબને બ્હાને મેરૂ પર્વતે જાણે કાલિકાની સંગતી બતાવી હોય ? ૪૦.

દાન આપવાની ક્રીડામાં રસિક એવા પ્રતાપી એ રાજાએ રાજાઓનાં કુળ ખાલી કરી મુકયાં અને સુવર્ણવડે યાચકોનાં ધર અને ઉજળા યશ વડે દિશાનાં મુખ ભરી દીધાં. ૪૧.

ચક્રવર્તિઓની માથે સ્થિતિ કરનારા એ રાજાએ જગતના ટોળાંની સમૃદ્ધિ કરવામાં તત્પર થઇને ઉદાર પ્રકૃતિવાળો તે દરિદ્રને પેદા કરનારા બ્રહ્માની સામો થયો. ૪૨.

શત્રુઓના દુકાળે (શત્રુઓ ખુટી જવાથી) ગભરાવ્યો એવો એ શૌર્યથી ખાજવતી ભુજાવાળો રાજા બળથકી ગર્વિષ્ઠ થયેલા ચોલ રાજાને સાંભળીને લડાઇની તૃષ્ણાવડે કાંચી ભણી પાછો ચાલ્યો. ૪૩.

લક્ષ્મી પેદા કરવાવાળું સમુદ્રનું મંથન, કજીયો વ્હાલો જેને છે એવા મુનિ (નારદ) ની આંખને તૃપ્ત કરનારૂં અને સ્વર્ગની અપ્સરાઓને વેચાતું લેવા લાયક બજાર એવું રણ ક્રમે કરીને તે બંનેએ ચલાવ્યું. ૪૪.

મહાવીરોની તરવારની લાકડીઓ, ઉછળતા વીરરસની લેહેરો જેવી નિર્મળ, તે મ્યાનરૂપી દરના મધ્યમાંથી નીકળી તે યમની પાશના સર્પ સરખી શોભે છે. ૪૫.

એક બીજાની અદેખાઇથી જયલક્ષ્મીના ધણા સૌભાગ્યને આધીન થયેલા દોડ્યા અને બંને સેનામાં યોદ્ધાઓ ઉતાવળ કરતાં પોતાથી આગળ ગયેલાં બાણોવડે કાંઇક ખેદ પામ્યા. ૪૬.

કોઇ છાતીમાં પેઠેલા (હાથીના) દાંતને પોતાની તરવારવડે કાપી નાખીને હાથીને હઠાવે છે. છિદ્રમાં ખીલો ભરાવીને જીવ જવાની અટકાયત કરે છે. ૪૭.

સુભટનું ચંચળ એવું મસ્તક બાણવડે જે અર્ધ કાપેલું તે ખભા ઉપર રહ્યું છે. તે આ ડાબા હાથમાં ઉપાડીને દોડ્યો તે કેને વખાણવાવાળો ન કર્યો ? ૪૮.

કોઇ ભટ બખ્તર સહિત છાતીમાં વાગેલા બાણમાં ગ્રંથેલા અગ્નિવાળો થઇને ધૂમાડાની સડની શંકાવડે શત્રુએ મ્હોમાં ખોસેલી તરવારને ન સમજી શક્યો. ૪૯.

કોઇ શત્રુના હાથીએ દાંતના કાંટાએ પરોવેલું અને રૂંવાટાં ઉઠેલાં છે એવી રીતનું મુખ ધારણ કરતો જાણે કમળના નાળવડે યશરૂપી અમૃતનો રસ પીતો હોય એવો લાગે છે. ૫૦.

બીજો ભટ શત્રુનાં હથીયાર વાગીને વારંવાર તમામ ગાંઠ્યોમાં ક્ષત પડી ગયાં છે એવું પોતાનું અસ્થિપંજર જાણે સૂર્ય મંડળમાં સુખે કરીને પેશી શકાય એ સારૂ તેવું કર્યું હોય ? ૫૧.

પગલે પગલે લોહીના ગારામાં પડેલી સૂર્યના પ્રતિબિંબની માળા પીવાના કૌતુહલથી આવેલી રાક્ષસીઓના ચષક[1] જેવી થઇ. ૫૨.

કોઈ ભટે પેઠેલાં ઘણાં બાણના અતિ ભારથી ઉતાવળે શત્રુને મારવામાં અસમર્થ એવા પોતાના ભુજ સામું, અતિ વિલક્ષણપણે રોષસહિત જોયું. ૫૩.

ભટે કાન અને સુંઢ કાપી નાખવાથી સજા કરવા લાયકના પ્રકારને પમાડેલો મ્હોટો હાથી તે જાણે લાજ પામ્યો હોય એમ અગ્નિવર્ણા લોહીની નદીના સમૂહમાં બુડી ગયો. ૫૪.

એ દાંત ફુટેલા તે ફાડવાથી ચોખા ચાર દાંતની શોભાને ધારણ કરવાથી ભટ લોકો જ્યારે દેવતાપણાને પામ્યા ત્યારે હાથી દેવતાના હાથીપણાને પામ્યો. ૫૫.

---

૧. મદ્ય પીવાનું પાત્ર.

હાથીના દાંત તીખાં બાણવડે ભંગાઇ ગયા અને દૂર ઉડીને હેઠા પડ્યા તે દેવતાઓનાં ફુલની શંકા લાવીને ભટો છેતરાયા નહીં પણ તેને મુગટમાં માર્યા. ૫૬.

હે મેનકા! તારે વરમાળાને ઠેકાણે શરસડાના ફુલ જેવા કોમળ ભુજા ન નાંખવા જોઈયે (કેમકે) આ મોઘાં થઇ ગએલાં ફુલના વખતમાં સ્વર્ગની માળણો તારૂં લોભીપણું ગણે છે. ૫૭.

અહીં કાંઈ ધણીનો દુકાળ નથી પડ્યો (તેમ છતાં) અન્ય અપ્સરાએ અંગીકાર કરેલાનેજ શું ઇચ્છે છે. સુરાંગનાઓ પોતે પરીક્ષાના વિષયમાં ત્હારી હુશીયારીનો લોપ કરશે. ૫૮.

આ મૂર્છાથી મીંચેલી આંખવાળાઓને વ્યર્થ વિમાનમાં ઘાલ્યા છે (કેમકે) એઓ શુદ્ધિમાં આવીને ઉત્સાહવાળા થઇને ઠેકડો મારીને પાછા રણાંગણમાં પડે છે તે જો. ૫૯.

આ ભટનું આચરણ મર્યાદા વગરનું છે તે જો. જે પ્રથમ મેમાન થયો છે છતાં વિમાનના જાળીયામાંથી બીજીએ જોયો થકો તે પ્રતિ ઉતાવળો થયો તે. ૬૦.

તમારા બેના વાદમાં આંને કોણે પ્રથમ માળા પેહેરાવી એ હું અંતર જાણી શકતો નથી તોએ સૌભાગ્યનો ભંડાર અને ભટનો અગ્રણી વાણીવડે પોતેજ નિશ્ચય કરે. ૬૧.

આ સ્ત્રીએ સૌભાગ્યના મદથી ભટને લોભ પમાડીને લટકો કરી છપી જઇને તેને છેતર્યો. આ કામાંધ વેગથી મ્હો ફેરવી ઉભેલી ને ભ્રમથી પીશાચણીની પાસે જઇને તેને છોડી દે છે. ૬૨.

પરોપકાર તરફ વળેલી વૃત્તિમાં નારદના જેવો કોઇ બીજો ડાહ્યો નથી કે જે ક્ષણમાં મહારણો ઉપજાવીને આપણી કામુકની દુર્ગતિ કાપે છે. ૬૩.

એ રીતે મહાવીરનાં કંઠ ગ્રહણ કરવાથી શાંત થએલા કૌતુકથી દોડતી એવી અપ્સરાઓની કામદેવનું જાગરણ કરતી હર્ષભરી વાત કાનને અમૃત સમાન થઇ પડી. ૬૪.

એટલા અવસરમાં પ્રત્યંચાના નાદથી કઠણ થાય એવી રીતે હાથીની પીઠ ઉપર બેઠેલો રાજા શીખેલા નીશાન સરખી શત્રુઓની સેનાના ભટોનાં મુખો બાણની પંક્તિઓથી પુરી દેતો હવો. ૬૫.

હાથીના મ્હાવત ઘોડાના સવારો, અને પ્યાદલના ટોળાને (બાણથી) વીંધેલા (કરીને) પૃથ્વી ઉપર પાડીને નામના ચિહ્નવાળાં બાણોવડે એ ચુલુક્ય વીરે ચોલનું આખું સૈન્ય વીંધી દીધેલું કર્યું. ૬૬.

બીજું શું કહીએ! એ રાજા જ્યાં ઉત્સરિત થાય છે ત્યાં રાજાઓની એજ ગતિ પ્રગટ થાય છે. બંદીખાને પડવું, કાં તરત ભાગી જવું. એ માટે ચોલ રાજાએ તરત સટકી જવું કર્યું. ૬૭.

એ પછી કુંતળ દેશનો રાજા શિથળ થયેલા ધનુષવાળો થઇને ચોલની રાજ્ય લક્ષ્મીને ગ્રહણ કરીને એ કાંચીનગરીમાં વિવિધ પ્રકારનો વિનોદ જેણે કર્યો છે તે ઘાડી હાથીની સેનાના ભારે દિશાના અંતોને ભરી દેતો તે પોતાના નગર તરફ ગયો. ૬૮.

ઇતિશ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાશ્મીરક ભટ્ટશ્રી **બિલ્હણદેવના** કરેલા શ્રી **વિક્રમાંકદેવચરિત** મહાકાવ્યના આચાર્ય વલ્લભજી હરિદત્તના કરેલા ગુજરાતી ગદ્ય ભાષાંતરમાં સત્તરમો સર્ગ સમાપ્ત થયો.

સર્ગ ૧૮ મો.

કાશ્મીરમાં પુરોમાં શ્રેષ્ટ એવું પ્રવરપુર એ નામે (પુર) છે. જે ગૌરીને પરણવામાં શિવજીની સાક્ષીપણાને પામ્યું છે. જ્યાંના સ્વભાવે વાંકા એવા વિતસ્તા (નદી) ના તરંગો પોતાની ઈચ્છા પ્રમાણે દોડતા કળિયુગરૂપી હાથીને માવત માટે અંકુશપણું પામે છે. ૧.

બગીચામાંથી સકળ જગતને આશ્ચર્ય પમાડે એવી મીકાશમાં મુખ્ય એવો દ્રાક્ષાનો રસ કર (કિરણ અને હાથ) વડે પીધાથી સંતાપની શાંતિ જેને થઇ છે એવો ચંદ્રમા જેઠમાં અને અષાડમાં જ્યાં રત્નની પંક્તિનાં કિરણની કળિથી કોમળ એવી કરેણુની માળા ધારણ કરે છે. ૨.

રાવણ, શિવજીના પર્વતને હાથના તળીયારૂપી ત્રાજવામાં તોળીને હાસ્યનાં કિરણને દસ દિશામાં ગર્વથી ફેલાવતો થકો, જ્યાંથી ઉંચા તેજ• વાળા બ્રાહ્મણોના નિવાસથી, શાપથી બ્હીને ઉતાવળો પુષ્પક વિમાનવડે દૂરથી ચાલ્યો ગયો. ૩.

જ્યાં ઉંચા મણિના ગૃહના ગોખમાં વ્યાખ્યાનું વ્યાખ્યાન કરવાને પ્રવૃત્ત થએલા જગતમાં દુર્લભ એવા વિદ્વાનોના સમૂહ ઉપર વિપુલ પુલકોદ્ગમ (રૂવાંડાં ઉભાં) થએલા દેવતાઓ શું પુષ્પો નથી વરસતા? અને જો ત્યાં બૃહસ્પતિની શરમની દીક્ષાની શંકા નથી કરતા? ૪.

સ્ફાટિકના જેવા શુદ્ધ યશવડે ધોનારી જે (નગરી) ની સ્થિતિને લીધે હેમાચળ પણ નક્કી ઉંચા શિખર ધારણ કરે છે. અને જેની ગંગાની સ્પર્ધાથી ઉંચી બનેલી મધુમતીના રેતીવાળા કાંઠાની મ્હોટી હંસણી જેવી એવી શારદા પોતે વિદ્યાની રક્ષા કરવાના અધિકારવાળી થઇ. ૫.

સારસ્વત કુળમાં ઉત્પન્ન થએલા અને કૌતુકના ભંડારરૂપી એ (રાજાનું) કેટલું કહીયે. તેના અનેક અદ્ભુત ગુણની કથાથી વ્યાપ્ત થએલા કાનને અમૃતરૂપ છે. જ્યાં વધુ શું કહેવું; ઘેરઘેર સ્ત્રીઓને સંસ્કૃત અને પ્રાકૃત વચન જન્મભાષાની પેઠે વિલાસ પામે છે. ૬.

(હું) માનું છું કે મંથાચળવડે દળાએલા ક્ષીર સમુદ્રમાંથી નીકળેલી અમૃતની લહેરો સારા કવિઓનાં વચનોને ભરી દઇને સ્ત્રીઓના પ્રેમના

આશયને જળના કણુવડે પુરી દેતી (એવી અમૃતની લહેરો) અમૃતના કિરણુ જેવી, પીંગળા રંગવાળા દ્રાક્ષના તકતામાં સ્થિરપણું પામી. ૭.

જ્યાં, શારદા, બ્રહ્મના તેજે કળિયુગની દૃષ્ટિને દુર્લક્ષપણું પમાડ્યાથી (એટલે કળિયુગની દૃષ્ટિએ નથી પડતું) અને જે વિશ્વાસનું પાત્ર છે ત્યાં વિદ્યાનો બધો વૈભવ મુકીને શિવજીના ગુરૂ એવા પર્વતના નિર્જન સ્થાનમાં નક્કી તે (શારદા) તમામ તાપ શાંત થયાથી તપ તપે છે. ૮.

એ (વિતસ્તાના) તીરમાં રહેલા ઘરના સમૂહમાં ગોખમાં રહેલાં અને સ્વતંત્ર ક્રીડામાં ઉછળતાં સ્ત્રીપુરૂષના જોડાંના ત્રુટેલા હારથી ભરાઈ ગએલી, શિવજીથી ઉત્પન્ન થએલી એ કુળ નદી (વિતસ્તા) જે (પુર)ના ખોળામાં રહેતી થકી તે તારાના તિલકવાળા આકાશના સંગવાળી ગંગાની બરોબરી કરે છે. ૯.

જ્યાં વિતસ્તા નદી સ્નાનક્રીડાના વ્યસન વખતે સ્ત્રીઓના સ્તન ભાગમાંથી કેસર ઉતારીને પ્રિયને બાથમાં લેતી થકી (સ્ત્રીને જોઇને) નિરવધિ ઇર્ષ્યા અને ક્રોધથી જાણે લેહેરરૂપી હાથવડે એ સ્ત્રીના ભ્રમરના જેવા કાળા વાળ ક્ષણ ક્ષણ પ્રત્યે ખેંચતી હોય ? ૧૦.

જે (પુર)માં શ્રીમદ્ ભટ્ટારક મઠપુર પાસેના ભાગની સ્ત્રીઓના કટાક્ષની છટામાં કોઇ જાતની મનોહર શોભા સ્ફુરી રહી છે. જે (શોભા=લક્ષ્મી) શંકા વગર કાનના કમળનો તિરસ્કાર કરવાને પ્રવૃત્ત થએલી તે કાંઇક સુગંધી માટે મળેલા ભ્રમરના કોલાહલે ભાંગી પડી. ૧૧.

જે પુરમાં શિથિલ નહી એવી ચપળ ભ્રમરવાળી (સ્ત્રીઓ) ની કાંઇક લીલાને લીધે સ્નેહમય ઉઘાડેલી એવી સ્ત્રીઓની દૃષ્ટિ કેમ સહન કરી શકાય. ત્રાસને લીધે આકુળ થએલી હરિણીના જેવી ભાંગી જાય એવી જે સ્ત્રીઓના ખોળામાં બેઠેલો કામદેવ કાંઇક પણ ચાંપલાઈ કરે છે. (?) ૧૨.

જે (પુર)ની, ભમતા ભ્રમરના સમૂહવડે કાળાં થઇ ગયેલાં ક્રીડાનાં વૃક્ષો જેનાં છે એવી બાગોની ધાડી સ્થિતિ કોઇ તરેહની છે કે જે સ્ત્રીઓ શિવજીના વધી ગએલા ક્રોધની જવાળાના કુમળા પાંદડામાં સુઈ ગએલા કામને દૃષ્ટિવડે ઉઠાડે છે. ૧૩.

રાવણે ચુંથી નાખેલા ખોળામાંથી વીંખાઇ ગએલી શિલાઓની પ્રાપ્તિ સારૂં હું જાણું છું કે સ્ફાટિકનો પર્વત ઉત્સુક છે તથાપિ **શિવજી**ના વૃષની ખરીવડે ખાડા પડેલા છે તેનાં ચિહ્નોને ન જોતો થકો જેના ઘરના સ્ફાટિકના આંગણામાં કલહ મુકી દઇને રહ્યો છે. ૧૪.

કુબેરની પુરી યક્ષે ગ્રસ્ત છે; લંકા કલંક વગરની નથી; અમરાવતી મેરૂની પીઠ ઉપર રહેલી છે તેથી ભયવાળી જેવી છે; એમ કોઇ સમાનતામાં ન મળ્યું ત્યારે નક્કી (જેપુર) ઘણા ગર્વ સહિત પ્રદ્યુમ્ન પર્વત સરખા પાસેથી (મેળવેલું) મસ્તક ધારણ કરે છે. ૧૫.

જે (કાશ્મીર) નાથી સ્વભાવથીજ સારૂં એવું કાવ્ય અને કેસર નીકળ્યું છે, અને ઉત્તમ કાંતિ માટે જગતને પ્રિય અને દુર્લભ છે; જગત્ના સારરૂપ જેની અંદરના ભાગમાં રહે છે તેથી કાશ્મીર દેશ શેષનાગની રક્ષાનું પાત્ર થયો છે. ૧૬.

જે સ્ત્રીઓનું લીલા થકી વળગી રહેતાં, સરસ અને સ્નેહ ભરેલા ભ્રમરના વિલાસવાળું જે જોવું છે (તેવું જોવું) કામદેવની સ્ત્રી કદિ સો યુગે શીખી શકે ? એવી હર્ષથી વધેલી અને ધમધમતા કંદોરાવાળી કેટલી સ્ત્રીઓ જેપુરના માર્ગમાં નથી ફરતી ? ૧૭.

જે (પુરમાં) બગીચા, પુણ્યને યોગે દેવતાના બગીચામાં પણ તિલકપણાને પામેલા છે તેઓથી જેનાં બધાં આશ્ચર્યના સાર ભુલાય નહિ એવા છે; અને તેમાં ચંદનના જળવડે ન્હવરાવેલી [1]મુરલીઓનાં લમણાં જેવા પીંગળી દ્રાક્ષના તક્તાના લુમખારૂપ થએલા વેલાવાળા મંડપો છે. ૧૮.

જેના મધ્યમાં પરસ્પર ગુંથાઈ ગએલી લેહેરો રૂપી ભુજાના બંધનનો બંધુ અને કલિયુગના ભયને નાશ કરનારો એવો પુણ્ય નદીઓનો સંગમ છે અને જેના ખોળામાં **બળદેવજી**એ કરેલા અગ્રહારો (બ્રાહ્મણને આપેલાં ગામ) જય પામે છે જે અગ્રહાર કલિનો ભય નાશ કરીને ધર્મને માટે પર્વતના કિલ્લારૂપ થયાં છે. ૧૯.

---

૧. મુરલ દેશની સ્ત્રીઓ.

જેમાં કોઇ એવો બાગ નથી કે જેમાં ક્રીડાની વાવ્ય નથી, તેમ એવી કોઇ વાવ્ય નથી કે જેમાં કામદેવના કામણરૂપ સ્ત્રીઓ ન હોય, તેમ એવી કોઈ સ્ત્રી નથી કે જેણે કામદેવની વાતરૂપી ઘા મારીને યુવાનને ભાંગી નાખ્યા નથી કે જે સ્ત્રીમાં અતિ ધાડા પ્રેમબંધમાં યુવાનો યથેચ્છ નથી પડતા. ૨૦.

જેના ધરેણામાં જેણે (પોતાનું) શરીર મુકયું છે એવા તે વિશ્વના એક બંધુરૂપ વિદ્યામઠની પણ તે ઘણીજ અનુપમ કીર્તિ અને સ્ફુર્તિ છે.[૧] જેને વિશે અસ્પષ્ટ શબ્દનો જેણે અંગીકાર કર્યો છે એવી સ્ત્રીઓની મેખળાઓ કામદેવની પછવાડે લાગેલા શિવજીને પણ નિંદે છે. ૨૧.

જ્યાં વિતસ્તાના જળનો સંગમ તે અદ્દભુત શોભાવાળો હોઇને કૃતયુગનાં આચરણની મર્યાદાના પાત્રરૂપ થયો છે. જેના તરંગે હલાવેલા એવા વેરીઓ હીંડોળાની લીલારૂપી ચપળ ગતિવાળા એવા દેવતાઓની સ્ત્રીઓના ખોળામાં પડે છે (અર્થાત્ મરીને સ્વર્ગમાં જાય છે). ૨૨.

તેની પાસે રહેલી નૃત્ય શાળાનો મંડપ જેમાં છે એવું ક્ષેમગૌરીશ્વરનું મંદિર આકાશગણમાં તિલકપણું ધારણ કરે છે; જ્યાં નાટકના પ્રયોગમાં રામના ચાળા પાડવામાં, સ્ત્રીઓ યોગાચરણ કરતા ઋષિઓને પણ રૂંવાટાં ઊભાં થએલાં વાળુ શરીર ગ્રંથી દે છે. ૨૩.

સંગ્રામ રાજાના મઠની પાસે [૨]સીમંતપણાને પામેલો ચંદ્રસીમાનો ભાગ જ્યાં આંખને અમૃત બક્ષે છે. જે ઠેકાણે અનંત રાજાએ કરેલા વિતસ્તાના તટ સમીપ અગ્રહાર, તે કાંતિએ શિવના જેવા ધોળા છે તેથી હારપણું પામ્યા છે. ૨૪.

શાસ્ત્રની શ્રેષ્ટ વાતોએ, જેમાં ગોખના વિસ્તાર ગાજી રહેલા છે એવાં જ્યાં કાષ્ટીલ બ્રાહ્મણોનાં ગૃહો આંખને ઉત્સવ પમાડે છે, જે ધરમાં કલિના દર્શનથીજ બ્રાહ્મણો ત્રાસ પામે છે, (અને જે ધરો) સાંજસવાર હોમ કરેલા અગ્નિના ધૂમાડાવડે કબુતરી રંગવાળાં થયેલાં મસ્તકો (વડે શોભે છે). ૨૫.

---

૧. એટલે જ્યાંનો વિદ્યામઠ જેપુરના ઘરેણાંરૂપી થવામાં તેણે પોતાનું શરીર સોપ્યું છે તે મઠની કીર્તિ અને સ્ફૂર્તિ પણ અનુપમ છે.

૨. સેંથો.

જ્યાં અનંતરાજાની સ્ત્રીના શિવાલયની પાસે તેની ઉંચાઇથી ત્રણ-
લોકનાં મનરંજન કરનારૂ ગંજધામ છે; જ્યાં કબુતરનું બોલવું અવિચ્છિન્ન
સાંભળી સાંભળીને પુરના લોકોની કન્યાઓ હળવે હળવે કંઠના શબ્દમાં
હુશીયાર થાય છે. ૨૬.

જે ક્ષેત્રોમાં સ્થિતિ રાખે છે, જે વલ્કલ[1] ધારણ કરે છે તેથી જાણું
છું કે તેના તે તપનું એ મહાત્મ્ય કાંઇક જયશીલ છે. જે કેસર છે તે
ત્યાંની પ્રથમ વયની સુવર્ણવર્ણી સ્ત્રીઓનાં અંગોનું પ્રિયપણું પામે છે. ૨૭.

જ્યાં પ્રવરેશ્વર મહાદેવનું મંદિર અદ્ભુત જેવું છે તે સ્વર્ગે પહોં-
ચાડવામાં કેની આશા પૂર્ણ કરતું નથી. જે સદેહે **પ્રવર** રાજા સ્વર્ગે ગયા
તે સંબંધી સ્વર્ગદ્વાર સરખું ઉપર છિદ્ર હજી સુધી ધારણ કરે છે. ૨૮.

જ્યાં નાટકોમાં સ્ત્રીઓનાં લટકાં મટકાંની કળામાં કુશળતા, સ્નેહ-
વાળું કરવાને માટે કાયમ દેવાય છે, અંગના હાર જેમાં એવી રીતની જોઇને,
રંભા તો થાંભલોજ બની જાય છે, **ચિત્રલેખા** તો રેખાજ પામતી નથી
અને નક્કી નાટક કરવામાં **ઉર્વશી** ઘણીવાર સુધી ગર્વશીલ થતી નથી. ૨૯.

જેમાં રાજાના ઘરની હારોની ઉંચાઈ શું વર્ણવીયે ? તેની નખરાંદાર
ચતુર સ્ત્રીઓએ શણગારેલી ભોંયમાં ક્રીડાના જરોખામાંજ બેઠેલા કામદેવનાં,
સ્વર્ગની સ્ત્રીઓનાં મન નિશાન થાય છે એમ હું જાણું છું. ૩૦.

જ્યાં સ્ત્રીઓનાં સ્નિગ્ધ એવી કેસરના લેપથી ઉનાં થએલાં સ્તનોની
શોભા, અને તે કસ્તુરીનો સુગંધ છોડતી રાંકના[2] વાળની ગોદડી, અને
શિશિર ઋતુમાં વિતસ્તાના જળમાં વાહાણ ઉપર બાંધેલા ન્હાવાના ઓરડા
એ બધાં સ્વર્ગનું સામટું સુખ આપે છે. ૩૧.

મ્હો ઉપર નાખેલા હીમના કટકાવડે દાંતવાળા દેખાતા પાણીના
ઘડા, કાશ્મીરની સ્ત્રીઓની રસદાર કેળના જેવી કોમળ શરીરની રેખા,
એ ભયાનક ગ્રીષ્મ ઋતુના ખેદની શાંતિ સારૂ સર્વને સાધારણ છે અને
જેમાં હીમાચળની શિલાના જેવાં શીતળ સ્થળ પણ આવે છે. ૩૨.

---

૧. ઝાડની છાલ.
૨. એક જાતનાં હરણ.

ત્યાં સત્ય, દાન, આદિ તમામ મ્હોટાઈની સંપત્તિની સીમારૂપ **અનંતદેવ** રાજા હતો. શત્રુના હાથીની ધાડી ઘટાની ગર્જનાથી અગમ્ય એવા જેની તરવારની ધારાના જળમાં કીર્તિરૂપી હંસણી નિવાસ કરી રહી છે. ૩૩.

જેણે **શક** રાજાઓની પ્રૌઢ સ્ત્રીઓને શોક આપીને અને જેણે રમતગમતમાં **દરદ**[1] લોકોનો દીર્ઘ ગર્વ દળી નાખ્યો છે એવી તરવાર અસ્પૃશ્યનો જાણે પરિચય થયો તેથી દોષ શંકા લાવીને પૃથ્વી મંડળને જીતનારા (એ રાજા) એ ગંગાના જળમાં ધોઈ. ૩૪.

જેણે અલકાનગરીના દરવાજાને કીર્તિવડે તિલક કરવાને ગયેલા એ ક્રૌંચ પર્વતના શરીરમાં **પરશુરામે** કરેલું બાણનું છિદ્ર જોઇને ક્રીડાના લવવડે કરીને કાબર ચીતરી એવી ધીંગા બાહુ ઉપર અને તીવ્ર શબ્દવાળા ધનુષ ઉપર ક્રોધવડે દૃષ્ટિ નાંખી. ૩૫.

સિદ્ધોએ જેના કાંઠાની પૃથ્વી વસાવી છે અને ન્હાયેલા સપ્તઋષિના હાથથી નંખાએલા અને ભમતા તિલવડે તિલકવાળું જેનું વ્હેન થયું છે એવા માન સરોવરના તરંગો જ્યાંની સ્ત્રીઓએ સારા સૌભાગ્યના લોભથી માથે ધારણ કર્યા છે અને જેમાં કૈલાસમાં રહેલા શિવજીનાં વધૂ (પાર્વતી) એ (પોતાનાં) અંગ ધોયાં છે. ૩૬.

જે પૂર્વજોનાં ચરિતની બાબતમાં સંતોષ લેતો નથી (કેમકે) તે સારગ્રાહી છે અને **રામચંદ્ર**ની કથાની અદેખાઇથી એક વીર છે. (કેમકે) તેઓએ (પૂર્વજોએ) ક્રીડામાં કૈલાસ ઉપાડનારા (તેથી) ચ્હડેલા કલંકવાળા **રાવણ**ના ભુજરૂપી ઝાડના વનનું છેદન અર્ધચંદ્ર બાણવડે કર્યું નથી (બીજા અર્થમાં કલંકિત થએલા સંપૂર્ણ કુત્સિત રાજાઓના ભુજ તરૂ વન કાપેલા નથી એમ લઇ શકાય). ૩૭.

રાજાઓની કથાનાં ધામરૂપ ચંપાનગરીની સીમમાં, દારૂવનના યુદ્ધમાં, ત્રિગર્ત દેશની પૃથ્વીઓમાં, **ભર્તુલ** રાજાના ઘરમાં, ક્રીડાનો પર્વત કરેલા હેમાચળના હાસ્યથી જાણે બ્હીતી હોય એમ પુણ્યના સ્થાનરૂપ જે રાજાના પૃથ્વીના પ્રતાપના ઉદયની આજ્ઞા ભમે છે. ૩૮.

૧. એક મ્લેચ્છની જાત.

વચમાં અનુપમ ઉંચા કિલ્લા જેવા મઠ કરીને ગંઠેલી છે પરિખાની રેખા (જેની સાથે), એવા વિતસ્તાના જળના સમૂહવડે વિજયક્ષેત્રના ભટોએ કરેલા અગ્રહાર આકાશમાં મસ્તકોવડે લાગ્યા છે એવા કલિયુગના ભયને કાપવા સારૂ જેણે ધર્મના કિલ્લાપણાને પમાડ્યા છે. ૩૯.

એ મ્હોળા યશવાળાની રાણી જાણે ચંદ્રથી ઉત્પન્ન થએલી ચંદ્રિકા હોય એવી તે જગતમાં સુભટા એવી ખ્યાતિને પામેલી તે (તેની) સ્ત્રી થઇ. જેની સ્થિતિને હું ઉપમા આપી ન શકાય એવી માનું છું કેમકે તે વિષ્ણુના હૃદયના સ્થળરૂપી મેઘના ખોળામાં બેઠેલી વીજળીરૂપી લક્ષ્મી પણ તેની સરખી થવામાં મંદ (પડી ગએલી) છે. ૪૦.

તે જે દયા, ક્ષમા અને ડહાપણની સીમા છે તેના દાનના વ્રતના વિલાસમાં કોણ માપ કરી શકવાને સમર્થ થાય છે ? જેના ધણીની સૈકડો રાજાઓના મસ્તકનાં મણિ જેની શરાણ છે એવી તરવારે પૃથ્વીમાં આવેલી લક્ષ્મીને તેના પગની દાસી કરેલી છે. ૪૧.

કાયસ્થોએ કપટની લીપીવડે નથી (લૂટી) કે સારૂં સારૂં બોલવામાં ડાહ્યા ધૂર્તોએ નથી (લૂટી) તેમ પ્રત્યક્ષ વખાણ કરવામાં હુશીયાર લોકોએ કે ગાનારાઓએ નથી (લૂટી) પણ દેવ મંદિરો, બ્રાહ્મણો, અને ગુરૂના ઘરમાં જે લક્ષ્મી ભરાણી છે તે પોતાના ચપળતા દોષની શુદ્ધિ સારૂ જાણે આવી હોય એમ (પોતાથી) આવી છે. ૪૨.

જેના ગુણને વશ **કાશ્મીર**ના રાજા થયા ત્યારે કયી અંતઃપુરની સ્ત્રીઓએ ચિંતાના શ્રમનો પરિચય નથી કર્યો. સ્વચ્છ કીર્તિ આકાશના ચંદ્રમાં લોટવા માંડી અને કરડી લક્ષ્મીએ ટપકતી ધારાના જળવાળી તરવારને કરી. ૪૩.

કીર્તિ અને કાંતિવડે જેણે જગતની શોભાને ન્હવરાવી છે એવી એ (રાણી) એ પોતાના નામથી ચિહ્નિત કરેલો અધિષ્ટાનના મધ્યમાં શોભાથી શ્રેષ્ટ એવો મઠ કરાવ્યો. વિદ્યાના રસીલા મનવાળા એવા ગુરૂઓનું સ્થાન છે તેમાં જેણે લક્ષ્મીને નૃત્ય કરાવી છે એવી કયી (વિદ્યા) આંખને અમૃતની વાટચ રૂપ નથી થઇ ? ૪૪.

તેઓ (રાણીઓ) એ વિદ્વાનોને પોતાની મેળે ભોગ આપનારા ભંડારો કરાવ્યા છે અને બ્રાહ્મણોને સ્વતંત્ર પણે પૃથ્વી ગ્રહણ કરવાનું સંભળાવી દીધું છે. પ્હોરીયા[૧] હાથીની ભેળા રહેનારા દિગ્ગજોની પૃથ્વીના ભંડારમાં રહેનારા યશની રક્ષા કરાવી છે. ૪૫.

તે રાણીએ વિતસ્તાની પાસે જેણે શિખરોવડે નક્ષત્રનો માર્ગ વીખેરી નાખ્યો છે એવું, ત્રિભુવન ગુરૂ એવા શિવજીનું મંદિર કરાવ્યું. જ્યાં પાસે નાચનારીઓના વાગતા કંદોરાના સમૂહવડે ઢાંકી દીધો છે પ્રત્યંચાનો રીવાજ જેનો, એવો કામદેવ તે શિવજીના ક્રોધનું પાત્ર થતો નથી? ૪૬.

જે (રાણી) નો ભાઈ ક્ષિતિપતિ એવો ક્ષત્રિના તેજનું સ્થાન છે, ભોજરાજા સરખા મહિમાવાળો, તે લોહરનો ઇંદ્ર હતો. હું શંકા કરૂં છું કે છાતી ઉપર રહેલી લક્ષ્મીના મસ્તક ઉપર પગ મુકીને જેના મુખમાં સરસ્વતી દેવી લીલાના તિલકની તુલનાને પામી છે. ૪૭.

જે રાજા કઠણતર તર્કના માર્ગમાં, પ્રાપ્ત કરેલા અદ્‌ભુત પરિણામવાળો હોઇને તેના મનોહર કીર્તિવાળા દાનનો વિષય કેવી વાણીનો વિષય થઈ શકે. જેણે નાશ કરેલી વિપત્તિવાળા વિદ્વાનોના ઘરમાં નાખેલી લક્ષ્મીને હજી સુધી સ્ત્રીઓનાં ઘરેણાંના નાદવડે સુતી નથી. ૪૮.

લમણાના સ્થળ ઉપર ઉત્કૃષ્ટ રીતે આળોટતી આંસુની સેંકડો ધારાવડે સ્ત્રીઓના એ કુચ તટનો ભાગ ગારાવાળી કરતો થકો અને બાહુ સ્થળ રૂપી કમળવેલના રાજહંસના મેઘ સરખો એવો જેનો બાહુ રાજપુરીના પ્રતાપને ક્રીડાનો કોળીયો કરી ગયો. ૪૯.

સ્ત્રીઓના નિતંબ ભાગમાં તરતના તિરસ્કારના રસને જાણનારાઓ વડે બંને બાજુએ સભાના ઘરેણારૂપ પંડિતોની પંક્તિ કરાવી અને રત્નની છાયાના લેપથી સુંદર એવા સોનાનાં પત્રાં (કાનના ઘરેણારૂપ) નું અપમાન કરનારો માની એવો તે કાનમાં વિષ્ણુ કથાને ભૂષણ માને છે. ૫૦.

તેને પુણ્યોવડે ઐરાવત હાથીની સૂંઢય જેવા ઉંચા બે બાહુવાળો એવો તે દેવી (રાણી) માં **કળશ** રાજા નામનો પુત્ર ઉત્પન્ન થયો. લડા-

૧ પ્હોર પ્હોરે બદલાતા રહેતા (ચોકીના) હાથી.

ઈમાં પાસેથી ખશી જતા રાજાઓની વ્હાલી લક્ષ્મી હાથીઓના મદરૂપી મશના ગારામાં ખરડાએલા જેના ખડગમાં લોટે છે. ૫૧.

ગર્વે કરીને ઉદ્ધત એવા સામાવળીયા વીર રાજાઓના સમૂહની સે-નાનાં મસ્તકો ધાટ અને શોભતી એવી તરવારની લતાના શેવાળથી કાળાં પડી ગએલાં તેને ત્યાગ કરીને સોનાના કમળ સરખા જેના મુખને જોઈ-નેજ કીર્તિરૂપી હંસના મુગટવાળી લક્ષ્મી ચરણની પાસે પ્રાપ્ત થઇ. ૫૨.

દિશાની યાત્રા (દિગ્વિજય) માં સ્ફાટિકના જેવી સ્વચ્છ કાંતિવાળા અચ્છોદ[1] સુધી જઇને ભમતી ઇંદ્રિના આયુદ્ધના જેવી ખરીના પુટવડે ખોદાઇ ગયેલી સ્થળીઓમાં કાદંબરી (મદિરા કે સરસ્વતી) નો સગો તે મર્ત્ય લોકનો એક ચંદ્રમા એવો તે **ચંદ્રાપીડ** (એક રાજા કે શિવજી)ની સ્તુતિમાં સંકોચ પામતો વાણીનો વિલાસ કરે છે. ૫૩.

જેણે ઉત્તર દિશામાં જતાં એ ગિરીંદ્રને વંદન કર્યું. કે જે અસ્થિર એવા મહાદેવજીના વૃષની ખરીથી ખોદાએલી રેખાઓ મુગટને ઠેકાણે ધારણ કરે છે. શંકા કરૂં છું કે **રાવણ**ના હાથના તળીયા વડે ઉખેડાવાથી ચપળ એવી જેની તળેટીની જમીનમાં બ્હીને ગએલા ગણો તે હજુ સુધી શ્વાસ લઇ શકતા નથી. ૫૪.

સુવર્ણના સરખા પીંગળા રંગવાળી કેટલીક યક્ષ કન્યાઓને કૌતુક થકી પકડીને કુબેરની નગરીથી ઉત્તર માનસરોવર પ્રત્યે પાછો આવતાં જેણે **શિવજી**ના મુગટથી ખસી ગએલી ગંગાની ભેટ લઇને માનસરોવરમાંથી આણેલાં સુવર્ણનાં કમળોની ત્યાં સ્થિતિ કરી. ૫૫.

જેની શસ્ત્રમાં અને શાસ્ત્રમાં ઉદાર એવી પ્રતિષ્ટા વિચારતાં બે પ્રીતિવાળી સ્ત્રી લક્ષ્મી અને સરસ્વતી જગતમાં જાણીતી (તેમાંની) નવા કમળના લીલા છત્રવાળી એકે ભુજને પકડયો અને ધોળા છત્રને ઠેકાણે ધોળા યશની કાંતિવાળી બીજીએ મુખરૂપી ચંદ્રને ગ્રહણ કર્યો. ૫૬.

પવનગતિવાળા અશ્વોવડે વાયુના સમુદ્રનું ઉલ્લંઘન કરીને જેણે **જયાપીડ**ના સરખા પ્રભાવવાળાએ સ્ત્રી રાજ્ય જીત્યું તે ત્યાંના વખાણને

[1] હિમાલયનું એક તળાવ

ન ખમી શક્યો પરંતુ તે એક વીર એવો તે **તાડકા** મારનાર **રામચંદ્ર**ને (યાદ કરી) લજ્જા પામ્યો. ૫૭.

કાળની જીભ સરખા જેના ખડગના સ્મરણ વશથી ત્રાસને લીધે પ્રકાશિત રીતે ત્રુટી ગઈ છે મદનના ઉન્માદની મુદ્રા જેની એવા રાજાઓએ વર્ષાઋતુના મેઘના પડળમાં સ્ત્રીઓના વાળમાં અને ઝીણા ખડ વડે કાળી બનેલી પૃથ્વીની રેખાઓમાં હર્ષ મુકયો. ૫૮.

હર્ષદેવની[૧] મા એવી દેવી (રાણી)ના કુચ તટ ઉપર સેવા થકી નમેલા કુંવરે ભેટ આપેલા એકાવળી હારને જોઇને રાજી થએલા જેણે આખા જગતને આશ્ચર્ય કરે એવો તેનો ઉપકાર કરવાને માટે **રામચંદ્ર**ના બાણે પાછા આવેલા પુષ્પક માટે ખેદ કર્યો. ૫૯.

(પોતાનાં) માથાં કાપવાથી બુંઠા થઈ ગએલા ખડ્ગને લીધે જે ખેદ પામ્યો અને જેણે તે સજવા સારૂ પ્રથમ કૈલાસને લાવેલ અને પછી મુકી દીધેલો એવા **રાવણ**ને પણ જેણે જીત્યો તે **રામ** પણ લોકોથી ઉત્તમ એવા ગુણવાળા એવા જેની ઉપમામાં મુદ્રિત થયા છે, એમ હું માનું છું. ૬૦.

મંથાચળે જેને દળી નાંખ્યો છે એવા સમુદ્રનો જાણે આકરો ક્રોધ હોય શું? એવી ચંદ્રભાગા નદી કે જે મ્હોટા મ્હોટા મોજા વડે પર્વતના મૂળને પણ ખોદી કાઢે છે, અને સેનાના સમૂહે જેનું જળ ખુટવી દીધું છે, એવી તે ચંદ્રભાગાને જે કાશ્મીરની પૃથ્વી રૂપી કુમુદીની ચંદ્રમાએ સ્થળ કરી મુકી. ૬૧.

જે યમુનાના શેષ રહેલા તરંગની લીલા, લીલી કાંતિવાળા સૂર્યના ઘોડાની મંડળી હજી સુધી ધારણ કરે છે, તે કાલિંદીને સકળને જીતનારા જેના સેનાનો સમૂહ પૃથ્વીની લીલા રૂપ હાલતા ચોટલા સરખીને પી ગયો. ૬૨.

જે પર્વત સરખા (કે શેષ નાગ સરખા) યશો વડે પૃથ્વીને પૂરતો થકો નિઃશેષ પૃથ્વીને જીતનારો તે કુરૂક્ષેત્ર આવ્યો. જ્યાં ક્ષત્રિયોના લોહીના સમૂહમાં **અર્જુન**ના બાણના ઘાથી કાનમાંથી પડેલું **દુર્યોધન**નું યશ રૂપી દંત પત્ર (કાનનું એક ઘરેણું) બુડી ગયું છે. ૬૩.

૧ તેનો દીકરો એમ ૬૪ મા શ્લોકમાં છે.

જેવો પ્રીતિવાળો પ્રથમ પુત્ર **હર્ષદેવ** જે **શ્રીહર્ષનાથી** પણ અધિક કવિતાના ઉત્કર્ષવાળો તેણે કેને હર્ષવાળાં નથી કર્યાં ? જેણે રણમાં સોનાના કડારૂપ પોતાનામાં બુઠ્ઠી ધારવાળી તરવાર રાજાઓના મસ્તકના મણિરૂપી શરાણથી આકરી કરી. ૬૪.

જેના આચરણના વિચારમાં કોઇ પણ નવીન તરેહનું પદનું પરિણામ છે. વાણીની ચતુરાઈ ચાલે છે ત્યારે વાદી મૌન ધારે એજ ગતિ થાય છે. તેનું સર્વ ભાષામાં તે કવિપણું ત્રણ જગતમાં પ્રખ્યાત છે કે જેના સ્વાદમાં સાકર પણ વેળુના જેવી કઠણ થાય છે. ૬૫.

ઉત્કંઠાના વ્યસનમાં મ્હોટા એવા જેને લીધે તરૂણીઓ પડે છે, અને જેઓ પોતામાં મૂર્છાના શ્રમના પરવશપણાને લીધે આંસુના ગારામાં લોટે છે; તેઓના લમણાના સ્થળમાં તો પિંગળાશનું વર્ણન શું કરીયે ? કે જ્યાં કાનમાં દંતપત્ર છે તે સમ ખાવાથી સ્પષ્ટ થાય છે. ૬૬.

જેનો નાનો ભાઇ **ઉત્કર્ષદેવ** રાજાઓના યશનું સ્થાન એવો કીલ્લો પામીને રૂંવાટાં ઊભાં થવાનો ઉત્કર્ષ કેને નથી કરતો ? જેણે **મ્લેચ્છ** રાજાના ઘોડાની ખરી વડે ખોદાએલાં ચિહ્નથી દરિદ્ર થઈ ગએલી પૃથ્વીને પોતાના ભુજારૂપી શિખર ઉપર ચ્હડાવીને લાંબે સુધી (ધારણ) કરી ? ૬૭.

વિજયમલ્લ એવા નામવાળો આંખ ઠારનારો તે રાજાનો પ્રતાપી વળી બીજો દીકરો હતો. નવી દાંતની કાંતિવડે ફુલના ભેટવાળા જેના મુખમાં વાણી દેવીએ પ્રવેશ કર્યો છે. ૬૮.

પરિણામ પામેલી લિપિના નિત્ય અભ્યાસથી તે ભૂપ પુત્રના મનોહર શરીરમાં જે લાવણ્ય છે તે બ્રહ્માના આશ્ચર્યનો લેખ છે. જે શોભી રહેલા સૌંદર્યયુક્ત સ્ત્રીઓના જોવાના લોભનું એકપાત્ર એવામાં પ્રત્યંચાના નાદવડે વાચાળ એવો કામદેવ નિત્ય જાગતો છે. ૬૯.

તે પ્રવર પુરથી ૧ાા (દોઢ) ગવ્યૂતી (૩ ગાઉ) જેટલી ભૂમિ છોડીને ઉંચા દેવળવાળું જયવન નામનું સ્થાન છે. જેમાં સર્પોના રાજા **તક્ષક**નું નિર્મળ જળવાળું કુંડ છે. જે ધર્મનો ધ્વંસ કરવામાં તત્પર થએલા કળિયુગના મસ્તક કાપવા માટે ચક્રપણું પામે છે. ૭૦.

જેની પાસેની સીમમાં ખોનમુખ નામનું ગામ છે. જેણે તમામ ગુણની સંપતથી કીર્તિ મેળવી છે. જ્યાં હાથીને બાંધવાના સ્થંભ રૂપ અનેક યૂપ છે તેથી ત્યાં જાણે બાંધી મૂકવાની બ્હીક લાગતી હોય, તેથી કળિરૂપ હાથી પેસતો નથી. ૭૧.

તેની પ્હેલી સ્થિતિની અદ્‌ભુત એવી કથાઓનું શું કહીયે? તે જે **શિવજી**ના સસરા એવા પર્વત (હિમાચળ)માં રહેનારા હુકરોની ક્રીડાનું મુખ્ય સ્થાન છે. તે સ્થાનનો એક ભાગ સ્વભાવથીજ સુંદર એવું કેસર ઉત્પન્ન કરે છે અને બીજો (ભાગ) રસદાર સરયૂની ધોળી શેરડીના ભંગના જેવી પીંગળી દ્રાક્ષ ઉત્પન્ન કરે છે. ૭૨.

ત્યાં કૌશિક ગોત્રને કીર્તિવાળું કરવાને ડાહ્યા અને બ્રહ્મ તરફ વળેલા મનવાળા કેટલાક બ્રાહ્મણો હતા. પવિત્ર એવા જેઓને કાશ્મીર દેશની પૃથ્વીને તિલકરૂપ બનાવવાને મધ્ય દેશના મુગટરૂપ એવાઓને **ગોપાદિત્ય** રાજા લાવ્યો છે. ૭૩.

જેઓ ઇંદ્રની સખી એવી કીર્તિ મેળવવાને ઉત્સુક એવા તેઓના યજ્ઞથી થએલો ધૂમાડાનો સમૂહ આકાશને ભરી દેતો હતો, ત્યારે ઇંદ્રિ કોઈનાં વચન સાંભળતા ન્હોતા અને સ્વર્ગની ચિંતા ન્હોતા કરતા; ઉપરાંત ચિત્રમાં આલેખ્યા હોય એવી કાંતિવડે દરિદ્ર થઈ ગયા. ૭૪.

ત્રણ જગતમાં પવિત્ર ચરિત્રવાળા એઓમાં મુક્તિ કળશ કુલનું મુખીપણું ધારણ કરતો હતો. જેના અગ્નિ હોત્રના અભ્યાસથી થએલા પરસેવાના જળ વડે જાણે કળિકાળના કલંકની શાંતિ થઈ હોય? ૭૫.

હું શંકા કરૂં છું કે બ્રહ્માએ અન્યોન્યમાં ઇર્ષ્યાના કલેશમાં ડાહી છે, માટે તેની શાંતિ સારૂ ચારે શ્રુતિને ચાર મુખમાં ધારણ કરી તેઓનો જેણે પ્રિય એવી તે ચારે શ્રુતિનો પોતાના મુખ કમળમાં લીલા વડે નિવાસ કર્યો. ૭૬.

દાન દેનારો, પરાક્રમરૂપી ધનવાળો, શાસ્ત્રના પારને જાણનારો એવો એને **રાજકલશ** નામનો પુત્ર થયો. હિમાચળની ગુફાઓ અંધારાને બ્હાને જેના યજ્ઞના ધૂમાડાને જાણે હજી સુધી ઓકે છે. ૭૭.

તમામ માણસોના ભોગ સારૂ દ્રાક્ષે પૂર્ણ વન, વ્યાખ્યાન કરવાનાં સ્થાન, નિર્મળ જળે ભરેલા કુવા અને પરબ, એ બધાં ઠેકઠેકાણે પુણ્યનાં સ્થાન એવાં જેનાં કૃત્ય, મંડળના અગ્ર ભાગના મુગટ સરખી જેને કલિનો ભય પેદા થયો છે એવા ધર્મની અંગની રક્ષા થઈ. ૭૮.

ક્ષમાનો સાર, સરસ્વતીના રસનું સ્થાન, શ્રુતિનો ભંડાર એવો એ નિર્મળ યશવાળાને **જ્યેષ્ટકળશ** નામે (પુત્ર) ઉત્પન્ન થયો. બધા જગત્‌ને વંદ્ય એવી મહા ભાષ્યની વ્યાખ્યા કરનારાનું એનું આંગણું પણ નિરંતર વિદ્યાર્થીઓએ શણગારેલું રહેતું. ૭૯.

[1]ઇષ્ટાપૂર્તમાં, અતિથિના વિષયમાં, અને સેવકોની સમજાવટમાં અને બીજાં પણ ઉચિત કાર્યમાં તેને શું અઘરૂં (ન થઇ શકે એવું) છે. દીઠેલા ન દીઠેલા પગરણના સમૂહ પ્રાપ્ત થાય તેમાં પ્રવીણ નાગાદેવી નામની સારા યજ્ઞોનું પાત્ર એવી સ્ત્રીને જે પામ્યો. ૮૦.

ચિહ્નિત થયેલી સોનાની કાંતિવાળાં શરીરવડે નેત્રને કામણરૂપ એવો એ સૂરિ થકી જગતનો શિરોમણિ **બિલ્હણ** નામે (પુત્ર) થયો. ધાટા વેદના શબ્દવડે જેના નેપુરનો શબ્દ સંભળાતો નથી એવી સરસ્વતી દેવી જનોઈ દીધાથી માંડીને જેના મુખમાં હતી. ૮૧.

સાંગવેદ, શેષનાગની દૃષ્ટિ વ્યાકરણ શાસ્ત્રમાં વિચાર, એ બધાં જેના પ્રાણ હતા, અને શ્રવણને સૌભાગ્ય આપવાવાળી સાહિત્યની વિદ્યા (પણ હતી) (એ બધું) ગણાવવાને કોણ સમર્થ છે એનું તત્ત્વ સાંભળો. બુદ્ધિના અરીસારૂપી નિર્મળ એવા એનામાં શું શું પ્રતિબિંબિત થયું નથી. ૮૨.

કામણરૂપ થએલી શ્રી સરસ્વતીના ચરણની રજે, વિદ્યારૂપી સ્ત્રીઓના ટોળાને, જેના મ્હોં સામું જોઈ રાખનારી કરી, અને જેનાં સુંદર મહા કાવ્યો કીર્તિની સાથે દિશાએ દિશામાં ગયાં અને કીર્તિની ચપળાઈ મટાડવાને માટે તેના નાજરરૂપ થયાં. ૮૩.

---

૧. નવાણ વગેરે ખોદાવવાનું કામ. **वापी कूप तडागादि, देवतायतनानि च ॥ अन्न प्रदानमाराम : पूर्त मित्यभिधीयते॥** (કી. કૌ. નોટ પૃ. ૩૧).

જેનો મ્હોટેરો ભાઈ વિદ્વત્તાની ટોચને પહોંચ્યો અને જે સૈકડો રાજાઓની શ્રદ્ધાની લીલાનું છોગું હતો, જેના કાવ્યરૂપી અમૃતના રસનો સમૂહ ચાખવાને સમર્થ એવાઓએ જેના મુખમાં સારા કવિઓની મા (સરસ્વતી) તે (રસ ચખાડવા માટે) જાણે પરબ પાનારી હોય એમ (રહેલી) દીઠી. ૮૪.

શોભાના પાત્રરૂપ જેનો નાનેરો ભાઇ **આનંદ** ઉત્પન્ન થયો. જે સ્પર્ધાના બંધનથી ઉદ્ધત થએલા કવિઓના મદ કાપવામાં લીલાનો કુવાડો હતો. હિમાચળના પથ્થરમાં કઠણાઇના યોગ થકી દુર્દશા પામીને શારદા જેની જીભરૂપી કુણા પાંદડાની સખી થઈ એમ હું જાણું છું. ૮૫.

કાશ્મીરમાંથી સઘળું નિર્મળ એવું શાસ્ત્રનું તત્ત્વ ગ્રહણ કરીને તેણે (બિલ્હણે) હિમાચળનો ગુણ પણ નિશ્ચિત સ્વીકાર્યો. નહીંતર દેશેદેશમાં વાદીઓનાં મુખ ક્રોધાયમાન થઇને હીમના પડળથી બળી ગએલાં કમળ સરખાં કેમ કરત? ૮૬.

હીચકામાં હીચકતી એવી ધાડા જઘનવાળી **રાધાએ** જ્યાં કૃષ્ણના ક્રીડા કરવાના આંગણામાંનાં વૃક્ષો ભાગી નાખ્યાં છે જે હજી સુધી શ્વાસ લઇ શકતાં નથી તે વૃંદાવનના વિભાગમાં વાદની ક્રીડામાં હરવ્યા છે મથુરાના વિદ્વાનોના સમૂહ જેણે એવાએ તેણે કેટલાક દિવસ કહાડ્યા. ૮૭.

સામાન્ય નહીં એવા, સાંભળેલા ગુણની કથાવડે કરીને જેણે વાદીઓને તાવ ચ્હડાવ્યો છે એવા શિષ્યોના સમૂહો, દિશાએ દિશામાં જેના યશ હઠાત્કારથી ફેલવતા હતા. કેવળ દિગ્ગજોના મદનું જળ ચાખવાથી મદોન્મત્ત થએલા ભ્રમરોની પંક્તિઓએ ગાયેલા ગીતના શબ્દોનો કલબલાટ એ (તેમાં) વિઘ્નરૂપ હતો. ૮૮.

એવું ગામ નથી, એવો દેશ નથી, એવી રાજધાની નથી કે તેવું અરણ્ય નથી, તે બગીચો નથી, અને તે સરસ્વતીના નિવાસવાળી પૃથ્વી નથી, કે જ્યાં વિદ્વાન, મૂર્ખ, વૃદ્ધ, બાળક, સ્ત્રી કે પુરૂષ, રૂવાટાં ઉભાં થાય એવી રીતે બધા એનું કાવ્ય નથી ભણતા? ૮૯.

જેનાં પગથીયાંની લીલાને પ્રાપ્ત થએલાં એવાં મણિમય ગૃહવડે આકાશના ઘરેણારૂપ લક્ષ્મીને દેવતાઓની આગળથી લીલાવડે ઉતારેલી છે.

દ્વારમાં કલબલાટ કરનારી ગંગા હોવા છતાં તેને તરછોડીને જેની કીર્તિએ કાન્યકુબ્જનું પુર પોતાને વશ કર્યું. ૯૦.

કળિ જાણે જેમાંથી નિવૃત્ત થઇ ગયો હોય એવા ગંગાના સ્રોતરૂપી મ્યાનમાં ચોટલાની રચનાવડે જ્યાં યમુના (રૂપી તરવાર) પ્રવેશ કરે છે એવા તીર્થરાજ પ્રયાગમાં તે કૃતિએ જગતનાથી અદ્‌ભુત એવા ગુણના ગણ વડે મેળવેલી લક્ષ્મી કેટલી વાર નથી દીધી? ૯૧.

હું માનું છું કે ભમતા કળીયુગના ભયથી સમીપે આવેલા ધર્મને માર્ગનો થાક ઉતારવાનું કામ પાણીના છાંટાવડે જે (ગંગા) કરે છે તે ગંગામાં જેણે કાશી નગરીમાં નાહીને ભાગ્ય થકી પ્રાપ્ત થએલું ખરાબ રાજાઓને જોવા થકી ઉત્પન્ન થએલું કલંક ધોઇ નાખ્યું. ૯૨.

જે કાલંજર પર્વતનો કાળ અને જેણે ફોજકશી કરવામાં ઘોડાઓની ખરીના પડતા શબ્દો વડે પૃથ્વીને રાજાઓ વગરની કરી મુકી તે **ડાહલ** રાજા **કર્ણે** પણ જેનું વૃતાંત્ત સાંભળીને કાનને, અમૃતના રસના સમૂહના સ્વાદવાળો અંદરનો ભાગ (છે એવો) કરી મુકયો. ૯૩.

જે સ્ફાટિકના પર્વતથી અતૃપ્ત થએલો તેથી તેને ડાબા હાથમાં રાખીને જેનો જમણો હાથ ક્ષણ એક હિમાચળની સામો થયો. તે **રાવણ**ને હણનારા **રામચંદ્રજી**ની રાજધાની અયોધ્યાને **બિલ્હણે** સારાં કથનોના ઝરણથી ઠંડી કરી. ૯૪.

ગંગાધર (કવિ) ને ડાહલના રાજાના મેહેલમાં નીચા પાડીને લીલા માત્રમાં જેણે સામાવળીયા કવિઓને દબાવી દીધા છે, અને પૂર્વ દિશાની ગુફાઓમાં ઐરાવતના મદજળમાં ભમતા ભ્રમરોની પંક્તિના નાદને જીતીને જેની કથાઓ ઇંદ્રના કાનમાં પણ લોટી રહી છે એમ હું શંકા કરૂં છું. ૯૫.

ભોજરાજા કે જેની બરોબરી ખળ રાજાઓથી બને નહીં, તેની પ્રત્યક્ષ તું કેમ ન આવ્યો? હાય! હું હણાણી એમ દરવાજાની પાસે ઉંચા શિખરના માળામાં પારેવાના નાદને બ્હાને કરૂણા આવે એવી રીતે ધારાનગરી જાણે બોલતી હોય? ૯૬.

જે લંગોટી વાળતા નથી, હમેશ અશુદ્ધ, અને જે કાંઇ પણ નિંદાનું સ્થાન થઇ પડે એવું બોલે એવાઓનો ગુર્જરના માર્ગમાં પરિચય થવાને લીધે ભેળો થએલો સંતાપ જેણે **સોમનાથ**ને જોઇને શિથિલ કર્યો. ૯૭.

એણે સૈકડો રાજાને જોવાની ઉત્સુકતાના યોગને લીધે સોપારીના ઝાડને લીધે કાળી થએલી તે સમુદ્રની વેળાને પણ જેણે દબાવી. જ્યાં **પરશુરામે** તીક્ષ્ણ આયુધને બ્હાને આગળી ફેંકેલી હોય કે તે સમુદ્રના યથેચ્છ ફેલાવવાને હજી સુધી ત્રોડે છે. ૯૮.

જે સેતુ સમુદ્રના મસ્તકમાં ટાલીયાપણું કરતો થકો શોભે છે. અને **રાવણે** સીતા હર્યા તેથી પૃથ્વી જાણે પછવાડે લાગી હોય (એવો સેતુ) અને સીતાની વાર્તા સાંભળીને રાક્ષસની પાસે બ્હીતી હોય તેથી જાણે તેની કીર્તિ જો કદિ સેતુને પેલે પાર ન ગઇ? ૯૯.

સામાન્ય રાજાઓથી જે વિમુખ અને પંડિતોનો મુગટ, તે કૌતુક- વાળો હળવે હળવે તે દક્ષિણ દિશામાં ગયો. જેની સ્ત્રીઓના કુચ સ્થળના ગુરૂપણા માટે શું કહીયે? જેઓનો શિષ્ય કામદેવ ત્રૈલોકયને જીતનારો જાગતો છે. ૧૦૦.

જે પુણ્યવાળો **ચોલને** બ્હીવરાવનારા **ચાલુકયના** રાજા પાસેથી લીલા છત્રનું અને ઉન્મદ હાથીની ધટાનું પાત્ર એવું વિદ્યાપતિપણું પામ્યો. તે પછીથી તેનામાં દઢતર આલિંગન સહિત અને અતિ ઉત્સુકતાવાળી લીલા વડે લટકતા બાહુમાં ચુડો ખડકી રહ્યો છે એવી રાજ્ય લક્ષ્મી નિરંતર રહી છે. ૧૦૧.

દિગ્ગજો પણ રૂંવાટાં ઉભાં થાય, એવી રીતે નિદ્રામાં બીડાતી આંખ તરફ મદ ચાખીને ભ્રમરો ભરી રહ્યા છે, એવી રીતે જેની કીર્તિ સાંભળે છે; તેણે પ્રીતિવડે કપટ વગરનું સુંદર એવું આ કાવ્ય રચ્યું જે વિદ્વાનોના કંઠના ઘરેણાપણાને પામો. ૧૦૨.

કીર્તિ મળી, દિશેદિશમાં સાધુ લોકોને ભોગવવા લાયક સંપત્તિ કરી. યોગ્યની સાથેના કજીયાથી કયાં જયશ્રી નથી મળી? હવે સુજન, સાર કહાડવામાં ડાહી એવી બુદ્ધિને લીધે મળેલી છે સ્તુતિ જેને, એવા કાશ્મી- રના લોકો સાથે મને ઘણા વખ્ત સુધી ગોઠીયાપણું રહો. ૧૦૩.

રાજાઓની મેહેરબાનીની કણીને પામીયે, લક્ષ્મીના લેશને દેખીયે, કાંઇક વાણીમય ભણીયે, ગુણો વડે કેટલાકને જીતીયે, એવી અજ્ઞાનમય

કેટલી અનર્થની ગોદડી નથી કરી? હવે તો મન જેણે શુદ્ધ બોધ સ્વાધીન કર્યો છે, તે ગંગાની ઈચ્છા રાખે છે. ૧૦૪.

ગંગાના પવનથી ચલાયમાન એવા ઉંચા મોજારૂપી રેશમી વસ્ત્રવાળા તટરૂપી ખોળામાં યોગનિદ્રાના ઉદ્યોગ કરતાં પરિણામ સમયે શાંત એવા જેના અંતઃકરણમાં પાર્વતીપતિ રહેલા છે, એવા કયા પુણ્યવાનના શેષ રહેલા દિવસો જાય છે. ૧૦૫.

પોતાની મેળે ભાગી પડે એવા ભાગ્યરૂપી મેઘની વીજળી સરખી સમૃદ્ધિને રોકી શકાય નહિ. તેમ પ્રાણને જવાના ઢોલની શ્રદ્ધા નિરંતર વીસામો ખાતી નથી માટે જે તમારા યશોમય શરીરનું રક્ષણ કાવ્યરૂપી અમૃતો વડે કરે છે તેની આરાધના કરીને હે રાજાઓ! ગર્વ વગર સારા કવિઓને વધારો? ૧૦૬.

હે રાજાઓ! સારા કવિઓના પ્રેમ બંધમાં વિરોધ ત્યાગ કરો કેમકે એઓના પ્રસાદથી તમારી શુદ્ધ કીર્તિ નક્કી સ્ફુરે છે. તે કારણ માટે પ્રસન્ન થએલા (કવિઓએ) **રામચંદ્ર**નું મ્હોટું સચ્ચરિત્ર બાંધ્યું અને ક્રોધ પામેલાઓએ ત્રિભુવનને જીતનાર **રાવણ**ને હાસ્યના માર્ગને પમાડયો. ૨૦૭.

જે પોતાની ઇચ્છાવડે (થએલાં) ભીલ્લનાં ચરિત્ર જોઈને બ્હીની હોય શું એથી મસ્તકના ચંદ્રની કળાએ કયાં ઠેઠ આઘો મૃગને નાખ્યો છે તે દેવ શ્રુતિના આદિ કર્તા પાર્વતીના પ્રાણનાથ સુકવિના વચનોમાં તમારી વ્યુત્પત્તિને નિશ્ચળ કરો. ૧૦૮.

ઇતિ શ્રી ત્રિભુવન મલ્લદેવ વિદ્યાપતિ કાસ્મીરક ભટ્ટ શ્રી **બિલ્હણ**ના કરેલા **વિક્રમાંકદેવચરિત** મહાકાવ્ય સમાપ્ત થયું તે સાથે આચાર્ય વલ્લભજી હરિદત્તકૃત તેનું ગદ્ય ગુજરાતી ભાષાંતર સમાપ્ત થયું.

સંવત્ ઓગણીસેં અને વધુ વળી **श्री पंच षष्ट्युतरे ।**
માર્ગી શુદ્ધ દ્વિતીય સ્મ્યતિથિને **श्री सौम्यवारे वरे ॥**
કાવ્યશ્રી હરિદત્ત પુત્ર વડિયલે **श्री गुर्जरीभाषया ।**
કીધું વલ્લભજી દ્વિજે ઘટિત જે **आचार्य कोपाख्यया ॥**